# સ્મરણાંજલી.

જેમણે પાટણના સાહિત્ય ભંડારોના વિશેષ પરિચયમાં રહી
સાહિત્યસેવા કરી છે અને પાટણની પ્રાચીન આબાદીને
ચિરસ્મરણ રાખવા માટે ત્યાં શ્રીમદ્ હેમચંદ્રા-
ચાર્ય જેવા સમર્થ આચાર્યની પ્રતિમા
પ્રતિષ્ઠીત કરાવવાનો ઉપકાર
કર્યો છે તેમજ
પાટણનું અત્યારનું પાટનગર
વડોદરા, જન્મસ્થાન હોઈને પાટણની
પ્રતિષ્ઠા માટે જેમની બહોળી લાગણી છે તેવા

**પૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજ**

નામ આ ગ્રંથ સાથે જોડતાં આનંદ થાય છે.

જેમણે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, દક્ષિણ, મધ્યપ્રાંત, પંજાબ, બંગાળ, સંયુકતપ્રાંત, માળવા, મેવાડ અને મારવાડ જેવા હિંદના દરેક પ્રાંતોમાં વિચરીને સમાજ જાગૃતિ કરી છે ને ઉપદેશદ્વારા રાજગૃહિ, માંડવગઢ તથા ઓસીયા જેવા તિર્થમાં મેળાની શરૂઆત, પુનરૂદ્ધાર, તથા પ્રતિષ્ઠા અને ધર્મશાળા આદિની જરૂરીયાતો પુરી પાડી છે અને તેલ્હારા, બુરહાનપુર, પેથાપુર આદિમાં ચૈત્યપ્રતિષ્ઠા કરી છે. તેમજ શ્રીશત્રુંજય ઉપર અને પાદરા, વડોદરા, તેલ્હારા, સુરત, ભદ્રેશ્વર, પાટણ આદિ સ્થળે શ્રીમદ્ આત્મારામજી મહારાજ, ધંધુકામાં શ્રીમદ હેમચંદ્રાચાર્યજી, ઉજ્જૈનમાં શ્રીસિદ્ધસેન દિવાકર અને ઊનામાં શ્રીમદ્ હિરવીજયસૂરિ, શ્રીવિજયસેનસૂરિ તથા શ્રી વિજયદેવસૂરિના સ્મરણબિંબો સ્થપાવીને નિર્ભેળ ગુરૂભક્તિ કરી છે. તથા વર્તમાન મુનિ વ્યવહારની સંકલના માટે વડોદરામાં મુનિસંમેલન ભરવામાં અગ્રભાગ લીધો છે. રાજ્યપરિચયથી ધર્મપ્રેમ પોષી દયા અને જૈન સાહિત્યરસના ઝરણા વહેતાં કરવા વડોદરાના નામદાર ગાયકવાડ સરકાર તેમજ પ્રતાપગઢ, સચીન, નાંદોદ, વાડાસીનોર, આદિ રાજવંશીઓને પ્રતિબોધ્યા છે, ને ભાવનગર કોન્ફરન્સ પ્રસંગે તેમજ વડોદરા અને વરાડજીલ્લાના પ્રવેશમાં રાજરયાસતથી બહુ માન મળવા છતાં સમભાવ જાળવી શક્યા છે, તેવા વયોવૃદ્ધ તેમજ જ્ઞાનવૃદ્ધ પુરૂષનું નામ જોડતાં મહર્થી કથાનાયકોની વિશાળ કાર્યદક્ષતાની ઠીક સંભાવના થશે તેમ માનીએ છીએ.

પ્રકાશક.

# ઉપોદ્ઘાત.

જે ક્રાંતિયુગમાંથી હિંદ ઉંચે ચઢી રહ્યું છે તેમાં જીવન પુરનાર સાત્વિક પ્રાણરૂપે પ્રાચિન ઐતિહાસિક પ્રમાણો ઘણું કામ કરી રહ્યાં છે. હિંદની રાષ્ટ્રિય મહાસભાનો મુદ્રાલેખ "સ્વરાજ્ય એ અમારો જન્મસિદ્ધ હક છે" એ વિચારનો જન્મજ પ્રાચિન આર્ય સ્વતંત્રતા અને અનેકવિધ કળા-શક્તિનો પડઘો છે. હિંદ પાશ્ચિમાત્ય પરિચયમાં પોતાની જે પૂર્વની શક્તિ વિસરી ગયેલું-કર્તૃમતામાં ફસાઇ પડેલું તેમાંથી બચવાને પૂર્વનો ઇતિહાસ સંભારવા-તેને જ્વલંત બનાવવાનું કાર્ય અત્યારે વધારે અગત્યનું થઇ પડયું છે.

કર્તૃમતાના આવરણથી જૈન પ્રજા પણ બચી નથી. 'દયા' ની જીણવટમાં આપણે એટલા તો ખુતી ગયા કે શૌર્ય-આત્મતેજ કે સ્વમાનની વાતનો આપણને સંગજ ન રહ્યો. રાજકીય પ્રશ્ન કાને ધરવામાં પણ કંપ થવા લાગ્યો અને હિંદની ચઢતીના સમયે-રાજસત્તા જમાવવામાં તથા નિભાવવામાં તેમજ આર્ય ગૌરવ માટે આગેવાની લેવામાં જાણીતા થયેલા સેંકડો જૈન શુરવીરો તથા ઉદાર નરવરોના સંતાનો ઘરકુકડાનું બિરૂદ ભોગવતા થયા.

જૈન સમાજ આ ગુમાવેલી શક્તિ ત્યારેજ પ્રાપ્ત કરી શકે કે જ્યારે તેમના સન્મુખ આવા સમર્થ પૂર્વ પુરૂષોના ઇતિહાસ મુકવામાં આવે. કેવળ ક્રિયા માત્રમાંજ ધર્મને ઓળખી રહેલા ભાગને વસ્તુસ્થીતિનું ખરૂં ભાન ત્યારેજ થઇ શકે કે જ્યારે તેઓ આવા કર્ત્તવ્યપરાયણ ધર્મસ્થંભોને પિછાણતાં શીખે.

અમે છેલ્લા ચાર વર્ષથી ઐતિહાસીક ભેટો આપવાનું એટલા માટેજ પસંદ કર્યું છે. આટલા ટુંક અનુભવથી અમોને ખાત્રી થઇ છે કે આવા પૂર્વ ઇતિહાસની અગત્ય જાહેર પ્રજા સમજી ગયેલ છે અને સમાજમાં આ વાંચને નવું ચૈતન્ય વિકસાવવા માંડયું છે.

અમે આવા ઐતિહાસીક પ્રસંગો મેળવવા પ્રયત્ન શરૂ કર્યો ત્યારે તેવાં દૃષ્ટાંતિક પાત્રો મેળવવાનું લાંબો વખત નભશે કે કેમ? તે માટે કેટલાક શંકા બતાવી રહ્યા હતા; પરંતુ આટલા વખતમાં અમને જે કોડીબંધ જૈન સમર્થ પુરૂષોનાં દૃષ્ટાંતો મળ્યાં છે તે જોતાં કહેવું જોઇએ

કે જૈન પ્રજાએ રાજકુશળ નૃપતિઓ તેમજ મુત્સદીયો, બળવાન યોદ્ધાઓ અને ઉદાર નરવરો મોટી સંખ્યામાં અત્યાર અગાઉ ઉત્પન્ન કર્યા છે. જેના ધર્મસંચારક મહાપુરૂષો દરેક રાજવંશી છે, જે ધર્મજ ક્ષત્રીધર્મ હોવાના પ્રમાણો છે તેમાં આવાં રત્નો પાકે તેમાં આશ્ચર્ય શું? વાત એટલીજ છે કે આ શક્તિ વિસરાઇ ગઇ હતી તેને પુનઃ પ્રાપ્ત કરવાની રહે છે ને તે માટે આવાં સ્મરણો એજ નિઃસરણી છે.

ઐતિહાસીક ઘટનાના પુનરોદ્ધાર માટે આપણામાં પ્રથક્ પ્રથક્ પ્રયત્ન ચોતરફથી શરૂ થવા લાગ્યો છે તેમ તો અમારે સ્વીકારવું જોઇશે. શોધખોળો—શીલાલેખો—નાનામોટા પ્રસંગોના વર્ણનો અને રાસાઓ આદિ ઇતિહાસના સાધનો મેળવવા તરફ ચોતરફ રસ વધ્યેજ જાય છે. અમારી યોજના આવા અનેક દાખલાને વાર્તારૂપે ગુંથીને સમાજને તેમાં રસ લેતાં કરવાની છે. આવા કથાનકો માટે પુછપરછ પણ વધવા લાગી છે. અને સમાજપ્રેમી સમુદાય તથા પૂજ્ય મુનિવરો પણ અમારી નવી તૈયારી માટે વધુ ને વધુ જાણવા આતુરતા બતાવતા થયા છે એજ અમારા શ્રમની ઓછી કદર નથી.

આ પ્રકટ થતો ઇતિહાસ એવા પુરૂષનો છે કે જેણે દેશ અને ધર્મસેવામાં અગાધ ફાળો આપ્યો છે. ગુજરાતનું તખ્ત હચમચી જતું ઝીલી રાખવું—તેને નવાજ બળથી આબાદ કરવું અને તે સાથે જાતિ કે ધર્મના ભેદ વિના અઢળક દ્રવ્ય ખર્ચીને કળાપૂર્ણ દેરાસરો, મસીદો, તળાવો, ધર્મશાળાઓ અને અન્નગ્રહો ઉભાં કરવામાં તેમણે શક્તિ અને વિશાળતાનું જે ઉમદા ભાન કરાવ્યું છે, તે ટુંકમાંજ ઉતારતાંએ ગ્રંથનું કદ બહુ વિશાલ થઇ જતું હોવાથી આ કથાનક અમારે બે ભાગમાં વહેંચી નાંખવાની ફરજ પડી છે. એટલે બીજો ભાગ આવતા વર્ષની ભેટ તરીકે આપતાં સુધીના અંતરમાં વાચકોની જીજ્ઞાસાનો અમારે નિરૂપાયે અવરોધ કરવો પડ્યો છે તે માટે ક્ષમા માગીએ છીએ.

આ તકે જણાવવું જોઇએ કે પૂજ્યપાદ શ્રીહંસવિજયજી મહારાજની પ્રેરણાથી પાટણમાં ચોખાવટીઆના પાડાના રહીશ શ્રીમતી રૂખીબાઇએ ઐતિહાસિક ગ્રંથને આદર આપવામાં અત્રેની શ્રી જૈન આત્માનંદ સભા માર્ફત જે લાગણી બતાવી છે તેની માનભરી નોંધ લેતાં આવા ઐતિહાસિક ગ્રંથોના પ્રકાશન માટે સાહિત્યરસીકો તન, મન, ધનથી બળ આપતા રહેશે તેમ આશા રાખીએ છીએ.

આ કથાનકમાં આવતાં કેટલાક ગામોના નામ શાસ્ત્રીય હોવાથી

સ્થળનો ખ્યાલ આપવા માટે જણાવવું જોઇએ કે આ ગામો પડયાં ખડયાં પણ અત્યારે છે. કથાનું મુખ્ય સ્થળ ધવલકપુર એ અત્યારનું ધોળકા છે, સ્થંભનપુરને ખંભાતથી ઓળખાય છે જ્યારે વામનસ્થળી એ વણથલી (સોરઠ)ના નામથી અને વર્ધમાનપુર એ વઢવાણના નામે કાઠિયાવાડમાં આવેલાં છે. વાંચનારને પરીચીત નામોથી સમજવાને સગવડ વધે તેટલા ખાતર આટલો ખુલાસો કરવો ઉચિત ધાર્યો છે.

છેવટે એટલુંજ કે જૈન પ્રજાનો ઐતિહાસિક સાહિત્ય વિકસાવવા અને તેનો અનુભવ મેળવવાનો ઉત્સાહ વધતો રહેશે અને તેવા સાહિત્યના બહોળા પ્રચારને વિશેષ આદર મળતો જશે તો સમાજ જાગૃતિમાં બહોળું પરિવર્તન થવા પામશે અને અમો અમારા પ્રયત્નની ત્યારેજ સાર્થકતા થયેલી સમજીશું.

લી. સમાજસેવક,

દેવચંદ દામજી કુંડલાકર.

---

# પુસ્તક છપાવનારાઓને ખાસ સગવડ.

— ◆ —

કોઈ પણ જાતનું સંસ્કૃત, ગુજરાતી વા ઇંગ્રેજી પુસ્તક, અગર પોથી-પાનાની સાઇઝમાં સ્વચ્છ અને સુંદર ટાઇપોથી અમારા પ્રેસમાં છાપવાનું કામ કરી આપવામાં આવે છે. કાગળો તેમજ બાઇન્ડીંગની સગવડતા પણ સાથેજ છે. તો પોથી, બુકો, રીપોર્ટો, માસિકો કે નાનું મોટું કંઇપણ કામ છપાવવાનો વિચાર થતાં દરેક સંસ્થાઓ, પૂજ્ય મુનિરાજો તથા અન્ય સદ્ગૃહસ્થો નીચેના સિરનામે પુછપરછ કરવા તસ્દી લેશે તો અવશ્ય લાભ થશે.

લી. દેવચંદ દામજી અને ગુલાબચંદ લલ્લુભાઇની કું.

માલેકો—આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર.

# પ્રસ્તાવના.

ગુજરાતી ભાષામાં છેલ્લા થોડા સમય થયા પાટણના ઇતિહાસને લગતી કેટલીક નવલકથાઓ પ્રસિદ્ધ થઈ છે, તેમાં આ નવલકથાથી એકની વૃદ્ધિ થાય છે. પ્રથમ મેવાડના ઇતિહાસની એક જૈન ઐતિહાસિક નવલકથા મેં લખી હતી એટલે આ પાટણના ઇતિહાસને લગતી મારી બીજી નવલકથા છે.

સામાજીક કે સાંસારિક નવલકથા કરતાં ઐતિહાસિક નવલકથાનું મહત્ત્વ વધારે છે, એમ સિદ્ધ થયેલું છે એટલે તે વિષે વધારે વિવેચનમાં ઉતરવાનું મને યોગ્ય લાગતું નથી. ઇતિહાસમાં બની ગયેલી ઘટનાઓને નવલકથાના રૂપે જાહેરમાં મૂકવાથી માનવસમાજ ઉપર જેવી અસર થાય છે, તેવી અસર સામાજીક કે સાંસારિક નવલકથાથી થતી નથી; કારણ કે તે માત્ર કલ્પનાપૂર્ણ હોય છે, જ્યારે ઐતિહાસિક નવલકથા સત્યને અવલંબીને લખાયેલી હોય છે અને તેથી તેનું મહત્ત્વ જેમ વધારે છે, તેમ તેની અસર પણ વધારે છે. આ સાદું સત્ય છે અને સત્યને મોરનાં ઇંડાની પેઠે ચિતરવાની શી અગત્ય છે?

પ્રસ્તુત કથામાં વીર પુરૂષ વસ્તુપાલ અને તેજપાલ એ મુખ્ય પાત્રો છે. વણિક જાતિના અને જૈન ધર્મના આ બન્ને બંધુઓએ જે મહત કાર્યો કર્યાં છે, તેનું યથાર્થ વર્ણન કરવાને તો જીનહર્ષગણિ તથા સોમેશ્વરદેવ જેવા કવિઓજ જોઇએ અને ખરેખર આ ઉભય કવિઓએ પોતાની લાક્ષણિક શૈલીમાં બન્ને મહાપુરૂષોના—ખાસ કરીને વસ્તુપાલના ગુણોનું અસરકારક ચિત્ર દોર્યું છે. આ ચિત્રને આધારેજ મેં આ નવલકથા લખેલી હોવાથી તેનું સઘળું માન તેમનેજ ઘટે છે.

સામાન્યત: કહેવાય છે કે વણિક જાતિ નિર્બળ છે—નિસ્તેજ છે; જે કાંઈ છે, તે માત્ર બુદ્ધિજ છે; પરંતુ આ લોકોક્તિ કેટલે દરજ્જે સત્ય છે, તે જ્યારે ગુજરાતનો ઇતિહાસ તપાસીએ છીએ, ત્યારે સ્પષ્ટ જણાઈ આવે છે. વણિક જાતના આ બે બંધુઓએ અને તેમની પહેલાં થઈ વિમલ, મુંજાલ અને ઉદયન વગેરેએ પાટણની પ્રભુતા અને

ગુજરાતનું ગૌરવ સ્થાપિત કરવામાં અને વધારવામાં જે ભાગ ભજવ્યો છે તે વાંચતાં ખરેખર આશ્ચર્ય જ થાય છે. યુદ્ધકળામાં અગ્રેસર રહી અમર થએલા આવા પૂર્વ પુરૂષોના વંશજો–હાલના વણિકોમાં નિર્બલતા શી રીતે પેસી ગઈ, તેનો જ્યારે વિચાર કરીએ છીએ, ત્યારે દિલગીરીજ થાય છે. પણુ એ વાતને જવા દઈએ; કારણુ કે પ્રસ્તાવનામાંજ તેનો વિચાર કરતાં પ્રસ્તાવનાને બદલે કદાચ આખો ગ્રંથ લખાઈ જાય તેમ છે.

જૈનેતર સમાજમાં વસ્તુપાલ તથા તેજપાલનું નામ જાણીતું છે; પરંતુ તે માત્ર જિનચૈત્યોને બંધાવનાર તરીકેજ. અલબત, તેમણે ઘણાં નવાં જિનચૈત્યો બંધાવવા સાથે જીર્ણોદ્ધારે કરાવ્યા છે, તે ઉપરાંત ઉપાશ્રયો, વિદ્યાશાળો, દાનશાળાઓ તથા વેદશાળાઓ સ્થાપી તથા વિશાળ નવાણો બંધાવી ધર્મ કે જાતિના ભેદ વિના કીર્ત્તિસ્થંભો ઉભા કર્યા છે, જ્ઞાતિ અને ધર્મબંધુઓનો ઉદ્ધાર કર્યો છે, સાધુઓની ભકિત કરી છે, તીર્થયાત્રાઓ, મહોત્સવો, ઉદ્યાપનો તથા તપસ્યાઓ કરેલ છે અને શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરેલાં છે; પરંતુ રાજા વીરધવળના મંત્રી તરીકે રહીને તેમણે જે રાજકાર્યો કર્યાં છે, યુદ્ધોમાં આગળ પડી ગુજરાતનું ગૌરવ અને પાટણની ચડતી કરવાને જે ભગીરથ ફાળો આપેલ છે, તે પ્રસંગો નોંધવાને આ કથાનકમાં વિશેષ ધ્યાન દેવાયું છે. વિશેષમાં વસ્તુપાલે જ્ઞાનાભ્યાસ કરીને વિદ્વતા મેળવી હતી અને નરનારાયણ નામક કાવ્ય પણ રચ્યું છે, જે ખાસ નોંધવા જેવું છે. ટુંકામાં કહેવામાં આવે તો તે ઉભય બંધુઓએ અને તેમની સુપત્નીઓએ જે ધાર્મિક, સામાજીક અને રાજકીય મહાન્ કાર્યો કર્યાં છે, તે સમજાવવાને માટે તો તેમનું સંપૂર્ણ ચરિત્રજ વાંચવું જોઈએ.

પૂર્વ પુરૂષોની ઐતિહાસિક હકીકત જાણુવાને બે સાધનો છે. એક તેમનું ચરિત્ર અને બીજું તે સમયનો ઈતિહાસ. ચરિત્રમાં ચરિત્ર નાયકનાજ ગુણોનું ખાસ કરીને વર્ણન હોય છે, જ્યારે ઇતિહાસમાં તે સમયની બધી પરિસ્થિતિનુ ચિત્ર દોરેલું હોય છે; પરંતુ ઇતિહાસની લેખન શૈલી શુષ્ક હોવાથી વાચકોને વાંચનમાં રસ પડતો નથી અને તેથી ઐતિહાસિક નવલકથા લખવાની પ્રવૃત્તિ શરૂ થઇ છે. ઐતિહાસિક નવલકથામાં બધી

ઘટનાઓ ઇતિહાસની પેઠે ક્રમાનુસાર લખવામાં આવતી નથી; પરંતુ મહત્ત્વની ઘટનાઓ પસંદ કરી તેને કલ્પનાના વિવિધ રંગો વડે આલેખવામાં આવે છે. નવલકથાની આ રીતિ છે અને મેં પણ તે રીતિનું અનુકરણ કર્યું છે; પરંતુ કલ્પનાનો આશ્રય લેતાં તે સમયની સ્થિતિનો મેં ખ્યાલ કર્યો છે અને બધી બાબતની સાવચેતી રાખીને આ નવલકથા તૈયાર કરી છે. તેમ છતાં મનુષ્ય ભૂલને પાત્ર તો છેજ અને એ ન્યાયે આ કથાની લેખન–શૈલીમાં અગર તો ઐતિહાસિક સત્યમાં કોઈ ભૂલ જોવામાં આવે અને તે તરફ વિદ્વાન વાચકો મારૂં લક્ષ્ય દોરશે, તો હું તેમનો ઘણોજ આભારી થઇશ.

પ્રસ્તુત નવલકથા લખવામાં મને જે ગ્રંથો સહાયક થઇ પડયા છે, તે દરેક ગ્રંથના મૂળ લેખકો, ભાષાંતરકારો અને પ્રકાશકોનો હું અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું અને અનેક શારીરિક અગવડો અને કામના બોજા વચ્ચે મેં આ કથા રચેલી હોવાથી તેમાં રહી ગયેલી ભૂલ કે થયેલા દૃષ્ટિદોષને માટે વાચક બંધુઓ અને બ્હેનોની ક્ષમા માગું છું.

છેવટે નવચેતનના આ યુગમાં જનસમાજની આગળ પૂર્વ પુરૂષોનાં બોધદાયક અને શિક્ષાપ્રદ ચરિત્રોને અને તેમનાં ઉત્તમ કાર્યોને રજુ કરવાથી લોકોને કાંઇક નવું જાણવાની, સમજવાની અને વિચારવાની તક મળશે, એવી મારી માન્યતા છે અને જો મારી આ માન્યતા સાચી હોય, તો લેખકને લેખનકાર્યના અંતે જે આત્મસંતોષ થવો જોઈએ, તે મને થશેજ. અસ્તુ.

ચુડા,
તારીખ ૧–૨–૧૯૨૨.

જગજીવન માવજી કપાસી.

# અનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | સંન્યાસી.... | ૧ |
| ૨ | ગુજરાતનો નાથ.. | ૭ |
| ૩ | છૂપી મુલાકાત. | ૧૫ |
| ૪ | પાટણના સામંતો. | ૨૦ |
| ૫ | સ્નેહ લગ્ન. | ૨૭ |
| ૬ | ઇતિહાસ–દર્શન. | ૩૫ |
| ૭ | દંપતી–જીવન. | ૪૧ |
| ૮ | બે બંધુઓ. | ૫૨ |
| ૯ | સારંગલોચના. | ૫૮ |
| ૧૦ | નવું રાજ્યતંત્ર. | ૬૬ |
| ૧૧ | તને કેવો વર ગમે ? | ૭૫ |
| ૧૨ | પદ્માની પ્રતિજ્ઞા. | ૮૦ |
| ૧૩ | પાટણની પરિસ્થિતિ. | ૮૭ |
| ૧૪ | મંત્રી શ્રીધર. | ૯૮ |
| ૧૫ | યુદ્ધનો નિશ્ચય. | ૧૦૫ |
| ૧૬ | બંધુ–ભગિની. | ૧૧૨ |
| ૧૭ | સૌરાષ્ટ્ર ઉપર સ્વારી. | ૧૧૮ |
| ૧૮ | પંચગ્રામનું યુદ્ધ. | ૧૨૬ |
| ૧૯ | પ્રતિજ્ઞાની પૂર્તિ. | ૧૩૩ |
| ૨૦ | વૈરની વસુલાત. | ૧૪૦ |
| ૨૧ | અત્યાચાર. | ૧૪૫ |
| ૨૨ | કરમચંદની કર્મકથા. | ૧૫૫ |
| ૨૩ | ઘમંડી ઘુઘુલ. | ૧૬૨ |
| ૨૪ | પાપનું પરિણામ. | ૧૬૬ |
| ૨૫ | પાટણની ચડતી કે પડતી ? | ૧૭૧ |

# ઉગરવાનો ઉપાય.

દેશની સ્વતંત્રતા માટે, કે ધર્મ-અર્થ-કામ અને મોક્ષ માટે સ્ત્રીની મદદની જરૂર છે.

સ્ત્રી તેજ કહી શકાય કે જે ઉંચે ચડવામાં બુદ્ધિપૂર્વક મદદ કરી શકે, ઘરનો મંત્રી બનીને ખોરાકમાં, શરીર ઢાંકવામાં અને ભવિષ્યની પ્રજા ઉછેરવામાં સારામાં સારો કારભાર ચલાવે અને

## સુખ દુઃખમાં સમાન હક્ક ભોગવી જાણે.

આ બધી શક્તિઓ ખીલવવા—કળા પૂરવા અને સ્ત્રીને ગૃહીણી કહો કે દેવાંગના બનાવવા માટે, તથા ક્ષણે ક્ષણે સ્ત્રીઓનું સ્થાન ક્યાં છે તેથી વાકેફ રાખવાને માટે ઘરોઘર

## સ્ત્રીસુખ દર્પણ.

વંચાવવું જોઈએ, સ્ત્રીઓને એકઠી કરીને શેરી-પોળ કે ગલી ગુંચીએ તેના બોધક લેખો, કાવ્યો, વાર્તાઓ અને ચીત્રોનું રહસ્ય સમજાવવું જોઇએ.

આવું વાંચન નિયમીત દરમહીને તેનાથી નવું અને તાજું મળ્યાજ કરે છે. આખું વર્ષ તે લાભ લેવાની ફી ફક્ત રૂપિયા ત્રણુજ છે.

ફક્ત એકજ પોલકું કે પાનની પટીનો ખર્ચ બચાવી લેવાથી આટલો ખર્ચ કોણ ન કરી શકે ?

નામ નોંધાવો અને ઘરે બેઠાં તમને આ લાભ મળવા લાગશે.

પત્રવ્યવહાર;—

**સ્ત્રીસુખ દર્પણ ઓફીસ—ભાવનગર.**

# વીરશિરોમણિ વસ્તુપાળ
## કિંવા
## પાટણની ચડતી પડતી.

## પ્રકરણ ૧ લું.

### સંન્યાસી.

સંધ્યા સમયના અસ્ત પામતા સૂર્યનારાયણનાં આછાં સોનેરી કિરણો, પાટણથી પાંચેક કોસ દૂર આવેલા શિવાલયનાં ધવલ શિખરને તથા તેની આસપાસ આવેલાં વૃક્ષોનાં સુકોમળ પાંદડાંઓને સોનેરી રંગથી રંગી રહ્યાં હતાં. શિવાલયના કોટને ઘસીને સરસ્વતી નદી ઉતાવળી ઉતાવળી સાગર-સ્વામીને ભેટવાને ચાલી જતી હતી. તેનાં સ્વચ્છ અને સફેદ જલમાં પક્ષીઓ છેલ્લી વારનું સ્નાન કરીને સૂર્યનારાયણને અસ્તાચળ તરફ પ્રયાણ કરતાં જોઇ પોતાના માળામાં ચાલ્યા જતાં હતાં. ચક્રવાક પક્ષીઓ વિરહનો સમય પાસે આવેલો જોઇને રૂદન કરી રહ્યાં હતાં. નિરભ્ર આકાશ સંધ્યા સમયના વિવિધ રંગોથી રંગાઇ ગયું હતું અને તે અંગે તે ઉપર થતું વૈચિત્ર્ય જોનારનાં હૃદયને ક્ષણવારમાં આનંદ અને ક્ષણવારમાં આશ્ચર્યને ઉપજાવતું હતું.

આ શિવાલય કેવળ નિર્જન પ્રદેશમાં આવેલું નહોતું; કારણકે સરસ્વતીના સામે કિનારે અડધા કોસને અંતરે એક નાનું ગામ વસેલું હતું અને ત્યાંથી માણસો પૂજા નિમિત્તે, ફરવાના બહાને કે તહેવારના પ્રસંગે ત્યાં આવતાં હતાં; તો પણ તેની નજીકમાં મહાદેવના પૂજારી અને તેનાં નાનકડાં કુટુંબ સિવાય કોઇ પણ મનુષ્યનો નિવાસ નહોતો. ક્વચિત પાટણથી જતાં આવતાં મુસાફરો થાક ખાવાને માટે ત્યાં રાતવાસો રહેતાં હતાં અને તેથી પૂજારીને ત્યાં એકલાપણું લાગતું નહોતું.

આ શિવાલયને સમ્રાટ કુમારપાલે બંધાવ્યું હતું. જો કે સમ્રાટ કુમારપાલ પોતે ચુસ્ત જૈન હતો, તેમ છતાં તે બધા ધર્મો પ્રતિ સમાન દ્રષ્ટિથી જોનારો હતો અને તેથી તેણે જૈન મંદિરો ઉપરાંત ઘણાં શિવાલયો પણ બંધાવેલાં હતાં. શિવાલયના ખર્ચ અને તેના પૂજારીના નિર્વાહને માટે પાટણના રાજાએ જરૂર જેટલો ગરાસ (ખેતી કરવા લાયક જમીન) કહાડી આપ્યો હતો. એટલે તેની ઉપજમાંથી પૂજારી તેના નિર્વાહ સાથે શિવાલયનું ખર્ચ નભાવતો હતો અને જતાં આવતાં મુસાફરોનું યોગ્ય આતિથ્ય પણ કરતો હતો.

"જે શિવાલયની તું વાત કરે છે, તે આજ શિવાલય કે ?" પૂર્વ દિશા તરફથી આવતાં બે ઘોડેસ્વારોમાંથી એકે બીજાને પ્રશ્ન કર્યો.

"હા, તેજ આ શિવાલય છે." બીજા ઘોડેસ્વારે ઉત્તર આપ્યો.

"ઠીક, પણ મહારાજા ભીમદેવ અંહી ગુપ્તપણે રહ્યા હોય, એ સંભવિત છે ?" પહેલા ઘોડેસ્વારે પુનઃ પૂછ્યું.

"એ સંભવિત હોય કે ન હોય, એ જૂદી વાત છે; પરંતુ જે સંન્યાસીએ મને તે સંબંધી વાત કરી છે, તે ઘણોજ વિશ્વાસપાત્ર છે અને તેથી તેનાં વચનમાં આપણે વિશ્વાસ રાખવો જોઇએ." બીજા ઘોડેસ્વારે જવાબ આપ્યો.

આ પ્રમાણે વાર્તાલાપ કરતા એ બન્ને ઘોડેસ્વારો શિવાલયની નજીક આવી પહોંચ્યા. તેઓમાં એક પ્રૌઢ હતો અને બીજો યુવાન હતો. અને તેઓ, પરિધાન કરેલા પોષાક અને ધારણ કરેલાં શસ્ત્રો ઉપરથી ઉચ્ચ કુળના રાજપૂતો હોય એમ જણાતું હતું. શિવાલયની નજીક આવી પહોંચતાંજ તેઓ ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયા અને તેમને પાસેનાં વૃક્ષનાં થડ સાથે બાંધીને શિવાલયની અંદર ગયા. શિવાલયમાં પ્રવેશતાંજ પૂજારી સામો મળ્યો. તેણે આ બન્ને પુરૂષોને યોગ્ય આવકાર આપ્યો.

પૂજારીનાં મુખ તરફ ધ્યાનપૂર્વક જોઈ પ્રૌઢ વયના પુરૂષે તેને ઉદ્દેશીને પૂછ્યું: "શિવાલયમાં કેટલાં માણસો છે ?"

પૂજારી આ પ્રશ્નથી ગભરાયો નહિ, તેણે જવાબ આપ્યો: "હું, મારી સ્ત્રી અને ત્રણ બાળકો મળી અમે પાંચ માણસો છીએ."

"ઠીક, પણ કોઇ મુસાફર કે અજાણ્યો માણસ અંહી રહે છે ને ?" પ્રૌઢ પુરૂષે જરા ભાર દઇને પ્રશ્ન કર્યો.

"જી, હા; છેલ્લા આઠેક દિવસ થયા એક સંન્યાસી જેવો જણાતો પુરૂષ અંહી આવીને રહેલો છે." પૂજારીએ જવાબ આપ્યો.

"બરોબર; તે અત્યારે ક્યાં છે ?" તે પુરૂષે સંતોષ પામતાં પુનઃ પ્રશ્ન કર્યો.

"મને બરોબર ખબર નથી; પરંતુ ઘણું કરીને તો શિવાલયની પાછળ વાડીમાં હશે; કારણ કે દિવસનો ઘણો ભાગ તે ત્યાંજ પસાર કરે છે." પૂજારીએ ઉત્તર આપ્યો.

"તું તેને ઓળખે છે ?" યુવકે પૂછ્યું.

"જી, ના." પૂજારીએ સંક્ષિપ્ત ઉત્તર આપ્યો.

તે પછી તે બન્ને પુરૂષો મહાદેવનાં દર્શન કરીને તુરતજ શિવાલયની પાછળ વાડીમાં ગયા. આ વાડી કાંઇ બહુ મોટી નહોતી. શિવાલયની એક બાજુએ કેટલાંક વૃક્ષો, વેલીઓ અને છોડવાઓ ઉગી નીકળેલાં અને તે વૃક્ષ-સમુહનેજ વાડી કહેવામાં આવતી હતી. સૂર્યનારાયણ અસ્ત પામી ગયા હતા તોપણ સંધ્યા સમયનો આછો પ્રકાશ સર્વત્ર વિસ્તરેલો હતો અને તેથી તે બન્ને પુરૂષો આમ્રવૃક્ષ નીચે બેઠેલા કષાય વસ્ત્રધારી એક પુરૂષને જોઇ શક્યા. તેઓ તુરતજ તેની સામે જઇને ઉભા રહ્યા અને બોલી ઉઠ્યા. "જય સોમનાથ, સંન્યાસી મહારાજ !"

"જય સોમનાથ." સંન્યાસીએ પ્રત્યુત્તર આપ્યો.

સંન્યાસીના પ્રત્યુત્તરથી બન્ને પુરૂષો એક બીજાની સામે જોઈ રહ્યા. ક્ષણવાર રહી યુવાન પુરૂષે સંન્યાસીની નજીક જઇને અને નીચે બેસીને તેને પૂછ્યું. "મહારાજ ! આપ કાંઇ જ્યોતિષ જાણો છો કે નહિ ?"

"એ પૂછવાનું તમને શું પ્રયોજન છે ?" સંન્યાસીએ ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

"અમારે કાંઇક જોવરાવવું છે." યુવકે શાંતિથી ઉત્તર આપ્યો.

"શું જોવરાવવું છે ? જે જોવરાવવું હોય, તે કહો" સંન્યાસીએ પ્રશ્ન કરતાં કહ્યું.

યુવકે પાસે ઉભેલા પ્રૌઢ વયના પુરૂષની સામે એક વાર જોઇ લઇને પૂછ્યું. "ગુજરાતના નાથ મહારાજા ભીમદેવ પઠાણોની સાથેનાં યુદ્ધમાં પરાજીત થઇને ક્યાંક ચાલ્યા ગયા છે, તે તો આપ જાણતા હશો. હાલમાં તે ક્યાં છે, એ અમારે જાણવું છે. કહો, આપનું જ્યોતિષ એનો શો ઉત્તર આપે છે ?'

સંન્યાસી વિચારમાં પડી ગયો. કેટલીક વાર મૌન રહ્યા પછી તેણે ઉત્તર આપ્યો. 'હાલમાં તે ક્યાં છે, તે હું તમને કહી શકતો નથી; પરંતુ એટલું તો ખરૂં કે તે કોઈ પણ સ્થળે હયાત છે."

" એટલું તો અમે જાણીએ છીએ કે તે કોઈ પણ સ્થળે હયાત છે; પરંતુ અત્યારે તે ક્યાં છે, એજ અમારે જાણવું છે." પ્રૌઢ વયનો પુરૂષ કે જે અત્યાર સુધી મૌન ઉભો હતો, તેણે નીચે બેસતાં કહ્યું."

" તે હું તમને કહી શકતો નથી." સંન્યાસીએ ગંભીરપણે કહ્યું.

" તો પછી આપનું જ્યોતિષનું જ્ઞાન શું કામનું ?" યુવકે પ્રશ્ન કર્યો.

" પણ એ હકીકત જાણવાની તમને શી અગત્ય છે ?" સંન્યાસીએ સામો સવાલ પૂછ્યો.

"જાણવાની અગત્ય છે, ત્યારેજ અમે અત્રે આવ્યા છીએ અને જો આપ કહેતા હો, તો હુંજ કહી દઉં કે મહારાજા ભીમદેવ અત્યારે ક્યાં અને કેવી હાલતમાં છે." યુવકે જરા ટટ્ટાર બનીને જવાબ આપ્યો.

" જો તમે એ હકીકત જાણો છો, તો પછી મને શા માટે પૂછો છો ?" સંન્યાસીએ પૂછ્યું.

" આપને પૂછવાનું કારણ છે. સંન્યાસીના વેશે રહેલા આપજ મહારાજા ભીમદેવ છો." યુવકે તરતજ જવાબ આપ્યો અને હવે સંન્યાસી શું કહે છે, તે જાણવાને આતુર થઇ રહ્યો.

" ખોટી વાત. હું તો એક સામાન્ય સંન્યાસી છું. કોણ કહે છે કે હું ભીમદેવ છું. ?" સંન્યાસીએ આશ્ચર્ય દર્શાવીને પૂછ્યું.

" હું પોતેજ કહું છું કે આપ મહારાજા ભીમદેવ છો અને વિશેષમાં વિનંતિ કરૂં છું કે સંન્યાસીનો વેશ તજી દઇને આપ અમારી સાથે ચાલો. અમે આપના સામંતો, સરદારો અને મંડલેશ્વરોએ સૈન્ય એકઠું કરી રાખ્યું છે; માત્ર દરેક જણ આપનીજ રાહ જોઇ રહ્યું છે. આપ સૈન્યની સરદારી લો કે તુરતજ કુતુબુદ્દીનના સરદારને હરાવીને પડાણનાં જડ મુળનો ગુજરાતમાંથી સદાને માટે નાશ થાય તેમ છે. અમે આપની ઘણા વખતથી શોધ કરતા હતા; પરંતુ આજ સુધી આપની કાંઇ ખબર મળી નહોતી. આજે એક સંન્યાસીનાં મુખથી આપના ગુપ્ત નિવાસની હકીકત સાંભળીને હું તથા વીરધવલ અત્રે આવ્યા છીએ અને આ રીતે આપનો મેળાપ થઇ ગયો છે; માટે આપ હવે અમારા ઉપર કૃપા કરીને અમારી સાથે પધારો અને ગુજરાતનાં નાશ પામતાં ગૌરવનું રક્ષણ કરો." પ્રૌઢ પુરૂષે આગ્રહ અને વિનંતિથી કહ્યું.

તેનું આ સ્પષ્ટ અને જરા લાંબુ કથન સાંભળીને સંન્યાસી વિચારમગ્ન થઇ ગયો. ક્ષણ વાર રહી તેણે લાગણીયુક્ત સ્વરે કહ્યું. " લવણ-

પ્રસાદ ! તમે તથા તમારા પુત્ર વીરધવલે ખરેખર મને ઓળખી કહાડ્યો છે. હુંજ તમારો અને સમસ્ત ગુજરાતનો એક વખતનો મહારાજા ભીમદેવ છું. માત્ર આઠ–દશ દિવસ થયાં હું અંહી આવીને રહ્યો છું. મારાં આગમનની હકીકત તમને જે સંન્યાસીએ કહી છે, તેને હું સારી રીતે ઓળખું છું: કારણ કે અત્યારસુધી હું અને તે સાથેજ રહેતા હતા; પરંતુ તમે મને આમ તુરત ઓળખી કહાડશો, એવી મારી કલ્પના નહોતી. ઠીક, જે થયું તે ખરૂં; પરંતુ તમે અત્રે જે ઇચ્છાથી આવ્યા છો, તે ફલિભૂત થશે નહિ; કારણ કે તમારી સાથે આવવાનો મારો જરા પણ વિચાર નથી. એકાદ–બે દિવસ અંહી રહીને હું ચાલ્યો જવાનો છું. માત્ર ગુજરાતને તજીને જતાં પહેલાં તેની કેવી દશા થયેલી છે, તે જોઇ લેવાને અને તેને છેલ્લી વારના પ્રણામ કરી લેવાને માટેજ હું આ તરફ આવેલો છું; તમે સૈન્ય એકઠું કરી રાખ્યું છે અને તેની સરદારી લેવાનું મને કહો છો, પરંતુ મારાથી હવે તેમ થઈ શકે એમ નથી. પ્રાણપ્રિયા લીલાદેવીનાં અકાળ સ્વર્ગગમનથી અને મારી થયેલી હારની અપકીર્તિથી મારૂં મન ઉદ્વેગ અને શોકમાં ડૂબી ગયું છે અને તેથી મનની એવી અવસ્થામાં હવે તો મારા માટે સંન્યાસ એજ ઉત્તમ અને ઉચિત છે. વીર લવણપ્રસાદ અને વીરધવલ ! તમે જાઓ અને તમારાથી બની શકે તો પઠાણનાં નામનિશાનનો નાશ કરીને ગુજરાતમાં પુનઃ શાંતિને સ્થાપો.”

“ મહારાજા ! ”લવણપ્રસાદે કહેવા માંડ્યું. “ જે બનવાનું હતું, તે બની ગયું છે અને તેથી તે માટે ઉદ્વેગ કે શોક કરવો, એ તદ્દન નિરૂપયોગી છે. અત્યારે પઠાણોને હરાવવાનો અને પાટણને કબજે કરવાનો સુઅવસર આવી પહોંચેલો હોવાથી હું આપને સંન્યાસી વેશ તજી દેવાની અને સૈન્યની સરદારી સ્વીકારવાની આગ્રહપૂર્વક વિનંતિ કરૂં છું. હાલમાં પઠાણો પોતાની થયેલી જીતથી બેદરકાર બની ગયા છે અને એશઆરામમાં રાત્રિ–દિવસ પડ્યા રહે છે; તેથી તેમને હરાવવાનું કાર્ય આપણા માટે ઘણુંજ સહેલું છે. વળી પાટણની પ્રજાની ઘણીજ દુર્દશા થયેલી છે; પઠાણો પ્રજાને પીડવામાં મણા મુકતાં નથી. પઠાણ સરદારના અત્યાચારથી પાટણની પ્રભુતાનો અને ગુજરાતના ગૌરવનો લોપ થઇ ગયો છે અને સર્વત્ર અશાંતિ, મારામારી, લુંટફાટ અને જોર–જુલ્મનું સામ્રાજ્ય વ્યાપી ગયું છે. આ કારણથી પાટણની પ્રજા અને સરદારો, સામંતો તથા મંડલેશ્વરો ઉશ્કેરાઇ ગયાં છે; તેઓ સર્વ આપનાં આગમનનીજ રાહ જોઇ રહ્યા છે. એક વખત આવીને આપે સૈન્યની સરદારી લીધી કે તુરતજ પાટણ આપણા હસ્તગત થયું સમજી લેવાનું છે. પરા–

જય અને અપકીર્તિને ધોઇ નાંખવાનો આવો સુઅવસર ફરીને આવવો મુશ્કેલ છે; માટે આપ અત્યારેજ અમારી સાથે પધારવાની કૃપા—અમારા ખાતર નહિ તો સ્વજન અને સ્વદેશના ઉદ્ધાર ખાતર-કરો. ”

સંન્યાસી—**ભીમ**દેવ, **લવણપ્રસાદ**ના ઉપરના લાગણીયુક્ત વચનો સાંભળીને દિગ્મુઢ બની ગયો. અને અપયશની અસરથી કેવળ મૌન રહ્યો.

**ભીમ**દેવને મૌન રહેલો જોઇને યુવાન્ **વીર**ધવળે ઉત્તેજીત સ્વરથી કહ્યું. “ મહારાજા ! કેમ નીચું જોઇ રહ્યા છો ? અને શું વિચારી રહ્યા છો ? મારા પિતાશ્રીએ આપને જે હકીકત કહી છે, તે કેવળ સત્ય છે; તેમાં અસત્યનો સહેજ પણ અંશ નથી. આપ સન્યાસી બનીને બેઠા છો અને શોક તથા ઉદ્વેગથી નિર્બળ બની ગયા છો, એ શું આપને—સમસ્ત ગુજરાતના રાજાધિરાજને યોગ્ય છે ? સંન્યાસ લઇને આત્માનું શ્રેય કરવું, એ પ્રશંસનીય છે, પરંતુ જે સમયે પોતાના દેશની પડતી દશા થયેલી હોય અને પોતાની પ્રજા પીડાતી હોય, તે સમયે સંન્યાસી બનીને ચાલી નીકળવું, એ શું આપના જેવા સબળ અને વીર રાજાને અનુચિત નથી ? મહારાજા હું તો હજુ બાળક છું અને તેથી વધું-ઓછું બોલી જવાય તો ક્ષમા કરજો; પરંતુ હું આપને જે કહું છું, તે સ્વદેશપ્રેમની લાગણીને લીધેજ કહું છું અને તેથી આપે સંન્યાસને તજીને આપણી પ્રિય જન્મભૂમિના ઉદ્ધારને માટે વિના વિલંબે અમારી સાથે આવવું જોઇએ છીએ. કેમ આપના હૃદયમાં મારા કથનથી કાંઇ અસર થાય છે કે નહિ ? ”

“ **વીર**ધવલ ! ” **ભીમ**દેવે એકદમ ઉભા થઇ જઇને કહ્યું “ તારા પિતાના ગંભીર પણ શાંત વચનોથી નહિ, પરંતુ તારાં ઉત્તેજીત વચનોથી મારા હૃદયમાં જોઇતી અસર થઇ છે અને તેથી હું તમારી સાથે આ ક્ષણેજ આવવાને આતુર છું. પઠાણો મારી પ્રજાને પીડવામાં જરાપણ કચાશ રાખતાં નથી, એ સાંભળીને તથા પ્રિય ભૂમિ પાટણની થયેલી દુર્દશા નિહાળીને મારૂં હૃદય હવે ધીરજ ધરી શકતું નથી. તમે સૈન્ય એકત્ર કરી રાખ્યું છે, એ બહુજ ઉત્તમ કર્યું છે અને તેથી આપણે એકદમ જઇને પઠાણોની સાથે યુદ્ધ કરીને તેમને હરાવીને પાટણમાં પુનઃ શાંતિનું સ્થાપન કરીએ. **લવણપ્રસાદ** તથા **વીર**ધવલ ! ચાલો; સન્યાસનો ત્યાગ કરીને હું તમારી સાથે અત્યારેજ આવું છું. ”

**ભીમ**દેવે એમ કહીને સંન્યાસી વેશનો ત્વરાથી ત્યાગ કરી દીધો અને **લવણપ્રસાદે** આપેલાં વસ્ત્રો પરિધાન કરીને તે તેમની સાથે રવાના થયો.

આ સમયે સંધ્યા ચાલી ગઇ હતી અને રાત્રિ પડી ચૂકી હતી. આકાશસ્થિત ચંદ્ર પૂર્ણ કળાથી પ્રકાશતો હતો અને તેનાં રૂપેરી અજવાળામાં સમસ્ત પૃથિવી સ્નાન કરી રહી હતી.

---

# પ્રકરણ ૨ જું.

---

## ગુજરાતનો નાથ.

મધ્યાન્હનો સમય હતો. ઉનાળો ચાલતો હોવાથી તાપ સખ્ત પડતો હતો. અને તેથી પાટણથી કેટલેક દૂર છાવણી નાંખીને પડેલું સૈન્ય આરામનો અનુભવ કરી રહ્યું હતું: માત્ર એક વસ્ત્રઘર ( તંબુ ) માં પાંચ-સાત માણસો કાંઈક વાર્તાલાપ કરી રહ્યા હતા.

મુસલ્માનોને આ વખતે આપણે એવી તો સખ્ત હાર ખવરાવી છે કે, તેઓ પુનઃ ગુજરાત તરફ આવવાની હિંમત કરી શકશે નહિ, એવું મારૂં માનવું છે.” લવણપ્રસાદે મૂછોના આંકડા ચડાવતાં ચડાવતાં કહ્યું.

“ મારી માન્યતા પણ એવીજ છે. ” શ્રીધર મંત્રીએ અનુમોદન આપતાં કહ્યું “ પરંતુ આપણા સૈન્યમાં ખુવારી ઘણી થયેલી છે. ”

“ એ તો માથા સાટે માલ છે. યુદ્ધ એ કાંઇ નાનાં છોકરાની રમત નથી. ” વૃદ્ધ અર્ણોરાજ વાઘેલાએ મંદ સ્મિત કરીને કહ્યું.

“ તમારૂં કથન સત્ય છે કે યુદ્ધ એ કાંઇ નાનાં છોકરાની રમત નથી; પરંતુ મંડલેશ્વર ! મારો કહેવાનો ભાવાર્થ માત્ર એટલોજ છે કે આ વખતની જીત આપણને બહુજ ભારે થઇ પડી છે. ” શ્રીધરે પોતાનાં પૂર્વ કથનનો ભાવાર્થ કહી બતાવ્યો.

“ તમારૂં એ કહેવું વ્યાજબી છે. ” મંડલેશ્વર અર્ણોરાજે કબુલ કર્યું.

“ અને દેશનો ઉદ્ધાર કાંઇ નાનાસુના ભોગથી થઇ શકતો નથી, એ વાતને આપણે ભૂલી જવી જોઇએ નહિ. ” યુવાન્ વીરધવલે આગળ પડીને કહ્યું.

એ વાત પણ બરોબર છે. ભગવાન સોમનાથની કૃપાથી આપણે ગમે તે રીતે મુસલ્માનો ઉપર જીત મેળવી શકયા અને તેમને ગુજરાતમાંથી હાંકી કહાડ્યા, એ મોટા સુભાગ્યની ઘટના છે.” એ પ્રમાણે શ્રીધર મંત્રીએ કહીને સર્વની મધ્યમાં બેઠેલા ભીમદેવ તરફ જોઇને વિનયથી

પૂછ્યું. " પણ મહારાજા ! પાટણમાં પ્રવેશ કરવા માટે આપ શું નિશ્ચય ઉપર આવ્યા છો ? મને લાગે છે કે આજનો દિવસ શુભ હોવાથી આજેજ પ્રવેશ કરવો અને રાજ્યગાદીએ પણ આજેજ વિરાજવું; કેમ, તમારો શો અભિપ્રાય છે, મંડલેશ્વર ! "

" મારો અભિપ્રાય પણ એવોજ છે; પરંતુ મહારાજાનો એ વિષયમાં શો અભિપ્રાય છે, તે આપણે જાણવું જોઇએ. " મંડલેશ્વરે અનુમોદન આપતાં કહ્યું.

" તમારો સર્વનો અભિપ્રાય એજ મારો અભિપ્રાય છે; કારણ કે તમારી સહાયથીજ હું ગુજરાતનું રાજ્ય પુનઃ મેળવી શકયો છું અને તેથી તમારા અભિપ્રાયને મારે માન આપવું જોઇએ. " ભોળા ભીમદેવે ભોળપણાથી કહ્યું.

" મહારાજા ! " લવણપ્રસાદ વાઘેલાએ કહ્યું. " આપનું કથન બરોબર નથી. અમે તો આપના અને ગુજરાતની રાજ્યગાદીના વિશ્વાસુ સરદારો છીએ અને તેથી આપનાં તથા ગુજરાતનાં શ્રેય માટે પ્રાણાંત સહાય આપવાને પણ અમારે તૈયાર રહેવું જોઇએ. ખરી રીતે તો આપનાં બાહુબળથી અને ભગવાન સોમનાથની કૃપાથી આપ ગુજરાતનું રાજ્ય મેળવી શક્યા છો અને અમે તો બધા માત્ર નિમિત્તરૂપજ છીએ. "

લવણપ્રસાદનાં વિનયી વચનો સાંભળીને ભીમદેવ જરા હસ્યો. તેણે હસતાં હસતાં કહ્યું. " વીર લવણપ્રસાદ ! તમારો તથા તમારા પિતા મંડલેશ્વર અર્ણોરાજનો ગુજરાતની રાજ્યગાદી ઉપર મહાન્ ઉપકાર થયેલો છે અને હું તમને ખાતરી આપું છું કે હું તેનો યોગ્ય બદલો જરૂર વાળી આપીશ. "

લવણપ્રસાદ ચુપ રહ્યો, એટલે મંડલેશ્વરે તુરતજ કહ્યું. " મહારાજા ! ગુજરાતની રાજ્યગાદીની સેવા ઉપરાંત અમે કાંઇ કર્યું નથી. અમે જે કાંઇ કર્યું છે અને કરીએ છીએ, તે અમારી ફરજના અંગેજ છે અને તેથી આપે તે માટે અમારી મિથ્યા પ્રશંસા કરવાની કાંઇ અગત્ય નથી. "

" હું તમારી મિથ્યા પ્રશંસા કરતો નથી; પરંતુ જે સત્ય હકીકત છે, તેજ કહું છું. આ સમયનાં યુદ્ધમાં જો તમે મને સહાય કરી ન હોત, તો હું યવનો ઉપર કેવી રીતે જીત મેળવી શકત ? જ્યારે તમે મને મારાં કર્ત્તવ્યનું ભાન કરાવીને તથા વિશ્વાસુ રહીને સહાય કરી છે, ત્યારે મારાથી ગુજરાતનાં ગૌરવનું રક્ષણ થઇ શકયું છે અને તેથીજ

હું ખાતરીપૂર્વક કહું છું કે હું તેનો યોગ્ય બદલો તમને આપીશજ." ભોળા ભીમદેવે પુનઃ પણ ખાતરી આપતાં કહ્યું.

મંડલેશ્વર તથા તેનો પુત્ર લવણપ્રસાદ તેના પ્રત્યુત્તરમાં કાંઈ બોલ્યા નહિ, એટલે મંત્રી શ્રીધરે મૂળ વાત ઉપર આવતાં પૂછ્યું. "ત્યારે આપનો શો અભિપ્રાય છે, મહારાજ !"

"મારો અભિપ્રાય તો જેમ બને તેમ તુરતમાંજ પાટણમાં પ્રવેશવાનો છે; પરંતુ હું અશ્વરાજનાં આગમનની રાહ જોઇ રહ્યો છું; કારણકે મેં તેને ચોક્કસ કાર્યને માટે પાટણમાં મોકલ્યો છે." ભીમદેવે પોતાનો અભિપ્રાય દર્શાવતાં કહ્યું.

આ ઉપરથી વૃદ્ધ મંડલેશ્વરે જરા આતુરતાનો ભાવ વ્યકત કરતાં કહ્યું. "ભલે, જેવી આપની ઈચ્છા. અશ્વરાજનાં આગમન પછીજ આપણે પાટણમાં પ્રવેશ કરશું; પરંતુ મહારાજ ! અશ્વરાજનાં આગમનની રાહ જોવાની શું અગત્ય છે ?"

અગત્ય એટલીજ છે કે મેં તેને ચોકસ પ્રકારની તપાસ કરવા ત્યાં મોકલ્યો છે અને તેનું કારણ જયંતસિંહનાં દુષ્ટ કાર્યની વાત મારા કાને આવેલી છે." ભીમદેવે ઉત્તર આપ્યો.

"અને તે શી વાત છે, મહારાજ !" મંડલેશ્વરે આશ્ચર્ય દર્શાવીને પૂછ્યું.

"પાટણના મુસલમાન સૂબેદારને હરાવીને જ્યારે આપણે પલાયન કરી જતાં મુસલમાનોની પાછળ પડયા, ત્યારે પાટણનું રક્ષણ કરવાને માટે જયંતસિંહને આપણે કેટલાક સૈન્ય સાથે મૂકતા ગયા હતા, એ તો તમને યાદ હશે. મુસલમાનોને ગુજરાતમાંથી હાંકી કહાડતાં આપણને કેટલોક વખત લાગ્યો હોવાથી પાટણની ગાદીને હસ્તગત કરતાં આપણને ઢીલ થયેલી છે. આ સમય દરમ્યાન જયંતસિંહે વિશ્વાસઘાતક બનીને પાટણમાં રાજ્ય–કોષ તથા સિંહાસનને પોતાના હસ્તગત કરી લીધાં છે અને તે પોતે ગુજરાતના નાથ તરીકે જાહેર થઇને વર્ત્તવા લાગ્યો છે. આ ખબર મુસલમાનોને હરાવીને પાછાં ફરતાં માર્ગમાં મને મારા પૂર્વ પરિચિત સંન્યાસીએ આપ્યા હતા અને તેથી અહીં આવતાંજ મેં અશ્વરાજને પાટણમાં તે બાબતની તપાસ કરવાને મોકલ્યો છે. હવે તે શા ખબર લાવે છે, તે સાંભળીને આપણે પાટણમાં પ્રવેશ કરવા સંબંધી નિર્ણય ઉપર આવવાનું છે." ભીમદેવે પોતાના કાને આવેલી વાતને વિગતથી કહી દર્શાવી.

ઉપર્યુક્ત વાત સાંભળીને વૃદ્ધ મંડલેશ્વર અર્ણોરાજ અથવા આનાક, તેનો પુત્ર લવણપ્રસાદ, તેનો પુત્ર વીરધવલ, મંત્રી તથા બીજા સરદારો ક્રોધથી લાલપીળા બની ગયા અને તેઓ બધા મૂછોના આંકડા ચડાવતાં પોતાની કમરે લટકતી તલવારો ઉપર હાથ નાંખવા લાગ્યા.

" મહારાજ ! " વૃદ્ધ મંડલેશ્વર ક્રોધથી ભભુકી ઉઠયો. " શું આ વાત ખરી છે ? અને તે આપે અમને આજ સુધી કેમ કહી નહોતી ?"

" નહિ કહેવાનું કારણ માત્ર એટલુંજ છે કે તે વાત ખરી છે કે ખોટી છે; તેનો મને પણ હજુ સંશય છે. " ભીમદેવે જવાબ આપ્યો.

આ સમયે એક પહેરેગીરે આવી નમન કરીને કહ્યું. " મહારાજા ! મંત્રી અશ્વરાજ પાટણમાંથી આવી પહોંચ્યા છે અને આપની સમક્ષ આવવાની આજ્ઞા માગે છે. "

" તેમને એકદમ અહીં લઈ આવ." ભીમદેવે આજ્ઞા આપી.

પહેરેગીર નમન કરીને ચાલ્યો ગયો અને તરતજ મધ્યમ કદનો અને પ્રૌઢ વયનો એક પુરૂષ દઢ ચાલથી ચાલતો ત્યાં આવી પહોંચ્યો.

આ પુરૂષ મંત્રી અશ્વરાજ હતો. તે ભીમદેવને નમન કરીને યોગ્ય જગ્યાએ બેઠો કે તુરતજ ભીમદેવે તેને પુછ્યું. "કેમ, શું તપાસ કરી આવ્યા અને શા ખબર લાવ્યા છો ? "

"મહારાજ !" અશ્વરાજે જવાબ આપ્યો. "કહેવાને દિલગીરછું કે આપના કાને આવેલી વાત તદ્દન સત્ય છે. વિશ્વાસઘાતક જયંતસિંહ, આપણે મુસલમાનોની પછવાડે ગયા, ત્યારથીજ પાટણનો રાજા બની બેઠો છે અને વિશેષમાં તેણે આપણી સામે લડવાને માટે બધી તૈયારી પણ કરી રાખી છે."

" શું તેણે લડવાની તૈયારી પણ કરી રાખી છે ?" યુવક વીરધવળે અજાયબીથી પૂછ્યું.

" હા અને જે વખત જાય છે, તેમાં તે પોતાના સૈન્ય સાથે આપણી સામે યુદ્ધ કરવાને આવી પહોંચવો પણ જોઇએ." અશ્વરાજે ઉત્તર આપતાં વધારામાં કહ્યું.

" ગુજરાતના મહારાજા હયાત હોવા છતાં દુષ્ટ જયંતસિંહ ગુજરાતનો નાથ બનીને આપણી સામે યુદ્ધ કરવા આવે, એ શું શકય છે ? " વીરધવળે પુનઃ સંશયયુક્ત સ્વરે પુછ્યું.

" વીરધવલજી ! મેં જે હકીકત કહી, તે કેવળ શકયજ નહિ; કિંતુ

સત્ય છે; કારણકે મેં તે વિષે પુરતી તપાસ કરી છે" અશ્વરાજે ખાતરી થી જવાબ આપ્યો.

"ત્યારે મહારાજા! વીરધવળે પોતાની તલવાર મ્યાનમાંથી ખેંચી કહાડતા અને ઉભા થતાં કહ્યું. "મને આજ્ઞા આપો એટલે હું એ દુષ્ટ અને સ્વામીદ્રોહી જયંતસિંહને મારી તલવારનો સ્વાદ ચખાડું અને તેને ખબર પણ પાડી દઊં કે પોતાના સ્વામી સાથે દ્રોહ કરવાનું કેવું ભયંકર પરિણામ આવે છે."

"બહાદુર વીરધવલ!" ભીમદેવે હર્ષમાં આવી જઇને કહ્યું." તારી વીરતા અને તારાં સાહસને જોઇને હું ઘણોજ ખુશી થયો છું અને તે માટે તને ધન્યવાદ આપું છું; પરંતુ તારે એકલાએજ એ દુષ્ટ જયંતસિંહ ઉપર ચડી જવાની કાંઇ અગત્ય નથી; કારણકે અશ્વરાજનાં કથાનાનુસાર તે પોતેજ આપણા ઉપર ચડી આવે છે."

વીરધવળ તેના પ્રતિવાદમા કાંઇક બોલવા જતો હતો, પણ તેને અટકાવવા મંડલેશ્વરે કહ્યું. "મહારાજ! હકીકત આ પ્રમાણે છે, ત્યારે આપણે આપણાં સૈન્યને તૈયાર થવાની સૂચના આપી દેવી જોઇએ."

"હા તમારૂં કથન બરોબર છે." ભીમદેવે તેનાં કથનનો સ્વીકાર કરીને લવણપ્રસાદને આજ્ઞા આપી. "લવણપ્રસાદજી! આપણા સૈન્યને તૈયાર કરો અને તેને યોગ્ય વ્યુહમાં ગોઠવી રાખો; કારણકે પાટણ અહીંથી બહુ દૂર નહીં હોવાથી જયંતસિંહ થોડી વારમાંજ આવી પહોંચવો જોઈએ."

"આપની આજ્ઞા પ્રમાણે હું હમણાંજ બધી ગોઠવણ કરી નાંખુ છું." લવણપ્રસાદ આ પ્રમાણે કહીને સૈન્યની ગોઠવણ કરવા ત્યાંથી જલ્દી ચાલ્યો ગયો. તે ગયા પછી અન્ય સરદારો પણ પોતે જાતે તૈયાર થવાંને સ્વસ્થાનકે ગયા.

પ્રાતઃકાળનો સમય હતો. રાજ્યમહાલયમાંથી ચોઘડીયાનો મધુર અને ઉત્તેજક અવાજ સંભળાતો હતો. પૂર્વ દિશામાં ભગવાન્ દીવાકરનો ઉદય થઈ ચૂકયો હોવાથી પાટણનાં પ્રજાજનો આવશ્યક કાર્યમાં જોડાઇ ગયાં હતાં. આજે તેમનો ઉત્સાહ કાંઇક જૂદાજ પ્રકારનો જણાતો હતો; કારણકે મુસલ્માનો અને સ્વામીદ્રોહી જયંતસિંહને હરાવીને ગુજરાતના નાથ ભીમદેવે પાટણની રાજ્યગાદીને પુનઃ હસ્તગત કરેલી હતી અને તેથી પાટણની રાજ્યભક્ત પ્રજાને આનંદ અને ઉત્સાહ થાય, એ સ્વાભાવિક હતું. યવનોના ત્રાસ અને જુલમમાંથી મુક્ત થવાથી તથા પોતાના

મહારાજા ભીમદેવને પુનઃ આવેલો જોવાથી પાટણનો લોક સમુહ બહુજ હર્ષમાં આવી ગયો હતો અને ભીમદેવના દર્શન કરવાને આતુર બનીને રાજ્યમહાલયનાં દ્વારે કીડીઓની માફક ઉભરાતો હતો. પોતાનાં પ્રજાજનોની આતુરતાને શમાવવાની ખાતર ભીમદેવ રાજાને ઉચિત એવાં સુંદર વસ્ત્રો પરિધાન કરીને મંત્રી શ્રીધરની સાથે મહાલયની બહાર નીકળી આવ્યો, પોતાના મહારાજાને પોતાની સન્મુખ આવેલા જોઇને પ્રજાજનોએ હર્ષનો ગગનભેદી પોકાર કર્યો અને વીશ-પચીશ આગેવાનોએ તેની નજક જઇને કુશળ વર્ત્તમાન પુછવા ઉપરાંત પ્રજા તરફનું નજરાણું તેને ભેટ કર્યું. ભીમદેવે તેનો સહર્ષ સ્વીકાર કરીને તેમને ઘટતો આવકાર તથા ઉત્તર આપ્યો અને ત્યારબાદ તેમને જવાની રજા આપીને પોતે રાજ્યમહાલયમાં પાછો આવ્યો. તે ગયા પછી લોકો આનંદનો પોકાર કરતા તથા ભગવાન સોમનાથ અને મહારાજા ભીમદેવના જયના પોકાર કરતા સ્વસ્થાનકે ચાલ્યા ગયા.

અત્યારે ભીમદેવે પોતાના મુખ્ય અધિકારીઓને એકત્ર થવાની આજ્ઞા આપેલી હોવાથી રાજ્યસભાના એક ખાનગી ઓરડામાં અથવા ખંડમાં તેઓ એકઠા થયા હતા અને ભીમદેવનાં આગમનની રાહ જોઇ રહ્યા હતા. જે ઓરડામાં અથવા ખંડમાં તેઓ ભેગા મળ્યા હતા, તે બહુ મોટો નહિ, તેમ તે બહુ નાનો નહિ એટલેકે મધ્યમ પ્રકારનો હતો. તેને વિવિધ પ્રકારના આસનો, ગાદીઓ અને બીજા શણગારના પદાર્થોથી શણગારવામાં આવેલો હતો. તેની એક બાજુએ મધ્યમાં રાજાને બેસવાનું આસન હતું અને તેની બન્ને બાજુએ બીજાં આસનો ગોઠવેલાં હતા. આ આસનો ઉપર મુખ્ય સેનાપતિ લવણપ્રસાદ વાઘેલો, મંત્રી અશ્વરાજ, ઉપસેનાપતિ આભુશાહ; લવણપ્રસાદનો પુત્ર વીરધવલ, મંત્રી ચાચિંગ, અમરસિંહ તથા બીજા સામંતો અને સરદારો પોતાના અધિકાર પ્રમાણે ક્રમાનુસાર બેઠેલા હતા. આ ઉપરાંત ભીમદેવના અધિકારમાં બીજા ઘણા મંડલેશ્વરો સામંતો અને સરદારો હતા; પરંતુ તેમાંથી ઘણા તો કુતુબુદ્દીનની પાટણ ઉપરની સ્વારી પછી અને ભીમદેવના ગુપ્ત વાસથી સ્વતંત્ર થઇ ગયા હતા અને તેઓ ભીમદેવની સત્તાને કબુલ રાખવાને ખુશી પણ નહોતા. ભીમદેવે જ્યારે મુસલ્માનોને હરાવીને પાટણને પુનઃ કબજે કર્યું, ત્યારે તો સ્વદેશની ખાતર તેને તેના સરદારોએ સહાય કરી હતી; પરંતુ તે પછી તુરતજ તેઓ સ્વતંત્ર રીતે વર્ત્તવા લાગ્યા હતા અને લાગ આવે તો પાટણની રાજ્યગાદીનો પણ કબજો કરવાને તૈયાર થઇ રહ્યા હતા; માત્ર વાઘેલાઓ અને કેટલાક મંત્રીઓજ ભીમદેવના પક્ષમાં રહ્યા હતા.

નિયમિત વખતે ગુજરાતનો નાથ ભીમદેવ, મુખ્ય મંત્રી શ્રીધર સાથે સભાખંડમાં આવી પહોંચ્યો. મંત્રીઓએ અને સરદારોએ ઉભા થઇને તેને માન આપ્યું. ભીમદેવ પોતાનાં આસને બેઠો, એટલે બીજા બધા પણ યોગ્ય આસનો ઉપર બેસી ગયા.

કેટલોક સમય વિચારમાં વ્યતિત કર્યા પછી ભીમદેવે સર્વને સંબોધીને કહેવા માંડયું. " વિશ્વાસુ મંત્રીઓ અને સરદારો ! ભગવાન સોમનાથની કૃપાથી આપણે યવનોને હાંકી કહાડવા અને વિશ્વાસઘાતી જયંતસિંહને હરાવી પાટણને કબજે કરવા ભાગ્યશાલી થયા છીએ અને તેથી હવે ગુજરાતનાં રાજ્યને સુવ્યવસ્થિ રીત્યા ચલાવવાની અગત્ય રહે છે અને એ બાબતમાં વિચાર કરવાને માટેજ મેં અત્યારે તમને સર્વને એકત્ર કર્યા છે. પાટણની રાજ્યસત્તાને પુનઃ પ્રાપ્ત કરવામાં તમે મને જે સહાય કરી છે, તે માટે હું તમારા સર્વનો ઘણોજ ઉપકાર માનું છું એટલું જ નહિ, પણ તેનો બદલો આપવાનું યોગ્ય વિચારૂં છું. તમે જાણો છો કે અત્યારની આપણી નિર્બળ સ્થિતિને લઇ કેટલાક મંડલેશ્વરો અને સાંમતો સ્વતંત્ર થઇ ગયા છે અને તેઓ મારી આજ્ઞામાં રહેવાને ખુશી નથી. આ કારણથી અત્યારે ગુજરાતનું શાસન ચલાવવામાં આપણને બહુજ મુશ્કેલી આવવાનો સંભવ છે. અત્યારે આપણે તેમને યુદ્ધથી વશ કરી શકીએ તેમ નથી; કારણ કે આપણી પાસે તેમ કરવાને પૂરતાં સાધનો નથી અને તેથી હાલ એ વાતને બાજુએ રાખી શામ નીતિથી સર્વને સમજાવી ઠેકાણે લાવવાના છે અને હું આશા રાખું છું કે આ કાર્યમાં તમે મને સહાય કરશો. "

લવણપ્રસાદ તરતજ બોલી ઉઠ્યો. " મહારાજા ! અમે વાઘેલાઓ અને અહીં હાજર રહેલા બીજા મંત્રીઓ અને સામંતો, એ સર્વની વતી હું કહું છું કે અમે જેવી રીતે અત્યાર સુધી આપને તથા પાટણની રાજ્યસત્તાને વિશ્વાસુ રહીને સહાય કરતા આવ્યા છીએ, તેવીજ રીતે હવે પછી પણ અમારા જીવન પર્યંત વિશ્વાસુ અને એકનિષ્ઠ રહીને આપનાં દરેક કાર્યમાં સહાય કરતાં રહેશું, એ ખાતરીપૂર્વક માનજો. અમે સર્વે આપના વિશ્વાસુ સેવકોજ છીએ અને તેથી અમારામાં જરા પણ અવિશ્વાસ નહિ લાવવાની હું આપને વિનંતિ કરૂં છું. હું જાણું છું કે અત્યારની આપણી દુર્બળ સ્થિતિને લઇ જે મંડલેશ્વરો વિશ્વાસઘાતક થઇ ગયા છે, તેને તાબે કરવાનું કાર્ય અતિ કઠીન છે; તેમ છતાં આપની આજ્ઞા હોય, તો હું આજ ક્ષણે મારાં સૈન્ય સાથે તેઓને વશ કરવાને જવાને તૈયાર છું. "

"અમે પણ આપની આજ્ઞા પ્રમાણે વર્તવાને તૈયારજ છીએ." મંત્રીઓ તથા સામંતો બોલી ઉઠયા.

"તમારી સર્વની મને સંપૂર્ણ ખાતરી છે કે તમે મારા પ્રત્યે એકનિષ્ઠજ રહેશો; પરંતુ આપણે ઉતાવળા થઇને અત્યારેજ કાંઇ કરવાની અગત્ય નથી; કારણ કે અત્યારે આપણી પાસે પૂરતાં સાધનો નથી અને તેથી હાલ તો આપણે શામનીતિથીજ તેમને વશ કરવાનો પ્રયત્ન કરવાનો છે." ભીમદેવે એ પ્રમાણે કહીને આગળ ચલાવ્યું. "હવે આપણે એ વાતને જતી કરીને બીજી જે વાતને માટે મેં તમને સર્વને એકત્ર કર્યા છે, તે વાત ઉપર આવીએ. મંડલેશ્વર અર્ણોરાજે આજપર્યંત યવનોને હાંકી કહાડવામાં અને જયંતસિંહ વગેરે વિશ્વાસઘાતક સાંમતોને હરાવવામાં મને જે સહાય કરી છે અને તેમાંજ તેમણે પોતાનો પ્રાણ ખોયો છે, તે એક પક્ષે જેમ દિલગીરીજનક છે, તેમ બીજા પક્ષે આનંદજનક પણ છે. દિલગીરીજનક એટલા માટે કે તેમના જેવો બીજો વિશ્વાસુ મંડલેશ્વર મને મળવો મુસ્કેલ છે અને આનંદજનક એટલા માટે કે તેમણે પોતાનાં જીવનપર્યંત પાટણની રાજ્યગાદીને વિશ્વાસુ રહીને પોતાના દેશને સ્વતંત્ર કરવામાં પોતાનાં જીવનની આહૂતિ આપી છે. પાટણની રાજ્યગાદી અને મારા ઉપર તેમના અનેક ઉપકારો થયેલા હોવાથી તેમના પુત્ર લવણપ્રસાદને મહામંડલેશ્વર અને સર્વેશ્વરના પદથી વિભુષિત કરૂં છું અને તેમના પુત્ર વીર વીરધવલને યુવરાજપદે સ્થાપન કરીને પાટણની રાજ્યગાદીનો ઉત્તરાધિકારી ઠરાવું છું. મંત્રીઓ અને સામંતો ! મારા આ વિચાર સાથે તમે મળતા થાઓછોને ?"

તેઓ એક અવાજે બોલી ઉઠયા. "અમે સર્વે આપના વિચાર સાથે મળતા થઇએ છીએ, એટલુંજ નહિ પણ આપની આજ્ઞાને માન્ય કરીએ છીએ."

"બહુજ સારૂ." ભીમદેવે જરા હસીને કહ્યું. "મહામંડલેશ્વર લવણપ્રસાદ તથા યુવરાજ વીરધવલને માટે યોગ્ય પોષાક હું હમણાંજ મોકલાવું છું અને તમારા સર્વને માટે યોગ્ય ઇનામ, પોષાક અને પદવીને માટે થોડા સમય પછી મારી આજ્ઞાને જાહેર કરીશ."

એ પ્રમાણે કહીને ભીમદેવ મંત્રી શ્રીધરની સાથે ત્યાંથી ત્વરાથી ચાલ્યો ગયો અને તેનાં ગમન પછી અન્ય સામંતો વિગેરે વિવિધ પ્રકારની વાતો કરતા વેરાઇ ગયા.

હાલ તો ભોળો ભીમદેવ ઉપર પ્રમાણે મુસલ્માનોને ગુર્જર ભૂમિ-

માંથી હાંકી કહાડીને તથા વિશ્વાસઘાતક જયંતસિંહ વગેરે સામંતોને હરાવીને પુનઃ ગુજરાતનો નાથ બની શકયો છે; પરંતુ ભવિષ્યમાં તેની-ગુજરાતના નાથની કેવી સત્તા ચાલે છે અને શી શી ઘટનાઓ બને છે, તે જોવાનું બાકી રહે છે.

# પ્રકરણ ૩ જું.

## છૂપી મુલાકાત.

વસંતના આગમનથી પાટણનાં નર-નારીઓ ખાસ કરીને યુવાનો અને યુવતીઓ આનંદમાં મસ્ત બની ગયાં હતાં. પ્રકૃતિના સામ્રાજ્યમાં, માનુષી હૃદયમાં, મંદ વહેતા પવનમાં વૃક્ષોમાં, પુષ્પોમાં અને પશુઓ તથા પક્ષીઓમાં ઝલએલી વસંત રૂતુનું નવચેતન પ્રસરી ગયેલું જોવામાં આવતું હતું. પાટણના ઉત્સાહી સ્ત્રી પુરૂષો દિનભર સ્નેહીજનોને ગુલાબી રંગે રંગવામાં અને તેમને પુષ્પોનો કોમળ પ્રહાર કરવામાં તથા તેમનાથી જાતે રંગાવામાં અને પ્રહાર સહન કરવામાં અનેરા આનંદનો અનુભવ લેતાં હતાં. આ સ્નિગ્ધ રૂતુનું ટુંકામાંજ વર્ણન કરતાં એટલુંજ કહેવું બસ થશે કે સમસ્ત સંસાર વસંતોચિત વિલાસ ભોગવવામાં મણા મૂકતો નહોતો.

આવી આનંદદાયિની વસંતરૂતુની એક સંધ્યાના વખતે પાટણનાં એક મહાલયની ગૃહ-વાડીમાં એક યુવાન બાળા ગુલાબનાં ફુલોની માળા ગુંથી રહી હતી. તેનું વય પંદર-સોળ વર્ષનું સહેજે હતું. તેનું રૂપ-લાવણ્ય અલૌકીક હતું. તેનાં મુખ, નાસિકા, ગાલ, ઓષ્ટ, વક્ષસ્થળ, હાથ, ઉદર, નિતંબ અને ચરણ ઇત્યાદિ અવયવો એવા તો સુમધુર, સુડોળ, સુગઠિત અને સુંદર હતા કે જેનું વર્ણન શબ્દો કે લેખિની દ્વારાએ થઇ શકે તેમ નહોતું અને તેથી તેનાં અપૂર્વ અને અશ્રુત રૂપ-સૌંદર્યનો વાચકોને તાદૃશ ચિતાર આપવાનું મુલ્તવી રાખવું પડે છે.

તે બાળાએ તૈયાર કરવા ધારેલી ગુલાબનાં ફુલોની માળા તૈયાર થઇ ગઈ હોવાથી તેને પોતાના કોમળ કરમાં પકડી રાખીને તેમાં કાંઇ ત્રુટી તો રહી ગઇ નથી ને ? એની ખાતરી કરતી તથા પોતાનાં ચંચળ નયનોને આમતેમ ફેરવતી તે એક વૃક્ષની નીચે સ્થિર ભાવથી ઉભી હતી. એક ક્ષણમાંજ તેનાં ચંચળ નયનો આનંદથી નાચી ઉઠયાં અને

તેનાં મુખચંદ્રમાંથી અમૃતની ધારા વહેવા માંડી. "આજે આટલું બધું મોડું કેમ થયું ?"

સામેથી ઉત્સાહથી ચાલ્યા આવતાં યુવકે પ્રત્યુત્તર આપ્યો. "કોણ કહે છે કે આજે મોડું થયું છે ? હું તો હંમેશાં જે વખતે આવું છું, તેજ વખતે બરોબર આવી પહોંચ્યો છું."

"હું કહું છું કે આજે તમે મોડા આવ્યા છો; પરંતુ હું ભૂલું છું; મારે તમને મોડા આવવા માટે શા માટે પૂછવું જોઈએ ?" તે બાળાએ કાંઈક વ્યંગમાં અને કાંઇક અભિમાનમાં કહ્યું.

"જયલતા ! તું નિરર્થક ક્રોધ કરે છે. મારાથી મોડું અવાયું હોય, તો તું મને ક્ષમા આપ; કારણ કે તારો કૃત્રિમ ક્રોધ પણ મારાથી સહન થતો નથી." યુવકે શાંતિથી કહ્યું.

"હા; હું જાણું છું કે મારો કૃત્રિમ ક્રોધ તમારાથી હવે સહન થવાનો નથી; કારણ કે તમે હવે યુવરાજ થયા ખરાને !" જયલતાએ પુનઃ વ્યંગમાં કહ્યું.

"હું યુવરાજ થયો, એ વાત ખરી છે; પરંતુ એથી તું શું કહેવા માગે છે ? તું એમ માને છે કે શું હું તને ચાહીશ નહિ ?" યુવકે આતુરતાથી પૂછ્યું.

"હું એમ માનું છું કે નહિ, એ જૂદી વાત છે પરંતુ તમે મને ખરાં હૃદયથી ચાહતા હો, તો કોઈ દિવસ નહિ ને આજે મોડા કેમ આવ્યા ? મોડું આવવું, એ તમારા મનથી તો સહજ વાત હશે; પરંતુ અમારાં હૃદયને કેમ થતું હશે, તે તમે કાંઇ જાણો છો" તે બાળાએ અભિમાનપૂર્વક કહ્યું. અભિમાનથી તેનાં નેત્ર–કમળમાંથી બે–ચાર અશ્રુબિંદુઓ સરી પડ્યાં.

તે યુવક જયલતાની નજીક ગયો અને તેનાં અશ્રુઓને લુછી નાંખ્યાં. તેણે તેના કોમળ કરને મૃદુતાથી દાબીને કહ્યું. "જયલતા ! મારાં મોડાં આગમનથી આજે તને બહુજ. માઠું લાગ્યું જણાય છે અને તેથી હું તને આગ્રહથી કહું છું કે તે માટે તું મને ક્ષમા આપ. હવેથી હું બરોબર અને નિયમિત વખતેજ આવીશ; પરંતુ તેં આ માળા કોના માટે તૈયાર કરી છે ?"

છેવટના પ્રશ્નથી ભોળી બાળાનો ક્રોધ ચાલ્યો ગયો અને તેનું મુખકમળ પૂર્વવત્ આનંદથી ખીલી ઉઠયું. તેણે હર્ષાતિરેકથી કહ્યું. "કોના માટે શું ? તમારા માટેજ તો."

" પણ એ માળા તારા કંઠમાંજ શોભશે; કારણ કે તેનો અને તારો રંગ એકજ પ્રકારનો છે." યુવકે હર્ષ પામતાં કહ્યું.

" અને તમારો રંગ પણ ક્યાં એકજ પ્રકારનો નથી ? વળી તમે યુવરાજ થયા છો એટલે તેની ખુશાલીમાં મારે તમને કંઇક ભેટ તો આપવી જોઈએને ?" જયલતાએ મંદ મંદ હસતાં હસતાં કહ્યું.

યુવકે પુછ્યું. " પણ માળા સિવાય બીજું કાંઈ ભેટ આપવાનું નથી ?"

" મારા હૃદય, મન અને આત્મા તમને અર્પણ કરી દીધાં છે એટલે હવે બીજું કાંઇ બાકી રહેતું નથી." તે બાળાએ ઉત્તર આપ્યો.

"હજુ એક વસ્તુ અર્પણ કરવી બાકી રહે છે." યુવકે ધીમેથી કહ્યું.

" તે કઇ વસ્તુ ?" બાળાએ આતુરતા પુર્વક પ્રશ્ન કર્યો.

" તમારી સુકોમળ અને સુંદર દેહલતા." યુવકે હસીને જવાબ આપ્યો.

" જ્યારે હૃદય, મન અને આત્મા તમને અર્પણ થયેલાં છે, ત્યારે દેહલતા પણ તમનેજ અર્પણ થાય, એ સ્વાભાવિકજ છે; પરંતુ તે તમને અર્પણ થાય તે પહેલાં આ માળાનો સ્વીકાર કરો." એમ કહી જયલતાએ યુવકના કંઠમાં પોતે તૈયાર કરી રાખેલી માળા આરોપણ કરી દીધી અને " મારી દેહલતા તમને અર્પણ થવાનું આ પ્રાથમિક ચિન્હ છે." એમ કહેતી કહેતી હસી પડી.

તેનાં મધુરાં હાસ્યથી તેનાં મુખકમળ ઉપર અપૂર્વ મધુરતા છવાઇ ગઈ; પરંતુ તે પછી બીજીજ ક્ષણે એ મધુરતા અદૃશ્ય થઈ ગઇ અને તેની જગ્યા દિલગીરીએ લઇ લીધી.

તેને દિલગીર થયેલી જોઈને યુવકે આશ્ચર્ય પામતાં પુછ્યું, " જયલતા ! તું દિલગીર શામાટે થાય છે ? શું આપણું ઐક્ય—લગ્ન થવું અશક્ય છે ?"

" અશક્ય તો નહિ; પરંતુ દુઃસાધ્ય તો છે ખરૂં." જયલતાએ નિશ્વાસ મુકતાં જવાબ આપ્યો.

" કેમ, શોભનદેવ એથી નાખુશ છે ? શું તેમની સમતિ નથી ?" યુવકે પુનઃ આશ્ચર્ય પામતા પુછ્યુ.

" મારા બાપુ તો મારા ઉપર એટલો બધો સ્નેહ રાખે છે કે તે મારી ઈચ્છાને જરૂર માન્ય રાખશે; પરંતુ મને મારા ભાઈઓનો

વિશ્વાસ આવતો નથી; કારણકે તેઓ તમારી વિરૂદ્ધ છે અને વળી તમને યુવરાજપદ મળવાથી તેઓ ઘણાજ નાખુશ થયા છે અને તેથી આપણું લગ્ન તેમનાથી બનશે, ત્યાં સુધી થવા દેશે નહિ, એવો મને ભય છે." જયલતાએ સ્પષ્ટતાથી કહ્યું.

"તારા ભાઇઓ સાંગણ અને ચામુંડ અમારા વાઘેલાઓની વિરૂદ્ધમાં છે, એ તો હું સારી રીતે જાણું છું અને તેઓ આપણાં લગ્નમાં વિઘ્નરૂપ છે, એની પણ મને ખબર છે; પરંતુ આપણાં લગ્ન–વિષયમાં તારો શો અભિપ્રાય છે? તારા બાપુ શોભનદેવ આપણાં લગ્નને સંમત થાય, તો પછી કાંઇ હરકત છે ખરી?" યુવકે ગંભીરતાથી પૂછયું.

"હા અને તે મારા ભાઇઓ તરફની છે. મારા બાપુ આપણાં લગ્નને સંમત થાય; તો પણ મારા ભાઇઓ, તેમનું ચાલશે ત્યાં સુધી તેમ થવા દેશે નહિ; કારણ કે મારા બાપુ વૃદ્ધ થયા છે અને વળી તેમની તબિયત પણ બરોબર રહેતી નથી એટલે તેઓ તેમની જરા પણ દરકાર કરતાં નથી." જયલતાએ જવાબ આપ્યો.

"પણ તારો શો વિચાર છે?" યુવકે આતુરતાથી પણ ધીમેથી પ્રશ્ન કર્યો.

યુવકના એ પ્રશ્નથી જયલતા વિચારમાં પડી ગઇ. તેણે તેનો કશો પણ ઉત્તર આપ્યો નહિ.

"કેમ જવાબ આપતી નથી, જયલતા!" યુવકે તેને મૌન રહેલી જોઇને પૂછયું.

"મારો વિચાર—" એટલું કહી જયલતા અટકી ગઈ.

"કેમ અટકી ગઇ, જયલતા! જે કહેવું હોય, તે સ્પષ્ટતાથી કહી નાખ." યુવકે આતુરતા પૂર્વક કહ્યું.

જયલતા પૂર્વવત મૌન બની ઉભી રહી.

હવે તે યુવક ધીરજ ધરી શકયો નહિ. તેણે આવેશ પૂર્વક પૂછયું. "કેમ કાંઇ ઉત્તર આપતી નથી? શું તારો વિચાર મારી સાથે લગ્નથી જોડાવાનો નથી?"

યુવકના પ્રશ્નથી જયલતા આશ્ચર્ય દર્શાવતી બોલી. "એ શું બોલો છો? શું હું તમને ચાહતી નથી, એમ તમે માનો છો?"

"ત્યારે મેં તને જે પ્રશ્ન પૂછયો છે, તેનો સ્પષ્ટ ઉત્તર કેમ આપતી નથી?" યુવકે સામો પ્રશ્ન કર્યો.

જયલતાએ નિશ્ચય ઉપર આવતાં જવાબ આપ્યો. “ તમારા એ પ્રશ્નનો હું શો જવાબ આપું ? શું તમે મારાં હૃદયને જાણતાં નથી કે એવો પ્રશ્ન કરો છો ? ”

“ જયલતા ! હું તારાં હૃદયને તો જાણું છું, પરંતુ મારે તારાં મુખેથી તેનો સ્પષ્ટ ઉત્તર સાંભળવો છે. ” યુવકે આગ્રહથી કહ્યું.

“ તો પછી આપનો વિચાર, એ મારો વિચાર. આપ જેમ કહો તેમ કરવાને હું તૈયાર છું. ” જયલતાએ યુવકના ખભે પોતાનો કર મૂકતાં કહ્યું.

“ બહુ સારૂ. ” યુવકે જયલતાના કોમળ કરને પોતાના હાથમાં લઇને કહ્યું. “ જ્યારે તારા ભાઇઓ આપણાં ઐક્યમાં વિઘ્નરૂપ છે, ત્યારે મારો વિચાર આ પ્રમાણે થયો છે. ”

એટલું કહીને યુવકે જયલતાના કર્ણમાં ધીમેથી કાંઇક કહ્યું. શું કહ્યું, તે અમે પણ જાણતાં નથી; પરંતુ તે સાંભળીને જયલતા ઉંડા વિચારમાં પડી ગઇ.

ક્ષણ વાર રહી યુવકે કહ્યું. “ જયલતા ! વિચાર કરવાનું કાંઇ કારણ નથી. મેં તને જે વિચાર જણાવ્યો છે, તે બરાબર છે અને તે પ્રમાણે વર્તવામાંજ આપણું સુખ સમાયેલું છે. ”

“ હું આપના વિચાર પ્રમાણે વર્તવાને કબુલ છું, પરંતુ મને મારા બાપનું બહુજ લાગી આવે છે. જ્યારે તે એ હકીકત સાંભળશે, ત્યારે તેમની શી સ્થિતિ થશે, એનોજ મને વિચાર થયા કરે છે. ” એ પ્રમાણે કહીને જયલતાને કાંઇક યાદ આવ્યું અને તેથી તેણે તે યુવકના કાનમાં કાંઇક ગુપ્ત વાત કહી સંભળાવી.

“ એ બરોબર છે. તમે વામનસ્થલી કયારે જવાના છો ? ” યુવકે તેની વાત સાંભળીને આનંદથી પૂછયું.

“ એ વિષે હું તમને આગળથી ખબર આપીશ. ” જયલતાએ જવાબ આપ્યો.

“ ઠીક, હવે મને જવાની રજા છે ? ” યુવકે રજા માગતાં કહ્યું.

“ થયું, સ્વાર્થ સર્યો એટલે વૈદ્ય વેરી ! ” જયલતાએ હસતાં હસતાં કહ્યું. “ તમારા જેવા સ્વાર્થી મેં કોઇને જોયા નથી ! ”

“જયલતા ! તારૂં કથન ખરૂં છે; પરંતુ હું શું કરૂં ? મને ઘણું એ

તારી પાસેથી જવાનું ગમતું નથી; પરંતુ સૂર્યાસ્ત થઈ ગયો છે અને તેથી મારે હવે જલ્દી ચાલ્યા જવું જોઇએ." એ પ્રમાણે કહીને તે યુવકે પોતાના કંઠમાંથી પુષ્પની માળા કહાડીને જયલતાને પહેરાવી દીધી અને ત્યારબાદ તેના કોમળ કરને પુનઃ એક વાર મૃદુતાથી દાબીને તે એકદમ ત્યાંથી ચાલ્યો ગયો.

મનમોહક સુંદરી જયલતા યુવકને જતો જોઇને નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ મૂકતી સ્થિર ભાવથી જ્યાં ઉભી હતી, ત્યાંજ ઉભી રહી. ચંદ્રના ઉજ્જવલ પ્રકાશમાં તેનું મુખ વધારે દીપાયમાન લાગતું હતું અને જાણે જયલતાનાં દીપાયમાન મુખચંદ્રને નિહાળી નભોમંડલમાં વિરાજતો ચંદ્ર શરમાતો હોયને ? એમ દર્શાવવાની ખાતર વારંવાર વાદળામાં છુપાઇ જતો હતો.

## પ્રકરણ ૪ થું.

### પાટણના સામંતો.

યુવક જૂદી જૂદી કલ્પનાઓ કરતો જયલતાના આવાસની વાડીમાંથી બહાર નીકળતો હતો, તે વખતે પાછળથી કોઇએ તેના ખભા ઉપર જોરથી હાથ મૂક્યો. યુવકે તુરત જ ચમકીને પાછા વળીને જોયું અને કહ્યું, "કોણ છે ?"

"કોણ, વીરધવલ !" યુવકના ખભે હાથ મૂકનાર પુરૂષ વ્યક્તિએ સામો પ્રશ્ન કર્યો.

પોતાનું નામ સાંભળીને યુવક પુનઃ ચમક્યો. તે ધારતો હતો કે પોતે વેશ બદલ્યો હોવાથી પોતાને કોઇ ઓળખશે નહિ; પરંતુ તેની ધારણા ખોટી પડી અને તેથી તેણે ગુપ્ત રહેવાની સાવચેતી રાખવાની દરકાર વિના પૂછ્યું, "કેમ ?"

"કેમ શું ? તમે જાણો છો કે આ આવાસ કોનો છે ?" પુરૂષ વ્યક્તિએ ભાર દઇને પૂછ્યું.

"હા, હું સારી રીતે જાણું છું કે આ આવાસ વામનસ્થળીના રાજાના કુમાર સાંગણનો છે." વીરધવળે નિર્ભયતાથી જવાબ આપ્યો. તે યુવક વીરધવળ જ હતો, એમ સ્પષ્ટ કહેવાની હવે અગત્ય રહેતી નથી.

"એમ કે ? આખું પાટણ તો આ આવાસને સૌરાષ્ટ્રનો એક રાજપૂત કે જે હાલ ગુજરાતના નાથની સેવામાં છે, તેના આવાસ તરીકે ઓળખે છે, જ્યારે તમે તેને વામનસ્થલીના રાજકુમારના આવાસ તરીકે ઓળખો છો, એ આશ્ચર્યની વાત છે. ઠીક; પરંતુ તમને આવી ચોરીછુપીથી અહીં આવવાનું અને પાછા ચાલ્યા જવાનું શું પ્રયોજન છે ?" તે પુરૂષ વ્યકિતએ પુનઃ ભારપૂર્વક પૂછ્યું.

"પ્રયોજન ?" વીરધવલે સામો પ્રશ્ન કર્યો. "એ જાણવાની તમને શી અગત્ય છે ?"

"અગત્ય છે, ત્યારે જ પૂછું છું અને તેનો સ્પષ્ટ ઉત્તર તમારે આપવો પડશે જ." તે પુરૂષે સવિશેષ ભારથી કહ્યું.

"પણ હું પ્રયોજન જણાવવાને માગતો નથી, તેનું કેમ ?" વીરધવળે જરા મશ્કરીની ઢબે કહ્યું.

"વીરધવલ ! તમે એમ માનતા હશો કે તમે પાટણના યુવરાજ થયા છો એટલે તમારાં ગમે તેવાં વર્ત્તનને હું ચલાવી લઇશ; પરંતુ એ તમારી ભૂલ છે. પ્રથમ તો અમે તમને યુવરાજ તરીકે માનતાજ નથી. મહારાજા ભીમદેવ પછી પાટણની ગાદીનો ખરો હક્કદાર ત્રિભુવનપાળ છે અને તેજ પાટણનો યુવરાજ થઈ શકે છે. અમે પાટણના સામંતો તમને યુવરાજ ગણતા જ નથી; માટે તમારા મનમાં એવું અભિમાન હોય, તો તેનો ત્યાગ કરીને મેં તમને જે પ્રશ્ન પૂછ્યો છે, તેનો સીધી રીતે એકદમ જવાબ આપો અને નહિ તો મારે મારી તલવારને મ્યાનમુક્ત કરવી પડશે." પુરૂષ વ્યક્તિએ રોષપૂર્વક કહ્યું.

"ગુજરાતના જૂના માંડલિક રાજાનો કુમાર મને યુવરાજ ન ગણે, એ સ્વાભાવિક છે; પરંતુ મને તેની દરકાર નથી. તમે મારી પાસેથી તલવારથી અહીં આવવાનું પ્રયોજન જાણવા માગો છો, તો હું તેનો ઉત્તર તલવારથી આપવાને તૈયાર છું." એમ કહી વીરધવલે મ્યાનમાંથી તલવારને બહાર ખેંચી કહાડી. તે પુરૂષે પણ તેજ ક્ષણે પોતાની તલવારને મ્યાનમુક્ત કરી. બન્નેની તલવારો ચંદ્રના રૂપેરી અજવાળામાં વિદ્યુલ્લતાની જેમ ચમકી ઉઠી.

"કહો, હવે તમારે તમારા પ્રશ્નના ઉત્તરને જાણવો છે ? જો હા, તો તેના ઉત્તરને આપવાને મારી તલવાર તૈયાર જ છે." વીરધવળે જોરથી કહ્યું.

" અલબત્ત. " તે પુરૂષે એમ કહીને પોતાની તલવાર ઉગામી.

વીરધવળે તત્ક્ષણે તે પુરૂષ વ્યક્તિના જમણા હાથે પકડેલી તલવાર ઉપર પોતાની તલવારથી ફટકો લગાવી દીધો અને બીજીજ ક્ષણે તે પુરૂષના હાથમાંથી તેની તલવાર ખણુખણાટ અવાજ કરતી દુર જઇને પડી.

" તમારા પ્રશ્નનો આ ઉત્તર; હવે હું જાઉં છું અને જો આટલાથી તમને સંતોષ ન થાય, તો વળી બીજા સમયે આપણે મળશું; ત્યારે જોઇ લઇશું. " એ પ્રમાણે કહી વીરધવળ વાડીના ગુપ્ત દ્વારથી એકદમ ચાલ્યો ગયો.

" ઠીક છે, અત્યારે તો હું તને જવા દઉં છું; પરંતુ હું આનું સખ્ત વેર લઇશ. " એમ કહેતો તે પુરૂષ પોતાની તલવારને લઇ ત્યાંથી ચાલતો થયો.

આ શબ્દો વીરધવળે સાંભળ્યા કે નહિ, તે ચોકસ કહી શકાય તેમ નથી; કારણ કે તે ક્યારનોય દૂર ચાલ્યો ગયો હતો.

* * * *

પાટણના કેટલાક સામંતોની ખાનગી સભા ત્રિભુવનપાળ સોલંકીના મહેલમાં મળવાની હતી. સભાનો સમય રાત્રિના અગિયાર વાગ્યાનો રાખવામાં આવેલો હતો અને એમ કરવાનું કારણ પાટણમાં તેની ખબર ન પડે અને બધું કામ ગુપચુપ ચાલે, એ હતું. ત્રિભુવનપાળ સોલંકી ગુજરાતના મહારાજા ભીમદેવનો નજીકનો સગો થતો હતો અને ભીમદેવની પછી પાટણની ગાદીનો હકદાર હતો; પરંતુ તેની એકંદર વર્ત્તણૂંક સારી નહિ હોવાથી તથા ભીમદેવની વિરૂદ્ધમાં તે કાવત્રાં કરતો હોવાથી ભીમદેવે તેના ઉત્તરાધિકારનો અસ્વીકાર કરીને વાઘેલા લવણપ્રસાદ મંડલેશ્વરના પુત્ર વીરધવલને યુવરાજપદ આપ્યું હતું. આ કારણથી પાટણના કેટલાક સામંતો ખાસ કરીને ત્રિભુવનપાળના પક્ષના અને ભીમદેવની વિરૂદ્ધના સામંતો ઉશ્કેરાઇ ગયા હતા અને તેથી તેમણે એ સંબંધમાં ચર્ચા ચલાવવાને માટે એકત્ર મળવાનો ઠરાવ કર્યો હતો.

આ સભા ખાનગી હોવાથી ત્રિભુવનપાળ સોલંકીના પક્ષના સામંતોએ તેની ખબર બીજા કોઇને પડે નહિ અને બધું કામકાજ ગુપ્ત રહે, એની ખાસ કાળજી રાખેલી હતી. તેઓએ સભાનો સમય અને તેનું સ્થળ એવી રીતે ગોઠવ્યાં હતાં કે સામાન્ય માણસોને

તત્સંબંધી ખબર પડવાનો ઘણો ઓછો સંભવ હતો. સભાનો સમય થતો આવતો હોવાથી પાટણના સામંતો એક પછી એક આવતા જતા હતા અને ત્રિભુવનપાળનાં મહેલની પાછળના ભાગમાં આવેલી વાડીમાં એકત્ર થવાનું હોવાથી ત્યાં એકત્ર થતા હતા. આ સભામાં મુખ્ય સામંતોનેજ આમંત્રણ થયેલું હતું એટલે વખતસર બધા આવી ગયા હતા અને તેથી એક સામંતે કોણ કોણ આવેલા છે, એ પ્રથમ જોઈ લીધું અને ત્યારબાદ તેણે બધાને ઉદ્દેશીને કહેવા માંડયું. "પાટણના આધારભૂત સામંતો, સરદારો અને મંત્રીઓ ! આજે તમને બધાને શા માટે એકત્ર કરવામાં આવ્યા છે, તેની ખબર તમને પ્રથમથીજ પહોંચાડવામાં આવી હતી, એટલે પછી તે સંબંધી હું કાંઇ નહિ બોલતાં મૂળ વિષય ઉપર આવું છું. મહારાજા ભીમદેવ ઘણું જીવો અને તેમનું રાજ્ય અમર તપો, એમ આપણે ઇચ્છીએ છીએ; પરંતુ તમે જાણો છો કે તેમના સ્વર્ગવાસ પછી પાટણની રાજ્યગાદીનો હક સામંત શિરોમણિ ત્રિભુવનપાળ સોલંકીનો છે; કારણ કે મહારાજા ભીમદેવની પછી રાજ્યગાદીના ઉત્તરાધિકારી તેજ છે; તેમ છતાં મહારાજાએ કોઇની સલાહથી તેમના હકને ડૂબાવી દઇને મંડલેશ્વર લવણપ્રસાદના પુત્ર વીરધવલને યુવરાજપદ આપ્યું છે. આ શું કોઇ પણ રીતે વ્યાજબી થયું છે ? મહારાજાએ આ વિષયમાં તમારી સલાહ લીધી છે ?"

"ના, બીલકુલ નહિ." એક સામંત બોલી ઉઠયો. "મહારાજાએ આપણી સલાહ લીધી નથી; તેમ તેમણે જે કાંઇ કર્યું છે, તે તદ્દન ગેરવ્યાજબી છે."

"તો પછી એ વિષયમાં તમારો શો વિચાર છે ?" શરૂઆત કરનાર સામંતે ભારપૂર્વક પૂછ્યું.

"અમારો વિચાર એવો છે કે અમે વીરધવલને યુવરાજ તરીકે નહિ સ્વીકારતાં ખરા હકદાર સામંત શિરોમણિ ત્રિભુવનપાળ સોલંકીનેજ યુવરાજ તરીકે ઠરાવવા માગીએ છીએ." ત્રણ–ચાર સામંતો એક સાથે બોલી ઉઠયા.

"તમારો વિચાર બરોબર છે; પરંતુ આ વિચારને અત્રે હાજર થયેલા બધા સામંતો, સરદારો અને મંત્રીઓ સ્વીકારે છે કે નહિ ?" ભાષણને શરૂ કરનાર સામંતે પુનઃ પૂછ્યું.

"ના, અમે તે વિચારને સ્વીકારતા નથી." બીજા ત્રણ–ચાર સરદારોએ એક સાથે જવાબ આપ્યો.

" આ ઉપરથી તમે બધા એક વિચારના નથી, એમ જણાય છે. ઠીક, પણ તમે પાટણની રાજ્યગાદીના ખરા હકદારનો હક મારો જાય છે, એમાં ખુશી છો ?" પ્રથમના સામંતે લાગણીભર્યા સ્વરે પ્રશ્ન કર્યો.

" એમાં અમારી કે તમારી ખુશીનો સ્વાલ નથી. મહારાજાએ જે કર્યું છે, તે યોગ્યજ કર્યું છે, એમ આપણે માનવું જોઇએ." મંત્રી અશ્વરાજ કે જે અત્યાર સુધી મુંગો મુંગો જોયા કરતો હતો, તેણે જરા આગળ પડીને કહ્યું.

" એમ કે ?" મ્હોડે બુકાની બાંધેલા એક યુવાન સરદારે કહ્યું. " મહારાજાએ ગમે તેવું ગેરવ્યાજબી કામ કર્યું હોય, તો પણ આપણે તેને યોગ્યજ માની લેવું જોઇએ, એમ તમે કહો છો ને ?"

" પણ મહારાજાએ આમાં ગેરવ્યાજબી શું કર્યું છે ?" આભુશાહે આગળ પડીને પૂછ્યું.

" કેમ, મહા સામંત ત્રિભુવનપાળ સોલંકીનો હક ડુબાવીને મહારાજાએ વાઘેલા વીરધવળને યુવરાજ ઠરાવ્યો છે, એ શું વ્યાજબી કર્યું છે ?" પ્રથમના સામંતે ઉપ-સેનાપતિ આભુશાહના પ્રશ્નનો જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

" અલબત; ખરા રાજ્યભક્ત તરીકે આપણે તો મહારાજા જે કરે, તેને યોગ્ય અને વ્યાજબીજ માનવું જોઇએ." એક યુવાન સરદારે કહ્યું.

" અમે એમ માનતાં નથી અને માનશું પણ નહિ. અમે તો મહાસામંત ત્રિભુવનપાળનેજ યુવરાજ માનીએ છીએ અને માનશું." ચાર-પાંચ સામંતો બોલી ઊઠયા.

" જો તમે એમ માનતા હો, તો તમે વિશ્વાસઘાતક છો." મંત્રી અશ્વરાજે કહ્યું.

" વિશ્વાસઘાતક !" મ્હોડે બુકાની બાંધેલા યુવાન સરદારે તિરસ્કારથી કહ્યું. " જીભ સંભાળીને વાત કરો; નહિ તો પરિણામ સારૂં નહિ આવે."

" અલબત્ત વિશ્વાસઘાતક !" અશ્વરાજે ભાર દઇને કહેવા માંડયું. " જેઓ મહારાજાની આજ્ઞાને માન્ય કરતા નથી, તેઓ બધા વિશ્વાસઘાતકજ છે."

પેલો યુવાન સરદાર કાંઈક બોલવા જતો હતો, પણ તેને અટકાવીને

પ્રથમના સામંતે કહ્યું. આપણે અત્રે તકરાર કરવાને ભેગા મળ્યા નથી; પરંતુ આપણને પાટણની ગાદીના અને ગુજરાતના નાથના વિશ્વાસુ સામંતો હોવાથી મહારાજાએ વીરધવલને યુવરાજપદ આપ્યું છે, તે યોગ્ય કર્યું છે કે નહિ, તે વિષે વિચાર કરવાનો હક છે અને તે કારણને માટે આપણે એકત્ર થયા છીએ. વાત વાતમાં કોઇએ ઉશ્કેરાવાની જરૂર નથી. મંત્રી અશ્વરાજ! પાટણની ગાદીના હકદાર ત્રિભુવનપાળ સોલંકીનો પક્ષ કરનારને તમે વિશ્વાસઘાતક કહો છો, એ તમારી ગંભીર ભૂલ છે અને તે માટે તમારે સભાની ક્ષમા માગવી જોઇએ."

"ક્ષમા!' અશ્વરાજ જોરથી બોલી ઉઠયો. "વીરસિંહજી! આ અશ્વરાજ વગર કારણે કોઇની ક્ષમા માગતો નથી. તમે ત્રિભુવનપાળ સોલંકીને પાટણની ગાદીના હકદાર ઠરાવવા માગો છો; પરંતુ પાટણની પ્રજા તેમ કરવામાં ખુશી નથી. ખુદ મહારાજાએ પાટણના દંડનાયક તથા નગરશેઠ વગેરેની સંમતિ લઇનેજ વીરધવલને યુવરાજપદ આપ્યું છે અને તેથી આપણે ખરા રાજ્યભક્ત તરીકે તેમની આજ્ઞાને માન આપવું જોઇએ. વળી વીરધવલના પિતા મંડલેશ્વર લવણપ્રસાદ અને તેમના પિતામહ મંડલેશ્વર અર્ણોરાજે રાજ્ય અને પ્રજાની જે સેવા કરી છે, તેને લક્ષ્યમાં લેતાં યુવરાજ—પદને વીરધવલજ કેવળ યોગ્ય છે અને તેથી અમે તો તેમનેજ યુવરાજ માનશું."

"અને અમે પણ વીર વીરધવલનેજ યુવરાજ માનશું." ચાર પાંચ સામંતો એમ કહીને મંત્રી અશ્વરાજના પક્ષમાં ઉભા રહ્યા.

મહાસામંત ત્રિભુવનપાળ સોલંકી અત્યારસુધી ચુપ ઉભો હતો, તે હવે જરા આગળ આવ્યો. તેની આંખોમાંથી ક્રોધના અંગારા ખરતા હતા. તેણે અશ્વરાજ તરફ જોઇને કરડાકીથી પૂછ્યું. "યુવરાજપદને કેવળ વીરધવળજ યોગ્ય છે, એ તમારાં કથન ઉપરથી જણાય છે કે હું તે પદને લાયક નથી; કેમ ખરૂં ને?"

અશ્વરાજે તેનો કાંઈ પણ જવાબ આપ્યો નહિ.

"કેમ, જવાબ આપતા નથી; મંત્રીશ્વર! ત્રિભુવનપાળે પુનઃ કરડાકીથી કહ્યું. "યુવરાજપદને લાયક કેવળ વીરધવલજ છે; ખરૂં ને?"

"હા; મારી માન્યતા તો એવીજ છે." અશ્વરાજે શાંતિથી જવાબ આપ્યો.

"અને હું તે પદને લાયક નથી, એવી પણ તમારી માન્યતા છે, એ પણ ખરૂં છે ને?" ત્રિભુવનપાળે ભાર દઇને પૂછ્યું.

" હા એ પણ તેટલુંજ ખરૂં છે. " અશ્વરાજે પુનઃ પણ શાંતિથી જવાબ આપ્યો.

" હું યુવરાજપદને લાયક નથી, એમ તમે શા ઉપરથી માનો છો, એ સ્પષ્ટતયા કહી નાંખો; નહિ તો તેનું પરિણામ સારૂં આવશે નહિ. " ત્રિભુવનપાળ જોરથી બોલી ઉઠયો.

અશ્વરાજ પણ જોરથી બોલી ઉઠયો. " શું તમે મને ડરાવો છો ? પણ તમારે યાદ રાખવું જોઈએ કે અશ્વરાજ કોઇથી ડરતો નથી. મહાસામંત ત્રિભુવનપાળ ! તમે યુવરાજપદને શામાટે લાયક નથી, એનાં ઘણા કારણો છે; પરંતુ એ બધાં કારણોને કહી દર્શાવવાને મને સમય નહિ હોવાથી હું તમને માત્ર એકજ કારણ કહું છું કે તમે કાવત્રાંખોર છો. તમે મહારાજા ભીમદેવની વિરૂદ્ધમાં કાવત્રાં કરી રહ્યા છો. "

" હું કાવત્રાંખોર ? " ત્રિભુવનપાળનો પિત્તો ઉકળી આવ્યો. " તમે એ શબ્દ કોને સંભળાવો છો, એનું તમને ભાન છે? "

" હા; મને સંપૂર્ણ ભાન છે કે હું એ શબ્દ કોને સંભળાવી રહ્યો છું. " અશ્વરાજે જવાબ આપ્યો.

" પણ તમે મને શા આધારે કાવત્રાંખોર કહો છો ? " ત્રિભુવનપાળે પોતાની કમરે લટકતી તલવાર ઉપર હાથ નાંખતાં પૂછ્યું.

" શા આધારે ? " અશ્વરાજે પણ તલવારની મુઠને પકડતાં કહ્યું. " તમે જયંતસિંહને ઉશ્કેરીને પાટણની ગાદી પચાવી પાડવાનું કાવત્રુ રચ્યું નહોતું કે મારી પાસેથી તેનો આધાર માગો છો ? "

' તદ્દન અસત્ય. " એમ કહીને ત્રિભુવનપાળે પોતાની તલવારને મ્યાનમાંથી બહાર ખેંચી કહાડી અને તે સાથે બીજાઓએ પણ પોતાની તલવારને મ્યાનમુક્ત કરી.

અશ્વરાજ અને તેના પક્ષના સામંતો પણ તલવારનો જવાબ તલવારથી આપવાને ખુશી હતા અને તેથી તેઓએ પણ તેમનું અનુકરણ કર્યું. ચંદ્રના અજવાળામાં વીશ-પચીશ તલવારો વિદ્યુલ્લતાની જેમ ચમકી રહી.

બરાબર આ સમયે એક તરૂણ પાછળથી આગળ આવ્યો અને આવીને તુરતજ ત્રિભુવનપાળ સોલંકી ઉપર ધસી ગયો. " એક કાવત્રાંખોરને પાટણની ગાદીના યુવરાજ બનવું છે, કેમ ? "

ત્રિભુવનપાળ સાવધજ હતો. તેણે પોતાની તલવારનો ફટકો

આવનાર તરૂણનાં મસ્તક ઉપર લગાવી દીધો. જો કે તેણે નીચે નમી જઇને પોતાનો બચાવ કરવા પ્રયાસ કર્યો; તો પણ તેના ડાબા ખભા ઉપર તલવારનો જખમ થયો અને તે જમીન ઉપર નીચે પડી ગયો. તેનાં મસ્તક ઉપરથી ફટકો ઉડી પડ્યો અને તેથી તેનું મુખ સર્વના જોવામાં આવ્યું. તે તરૂણ વીરધવલ છે, એમ જાણ થતાં મંત્રી અશ્વરાજ વગેરે તેની સહાયે દોડી આવ્યા.

આજની સભાનું આવું પરિણામ આવેલું જોઈને સરદાર વીરસિંહે બધાને ચાલ્યા જવાની સૂચના આપતાં કહ્યું. " સામંતો ! સરદારો ! અને મંત્રીઓ ! અત્યારે જાઓ. આ વિષે આપણે હવે પછી વિચાર કરશું. મેં તમને પ્રથમથીજ કહ્યું હતું કે વાત વાતમાં કોઇએ ઉશ્કેરાવાની અગત્ય નથી, તે છતાં તમે ઉશ્કેરાઇ ગયા અને તેનું શું પરિણામ આવ્યું, તે તમે જૂઓ છો. આવી રીતે તમે વર્ત્તશો તો આપણી ધારણા ફલિભૂત થશે નહિ. "

વીરસિંહનું કથન સાંભળીને ત્રિભુવનપાળ તથા તેના પક્ષના સરદારો ચાલ્યા ગયા અને ત્યારબાદ વીરધવલને શુદ્ધિ આવતાં તેને લઈને મંત્રી અશ્વરાજ અને બીજાઓ પણ રવાના થઇ ગયા.

# પ્રકરણ ૫ મું.

## સ્નેહલગ્ન.

કૃષ્ણ પક્ષની ઘોર અંધારી રાત્રિ હોવાથી સર્વત્ર નિ:સ્તબ્ધતાનું સામ્રાજ્ય જામી ગયું હતું. માત્ર કવચિત્ સંભળાતા ઘોડાની ખરીઓના અવાજથી પથરાયલી ગાઢ શાંતિનો ભંગ થતો હતો.

" ચાહડ ! " એક ઘોડેસ્વારે સત્તાદર્શક સ્વરથી કહ્યું. " આપણે સૂચવેલા સ્થળે આવી પહોંચ્યા છીએ; કેમ ખરૂં કે નહિ ? "

" જી, હા; આપનું ધારવું ખરૂં છે. " બીજા ઘોડેસ્વારે માનપૂર્વક ઉત્તર આપ્યો.

" ત્યારે હવે આપણી ગોઠવણ પ્રમાણે તું બે ઘોડેસ્વારો સાથે આ સ્થળે ઉભો રહે અને બીજા ઘોડેસ્વારોને અંહીથી જરા દૂર ઉભા

રહેવાનું કહી દેજે. હું ત્યાં જાઉં છું, પણ તમે બધા બરોબર તૈયાર રહેજો; જરા પણ ગફલતમાં રહેશો નહિ." પહેલા ઘોડેસ્વારે તેની સાથેના ઘોડેસ્વારોને સૂચના આપતા આગળ એકલાએજ પ્રયાણ કર્યું.

"આપ એ બાબતમાં નચિંત રહેશો; પરંતુ મને આપની સાથે આવવા દીધો હોત, તો ઠીક હતું; કારણ કે આપની તબિયત હજુ બરોબર સુધારા ઉપર આવેલી નથી અને તેથી જો હું સાથે હોઉં તો આપને ઉપયોગનો થઇ પડું." બીજા ઘોડેસ્વારે કહ્યું.

પહેલા ઘોડેસ્વારે પોતાના ઘોડાને જરા થોભાવીને કહ્યું. "તમારે મારી ચિંતા કરવાની જરૂર નથી. ભગવાન્ સોમનાથની કૃપાથી કામ સફળ કરીને હું હમણાંજ આવી પહોંચું છું."

"જેવી આપની ઇચ્છા. ભગવાન્ સોમનાથ આપને સહાય કરો." બીજાએ કહ્યું અને તે તથા તેના સાથીઓ આસપાસ ખૂલી તલવારે પહેલા ઘોડેસ્વારના આગમનની રાહ જોતાં ત્યાંજ ઉભા રહ્યા.

પહેલો ઘોડેસ્વાર કેટલેક દૂર ગયા પછી ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયો અને તેને એક વૃક્ષની સાથે બાંધીને પગે ચાલતોજ આગળ જવા લાગ્યો. પોતાની સન્મુખ પણ થોડે દૂર બે તંબુઓ અને ચાર-પાંચ રાવટીઓ તારાના ઝાંખા પ્રકાશમાં તેની નજરે પડ્યાં, એટલે તે તરતજ ઉભો રહ્યો અને ઝીણી નજરે તથા એક ધ્યાને કોઈ જાગે છે કે કેમ તથા કોઇનો સ્વર સંભળાય છે કે કેમ, તે વિષે તપાસ કરવા લાગ્યો. ક્ષણવારપર્યંત એ પ્રમાણે તપાસ કરતાં તેને ખાતરી થઇ કે કોઇ જાગતું હોય, એમ જણાતું નથી, એટલે તે ધીમે ધીમે એક તંબુ પાસે ગયો અને ત્યાં જઇને તેનાં વસ્ત્રનાં દ્વારને દૂર કરીને અંદર ગયો. તંબૂની અંદર પ્રવેશતાંજ એક યુવાન્ બાળા જાણે તેનાં આગમનની રાહ જોતી બેઠી હોય નહિ? એમ જાગતી બેઠેલી તેના જોવામાં આવી. તે જરા આગળ વધ્યો, એટલે તે બાળાની નજર તેના ઉપર પડી અને તેથી તે એકદમ ઉઠીને તેની સામે આવી પહોંચી. એક બીજી તરૂણી પણ આ વખતે તંબુમાં હતી, તે પેલા પુરૂષને અંદર આવેલો જોઇને તંબુની બહાર ચાલી ગઇ.

"ત્યારે છેવટે તમે આવી પહોંચ્યા ખરા; પરંતુ તમારી તબીયત કેમ છે?" તે યુવાન્ બાળાએ સંતોષ દર્શાવતાં પૂછ્યું.

તંબુમાં બળતાં ઝાંખા દીપકના પ્રકાશમાં તે બાળાના ઉજ્જવલ

મુખચંદ્રને સ્નેહપૂર્વક જોતાં જોતાં તે પુરૂષે કહ્યું. " ભગવાન્ સોમનાથની કૃપાથી મારી તબિયત હવે સારી છે."

" બહુ સારૂ, પણ હું તો એમ ધારતી હતી કે તમારી તબિયત હજુ બરોબર સુધરી નહિ હોય અને તેથી તમે અત્રે આવશો નહિ." બાળાએ કહ્યું.

" તું ગમે તે ધારતી હોય; પરંતુ હું તો આપણી ગોઠવણ મુજબ આવી પહોંચ્યો છું. તારી દાસીએ મને આજે સવારમાંજ તમારાં પ્રયાણની તથા તમે રાતવાસો ક્યાં રહેશો વગેરે ખબર આપેલી હોવાથી દશ ઘોડેસ્વારો સાથે ત્વરાથી મુસાફરી કરતો આવીને હું તને મળ્યો છું. જયલતા ! બોલ, હવે તારી શી ઇચ્છા છે ?" તે પુરૂષે એ પ્રમાણે કહીને તેની ઇચ્છા જાણવા માગી.

" મારી બીજી શી ઈચ્છા ? જે તમારી ઇચ્છા, તે મારી ઇચ્છા. મેં તમને વચન આપ્યું છે; તેથી મારાથી કાંઇ આનાકાની થઇ શકે તેમ નથી. જો કે તમારી સાથે આ પ્રમાણે છાની રીતે આવતાં મને દિલગીરી થાય છે; તેમ છતાં હું તમારી સાથે આવવાને તૈયાર છું." જયલતાએ પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું.

" તને દિલગીરી થાય, એ સ્વાભાવિક છે; પરંતુ આ સિવાય આપણા માટે અન્ય એક પણ ઉપાય નથી." પુરૂષ વ્યકિતએ કહ્યું.

" હા અન્ય ઉપાય નથી, ત્યારેજ હું આ પ્રમાણે તમારી સાથે આવવાને તૈયાર થઇ છું ને ?" જયલતાએ નિઃશ્વાસ નાંખતાં કહ્યું.

" ઠીક, પણ જયલતા ! પાટણને છોડી તમારે અચાનક કેમ વામનસ્થલી જવું પડે છે ?" તે પુરૂષે પ્રશ્ન કર્યો.

" મારા બાપુ માંદગીના બિછાને પડયા છે; તેથી અમારે ત્વરાથી જવું પડે છે. નહિ તો અમારે આમ જવાનું થાત નહિ; કારણ કે મારા ભાઇનો વિચાર તો પાટણમાં રહેવાનો હતો." જયલતાએ દિલગીરીયુક્ત સ્વરે જવાબ આપ્યો.

એ પ્રમાણે વાતો કરતાં જયલતા તથા તે પુરૂષ તંબુની બહાર નીકળ્યા અને તે પુરૂષે જ્યાં પોતાનો ઘોડો બાંધ્યો હતો, ત્યાં આવી પહોંચ્યાં. ઘોડાની પાસે આવતાંજ ઘોડો પોતાના ધણીને જોઇને ખુશાલીથી ખોંખાર્યો અને તે જોઇને ત્યાં બાંધેલા બીજા ઘોડા પણ

હણહણાટ કરવા લાગ્યા. ઘોડાના અચાનક હણહણાટથી તંબુના પહેરેગીરો જાગૃત થઇ ગયા અને આમતેમ-ફરતાં નજીકના પહેરેગીરે મનુષ્યના ઓળા જોઇને હાકલ મારી. " કોણ છે ? "

જયલતાએ ધીમેથી તે પુરૂષના કાનમાં કહ્યું. " આપણે જલદી ચાલો; નહિ તો મારા ભાઇ જાગી ઉઠશે અને આપણને નાહક મુશ્કેલીમાં ઉતરવું પડશે. "

તે પુરૂષે તેનું કથન શાંતિથી સાંભળીને પોતાના ઘોડાને વૃક્ષથી છોડયો અને ત્યારપછી તેણે તેની ઉપર સ્વાર થઇને જયલતાને પોતાની આગળ બેસારી દીધી.

તેમના ઘોડા ઉપર ચડવાના તથા બોલવાના અવાજથી પહેરેગીરને શંકા થઇ. તેણે પુનઃ જોરથી પૂછયું. " કોણ છે એ ? "

તે પુરૂષે ચાલવાને માટે આતુર થઇ રહેલા ઘોડાને જરા થોભાવીને કહ્યું. " યુવરાજ વીરધવલ ! "

" યુવરાજ વીરધવલ ! " જરા દૂરથી તિરસ્કારજન્ય અવાજ આવ્યો.

જયલતાએ વીરધવલને ધીમેથી કહ્યું. " મારા ભાઇને આપણાં પલાયનની ખબર પડી ગઇ જણાય છે; કારણકે એ અવાજ મારા ભાઇનો છે. આપણે જલદી ચાલીએ તો ઠીક. "

" જયલતા ! તું જરાએ ગભરાઇશ નહિ. હું અહીં આવ્યો છું અને તને લઇ જઉં છું એની ખબર તારા ભાઇને મારે કરવી જોઇએ; કારણકે ખરો ક્ષત્રિય વીર કદિ પણ ગુપચુપ શત્રુને જોઇને નાસવાનું કરતો નથી." જયલતાને આશ્વાસન આપીને વીરધવલે જવાબ આપ્યો. " હા, સાંગણદેવ ! તમારી ધારણા સત્ય છે. હું વીરધવલજ છું અને તમારી બ્હેન જયલતા પણ મારી સાથેજ છે, સમજ્યા ? "

સાંગણે તેનો કાંઇપણ જવાબ આપ્યો નહિ. વીરધવલે કલ્પના કરી કે તે તૈયાર થવાને માટેજ ગયો હશે અને તેની એ કલ્પના ખરી હતી; કારણકે થોડીજ ક્ષણમાં તંબુ તરફ દોડી આવતાં ઘોડાની ખરીઓનો અવાજ તેના સાંભળવામાં આવ્યો. તે ઉપરથી વીરધવળે પોતાના ઘોડાને એડી મારી કે તરતજ સ્વામીભક્ત ઘોડો પવનવેગે દોડવા લાગ્યો. થોડી વારમાં વીરધવળ જયલતા સહિત તેના ઘોડેસ્વારો પાસે આવી પહોંચ્યો અને ક્ષણવાર ઘોડાને થોભાવીને તેને ઉતાવળથી કહ્યું. "ચાહડ!"

ચાહડે તરતજ જવાબ આપ્યો. " જી; આપ આવી પહોંચ્યા ? કામ સફળ થયું ? "

" હા, ભગવન્ સોમનાથની કૃપાથી મારૂં કામ સફળ થયું છે અને હવે હું ત્વરાથી પાટણ તરફ જઉં છું; પરંતુ પાછળ સાંગણ અને તેના ઘોડેસ્વારો આવે છે; માટે તમે તેને રોકી રાખવાનો પ્રયત્ન કરજો.

" બહુ સારૂં; આપ જલ્દી ઘોડાને દોડાવી જાઓ. " ચાહડે કહ્યું અને તે સાંભળતાંજ વીરધવળે તરતજ ઘોડાને દોડાવી મૂક્યો.

વીરધવલના ગમન પછી બીજીજ પળે સાંગણ તેના ઘોડેસ્વારો સાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે ગાઢ અંધકારમાં વિદ્યુત્‌ની પેઠે ચળકતી તલવારો જોઇને પોતાના સાથીઓને કહ્યું. " નિશાચરો અહીંજ ઉભા છે; તેમને પકડો કિંવા મારો; પરંતુ એક પણને છટકવા દેશો નહિ."

તરતજ તલવારોનો ખણખણાટ થયો અને ઝપાઝપી ચાલી રહી. તારાઓના આછા પ્રકાશમાં પોતાના સાથીઓને ઘોડા ઉપરથી પડતાં જોઇને સાંગણ ક્રોધથી બોલી ઉઠયો. " પણ વીરધવલ ક્યાં છે ? તે કેમ મારી સામે આવીને ઉભો રહેતો નથી ? મારે તેનુંજ કામ છે; મારી તલવારનો સ્વાદ ચખાડવો છે.'

"તે તો અત્યારે પાટણ પહોંચી જવા આવ્યા હશે, એટલે તમારી તલવારનો સ્વાદ તેમને ચખાડો, તે પહેલાં તમેજ મારી તલવારનો સ્વાદ ચાખી જુઓ." એમ કહીને ચાહડે આવી સાંગણનાં મસ્તક ઉપર પોતાની તલવાર ઉગામી.

સાંગણ સાવધજ હતો. તેણે ચાહડના ઘાને ઘણીજ કુશળતાથી ચુકાવ્યો અને ત્યારપછી તેના ઘોડાને જરા આડે માર્ગે લઇ જઇને પાટણના માર્ગે ત્વરાથી દોડાવી ગયો.

થોડા સમયમાંજ તે પાટણના કિલ્લાના દરવાજે આવી પહોંચ્યો, પરંતુ દરવાજો અંદરથી બંધ હતો. તેણે દરવાનને જોરથી હાક મારી દરવાજો ઉઘાડવાની આજ્ઞા કરી.

"દરવાજો અત્યારે ઉઘડી શકશે નહિ." દરવાને બેદરકારીથી કહ્યું.

" પણ હું મહારાજા ભીમદેવનો સામંત છું. હું મહારાજાના જરૂરી કાર્યને માટે બહાર ગયો હતો, ત્યાંથી પાછો આવ્યો છું અને મારે તેમને તત્કાળ મળવું છે; માટે દરવાજાને જલ્દી ઉઘાડ." સાંગણે અસત્ય કહીને દરવાજો ઊઘાડવાનો પ્રયાસ કર્યો.

"તમે મહારાજાના સામંત હો કે ગમે તે હો, તેમ તમારે મહારાજાને મળવાની ઉતાવળ હોય કે ન હોય; પરંતુ દરવાજો અત્યારે ઉઘડી શકશે નહિ. મને તેવી આજ્ઞા નથી." દરવાને દૃઢતાથી કહ્યું.

"કોની તેવી આજ્ઞા નથી ? મહારાજની ?" સાંગણે પુછ્યું.

"ના, યુવરાજની." દરવાને જવાબ આપ્યો.

"યુવરાજની ?" સાંગણ આશ્ચર્ય પામ્યો. "શું દરવાજો ઉઘાડવો કે નહિ, તે બાબતમાં યુવરાજની આજ્ઞા લેવી પડે છે ?"

"ના, હંમેશાં કાંઇ તેવી જરૂર રહેતી નથી; પરંતુ આજે તે યુવરાજે ખાસ કરીને દરેક દરવાનને તેવી સખ્ત આજ્ઞા કરી છે." દરવાને જવાબ આપ્યો.

"ઠીક, પણ યુવરાજ તો હમણાંજ આ દરવાજેથી નગરમાં ગયા ખરૂં ને ?" સાંગણે ધીમેથી પુછ્યું.

"એ જાણવાની તમારે શી જરૂર છે ?" દરવાને સામો પ્રશ્ન કર્યો.

સાંગણે જાણ્યું કે વીરધવળે દરેક દરવાનને સમજાવી મુક્યા જણાય છે અને તેથી નગરમાં અત્યારે પ્રવેશી શકાય તેમ નથી. તેમ તેના સંબંધમાં કાંઇ હકીકત પણ મળે તેમ નથી. તે ઘણોજ ક્રોધાતુર થઇ ગયો અને તેણે દરવાનને મહારાજ ભીમદેવના નામે ઘણો ભય દર્શાવ્યો; પરંતુ દરવાન કાંઇ કાચો પોચો નહોતો કે તે તેવા મ્હોડાના ભયથી ડરી જાય. છેવટે નિરાશ બનીને સાંગણ પોતાના તંબુ તરફ પાછો ચાલ્યો ગયો; પરંતુ ત્યાંથી જતાં પહેલાં તેણે વીરધવળ ઉપર સખ્ત વેર લેવાની પ્રતિજ્ઞા કરી.

* * *

પાટણનાં રાજ્યમહાલયના એક ખંડમાં ચાર-પાંચ મનુષ્યો ધીમેથી વાતો કરતાં બેઠેલાં હતાં. રાત્રિનો સમય હોવાથી ખંડમાં એક બાજુ દીપક બળી રહ્યો હતો અને તેના પ્રકાશથી તે ખંડ કેવળ સાદો પણ સ્વચ્છ જોવામાં આવતો હતો.

"સોમેશ્વરદેવ ?" ત્યાં બેઠેલા એક યુવાને પ્રૌઢ વયના અને ભવ્ય દેખાવના એક પુરૂષ તરફ જોઇને પૂછ્યું "યુવરાજ હજી સુધી કેમ આવી પહોંચ્યા નહિ હોય ?"

"ભાઈ ! મને લાગે છે કે જે સમય જાયછે, તેમાં તે આવી પહોંચવા જોઇએ."

તે ભવ્ય દેખાવનો પુરૂષકે જેનું નામ સોમેશ્વર હતું, તેણે ઉત્તર આપ્યો.

"પણ પરોઢ થવા આવ્યું અને હજી સુધી તે આવ્યા નહિ, એટલે મને શંકા થાય છે કે તે કદાચ પોતાનાં કાર્યમાં નિષ્ફળ થયા હશે !" બીજા યુવાને શંકા કરી.

સોમેશ્વરે ક્ષણવાર વિચારીને કહ્યું. "તમારે શંકા કરવાની કાંઇ જરૂર નથી; કારણકે મારી મનોદેવતા મને કહે છે કે યુવરાજ પોતાનું કાર્ય ફત્તેહ કરીને હમણાંજ આવી પહોંચવા જોઇએ."

"ભગવાન્ સોમનાથની કૃપાથી આપની વાણી ખરી પડો, એમ અમે ઇચ્છીએ છીએ." ત્રીજા યુવાને કહ્યું.

"પણ ગુરૂદેવ !" ચોથા યુવાને જીજ્ઞાસાથી પૂછ્યું. "મહામંડલેશ્વર લવણપ્રસાદ અને મહારાજ ભીમદેવને યુવરાજના સાહસની અને અત્યારની આપણી તૈયારીની ખબર છે ખરી ?"

"હા; તેઓ ઉભય બધી વાતથી જાણીતા થયેલા છે. ગઈ કાલે સાંજે મેં જાતેજ તેમને બધી હકીકત કહી હતી અને તેથી તેઓ કદાચ પરિણામ જાણવાને અત્યારે જાગતા પણ હશેજ." સોમેશ્વરે ઉત્તર આપ્યો.

"પણ કદાચ જયલતા આવવાની આનાકાની કરશે તો ? કારણ કે ગમે તેવી તો પણ તે એક સ્ત્રી છે અને સ્ત્રીનો વિશ્વાસ શો ?" પ્રથમના યુવાને શંકા કરીને પૂછ્યું.

"ના, ના. તે આનાકાની કરે તેવી નથી. હું તેને સારી રીતે ઓળખું છું અને તેથી કહી શકું છું કે વચન આપ્યા પછી તે ફરવાની નથી." સોમેશ્વરે તે યુવાનની શંકાનું નિરસન કરતાં ઉત્તર આપ્યો.

"તો તો બહુ સારૂં; પરંતુ ગુરૂદેવ ! આપ જ્ઞાની છો અને વળી સંસારના અનુભવી પણ છો, તો કહો જોઇએ કે સ્ત્રીઓનો વિશ્વાસ રાખવો, એ યોગ્ય છે ?" તે યુવાને જીજ્ઞાસાથી પુનઃ પૂછ્યું.

"ભાઇ નાગડ !" સોમેશ્વરે શાંતિથી જવાબ આપતાં કહ્યું. "તારી શંકા ઠીક છે. સંસારનો તને અનુભવ નથી, એટલે તું એવો પ્રશ્ન કરે છે, તે યોગ્ય છે; પરંતુ સ્ત્રીઓ વિશ્વાસને પાત્ર નથી અને તેનામાં વિશ્વાસ રાખવો, એ યોગ્ય નથી, એમ કહી નાંખવું, એ માત્ર ઉતાવળી બુદ્ધિનું પરિણામ છે. શાસ્ત્રકારોએ પ્રસંગોપાત્ત સ્ત્રીઓની નિંદા કરી છે ખરી; પરંતુ તે માત્ર તેમનામાં મોહ રાખીને કર્તવ્યથો

ભ્રષ્ટ થવાય નહિ, એટલાજ માટે કરી છે, એમ સમજવાનું છે; કારણ કે તેઓની નિંદા કરવામાં શાસ્ત્રકારોનો હેતુ એવો ન હોય, તો તેઓ તેમની–પતિવ્રત્તા અને સતી નારીઓની તેમને દેવીની અનુપમ ઉપમા આપીને પ્રશંસા શા માટે કરત? માટે આ ઉપરથી સ્ત્રીઓ એ વિશ્વાસને પાત્રજ નથી, એવું એકાંત કથન કરી લેવાનું નથી."

નાગડ બીજી શંકા કરવા જતો હતો, પણ એટલામાં ખંડની બહાર કોઈનો અવાજ સંભળાયો અને તેથી તે ચુપ રહ્યો.

"ગુરૂદેવ!" બહારથી અવાજ આવ્યો. "દ્વાર ઉઘાડો; હું કૃત્તેહ કરીને આવી પહોંચ્યો છું"

એક યુવાને ઉઠીને તરતજ દ્વાર ઉઘાડ્યા અને તેજ ક્ષણે એક યુવાને તથા એક યુવતીએ ખંડમાં પ્રવેશ કર્યો.

"યુવરાજ! તમે કાર્યને સફળ કરીને આવી પહોંચ્યા, તેથી મને ઘણોજ આનંદ થાય છે." સોમેશ્વરે આગંતુક યુવાનના ખભે હાથ મૂક્યો અને તે પછી તેની પાસે મર્યાદાથી ઉભેલી યુવતી તરફ જોઇને સ્નેહપૂર્વક કહ્યું. ' અને જયલતા! તમે પણ જબરી હિંમત બતાવી છે! મારો તમને આશીર્વાદ છે કે તમે અખંડ સૈભાગ્યવતી થાઓ અને ભવિષ્યમાં ગુજરાતની મહારાણી બનીને અક્ષય સુખને ભોગવો."

યુવરાજ વીરધવલ તથા જયલતા ઉભયે સાથેજ રાજગુરૂ સોમેશ્વર દેવને નમસ્કાર કર્યા.

"ચાલો ત્યારે, હું તમારૂં ઉભયનું અગ્નિદેવની સાક્ષીએ લગ્ન કરાવી આપું; કારણકે મેં અહીં તે સંબંધની બધી તૈયારી કરી રાખી છે." સોમેશ્વરે કહ્યું.

"અમે ઉભય તમારી આજ્ઞાને માન આપવાને તૈયારજ છીએ." વીરધવલ તથા જયલતાએ સાથેજ કહ્યું.

તે પછી પાટણના રાજ્યગુર સોમેશ્વરદેવે યુવરાજ વીરધવલ તથા જયલતાનું પરસ્પર વિધિ સહિત લગ્ન કરી આપ્યું. લગ્નની ક્રિયા સંપૂર્ણ થતાં રાજ્યગુરૂએ નવ દંપતીને આશીર્વાદ આપ્યો. અને તેને મસ્તકે ચડાવી તે જોડું આનંદને પામ્યું.

ક્ષણ વાર રહી સોમેશ્વરે કહ્યું. "યુવરાજ! હવે લગભગ પ્રાતઃકાળ થવા આવ્યો છે, તેથી તમે પ્રથમ મહારાજને અને ત્યારપછી મહામંડળેશ્વરને વંદન કરવાને જાઓ; કારણકે તેઓ તમારાં આગમનની રાહ જોતાં હજી જાગતાંજ હશે."

"શું તેઓ હજી જાગતાંજ હશે?" યુવરાજે આશ્ચર્યથી પૂછ્યું.

"હા; કારણ કે મેં તેમને તેવી સલાહ ગઇ કાલે આપી હતી અને તેથી તેઓ અવશ્ય જાગતા હોવા જોઈએ." સોમેશ્વરે ઉત્તર આપ્યો.

"બહુ સારૂ ત્યારે. હું તેમની પાસે અત્યારેજ જઉં છું, પણ તમે પણ અમારી સાથે આવો તો?" યુવરાજે કહ્યું.

"તમારી એવી ઇચ્છા હોય, તો હું પણ તમારી સાથેજ આવું છું." એમ કહી સોમેશ્વર યુવરાજ વીરધવલની સાથે ગયો.

પ્રથમ વીરધવલ જયલતાને પોતાનાં મહાલયમાં પહોંચાડી આવ્યો અને ત્યારબાદ તે તથા સોમેશ્વર મહારાજ ભીમદેવની પાસે ગયા.

નાગડ તથા બીજા યુવાનો યુવરાજનાં આવા પ્રકારનાં લગ્નથી આશ્ચર્ય સાથે આનંદને પામતાં સ્વસ્થાનકે ગયા.

# પ્રકરણ ૬ ઠું.

## ઇતિહાસ-દર્શન.

પ્રસ્તુત નવલકથાના પ્રવાહમાં આપણે હવે આગળ વધીએ, તે પહેલાં તત્કાલિન ઇતિહાસને જાણવાની અગત્ય રહે છે. કારણકે તેના અભાવે તે સમયની વસ્તુસ્થિતિનું ભાન વાચકોને બરોબર થઇ શકશે નહિ. અમે જે સમયની આ કથા લખીએ છીએ, તે સમયે ગુજરાત ઉપર ભોળા ભીમદેવનું આધિપત્ય હતું; પરંતુ જર, જમીન અને જોરૂ એ ત્રણ વિનાશક વસ્તુઓને માટે મહાન્ યુદ્ધો કરવાથી તેનો રાજમુકુટ ડગમગી રહ્યો હતો અને તે માત્ર નામનોજ ગુજરાતનો મહારાજા રહેવા પામ્યો હતો. ચક્રવર્ત્તી કુમારપાળે ગુજરાતનાં રાજ્યને સમૃદ્ધ અને આસપાસનાં બીજાં રાજ્યોમાં શિરોમણિ બનાવી દીધું હતું; પરંતુ તે પછી ગુજરાતનાં દુર્ભાગ્યે કહો કે કર્મની પ્રબળતાએ કહો-તેને પુત્ર નહિ હોવાથી તેના ભત્રીજા અજયપાળનાં હાથમાં ગુજરાતનું રાજ્ય ગયું હતું અને તેણે જૈન ધર્મ ઉપરના દ્વેષને લઇને થોડાજ સમયમાં તેને નિર્બળ બનાવી મૂક્યું હતું. અજયપાળનાં મૃત્યુ પછી મૂળરાજ અને તેનાં મૃત્યુ પછી ઇ. સ. ૧૧૭૯ માં ભીમદેવ બીજો ગુજરાતનો અધિપતિ થયો હતો. આ ભીમદેવ પણ પહેલો ભીમદેવ કે જે બાણા-

વળીના ઉપનામથી જાણીતો થઇ ગયો છે, તેના જેવોજ પરાક્રમી, શૂરો, પ્રતાપી અને બળવાન્ હતો; તો પણ તેણે તે સમયના બળવાન્ રાજ્યકર્તાઓ ચૌહાણો અને પરમારોની સાથે નિર્જીવ કારણ માટે મહાન્ યુદ્ધો કરવાની મૂર્ખાઇ કરવાથી તે ભોળા ભીમદેવનાં નામથી ઓળખાઇ ગયો છે. આબુના પરમારો, અજમેર અને દિલ્હીના ચૌહાણો અને મુસલ્માનોની સાથે વારંવાર યુદ્ધો થવાથી તે તદ્દન નિર્બળ બની ગયો હતો અને ગુજરાતના રાજદંડને માંડમાંડ ટકાવી રહ્યો હતો.

આબુના રાજા જેતસી પરમારની પુત્રી સર્વાંગસુંદરી ઇચ્છનકુમારી માટે દિલ્હીના રાજા પૃથિવીરાજની સાથે ભોળા ભીમદેવને તુમુલ યુદ્ધ કરવું પડયું હતું અને તેમાં તેની સખ્ત હાર થઇ હતી. આ સમયે મુસલ્માનો ઉત્તર હિંદમાં ત્રાસ વર્ત્તાવી રહ્યા હતા અને ગુજરાતીઓએ તેમની ક્રુરતાનો સ્વાદ ચાખ્યો હતો; તો પણ તેઓ તેમનાથી બેદરકાર રહ્યા હતા અને તેથી તેનું પરિણામ તેમને કેવું ભોગવવું પડયું હતું, તે કુતુબુદ્દીને ઇ. સ. ૧૧૯૪ માં ગુજરાત ઉપર કરેલા હલ્લાથી સ્પષ્ટ જણાઇ આવે છે. આ સમય એવો હતો કે જે રાજા બેદરકાર અને અસાવધ રહે તે માર્યો જાય તેમ હતું; પરંતુ કર્મનાં નિર્માણને કોણ મિથ્યા કરી શકયું છે ? મુસલ્માનોના ઉપરાઉપરી હલ્લાથી માત્ર ગુજરાતીઓજ નહિ, પણ ઉત્તર હિંદવાસીઓની પણ ઘણીજ ભયંકર દશા થઇ હતી, તે પૃથિવીરાજ, જયચંદ્ર વગેરે મહાન્ બળવાન્ રાજાઓની હાર અને તેમનાં મૃત્યુથી સમજી શકાય તેમ છે.

રાજપૂત રાજાઓ માંહોમાંહેની લડાઇઓથી નિર્બળ અને સત્ત્વહિન બની ગયા હતા અને તેમાંએ ગુજરાતનો રાજા ભોળો ભીમદેવ તો સર્વથી વધારે ખરાબ થઇ ગયો હતો. ચૌહાણોની સાથેના યુદ્ધમાં તેનો પરાજ્ય થવાથી તે ધનમાં અને સૈન્યમાં ઘસાઇ ગયો હતો અને તેથી તેનાં સામંતો, માંડલિકો અને સરદારો પણ બેદિલ થઈ ગયા હતા. બરાબર આ સમયે મુસલ્માન સરદાર કુતુબુદ્દીને ગુજરાત ઉપર હલ્લો કર્યો હતો. ભીમદેવ જો કે નિર્બળ બની ગયો હતો; તો પણ તે શૂરો અને પ્રતાપી હતો અને તેથી તેણે પોતાના મિત્ર અને સેનાપતિ જીવનરાજની સહાયથી પોતાનાં સૈન્યને એકત્ર કર્યું અને મુસલ્માનોની સામે લડવાને તૈયાર થઇ રહ્યો; પરંતુ દૈવ ઇચ્છાથી આ વખતે તેણે એવી તો સખ્ત હાર ખાધી કે તેને ઇચ્છાએ કે અનિચ્છાએ પાટણનો ત્યાગ કરીને ચાલ્યા જવું પડયું, એટલુંજ નહિ પણ તેનો મિત્ર જીવનરાજ અને તેની પરમ પ્રિય રાણી લીલાદેવી મૃત્યુ પામ્યા. મુસલમાનોએ

પાટણને કબજે કર્યું અને એ રીતે વનરાજે વસાવેલાં તથા સિદ્ધરાજ અને કુમારપાળે સમૃદ્ધ બનાવેલાં એ ઈતિહાસ પ્રસિદ્ધ શહેરની અવદશા શરૂ થઇ.

આ રીતે મુસલ્માનોએ જો કે ગુજરાતનાં પાટનગરને કબજે કર્યું હતું; તો પણ ત્યાં રહીને રાજ્ય ચલાવવાનો તેઓનો વિચાર થયો હોય, એમ જણાતું નથી. તેઓ તો માત્ર પ્રજાને લુંટીને પૈસાદાર થવાનેજ ઇચ્છતા હતા અને તેથી તેમણે તે વખતે પોતાની જડને પાટણમાં મજબુત કરવાનો પ્રયાસ કર્યાનું ઇતિહાસનાં વાંચનથી જણાતું નથી. આ સમય દરમ્યાન પોતાની હારથી અને પોતાનાં પ્રિય સ્નેહીઓનાં અકાળ મૃત્યુથી નિરૂત્સાહ થયેલો ભોળો ભીમદેવ સંન્યાસીના વેશે અજ્ઞાત સ્થળે ચાલ્યો ગયો હતો. આ પછી પાટણનો મુસલ્માન સુબો રાજય ચલાવવાને બદલે અને પોતાની જડ ઉંડી નાંખવાને બદલે માત્ર પ્રજાને લુંટવામાં અને લોકોને વિના કારણ ત્રાસ આપવામાં પોતાની સત્તાનો દોર ચલાવતો હતો, તેના આવા ત્રાસજનક રાજ્યઅમલથી પ્રજા તદ્દન કંટાળી ગઇ હતી અને એટલી હદે આવી પહોંચી હતી કે જો કોઇ નાયક મળે, તો તેની આજ્ઞામાં રહી મુસલ્માની દોરને તોડી પાડવાને તત્પર બની ગઇ હતી. આ સમયે પાટણના ઘણા સામંતો અને સરદારો તો પોતાનો સ્વાર્થ સાધવામાંજ પડેલા હતા; માત્ર વાઘેલા સરદારોજ પાટણની અને લોકોની દુર્દશા જોઇને મનમાં બળતા હતા અને લાગ આવે તો મુસલ્માનોને ગુજરાતમાંથી હાંકી કહાડવાને આતુર થઇ રહ્યા હતા. વાઘેલા સોલંકીનો મુખ્ય સરદાર અર્ણોરાજ કિંવા આનાજી કરીને હતો. અર્ણોરાજ એ ચક્રવર્તી કુમારપાળના માસા ધવલકનો પુત્ર હતો અને તેણે તથા તેના પિતા ધવલકે કુમારપાળના દરબારમાં રહીને તેની સારી સેવા બજાવી હોવાથી કુમારપાળે તેમને સાબરમતી અને નર્મદા વચ્ચેનો પ્રદેશ તથા ધોળકા અને ધંધુકા પ્રગણાં ઇનામમાં આપ્યાં હતાં. આ પ્રદેશ અને પ્રગણા ઉપરાંત વાઘેલ નામક સ્થળ પણ તેમના કબજે હતું અને તે ઉપરથી અર્ણોરાજના વંશજ વાઘેલા કહેવાયા હતા અને હજી પણ કહેવાય છે. અર્ણોરાજને લવણપ્રસાદ કિંવા લુણોજી કરીને પુત્ર હતો. આ બન્ને પિતા અને પુત્ર પાટણના રાજ્યના ખરેખરા હિતેચ્છુ અને વિશ્વાસુ સામંતો હતા અને તેમનીજ સહાયથી નિરૂત્સાહ બનીને ચાલ્યો ગયેલો ભોળો ભીમદેવ ગુજરાતનાં રાજ્યને પુનઃ હસ્તગત કરી શકયો હતો.

આ સમય ખરેખરી અંધાધુંધીનો હતો, એ નવેસરથી કહેવાની કાંઇ અગત્ય નથી. પ્રથમ કહી ગયા પ્રમાણે ભોળો ભીમદેવ જો કે વાઘેલા સામંતોની સહાયથી પાટણને પુનઃ પ્રાપ્ત કરી શકયો હતો; તો પણ તે એટલો બધો નિર્બળ બની ગયો હતો કે ઘણા સામંતો, સરદારો અને માંડલિકો તેની આજ્ઞામાં નહિ રહેતાં સ્વતંત્ર બની બેઠા હતા એટલુંજ નહિ, પણ લાગ આવે, તો પાટણને પણ હસ્તગત કરી સ્વયં રાજા બની જવાને તત્પર થઇ રહ્યા હતા. આવા કટોકટીના સમયે અર્ણોરાજ વાઘેલાએ અને તેના પુત્ર લવણપ્રસાદે ભોળા ભીમદેવને અમૂલ્ય સહાય કરી હતી અને તે એટલે સુધી કે આ આંતર કલહમાં અર્ણોરાજનું મૃત્યુ થયું હતું. વાઘેલા સામંતો મૂળથીજ પાટણના રાજ્યકર્તાઓના હિતેચ્છુઓ હતા અને તેમાં અર્ણોરાજની મરણપર્યંતની સેવાથી ભોળા ભીમદેવે લવણપ્રસાદને મહામંડલેશ્વર અને તેના પુત્ર વીરધવલને પોતાનો ઉત્તરાધિકારી યુવરાજ બનાવીને તેમની યોગ્ય કદર કરી હતી, આ બધી ઘટના આપણે આગલા પ્રકરણોમાં વાંચી ગયા છીએ.

પ્રસ્તુત નવલકથાનો સમયનો વિચાર કરીએ, તો અમારે કહેવું જોઇએ કે તે ખરેખરો સંક્રાન્તીનો યુગ હતો. ગુજરાતનો પ્રબળ પ્રતાપી મહારાજા ભીમદેવ પોતાની મૂર્ખાઇ અને ભોળપણથી હતાશ અને નિર્બળ બની ગયો હતો, તેના સામંતો વગેરે તેની સામે કાવત્રાં કરી રહ્યા હતા અને ઉત્તરમાં મુસલમાનો પોતાનો વિજયધ્વજ ફરકાવી રહ્યા હતા. ટુંકામાં કહીએ તો આ અને બીજાં અનેક કારણોથી પાટણનો રાજ્યદંડ ડગમગી રહ્યો હતો અને સમય જતાં તદ્દન જમીનદોસ્ત થવાની તૈયારીમાં આવી રહ્યો હતો. ધર્મ, સમાજ, દેશ અને રાજ્યની જ્યારે જ્યારે પડતી દશા આવે છે, ત્યારે ત્યારે તેનો તેમાંથી ઉદ્ધાર કરવાને માટે યુગે યુગે હું અવતારને ધારણ કરૂં છું, એવું ગીતામાં શ્રીકૃષ્ણે કહેલું છે અને એ પવિત્ર વાકયને દરેક હિન્દુ અવશ્ય જાણતો હોય છે. આ પવિત્ર વચનને શ્રદ્ધાપૂર્વક માનવામાં આવે, તો આ સમયે ગુજરાતનાં રાજ્યનો તેની પડતી દશામાંથી ઉદ્ધાર કરવાને કોઇ મહાન્ પુરૂષની અગત્ય હતી, એમ જણાયા વિના રહેશે નહિ. ખુદ ભોળા ભીમદેવમાં એવું સામર્થ્ય રહ્યું નહોતું કે તે પાટણનાં રાજ્યનો ઉદ્ધાર કરી શકે; કારણકે એક તો તે નિર્બળ બની ગયો હતો અને બીજુ તેના સામંતો વગેરે વિશ્વાસઘાતક બની ગયા હતા. મહા મંડલેશ્વર લવણપ્રસાદ અને યુવરાજ વીરધવલ એ સમયે પાટણનાં રાજ્યના

રક્ષકો હતા; તો પણ એ ક્ષત્રિયોચિત ઉદાર પણ ઉતાવળી બુદ્ધિયુક્ત વ્યક્તિઓની સાથે દક્ષતા અને કાર્યકુશળતાના ગુણોયુક્ત બીજી વ્યક્તિની પરમાવશ્યકતા હતી અને જો એવી કોઇ મહાન્ સત્વ ગુણવાળી વ્યક્તિનો યોગ મળી આવે તોજ પાટણનાં રાજ્યનો પુનરૂદ્ધાર થઇ શકે તેમ હતું. ભોળો **ભીમદેવ** આ વસ્તુસ્થિતિને સમજતો હતો, પરંતુ તે તો રાજ્યનો બધો ભાર મહામંડલેશ્વર **લવણપ્રસાદ** ઉપર નાંખીને લગભગ એકાંત જીવનજ ગુજારતો હતો અને તેથી ગુજરાતનાં રાજ્યને વધારે અવદશામાં લાવી મૂકવાની કે તેનો પુનરૂદ્ધાર કરવાની બધી જવાબદારી **લવણપ્રસાદ** ઉપરજ રહેલી હતી. ભોળા **ભીમદેવે** જો કે **લવણપ્રસાદ**ના પુત્ર **વીરધવલને પાટણ**ની રાજ્યગાદીનો ઉત્તરાધિકારી બનાવ્યો હતો; તો પણ તેની હયાતીમાં **વીરધવલ**થી રાજ્યની લગામ હાથમાં લઇ શકાય તેમ નહિ હોવાથી એ તથા તેનો પિતા ઉભય ભવિષ્યમાં શી રીતે વર્ત્તવું એ વિષયમાં મુંઝાતા હતા. કારણ કે જો તેઓ **ભીમદે**-વની હયાતીમાં પાટણની રાજ્યલગામને પોતાના હાથમાં લઇ રાજ્યકા-રભાર ચલાવે, તો તે અયોગ્ય હતું અને જો તેમ નથી કરતા, તો ભોળા **ભીમદેવ**ની આજ્ઞાને કોઇ માનતું નહિ હોવાનાં કારણે રાજ્યસત્તા દિનપ્રતિદિન નબળી પડતી જતી હતી. આ તેમની મુંઝવણનું કારણ હતું અને તેમાંથી શી રીતે તરીને પાર ઉતરવું, એ તેઓના માટે મહાન્ વિચારણીય પ્રશ્ન હતો.

જ્યારે ગુજરાત દેશ, પાટણનું રાજ્ય અને જનસમાજની ઉપર પ્રમાણે વસ્તુસ્થિતિ હતી, ત્યારે જૈન અને શૈવ ધર્મની સ્થિતિ પણ સંતોષકારક તો નહોતીજ. રાસમાળામાં લખ્યા પ્રમાણે આ બન્ને ધર્મના અનુયાયીઓ જ્યારે જેનો વારો આવે ત્યારે એક બીજાના ઉપર ઉપરીપણું મેળવતા આવેલા છે. જૈન ધર્મ વનરાજ ચાવડાના સમયમાં પ્રબળ થઇ પડ્યો હતો, તે વિશેષે કરીને તો જ્યારે વનરાજ બાળક હતો અને તેની માને તેનાં પ્રસવ અને રક્ષણને માટે નાશી જઇને વનમાં વસવું પડયું હતું, ત્યારે તેમને જૈન ધર્મનું રક્ષણ મળ્યું હતું, તેની સત્તાથી કદાપિ તેમ થયું હશે; તેમ છતાં વનરાજ અને તેના ક્રમાનુયાયીઓ શૈવ ધર્મને માનતા હતા. ત્યારપછી એટલે કે સિદ્ધરાજ અને કુમારપાળના સમયથી જૈન ધર્મ ઉન્નત સ્થિતિમાં આવેલો હતો. જૈન ધર્મમાં થઇ ગયેલા ચાંપો, વિમલ, મુંજાલ, સજ્જન અને ઉદયન ઇત્યાદિ મહાન્ પુરૂષોથી પાટણનું રાજ્ય વિશેષ વૃદ્ધિને પામ્યું હતું

અને એ કાર્યકુશળ વ્યક્તિઓની અમૂલ્ય સેવાથી બીજાં રાજ્યોમાં તે શિરોમણિ થઈ શક્યું હતું, એ ઇતિહાસ-પ્રસિદ્ધ વાત છે અને તેને લઇનેજ એ સમયમાં જૈનધર્મનું ગૌરવ સવિશેષ હતું. જૈનો પાટણનાં રાજ્યના સ્થંભરૂપ હતા, એમ કહેવામાં આવે, તો એમાં અતિશયોક્તિનો દોષ નથી; કારણ કે વિમળ અને મુંજાલ જેવી બે અસાધારણ વીરત્ત્વયુક્ત અને શામ, દામ, દંડ અને ભેદ, એ ચારે નીતિને જાણનારી વ્યક્તિઓએ મહાન્ યુદ્ધો કરીને પ્રબળતાપૂર્વક રાજ્યસત્તા ચલાવીને પાટણને ગૌરવશાલી બનાવ્યું હતું અને તેથી જૈનોને પાટણના સ્થંભરૂપ કહેવામાં કાંઈ અતિશયોકિત થતી નથી, એમ ઇતિહાસ-રસિકોને જણાયા વિના રહેશે નહિ. આ સમયે દામોદર, કાક, વલ્લભ વગેરે રાજ્યનિપુણ વ્યક્તિઓ પણ હતી અને તેઓ જો કે રાજ્યકાર્યકુશળ અને યુદ્ધપ્રિય હતી; તો પણ વિમલ, મુંજાલ અને ઉદયનનાં વ્યકિતત્ત્વ આગળ તેમને હાર ખાવી પડતી હતી. આ કારણથી તથા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય જેવા અસાધારણ મહાત્માના અસ્તિત્ત્વથી પાટણનાં રાજ્યમાં જૈનીઓનું સવિશેષ જોર હતું, એ સ્પષ્ટ કહેવાની અગત્ય રહેતી નથી. હિન્દુસ્તાનની અવનતિ ધર્મના કલેષોથી થઇ છે, એવું કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે અને એ મંતવ્યની સાથે લેખક સર્વથા સંમત નથી, તો પણ તેવાં પ્રકારનાં કલેષોથી દેશની પ્રગતિને અસર થઇ છે, એમ તો કહ્યા સિવાય ચાલતું નથી. પાટણના રાજ્યને ધાર્મિક કલેષથી વિપરિત પરિણામ સહન કરવું પડયું છે કે નહિ, એ વિવાદનો વિષય છે; તો પણ તેનાથી તેની પ્રગતિને કેટલેક અંશે નુકશાન તો પહોંચ્યુંજ છે, એમ સત્યની ખાતર કહેવું પડે છે. આ ધાર્મિક કલહથી જૈનધર્મને તે પછીથી ઘણું સહન કરવું પડયું હતું અને તેને લઇનેજ તેની હાલની નિર્બળ દશા અનુભવાય છે, એ નિર્વિવાદ છે; પરંતુ એક ઐતિહાસિક નવલકથાજ હોવાથી એ સંબંધમાં વિશેષ લખવાનું ઉચિત નથી. આ ઉપરથી કહેવાનો ભાવાર્થ એટલોજ છે કે જે સમયની પ્રસ્તુત નવલકથા છે, તે સમયે દેશ, રાજ્ય અને સમાજની વસ્તુસ્થિતિની સાથે ધાર્મિક સ્થિતિ પણ સંતોષકારક નહોતી અને જૈનીઓ તથા શૈવીઓ લાગ આવેથી પોતાનું સ્વામીત્વ સ્થાપવાને ભૂલતાં નહોતાં અને પ્રસંગોપાત કલેષને જન્મ આપી રાજકીય પ્રગતિને પણ અસર કરતાં હતાં.

ઇતિહાસ-દર્શનનાં આટલાં વિવેચન ઉપરથી એ તો સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે પાટણની રાજકીય, સામાજીક અને ધાર્મિક પડતી

દશા હતી અને તેમાંથી પાટણની ચડતી દશા કરવાને માટે કોઇ મહાન્ વ્યક્તિની અગત્ય હતી. આ સમયજ એવો સંક્રાન્તીનો હતો કે જો તે સમયે જેવી જરૂર હતી, તેવી કોઇ વ્યક્તિનો જન્મ થયો ન હોત, તો પાટણનું ગારવશાલી રાજ્ય તેજ વખતે અવનતિના ઉંડા ગર્તમાં જઇને પડયું હોત; પરંતુ દૈવની તેવી ઇચ્છા નહોતી. તે હજી એટલું બધું પાટણને પ્રતિકૂળ થયેલું નહોતું; કારણ કે તેને હજી કેટલાક ચડતી-પડતીના રંગો અનુભવવાના હતા અને તેથી તે સમયે દાનવીર, ધર્મવીર, શૂરવીર અને કર્મવીર ઇત્યાદિ વીરોમાં શિરોમણિ સમાન વસ્તુપાળનો જન્મ થયો હતો અને તેનાં અતૂલનીય સામર્થ્ય અને અસાધારણ વ્યક્તિત્વથી પાટણની પુનઃ પ્રગતિ થઇ શકી હતી. પ્રસ્તુત નવલકથામાં મુખ્યતઃ એજ મહાપુરૂષનાં પ્રશંસનીય કાર્યોનું ચિત્ર દોરવામાં આવ્યું છે અને તેને વાચક બંધુઓ અને બ્હેનો નવલકથાના પ્રવાહમાં જેમ જેમ આગળ વધશે, તેમ તેમ જોઇ શકશે, એટલે અંહી તેનાં વિસ્તૃત વિવેચનની કાંઈ અગત્ય નથી.

કથા સમયની આટલી સામાન્ય ઐતિહાસિક રૂપરેષા દોરીને હવે આપણે આગળ વધશું, તો કશી હરકત નથી.

## પ્રકરણ ૭ મું.

### દંપતી-જીવન.

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં જે કેટલાંક પુરૂષોત્તમો ઉત્પન્ન થઈ ગયા છે, તેમાં વીરશિરોમણિ વસ્તુપાળનો સમાવેશ થઈ જાય છે, એમ તેનાં ચરિત્ર ઉપરથી જોઈ શકાય છે. ગત પ્રકરણમાં આપણે પાટણનાં રાજ્યની, ગુજરાત દેશની અને જનસમાજની જે અવનત દશા જોઈ ગયા છીએ, તે દશામાંથી રાજ્ય, પ્રજા અને સમાજનો ઉદ્ધાર કરનાર જો કોઈ પુરૂષોત્તમ તે સમયે થયો હોય, તો તે વસ્તુપાળજ હતો, એવું ઇતિહાસનાં વાંચનથી સ્પષ્ટ સમજાય છે. પુરૂષોમાં સિંહ સમાન વસ્તુપાળે પોતાનાં સામર્થ્ય, બુદ્ધિબળ, કાર્ય-કુશળતા, દક્ષતા અને પ્રતાપથી ગુજરાતનાં રાજ્યને પડતીમાંથી ચડતીમાં લાવીને મૂકી દીધું હતું અને તેથી આજે પણ એ પુરૂષવરનાં ગુણગાનો ગવાયા કરે છે. વીર વસ્તુપાળ પોરવાડ જાતિનો જૈનધર્મી વણિક હતો. તે કાંઇ આજ-

કાલના વણિક ભાઇઓ જેવો નિર્માલ્ય અને નાહિંમત નહોતો; પરંતુ શુદ્ધ ક્ષત્રિયને પણ લજાવે તેવો શૂરવીર, પરાક્રમી અને પ્રતાપી હતો. વસ્તુપાળના દાદાનો દાદો ચંડપ ગુર્જર રાજાનો મંત્રી અને મહા દાનેશ્વરી હતો. તેનો પુત્ર ચંડપ્રસાદ જે સિદ્ધરાજનો કોષાધિકારી હતો, તેણે સત્કર્મો કરી કીર્તિ સંપાદન કરી હતી. તેનો પુત્ર સોમ પણ ગુણવાન હોઈ સિદ્ધરાજનો કારભારી હતો. સોમને સીતા નામક સ્ત્રી હતી અને તેનાથી તેને આશારાજ કિંવા અશ્વરાજ નામક પુત્ર થયો હતો. આ અશ્વરાજ પણ ભોળા ભીમદેવનો કારભારી હતો. આશારાજ કિંવા અશ્વરાજને અસાધારણ સૌભાગ્ય અને શીલને ધારણ કરનારી કુમારદેવી* નામે સ્ત્રી હતી. કુમારદેવીથી અશ્વરાજને લુણિગ, માલદેવ, વસ્તુપાળ અને તેજપાળ નામે ચાર પુત્રો અને જાલ્હુ, માઉ, સાઉ, ધનદેવી, સોહગા, વયજુ અને પદમદેવી એમ સાત પુત્રીઓ થયાં હતાં. કુમારદેવી આભુશાહની પુત્રી હતી અને તેનો પિતા પણ ઉંચા દરજ્જાનો રાજ્યસેવક અને ઉચ્ચ કુળનો હતો. લુણિગ અને માલદેવ સંબંધમાં વિશેષ હકીકત જાણવામાં આવતી નથી. માત્ર તેઓ ધર્મિષ્ટ, ચતુર અને યશસ્વી હતા, એટલું ઇતિહાસ ઉપરથી જણાય છે. વસ્તુપાળને લલિતાદેવી અને સૌખ્યલતા નામની બે સ્ત્રીઓ હતી અને તેજપાળને અનુપમા નામે એક સ્ત્રી હતી. લલિતા, સૌખ્યલતા અને અનુપમા ત્રણે રૂપમાં રંભા સમાન અને શીલમાં સીતા સમાન હતી અને તેમના સુખકર સહવાસમાં રહીને બન્ને ભાઇઓ સત્કર્મો કરતાં કાળ નિર્ગમન કરતા હતા.

* * * * * *

મધ્યાન્હનો સમય હતો અને વર્ષાઋતુનું જો કે આગમન થઈ ગયું હતું; તો પણ જલવૃષ્ટિના અભાવથી સખ્ત ગરમી

---

* કેટલાક ઇતિહાસકારો કુમારદેવી બાળવિધવા હતી અને તેની સાથે અશ્વરાજે પુનર્લગ્ન કર્યું હતું; એમ કહે છે. જગડૂ ચરિત્ર ભાષાંતરની પૂરવણીમાં લેખકે, વસ્તુપાળનું ચરિત્ર લખનાર સોમેશ્વર કવિએ એ વાતના આંખ આડા કાન કર્યા છે, પણ જૈન ગ્રંથકારો પક્ષપાત કર્યા વગર ધરાર જણાવે છે કે તેમની મા કુમારદેવી બાળવિધવા હતી, એમ લખીને પ્રાચીન સમયમાં કેમ જાણે વિધવા–વિવાહ પ્રચલિત ન હોય ? એવો ભાવ દર્શાવવાનો પ્રયાસ કરે છે; પરંતુ એ સંબંધના બીજા ઇતિહાસનાં પુસ્તકો વાંચતાં કુમારદેવી બાળવિધવા હતી કિંવા તે સમયે

થતી હતી. આકાશ આછા વાદળી રંગના અભ્રથી સદૈવ ઘેરાયલું રહેતું હતું અને તાપનું નામ નિશાન નહોતું; પરંતુ કોણ જાણે શાથીએ હજી વૃષ્ટિ થઇ નહોતી અને તેથી તથા પ્રાણદાયક પવનના અભાવથી લોકો આકુળ-વ્યાકુળ થઇ ગયાં હતાં. આ સમયે માંડલ નગરમાં આવેલા એક ભવ્ય મહાલયમાં સુશોભિત ઓરડાની મધ્યમાં હિંડોળા ઉપર બે સ્ત્રીઓ અને તેમની વચ્ચે એક પુરૂષ, એ પ્રમાણે ત્રણ મનુષ્યો બેઠેલાં અને ધીમેધીમે હિંચકા ખાતાં દ્રષ્ટિગોચર થાય છે. આ ત્રણે મનુષ્યોનું વય લગભગ સમાનજ જણાય છે; તો પણ સાધારણ રીતે શરીરના કદમાં પુરૂષ કાંઇક ઉંચો અને સામર્થ્યસંપન્ન હતો. જ્યારે બન્ને સ્ત્રીઓ કાંઇક નીચી અને કોમળાંગી હતી. આ ત્રણે મનુષ્યો યૌવનવય પસાર કરી ગયા હતાં; તો પણ યૌવનાવસ્થાનું મનોહારી તેજ તેમનાં સમસ્ત શરીરમાં હજીપણ ઝળકી રહ્યું હતું. એ સ્ત્રીઓની વચ્ચમાં બેઠેલો પુરૂષ શરીરે મજબુત અને ગૌરાંગ હતો અને તેની વિશાળ ચક્ષુઓ અને ભવ્ય વદન ઉપરથી તે કોઇ ગૌરવશાળી પુરૂષ હોય, એમ જણાતું હતું. એ પુરૂષની બન્ને બાજુએ બેઠેલી સ્ત્રીઓ પદ્મના સૌરભયુક્ત શરીરવાળી અને મૃગીનાં જેવાં લોચનવાળી જાણે સુંદરીઓ હોય નહિ? એમ તેમનાં અસાધારણ

---

વણિક કોમમાં વિધવા-વિવાહ પ્રચલિત હતો, એમ જણાતું નથી. વસ્તુપાળના સમકાલિન કીર્તિકૌમુદીના રચનાર ખુદ સોમેશ્વર કવિએ અને વસ્તુપાળનાં અવસાન પછી બેજ વર્ષે વસ્તુપાળ ચરિત્ર રચનાર શ્રી જીનહર્ષગણિએ કુમારદેવી વિધવા હતી અને તેની સાથે અશ્વરાજે પુનર્લગ્ન કર્યું હતું, એવો ભાવ પોતાનાં કાવ્યોમાં કોઈ સ્થળે દર્શાવ્યો નથી. ખરી હકીકત તો એવીજ હતી કે એક સમયે અશ્વરાજ અને કુમારદેવી ઉભય ઉપાશ્રયે આચાર્ય શ્રી હરિભદ્રની ધર્મ-દેશના સાંભળવાને ગયાં હતાં. આચાર્યશ્રી કુમારદેવીનાં શરીરનાં શુભ લક્ષણો જોઇને પ્રસંગોપાત્ત તેના તરફ જોતા હતા, તે ઉપરથી ધર્મ-દેશના બંધ થયા પછી અશ્વરાજે એકાંતમાં એમ કરવાનું કારણ પૂછ્યું. આચાર્યશ્રીએ જવાબ આપ્યો કે તેનાં શરીરનાં એવાં ચિન્હો છે કે તેનાં ઉદરથી ધર્મધુરંધર અને મહા પરાક્રમી પુરૂષોત્તમ ઉત્પન્ન થાય. આ ઉપરથી અશ્વરાજે કુમારદેવીને પોતાની અર્ધાંગના બનાવી. આટલી હકીકત ઉપરથી કુમારદેવી બાળવિધવા હતી કે એ સમયે વણિક કોમમાં પુનર્લગ્નનો પ્રચાર હતો, એમ માનવું એ કેવળ અયોગ્ય છે. —લેખક.

રૂપ-લાવણ્યથી દેખાતું હતું. આ ત્રણેએ બારીક પણ કિંમતી અને સાદાં પણ સ્વચ્છ વસ્ત્રો અને અમૂલ્ય આભુષણો પરિધાન કરેલાં હતાં અને તે ઉપરથી તથા તેમની એકંદર ચર્યાથી તેઓ ઉચ્ચ કુળનાં મનુષ્યો હશે, એમ સ્વાભાવિક રીતેજ અનુમાન થતું હતું. અમે હવે વાચક મહાશયોની જીજ્ઞાસા તૃપ્ત કરવાની ખાતર તેમનું ઓળખાણ આપીએ છીએ. હિંડોળાની મધ્યમાં બેઠેલો પુરૂષ તે વીર વસ્તુપાળ હતો અને તેની બંન્ને બાજુએ બેઠેલી તેની બે સ્ત્રીઓ લલિતા અને સૌખ્યલતા હતી. લલિતા અને સૌખ્યલતા બંન્ને સગી બ્હેનો હતી, તે છતાં એકજ પતિને પરણી હતી અને શૌક્યના જરા પણ ઇર્ષ્યા-ભાવ વિના આનંદમાં સંપસંપીને રહેતી હતી.

વસ્તુપાળ અત્યારે કાંઇક ઉદાસ જણાતો હતો અને તેથી તેની પત્નીઓ તેને ઉદાસિનતાનું કારણ પૂછવાની સાથે શાંત્વન કરતી હતી.

"પ્રાણનાથ!" લલિતાએ પૂછયું. "આપનું સદૈવ પ્રફુલ્લ રહેતું મુખકમળ કેમ અત્યારે ઉદાસ જણાય છે? શું આપના હૃદયમાં કોઈ નવી ચિંતાએ જન્મ લીધો છે?"

"બ્હેન! મને પણ પ્રાણનાથનું મુખ ચિંતા અને શોકના ભારથી કરમાઇ ગયેલું જણાય છે." સૌખ્યલતાએ લલિતાની કલ્પનાને અનુમોદન આપ્યું અને પછી વસ્તુપાળ પ્રતિ જોઇને કહ્યુ. "આપની ચિંતાનું કારણ શું અમને નહિ જણાવો, વ્હાલા?"

વસ્તુપાળે ખિન્ન મુખાર્વિન્દને જરા પ્રફુલ્લ બનાવીને ઉત્તર આપ્યો. "મારી પાસે એકે એવી વાત નથી કે જેને હું તમારાથી ગુપ્ત રાખી શકું; કારણ કે તમે મારાં સુખ કિંવા દુ:ખમાં સહચારી છો અને તેથી મારાં હૃદયની દરેક વાતને અને મારા સુખ-દુ:ખનાં કારણને જાણવાનો તમને સંપૂર્ણ અધિકાર છે. વ્હાલી લલિતા અને સૌખ્યલતા! તમે એ તો જાણોજ છો કે પિતાનાં અતિ દુ:ખદાયક સ્વર્ગગમનના શોકને દૂર કરવાને માટે અને તેમના વિયોગનાં દુ:ખને ભૂલી જવાને માટે આપણે પાટણનો ત્યાગ કરીને સહકુટુંબ અહીં માંડલમાં આવીને રહ્યા છીએ; પરંતુ અહીં પણ આપણી ઇચ્છા પૂરી થઈ નહિ; કારણ કે અહીં આવ્યા પછી થોડાજ સમયમાં વત્સલ માતાને પણ આપણે ગુમાવી બેઠા છીએ અને જો કે માતાના સ્વર્ગ-ગમનને કેટલોક સમય થઈ ગયો છે; તો પણ તેમના તથા પિતાના સ્નેહનું મને અત્યારે અચાનક સ્મરણ

થઇ આવતાં અને તેને લઇને હૃદયમાં શોક થતાં મારૂં મુખ તમને ચિંતાતુર જણાય તો તે સ્વાભાવિકજ છે. કહો જોઇએ માતા-પિતાના વિયોગનું-ચિર વિયોગનું દુઃખ ક્યા ધીરને પણ શોકાતુર બનાવતું નથી ?"

"સ્વામીનાથ !" લલિતાએ વસ્તુપાળનાં મનોદુઃખની વાત સાંભળી લઇને કહેવા માંડયું. "આપે આપનાં હૃદયની પ્રત્યેક વાતને અને આપનાં સુખ-દુઃખના કારણને જાણવાનો અમને અધિકાર છે, એમ જ ગણ્યું તે માત્ર આપણી મહત્તાનેજ સૂચવે છે; કારણ કે પત્ની પોતાના પતિનાં સુખ-દુઃખમાં સહચારી હોઇને તેનાં કારણને જાણવાનો તેને અધિકાર છે, તો પણ તેને પોતાના પતિનાં હૃદયની કોઈ ગુપ્ત વાતને પણ જાણવાનો અધિકારજ છે, એમ પત્નીએ માની લેવું જોઇએ નહિ. પતિનો એવો વિશ્વાસ મેળવવાને માટે તો પ્રથમ પત્નીએ લાયક બનવું જોઇએ; પરંતુ એ વાતને અત્યારે જવા દઇએ. પ્રિય પતિ ! હરકોઇ મનુષ્યને પોતાના માતા-પિતાના વિયોગનું દુઃખ થાયજ છે અને તેમ થવું એ સર્વથા સ્વાભાવિકજ છે; કારણ કે માતા પિતાનો વિયોગ ઘણોજ દુઃખદાયક છે; પરંતુ મારી નમ્ર મતિ પ્રમાણે આપ જેવા સુજ્ઞ અને ધર્મના જાણકાર પુરૂષવરે પોતાનાં સ્નેહીના વિયોગને વારંવાર સ્મરણમાં લાવીને શોકાતુર થવું જોઇએ નહિ. માતા-પિતાનાં સ્વર્ગગમનથી આપ તથા બંધુશ્રી તેજપાળ ઘણી વાર દિલગીરીમાં ગરકાવ થઈ જાઓ છે, એ મારા ધ્યાન બહાર નથી; પરંતુ વાસ્તવિક રીતે તો માતા-પિતાના વિયોગનું સ્મરણ કરીને દિલગીર થવાને બદલે આપણે તેમનાં શ્રેય નિમિત્તે પુણ્યકાર્યોજ કરવાં જોઇએ કે જેથી કરીને તેમના આત્માને શાંતિ મળે. કેમ બ્હેન ! મારૂં કથન તને યોગ્ય જણાય છે કે નહિ ?"

છેવટનો પ્રશ્ન પોતાને પૂછાયેલો જાણીને સૌખ્યલતાએ કહ્યું. "સ્વામીનાથ ! મારી બ્હેન લલિતાએ જે કહ્યું, તે કેવળ યોગ્યજ છે. એ તો હું પણ સારી રીતે જાણું છું કે આપ તેમજ આપના બંધુ માત-પિતાના વિયોગથી વારંવાર દિલગીર થઈ જાઓ છો; પરંતુ આપના જેવા ધીર અને વીર પુરૂષવરોને એમ કરવું, એ યોગ્ય નથી. આપણે તો માતા-પિતાનાં શ્રેય માટે મારી બ્હેન કહે છે, તેમ પુણ્યકાર્યોજ કરવા જોઇએ."

લલિતા તથા સૌખ્યલતાનાં મીઠાં અને ઉપદેશપૂર્ણ વચનો સાંભળીને વસ્તુપાળનો શોક વિલિન થઈ ગયો અને તેનું મુખકમળ પુનઃ આનંદથી ચમકવા લાગ્યું. તેણે સ્મિતપૂર્વક કહ્યું. "મારાં હૃદય-

મંદિરની દેવીઓ ! તમારાં મીઠાં અને ખરાં કર્ત્તવ્યને દર્શાવનારાં વચનો સાંભળીને મારો શોક ચાલ્યો ગયો છે અને મને હૃદયમાં આનંદનો અનુભવ થાય છે. માતા–પિતાના ચિર વિયોગનું દુઃખ તો ઘણું મોટું છે; પરંતુ મનમાં માત્ર તેનોજ વિચાર કરીને બેસી રહેવામાં ડહાપણ નથી; કિન્તુ તેમના શ્રેયને માટે સત્કાર્યો કરવા, એજ જરૂરનું છે, એવું તમારૂં કથન મને કેવળ યોગ્ય જણાય છે; પરંતુ કહો, મારે કયા અને કેવાં સત્કાર્યમાં જોડાવું જોઇએ ?"

વસ્તુપાળના છેલ્લા પ્રશ્નથી લલિતા અને સૌખ્યલતા ક્ષણભર વિચારમાં પડી ગઇ. છેવટે લલિતાએજ બોલવાની શરૂઆત કરી અને કહ્યું. "જીવનનાથ ! આપ પોતેજ સુચતુર, દક્ષ અને કર્ત્તવ્યકુશળ છો, તે છતાં અમને કર્ત્તવ્યની દિશા પૂછીને અમારાં મહત્ત્વને વધારો છો, એ આપનાં દિલની કાંઇ જેવી તેવી ઉદારતા નથી. વસ્તુતઃ તો અમે આપની દાસીઓજ હોવાથી અને આપને કર્ત્તવ્યની દિશાને કેવી રીતે દર્શાવી શકીએ ?"

"ખરૂં છે; મારી બ્હેનનું કથન સત્ય છે, નાથ ! અમે આપને કર્ત્તવ્યની દિશાને શી રીતે બતાવી શકીએ ?" સૌખ્યલતાએ તેની બ્હેનનાં કથનને અનુમોદન આપ્યું.

"લલિતા અને સૌખ્યલતા !" વસ્તુપાળે ઉત્તર આપતાં કહ્યું. "કર્ત્તવ્યની દિશાને અમે શી રીતે દર્શાવીએ, એ તમારી વિનયશીલતા પ્રશંસનીય છે. તમે એ રીતે વિનય–શીલતા જણાવીને તમારી લઘુતા બતાવો છો, એ હું જાણું છું; પરંતુ ખરી રીતે તમે ઉભય ચતુરા અને સંસ્કારી છો અને તેથી મને મારા કર્ત્તવ્યનું ભાન કરાવવાને માટે સમર્થ છો માટે મારે કયા અને કેવાં સત્કાર્યમાં જોડાવું, એ હું તમારી પાસેથીજ જાણવા માગું છું અને તે તમારી બન્નેની પાસેથી જૂદું જૂદું જાણવાની મારી ઇચ્છા છે."

"બહુ સારૂ, નાથ ! જ્યારે આપની એવી ઇચ્છા છે, ત્યારે અમે અમારી ક્ષુદ્ર મતિ અનુસાર આપે કયા અને કેવા સત્કાર્યમાં જોડાવું જોઇએ, એ વિષે યોગ્ય માર્ગને દર્શાવશું." લલિતાએ પોતાના પતિની ઇચ્છાનો સ્વીકાર કરીને સૌખ્યલતા પ્રતિ જોઇને પૂછ્યું. "ઠીક, બ્હેન ! પ્રથમ હુંજ કહું કે તું કહીશ ?"

"પ્રથમ તમેજ કહો; કારણ કે હું નાની હોવાથી મારી મતિ

ઓછી હોય અને તેથી મારાં માર્ગ-દર્શનમાં કાંઇ સાર હશે નહિ." સૌખ્યલતાએ જવાબ આપ્યો.

"ઠીક, પ્રાણનાથ! આપે જાણવા માંગેલા ખુલાસાનો પ્રથમ હું જ ઉત્તર આપું છું." એમ કહીને લલિતાએ આગળ ચલાવ્યું. મારી મતિ તો એમ જણાવે છે કે માતા-પિતાના આત્માનાં શ્રેય નિમિત્તે આપે આપણા ધર્મની આજ્ઞાનુસાર ધાર્મિક ક્રિયાઓ અને વ્રત-નિયમો કરવા તથા સ્વામીભાઇઓને ભોજન કરાવવું અને વિશેષમાં સંઘ સહિત યાત્રાને માટે જવું. આ પ્રમાણે પુણ્ય-કાર્યોમાં ધનનો ઉપયોગ કરવાથી માતા-પિતાના આત્માનાં શ્રેયની સાથે આપણને પુણ્ય અને કિર્તિ ઉભય પ્રાપ્ત થશે. પછી તો જેવી આપની ઇચ્છા; કારણકે યોગ્ય સલાહ આપવી, એ અમારૂં સ્ત્રીઓનું કામ અને તે પ્રમાણે વર્ત્તવું કે નહિ, તે આપનું કામ."

"બહુ સારૂ." વસ્તુપાળે સ્મિતપૂર્વક કહ્યું અને પછી સૌખ્યલતાને પૂછ્યું. "હવે સૌખ્યલતા! મારા પૂછેલા પ્રશ્નનો તું ઉત્તર આપ જોઇએ?"

સૌખ્યલતાએ ક્ષણ વાર વિચાર કરીને ઉત્તર આપતાં કહ્યું. "વ્હાલા! મારી બ્હેન લલિતાએ જે માર્ગ દર્શાવ્યો છે, તે યોગ્યજ છે; કારણ કે સૂત્રનાનુસાર વર્ત્તવાથી પુણ્યની સાથે કીર્તિ પણ સંપાદન થઈ શકે તેમ છે. તેમ છતાં આપ જ્યારે મારી પાસેથી પણ ઉત્તર મેળવવાની ઇચ્છા ધરાવો છો, ત્યારે આપની આજ્ઞાને માન આપવું એ મારી ફરજ છે અને એ ફરજને ધ્યાનમાં લઇ હું મારી મત્યાનુસાર જે કાંઇ કહું, તે સાંભળવાની કૃપા કરશો. પ્રિય પ્રાણપતિ! આપ એક રાજ્યકાર્યકુશળ પિતાના પુત્ર છો એટલે હાલની રાજકીય સ્થિતિ કેવા પ્રકારની છે, તે આપ સ્વાભાવતઃ જાણતા હોવા જોઇએ અને તેથી તે તરફ આપનું લક્ષ્ય ખેંચવું, એ મારા માટે યોગ્ય તો નથી; પરંતુ જ્યારે આપે આપને કયા અને કેવાં સત્કાર્યમાં જોડાવું, એવો પ્રશ્ન કરીને તેનો ઉત્તર મારી પાસેથી મેળવવાની ઇચ્છા દર્શાવી છે, ત્યારે મારે આપને વસ્તુસ્થિતિ દર્શાવી આપવી જોઇએ. એ તો આપ સારી રીત્યા જાણો છોજ કે હાલની રાજકીય સ્થિતિ ચિંતાજનક છે. મહારાજ ભીમદેવ રાજ્યકાર્યમાં બહુ લક્ષ આપતાં નથી, તેમના માંડલિકો, સામંતો અને સરદારો વિશ્વાસઘાતક બનીને સ્વતંત્ર બની બેઠા છે અને

જે થોડા ઘણા વિશ્વાસુ અને નિમકહલાલ રહ્યાં છે, તેઓ વર્ત્તમાન સમયમાં શી રીતે વર્ત્તવું, તે જાણતા નથી. પ્રજાજનોને ન્યાય બરોબર મળતો નથી, લુચ્ચા અને સબળ માણસો ગરીબ અને નિર્બળ મનુષ્યોને પીડી રહ્યાં છે, ધાર્મિક કલેષો દિનપ્રતિદિન વધતાં જાય છે અને ટુંકામાં કહું તો વર્ત્તમાનમાં પાટણમાંજ નહિ, કિન્તુ સમસ્ત ગુજરાતમાં કેવળ અંધાધુંધી અને મારે તેની તલવારનો ન્યાય ચાલી રહ્યાં છે. રાજ્ય, પ્રજા, ધર્મ અને દેશની આવી સ્થિતિ જો લાંબો કાળ ચાલશે, તો ભવિષ્યમાં તેમની શી અવસ્થા થશે, તેની કલ્પનાનું ચિત્ર આપ સમક્ષ દોરવાની અગત્ય નથી; કારણ કે આપ સર્વ હકીકતને જાણો છો. જ્યારે દેશ, સમાજ અને ધર્મની પડતી સ્થિતિ થયેલી હોય, ત્યારે તેમાંથી તેમનો ઉદ્ધાર કરવાને માટે ખરેખરા પુરૂષવરે બેસી નહિ રહેતાં યોગ્ય કર્ત્તવ્યમાં જોડાવું જોઇએ અને હાલ તો હું આવાં કર્ત્તવ્યનેજ સત્કાર્ય કહું છું. દેશ, સમાજ અને ધર્મની સેવા એ કાંઇ જેવું તેવું સત્કાર્ય નથી અને તેથી મારી શુદ્ર બુદ્ધિ અનુસાર તો આપે હાલમાં પાટણની સર્વ પ્રકારે થયેલી પડતીમાંથી તેની ચડતી કરવાનાં સત્કાર્યમાં જોડાવું જોઇએ. મારી બ્હેને જે સત્કાર્યો કરવાનું દર્શાવ્યું છે, તે જો કે યોગ્ય છે; તો પણ વર્ત્તમાન યુગનો વિચાર કરતાં તો આપે દેશ, સમાજ અને ધર્મની જે રીતે ચડતી થાય, તે રીતે પ્રયાસ કરવાની અગત્ય છે અને એમ કરવાથી માતા-પિતાના આત્માનું પણ કલ્યાણ થશે.”

સૌખ્યલતા એ પ્રમાણે કહીને પોતાનાં કથનથી સ્વામીને કાંઈ અસર થઇ છે કે નહિ અથવા પોતાનું કથન તેમને અનુકૂળ પડયું છે કે નહિ, તેની ખાતરી કરવાને તે તેના વદનકમળ પ્રતિ જોઇ રહી.

વસ્તુપાળે જરા પણ આશ્ચર્યનો ભાવ દર્શાવ્યા સિવાય પૂછયું. “અને તું કહે છે, તે સત્કાર્યમાં મારે કેવી રીતે જોડાવું?”

સ્વામીનો નિશ્ચળ ભાવ જોઇને સૌખ્યલતા જરા નિરાશ થઇ અને તે એટલા માટે કે પોતાનું કથન સ્વામીને અનુકૂળ પડયું હોય, એમ જણાતું નથી; તોપણ તેણે આત્મસંયમ કરીને ઉત્તર આપ્યો. “મેં કહેલાં સત્કાર્યમાં જોડાવાને આપે રાજ્યના અધિકારી થવું, એવો મારો નમ્ર મત છે.”

“રાજ્યનો અધિકારી અધિકારના મદમાં અંધ બનીને સત્કાર્યને બદલે અકાર્ય કરવાને પ્રેરાય છે, એ શું તું નથી જાણતી કે મને રાજ્ય-

ના અધિકારી બનવાનો ઉપદેશ કરે છે ?" વસ્તુપાળે જરા ભાર દઈને સ્વાલ કર્યો.

સૌખ્યલતા વયમાં નાની હતી, પણ તે વસ્તુપાળના પ્રશ્નથી ગભરાય તેવી નહોતી. તે કેળવાયલી, સંસ્કારી અને ચતુરા હતી અને તેથી તેણે તુરતજ ઉત્તર આપ્યો. "આપનું કથન કેટલેક અંશે સત્ય છે; કારણકે ઘણીવાર રાજ્યનો અધિકારી અધિકારના મદમાં અંધ બનીને સત્કાર્યને બદલે અકાર્ય કરવા પ્રેરાય છે; પરંતુ અધિકારના મદને જે પુરૂષવર જીતવા સમર્થ છે, તેણે એવા ભયને મનમાં સ્થાન આપવાની અગત્ય નથી અને તેથી મારી મતિ તો રાજ્યના અધિકારી બનવા તરફ વિશેષ દોરાય છે અને તેનું સબળ કારણ પણ મારી પાસે છે. સ્વામીનાથ ! હું જે વાત કરી રહી છું, તે હાલના સમયનો વિચાર કરીનેજ કરતી હોવાથી રાજ્યના અધિકારી બનવાનું હું શામાટે પસંદ કરૂં છું, તે આપને સમજાવવાની અગત્ય નથી; કારણકે હાલની સ્થિતિથી આપ કાંઇ અજ્ઞાત નથી. હાલમાં દેશ, સમાજ અને ધર્મની જે પડતી દશા અનુભવાય છે, તે માત્ર રાજકીય પડતીનેજ આભારી હોવાથી હું આપને રાજ્યના અધિકારી બનવાને સૂચન કરૂં છું; કારણકે રાજકીય ચડતી કરવાને વર્ત્તમાનમાં રાજ્યના અધિકારી બનવાનીજ અગત્ય છે. ભવિષ્યમાં જ્યારે રાજકીય ચડતી થઇ ગઇ હોય, ત્યારે ભલે આપ આપની ઇચ્છા મુજબ વર્ત્તજો; પરંતુ હાલ મારી માન્યતા તો એવી છે કે દેશની જેવી રાજકીય ચડતી થઇ, તેવીજ સામાજીક અને ધાર્મિક ચડતી સ્વયં થઇ જવાનીજ અને તેથી રાજકીય વિષયમાં ભાગ લેવાને રાજ્યના અધિકારી બનવાની હાલના સમયમાં કેટલી અગત્ય છે, તે આપને સ્પષ્ટ સમજાશે."

સૌખ્યલતાનું ઉપર્યુક્ત કથન સાંભળીને વસ્તુપાળ આનંદિત થઇ ગયો. તેણે પ્રેમાવેશથી તેના ગુલાબી ગાલ ઉપર મધુરૂં ચુંબન ભર્યું અને તે પછી સહાસ્ય મુખે કહ્યું. "પ્રિયા ! તારી બુદ્ધિને ધન્ય છે ! માતાપિતાનાં શ્રેય નિમિત્તે સત્કાર્યમાં જોડાવાના માર્ગનું તેં મને જે સૂચન કર્યું છે, તે તારી બુદ્ધિની અલૌકિકતાનેજ સૂચવે છે. જો કે લલિતાનું કથન પણ કેટલેક અંશે સત્ય અને આદરણીય છે; તોપણ હાલના સમયનો અને પાટણની રાજકીય, સામાજીક અને ધાર્મિક સ્થિતિનો વિચાર કરતાં કર્ત્તવ્યનાં તેં સૂચવેલા માર્ગદર્શન પ્રમાણે વર્ત્તવું, એ વિશેષ સત્ય અને વધારે આદરણીય છે અને તેથી હું આજથી અને અત્યારથી તારી સલાહ પ્રમાણે વર્તવાનો મારાં મનથી દૃઢ નિશ્ચય કરૂં છું. વ્હાલી

સૌખ્યલતા! તું વયમાં નાની છે, પરંતુ બુદ્ધિમાં મોટી છે. આજે તેં મને મારાં કર્ત્તવ્યનું ખરેખરૂં ભાન કરાવ્યું છે અને તેથી હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છું; માટે તેના બદલામાં તું કાંઇક વસ્તુ મારી પાસેથી માગી લે, એવી મારી ઇચ્છા છે અને તેમ કરવાથી મને સંતોષ થશે."

"પ્રિય પ્રાણનાથ!" સ્વામીનાં પ્રેમભર્યાં વર્ત્તનથી પુલકિત બનતાં સૌખ્યલતાએ કહ્યું. "આપ મારી મિથ્યા પ્રશંસા કરો છો. આપ કહો છો, તેવી બુદ્ધિ મારામાં નથી. હું તો માત્ર નિર્બોધ સ્ત્રી છું; તેમ છતાં મારામાં જે કાંઇ થોડી ઘણી બુદ્ધિ છે, એ આપના મારા પ્રત્યેના પ્રેમનુંજ પરિણામ છે અને તેથી મારી કોઇપણ રીતે પ્રશંસા કરવાની અગત્ય નથી. આપ મારા ઉપર પ્રસન્ન થયા છો, એથી હું ઘણીજ ખુશી થઇ છું અને આપની પ્રસન્નતાને મારૂં અહોભાગ્ય સમજુ છું; પરંતુ તેના બદલામાં આપ મને આપની પાસેથી કાંઇ વસ્તુ માગી લેવાની કહો છો, તે યોગ્ય નથી. આપે મને કઇ વસ્તુ આપી નથી કે હું આપની પાસેથી કોઇ નવી વસ્તુની ઇચ્છા રાખું? આપે મને આપની સહધર્મિણી બનાવીને સર્વ કાંઇ આપી દીધું છે, તે છતાં આપની એવીજ ઇચ્છા હોય કે મારે આપની પાસેથી કાંઇ વસ્તુ માગી લેવી, તો હું માત્ર આપની પાસેથી માત્ર એકજ વસ્તુ માગું છું અને તે આપનો નિર્મળ પ્રેમ"

"પ્રેમ?" વસ્તુપાળે આશ્ચર્યથી કહ્યું. સૌખ્યલતા! તું બુદ્ધિમાન્ છે ખરી; પરંતુ તે સાથે સ્વાર્થી પણ જણાય છે. તું જાણે છે કે મારા પ્રેમની અધિકારીણી તું એકલી નથી; કિન્તુ તારી બ્હેન લલિતા પણ છે અને તેથી હું તને તેં માગેલી વસ્તુને સર્વથા શીરીતે આપી શકું?"

એ પ્રમાણે કહીને વસ્તુપાળ આશ્ચર્ય અને ગંભીરતાથી તેનાં મુખ પ્રત્યે એકી દ્રષ્ટિએ જોઇ રહ્યો અને હવે તે શો ઉત્તર આપે છે, તેની આતુરતા પૂર્વક રાહ જોવા લાગ્યો.

પ્રથમ તો સૌખ્યલતા પોતાનો પતિ કયા રૂપમાં વાત કરે છે, તે બરોબર સમજી શકી નહિ અને તે ઘડીભર વિચારમાં પડી ગઇ; પરંતુ ત્યારપછી તેણે જરા ગંભીરતાને ધારણ કરીને કહ્યું, "નાથ! આપ ધારો છો, તેવી હું સ્વાર્થી નથી. આપના પ્રેમની જેટલે દરજ્જે હું અધિકારીણી છું, તેનાથી વધારે દરજ્જે આપના પ્રેમની અધિકારીણી બન-

વાનો હક મારી બ્હેન લલિતાનો છે, એ હું સારી રીતે સમજું છું; કારણકે તે મારાથી વડિલ છે, તેમ છતાં હું આપના અર્ધ પ્રેમની તો અધિકારીણી છું અને તેથી આપનો અર્ધ પ્રેમ મેળવવાને અને ટકાવી રાખવાને હું સ્વાર્થી બનું, તો તે શું સર્વથા સ્વાભાવિક નથી ? પ્રત્યેક સ્ત્રી શું પોતાના પતિનો પ્રેમ પ્રાપ્ત કરવાને સ્વાર્થી બનતી નથી કે આપ મને મારી તદ્વિષયક સ્વાર્થપરાયણતાને માટે દોષિત ગણો છો ?"

"બ્હેન !" તેનો પ્રશ્ન સાંભળીને લલિતાએજ વચ્ચમાં કહ્યું. "હરકોઇ સ્ત્રી પોતાના પતિનો પ્રેમ પ્રાપ્ત કરવાને સ્વાર્થી બને, તો તે સર્વથા વ્યાજબીજ છે, એ જેમ તું જાણે છે, તેમ હું પણ જાણું છું; પરંતુ આપણા પતિ આપણા ઉભય ઉપર સરખો પ્રેમ રાખતાં હોવાથી મારે કે તારે તે માટે જરાપણ શંકાશીળ, ચિંતાતુર કે ગંભીર બનવાની અગત્ય નથી. આપણા પતિનો આપણા ઉપર સરખોજ પ્રેમ છે, એ આપણું અહોભાગ્ય છે, એ તું કયાં નથી જાણુતી કે પતિની સામાન્ય મશ્કરીને માટે આટલી બધી ગંભીર બની જાય છે ?"

"બ્હેન !" સૌખ્યલતાએ ગંભીરતાને દૂર કરી સરલતાથી ઉત્તર આપતાં કહ્યું. "વાસ્તવિક રીતે હું ગંભીર બની ગઇ નહોતી, તેમ હાલ પણ નથી. માત્ર મેં એવો દેખાવ ધારણ કર્યો હતો અને તે એટલાજ માટે કે એમ કરવાથી પતિની સાથે વિવાદમય ચર્ચામાં ઉતરી શકાશે અને કાંઇક નવું જાણવાનું અને શિખવાનું મળશે. આપણા પતિનો આપણા ઉપર સરખોજ પ્રેમ છે, એ હું સારીરીતે જાણું છું, તેમ છતાં આપણા પતિ જ્યારે પ્રસન્ન થઇને આપણને કાંઇ માગી લેવાનું કહે, ત્યારે આપણે માત્ર તેમના નિર્મળ પ્રેમનીજ માગણી કરીએ, તો તે કાંઈ અસ્વાભાવિક નથી. કેમ, ખરૂં કે નહિ બ્હેન ?"

"તદ્દન ખરૂં છે." વસ્તુપાળે બન્નેની વાત સાંભળી લીધા પછી પ્રસન્ન મુખે કહ્યું. "પતિના પ્રેમને મેળવવાને સ્ત્રી હંમેશાં આતુર રહે, તો તે સર્વથા સ્વાભાવિકજ છે; પરંતુ પ્યારી લલિતા તથા સૌખ્યલતા ! મારો પ્રેમ તમારા ઉભય ઉપર એક સરખોજ છે, એ તમે સારી રીતે જાણો છો અને તેથી તમને સત્સંબંધી ખાતરી આપવાની અગત્ય નથી, તે છતાં હું અંતઃકરણ પૂર્વક કહું છું કે હું તમને ઉભયને એક સરખા પવિત્ર અને નિર્મળ પ્રેમથી ચાહું છું અને ભવિષ્યમાં પણ તેવાજ પ્રેમથી ચાહતો રહીશ. ઉત્તમ પતિને પ્રાપ્ત થવું એ જેમ સ્ત્રીનું અહોભાગ્ય

છે, તેમ ઉત્તમ સંસ્કારી, કેળવાયલી, સદાચારો અને પતિવૃત્તા પત્નીને પ્રાપ્ત થવું, એ પુરૂષનું પણ અહોભાગ્યજ છે. તમારા ઉભય જેવી સુશીલ અને સંસ્કારી સ્ત્રીઓ મળવાથી હું મોટો ભાગ્યશાળી છું અને વિશેષમાં તમારા સહવાસથી મારૂં ગૃહસ્થ–જીવન ઘણુંજ સુખમાં અને અનવધિ આનંદમાં વ્યતિત થાય છે, એ કહી દર્શાવવાની કાંઇ અગત્ય નથી. વ્હાલી લલિતા અને સૌખ્યલતા ! પવિત્ર ગૃહસ્થાશ્રમનું સુખ આપણે જીવનપર્યંત અનુભવી શકીએ અને તેમાં રહ્યા છતાં તમારી બન્નેની ઇચ્છાનુસાર દેશ, સમાજ અને ધર્મની ઉન્નતિ કરવાની સાથે ધાર્મિક કાર્યો અને આત્મકલ્યાણ કરી શકીએ, એવા સંયોગો અને એવું આત્મબળ આપણને પ્રાપ્ત થાય, એ માટે ચાલો આપણે પરમ કૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરીએ."

એમ કહીને વસ્તુપાળ સ્મિતહાસ્ય પૂર્વક લલિતા તથા સૌખ્યલતા પ્રત્યે પ્રેમાતુરતાથી જોઇ રહ્યો. પ્રત્યુત્તરમાં લલિતા અને સૌખ્યલતા ઉભય પણ મંદ અને મીઠું હાસ્ય કરીને પોતાના પ્રાણનાથ પ્રત્યે પ્રેમભીની નજરે જોઇ રહી. તેજ ક્ષણે વસ્તુપાળે પોતાના વિશાળ બાહુને પસાર્યા કે તરતજ નાજુક વેલીઓ જેમ વૃક્ષને આલિંગે છે, તેમ લલિતા અને સુભગા અત્યંત સ્નેહપૂર્વક પોતાના પતિને બન્ને બાજુથી આલિંગન આપતી તેની બાથમાં સમાઇ ગઇ. આ સ્થિતિમાંજ તેઓ પરમાત્માની પ્રાર્થના કરવાને ગૃહમંદિર પ્રતિ રવાના થયાં.

ધન્ય છે આવાં વિરલ દંપતીને અને ધન્ય છે તેમનાં દૈવી જીવનને ! આવાં પવિત્ર, પ્રેમી, સંસ્કારી અને દૈવી દંપતી–જીવનને ધન્યવાદ આપીનેજ અમે સંતોષ માનીએ છીએ; કારણકે ધન્યવાદ સિવાય બીજું શાબ્દિક વર્ણન આલેખવાને અમારી લેખિની અશક્તજ છે !

# પ્રકરણ ૮ મું.

## બે બંધુઓ.

સૂર્યનારાયણનો ઉદય થયાને બહુ વાર નહોતી, તેથી તેનાં કિરણો પ્રખરતાને પામ્યાં નહોતાં. પ્રભાતકાલિન મીઠો અને મંદ વાયુ હજી પણ વાઇ રહ્યો હતો અને તેના કોમળ સ્પર્શથી વૃક્ષોનાં પત્રો ધીમે ધીમે ડોલી રહ્યાં હતાં. આ ક્ષણે માંડલ નગરનાં ઉપવનમાં બે ઘોડેસ્વારો પોતાના

અશ્વોને ખેલાવતા ખેલાવતા ધીમે ધીમે માર્ગક્રમણ કરી રહ્યા હતા. આ બન્ને અશ્વારોહીઓ અશ્વોને વિવિધ પ્રકારે ખેલાવવાથી તથા આમતેમ દોડાવવાથી શ્રમિત થઇ ગયેલાં જણાતા હતા અને તે સાથે તેમના અશ્વો પણ પ્રસ્વેદથી ભીંજાઇ ગયેલાં જોવામાં આવતા હતા. આ કારણથી તેઓ અશ્વોને મંદગતિએ ચલાવતાં નગર પ્રતિ વળી રહ્યા હતા.

"વડીલ બન્ધુ !" એક અશ્વારોહીએ બીજાને ઉદ્દેશીને કહ્યું. "કેટલાક સમયથી હું એક વાત તમને પૂછું પૂછું થઇ રહ્યો છું; પરંતુ આજપર્યંત પૂછી શક્યો નથી. જો તમારી આજ્ઞા હોય, તો અત્યારે એ વાત હું તમને પૂછવા માગું છું."

બીજા ઘોડેસ્વારે તરતજ કહ્યું. "ભાઇ ! એમાં મારી આજ્ઞાની જરૂર નથી. તારે જે વાત પૂછવી હોય; તે ખુશીથી પૂછ, હું તેને સાંભળવાને તૈયારજ છું."

"મારે તમને એ વાત પૂછવી છે કે આપણે હવે આ નગરમાં સ્થિરવાસ કરીને રહેવું છે કે કોઇ અન્ય સ્થળે જવું છે ? જો હમણાં અહીં રહેવું હોય, તો ક્યાં સુધી રહેવાનું છે અને જો કોઇ અન્ય સ્થળે જવું હોય. તો ક્યાં જવાનું છે, તે સંબંધી તમે કાંઇ નિર્ણય કર્યો છે ?" પહેલા ઘોડેસ્વારે પૂછ્યું.

"ભાઇ ! ગઇકાલ પર્યંત મેં તારા પ્રશ્ન સંબંધી કાંઇ નિર્ણય કર્યો નહોતો: કારણકે આપણાં પૂજ્ય માતા-પિતાનાં સ્વર્ગ-ગમનથી મારૂં ચિત્ત શૂન્ય બની ગયું હતું અને મારી બુદ્ધિ કુંઠિત થઇ ગઇ હતી અને તેથી મેં કોઇપણ પ્રકારનો નિશ્ચય કરવા સંબંધી તને જેમ પૂછ્યું નહોતું, તેમ મારા મનથી પણ વિચાર કર્યો નહોતો; પરંતુ ગઇ કાલથી હું ચોક્કસ નિર્ણય ઉપર આવ્યો છું અને તત્સંબંધી તારી શી સલાહ છે. તે જાણવાનું માત્ર બાકી રહ્યું છે. જો તું પણ મારા વિચાર સાથે સંમત થતો હોય, તો આપણે થોડાજ સમયમાં માંડલનો ત્યાગ કરવો પડશે" બીજા ઘોડેસ્વારે ઉત્તર આપ્યો.

"તમે જે નિશ્ચય કર્યો હોય, તેને મારે સંમતજ થવું જોઇએ; કારણકે તમે જે નિશ્ચય ઉપર આવ્યા હશો, તે પૂરતો વિચાર કરીનેજ આવ્યા હશો અને તેથી તે સંબંધમાં મારી સંમતિ લેવાની અગત્ય નથી. મને માત્ર એટલુંજ જણાવો કે તમે ક્યા નિર્ણય ઉપર આવ્યા છો ?" બીજા ઘોડેસ્વારે એમ કહીને સ્વાલ કર્યો.

"ભાઇ ! હું જે નિર્ણય ઉપર આવ્યો છું, તે કાંઇ કેવળ નવીન

નથી. આપણા પૂર્વજો જે પ્રમાણે વર્ત્તતા આવ્યા છે, તેજ પ્રમાણે વર્ત્તવું, એવો નિશ્ચય મે કર્યો છે. આપણાં પૂજ્ય માતા-પિતાનાં સ્વર્ગ-ગમનથી મારૂં ચિત્ત ઉદાસ થઈ ગયું હોવાથી હું આજપર્યંત કિંકર્ત્તવ્યમૂઢ બની ગયો હતો અને શું કરવું તથા શું ન કરવું, તે સંબંધમાં મને કાંઇ સમજણ પડતી નહોતી; પરંતુ ગઇ કાલે તારી ભાભી લલિતા તથા સૌખ્યલતાની સાથે મારે એ વિષયમાં ચર્ચા થતાં તેમણે મને મારાં કર્ત્તવ્યનું યથેષ્ટ ભાન કરાવ્યું છે. તેમણે મને બે માર્ગ દર્શાવ્યા છે અને તે એ કે માતા-પિતાના મૃત્યુનો શોક નિવારવા અને તેમના આત્માનાં શ્રેય નિમિત્તે કાંતો ધાર્મિક કાર્યો જેવાં કે જ્ઞાતિ-ભોજન, સંઘ, સ્વામીવત્સલ તીર્થયાત્રા ઇત્યાદિ કરવાં અને કાંતો હાલમાં પાટણની થયેલી રાજકીય, સામાજીક અને ધાર્મિક પડતી દશામાંથી તેને ચડતી દશામાં લાવવાને માટે પ્રયાસ કરવો. આ ઉભય માર્ગમાંથી પ્રથમનો માર્ગ લલિતાએ દર્શાવ્યો છે અને બીજો માર્ગ સૌખ્યલતાએ દર્શાવ્યો છે. આ ઉપરથી વિચાર કરતાં અને તેમની સાથે ચર્ચા કરતાં મને બીજો માર્ગ વધારે આવશ્યક જણાય છે. પ્રથમના માર્ગે તો આપણે ચાલીએ છીએ અને ભવિષ્યમાં પણ ચાલીશુંજ; પરંતુ ખરી રીતે તો આપણે બીજા માર્ગે ચાલવા ખાસ કરીને પ્રયાસ કરવો જોઇએ છીએ. આપણા પૂર્વજોએ ગુજરાતનું ગૌરવ વધારવામાં અને પાટણની પ્રભુતાને સુપ્રસિદ્ધ કરવામાં અગત્યનો ભાગ લીધો છે એ આપણે જાણતાં હોવાથી આપણે પણ તેમનાંજ પગલે ચાલવું જોઇએ, એવો મેં નિશ્ચય કર્યો છે. હવે સ્વાલ માત્ર એટલોજ રહે છે કે આ માર્ગે ચાલવા માટે આપણે શો પ્રયાસ કરવો, એ વિચારવાનું છે. એ સંબંધમાં તારો શો વિચાર છે ?" પહેલા ઘોડેસ્વારે પોતાનો નિશ્ચય કહી બતાવતા પૂછ્યું.

"એ સંબંધમાં પણ તમે જે વિચાર ઉપર આવ્યા હો, તેને મારી સંમતિજ છે, તે છતાં તમે જ્યારે મારો વિચાર જાણવા માગો છો. ત્યારે મારે તેને તમને જણાવવો જોઇએજ. એ સબંધમાં મારો વિચારતો અધિકારી બનવાનોજ છે; કારણકે રાજ્યના અધિકારી બનવાથી રાજ્ય તથા પ્રજા ઉભયની સેવા થઇ શકે છે અને વળી અધિકારના અંગે આપણે પાટણની ઉન્નતિ માટે જે કરી શકીશું, તે બીજા કોઇ પ્રયાસથી સર્વાંશે કરી શકશું નહીં. આપણા પૂર્વજોએ પણ રાજ્યના અધિકારી બનીનેજ દેશની રાજકીય ઉન્નતિ સિદ્ધ કરી હતી, એ આપણે જાણતા હોવાથી તેમના પગલે ચાલવું, એ આપણો ધર્મ છે.

આ ઉપરથી મારાં કથનનો ભાવાર્થ એવો છે કે હાલની રાજકીય અંધાધુંધીનો વિચાર કરતાં જો આપણે ગુજરાતનાં ગૌરવને અને પાટણની પ્રભુતાને અસલની સ્થિતિએ મૂકવા માગતા હોઇએ, તો આપણે રાજ્યના અધિકારી બનવાની વિષેષ અગત્ય છે, અને તે પછી મારા મોટી ભાભી લલિતાનાં કથનાનુસાર આપણે તીર્થયાત્રા વગેરે ધાર્મિક કાર્યો બહુજ ઉત્સાહ પૂર્વક કરશું." બીજા ઘોડેસ્વારે પોતાનો વિચાર વિસ્તારથી કહી દર્શાવ્યો.

"તારા વિચારો યોગ્ય છે. સૌખ્યલતાએ પણ મને એજ પ્રમાણે સલાહ આપેલી છે અને તેથી બધી બાબતોને ધ્યાનમાં લેતાં આપણે દેશની રાજકીય અવસ્થા સુધારવાને રાજ્યના અધિકારી બનવું જોઇએ, એવા નિશ્ચય ઉપર હું આવેલો છું અને વિશેષમાં મારા નિશ્ચયને તારા વિચારોથી પ્રોત્સાહન મળેલું હોવાથી હવે આપણે તેજ પ્રમાણે વર્ત્તવાનું છે." પહેલા ઘોડે સ્વારે કહ્યું.

આ પ્રમાણે બન્ને અશ્વારોહીઓ વાર્ત્તાલાપ કરતા કરતા નગરની અત્યંત નજીક આવી પહોંચ્યા અને ત્યારપછી અશ્વોને જરા વધારે ધીમે ધીમે ચલાવતા તેઓ પોતાના આવાસે આવ્યા તેઓ અશ્વો ઉપરથી ઉતરીને આવાસમાં પેઠા કે તુરતજ સામે આવેલો નોકર અશ્વોને અશ્વશાળામાં લઇ ગયો અને સામાનને ઉતારી નાંખી તેમના ખોરાકની વ્યવસ્થા કરવામાં ગુંથાયો. આવાસમાં પેઠા પછી બન્ને ભાઈઓ કપડાં ઉતારીને સ્નાનાગારમાં ગયા અને ત્યાં સ્નાન કરીને તેઓ પૂજાનાં પવિત્ર અને કિંમતી વસ્ત્રો પહેરીને ગૃહમંદીરમાં પરમાત્માનું પૂજન કરવાને માટે ગયા. પરમાત્માનું વિધિપૂર્વક પૂજન કરીને તેઓ મંદીરમાંથી બહાર આવ્યા, તે ક્ષણે એક નોકરે તેમાંથી મોટા ભાઇને રાજ્યગુરૂ સોમેશ્વરદેવ આવ્યાનું વિનયથી નિવેદન કર્યું. એ ઉપરથી બન્ને ભાઇઓ વસ્ત્રગૃહમાં ગયા અને થોડીજ વારમાં ઉત્તમ વસ્ત્રો તથા આભુષણોને પરિધાન કરીને બેઠકના ખંડમાં આવી પહોંચ્યા. આ બન્ને ભાઇઓ કોણ હતા, એ સંબંધી સ્પષ્ટીકરણ કરવાની લેખકને અગત્ય લાગતી નથી; કારણકે સુચતુર વાંચકો સ્વયં સમજી ગયા હશે કે તેઓ વસ્તુપાળ અને તેજપાળ હતા.

બેઠકના ખંડમાં પ્રવેશીને વસ્તુપાળે રાજગુરૂ સોમેશ્વરદેવને વિનયપૂર્વક આવકાર આપ્યો અને તેના પ્રત્યુત્તર રૂપે રાજગુરૂએ બન્ને બંધુઓના કુશળ-સમાચાર પૂછ્યા. શિષ્ટાચારની વિધિ થઇ રહ્યા પછી વસ્તુપાળે સોમેશ્વરદેવને પૂછ્યું. "ગુરૂવર્ય ! તમે અત્યારે ક્યાંથી આવી

રહ્યા છો અને તમારાં આગમનનું શું કારણ છે, તે હરકત ન હોય, તો કહો."

વસ્તુપાળનો પ્રશ્ન સાંભળીને સોમેશ્વરે જરા વિચારીને ઉત્તર આપ્યો. "વસ્તુપાળજી! તમારા પિતાને અને મારે પરસ્પર કેવો સ્નેહ તથા સંબંધ હતો, એ તો તમે બન્ને બંધુઓ સારી રીતે જાણતા હોવાથી તેનો અત્રે ઉલ્લેખ કરવાની અગત્ય નથી. તમારા પિતાનાં સ્વર્ગ-ગમન પછી તમે પણ મારી તરફ પૂજ્યભાવ અને સ્નેહ ધરાવો છો, એ હું જાણું છું અને તેથી તમારા હિતેચ્છુ તરીકે હું તમને તમારા લાભની વાત કહેવાને અત્યારે ધવલક્કપુરથી આવેલો છું."

"તમારી અમારા પ્રત્યેની શુભેચ્છા અને લાગણી માટે અમે તમારો ઉપકાર માનીએ છીએ," વસ્તુપાળે વિનય દર્શાવીને પૂછ્યું. "હવે કહો કે તમે શી અને કઇ વાત કહેવાને માટે આવેલા છો?"

"વાત એવી છે કે ગુજરાતનો નાથ અને પાટણનો પતિ મહારાજા ભીમદેવ જોકે હજી હયાત છે અને તે રાજ્યધુરાનો ભાર વહન કરી રહ્યા છે; તોપણ પાટણના કેટલાક સામંતો તેનાથી વિરૂદ્ધ પડી ગયા હોવાથી સઘળો રાજ્યકારભાર અંધાધુંધીથી ભરેલો ચાલે છે; અને તેથી કરીને પાટણની દરેક પ્રકારે પડતી દશા થયેલી છે. આ સ્થિતિ સુધારવાને માટે મહામંડલેશ્વર લવણપ્રસાદજી અને યુવરાજ વીરધવલજી બહુજ આતુર થઇ રહ્યા છે; પરંતુ તેમની વિરૂદ્ધમાં મહાસામંત ત્રીભુવનપાળ અને તેના સાથીઓ પડેલા હોવાથી તેઓ ફાવી શકતા નથી. આ કારણથી તેઓ એવા નિશ્ચય ઉપર આવ્યા છે કે યુવરાજે ધવલક્કપુરને ગુજરાતનું કેન્દ્ર-સ્થળ બનાવીને ત્યાંથી સ્વતંત્રતાથી પણ મહારાજા ભીમદેવનાં નામથી બધો રાજ્યકારભાર ચલાવવો અને મહામાંડલેશ્વરે પાટણમાં રહીને બની શકે તેટલા સામંતોને પોતાના પક્ષમાં રાખવાને પ્રયાસ કરવો તથા ધવલક્કપુરના કારભારની આડે કોઇને આવવા દેવા નહિ. આ પ્રમાણે ગોઠવણ કરવાથી તેમની તથા મારી પોતાની પણ ખાતરી છે કે પાટણની રાજકીય સ્થિતિમાં સુધારો થઇ શકશે અને તેને ચડતી દશામાં લાવી શકાશે; પરંતુ તેમ કરવામાં એટલે કે ધવલક્કપુરનો સ્વતંત્ર રાજ્યકારભાર ચલાવવામાં કાર્યકુશળ પ્રધાન અને સામર્થ્ય-સંપન્ન સેનાપતિની એવી રીતે બે વીર પુરૂષોની અગત્ય છે. પ્રધાન તથા સેનાપતિની જગ્યા કયા વીર પુરૂષોને આપવી; એ સંબંધમાં મહામંડલેશ્વર તથા યુવરાજ કશા નિર્ણય ઉપર આવેલા નથી, એ હકીકત મારા જાણવામાં છે તેમજ મારે

પોતાને પણ તે સંબંધમાં તેમની સાથે કાંઇ ચર્ચા થયેલી નથી, તેમ છતાં હું તમારી પાસે એટલાંજ કારણથી આવ્યો છું કે તમે બંન્ને ભાઇઓ પ્રધાન તથા સેનાપતિની જગ્યા માટે તદ્દન લાયક છો અને તેથી તમને એ અધિકારો મળે, એવી મારી તમારા સ્નેહી તરીકે ઇચ્છા છે."

"પાટણની રાજકીય દુર્દશાની હકીકત હું જાણું છું અને તેથી તેમાં સુધારો કરવાને માટે મહામંડલેશ્વરે તથા યુવરાજે જે નિશ્ચય કર્યો છે, તે યોગ્ય છે તથા નવો રાજ્યકારભાર સ્થાપવામાં અને ચાલવામાં મુત્સદ્દી મંત્રી અને સમર્થ સેનાપતિની અગત્ય તેઓ સ્વીકારે છે, તે પણ તેટલુંજ યોગ્ય છે." વસ્તુપાળે સોમેશ્વરનાં એ કથનની યોગ્યતા જણાવીને પૂછ્યું " પણ ગુરૂજી ! મહામંડલેશ્વરે તથા યુવરાજે અમારે બન્ને ભાઇઓએ મંત્રી અને સેનાપતિનું પદ સ્વીકારવું, એવું કહેવાને માટેજ તમને મોકલ્યા છે, કે માત્ર અમારાં હિતની ખાતર તે પદ માટે પ્રયાસ કરવાની અમને સૂચના કરવા આવ્યા છો, તે સ્પષ્ટતાથી કહેશોતો ઉપકાર થશે."

"વસ્તુપાળજી ! એ તો હું તમને પહેલેથીજ કહી ચુકયો છું કે પ્રધાન તથા સેનાપતિની જગ્યા કયા વીર પુરૂષોને આપવી, એ સંબંધમા મારે મહામંડલેશ્વર કે યુવરાજની સાથે કશી ચર્ચા થયેલી નથી, તે છતાં જો હું તમારી બન્ને ભાઇઓની એ જગ્યાઓ માટે તેમને ભલામણ કરૂં, તો તેઓ તેનો અસ્વીકાર કરેજ નહીં, એવી મારી ખાતરી છે. અને તેથી જો તમારી ઇચ્છા હોય તો તમારા માટે ભલામણ કરવાનો મારો વિચાર છે. એ વિચારથીજ હું અત્રે તમારી એ વિષયમાં શી ઇચ્છા છે, તે જાણવાને માટે આવ્યો છું વળી પ્રધાન તથા સેનાપતિનાં પદને માટે તમે બન્ને બંધુઓ તદ્દન લાયક છો અને તેથી પાટણ તથા ગુજરાતની રાજકીય ઉન્નતિને માટે તમે બન્ને રાજ્યની સેવાનો સ્વીકાર કરવા તૈયાર થશો, એવો મારો તમને આગ્રહ છે અને જો તમે મારા આગ્રહને માન્ય રાખશો તો મારી ખાતરી છે કે ગુજરાતની રાજકીય અવસ્થા થોડાજ સમયમાં ચડતી દશામાં આવી જશે."

સોમેશ્વરનું કથન સાંભળી લીધા પછી વસ્તુપાળે કહ્યું. " આતો તમારો આગ્રહ અમારા લાભને માટે છે, પણ કદાચ તે અમારા લાભને માટે ન હોય તો પણ અમે તેને માન્ય ન રાખીએ, એ કદિ પણ બનવા જોગ નથી. કારણકે અમારી ખાતરી છે કે તમે અમને જે કાંઇ આગ્રહ

અથવા સૂચના કરો, તે અમારાં લાભ અને હિતને માટેજ હોય અને તેથી અમે તેને કદિપણુ અમાન્ય રાખીએ નહિ."

"બહુ સારૂ." સોમેશ્વરે કહ્યું. "તમારી એ વિષયમાં સંમતિ છે, ત્યારે હું આજેજ ધવલક્કપુર જઇશ અને યુવરાજને તમારા માટે જેમ યોગ્ય લાગશે, તેમ કહીશ."

"ભલે, જવાની ઉતાવળ હોય, તો આજેજ જશો; પરંતુ જમ્યા પછી જવાનું છે." વસ્તુપાળે આગ્રહ કર્યો.

"તમારા આગ્રહનો મારાથી અસ્વીકાર થઇ શકે તેમ નથી." સોમેશ્વરે વસ્તુપાળનો આગ્રહ વિના વિલંબે સ્વીકારી લીધો.

"ઠીક, ત્યારે તમે હવે રસોઇની તૈયારી કરો; હું જોઇતી વસ્તુઓ હમણાંજ મોકલાવી આપું છું." એ પ્રમાણે કહીને વસ્તુપાળ ચાલ્યો ગયો અને તેની પાછળ તેજપાળ પણ ગયો. પાછળ રાજ્યગુરૂ સોમેશ્વર પોતાની ધારણા ફલિભૂત થવાથી ઉમંગથી રસોઇ કરવામાં ગુંથાયા.

# પ્રકરણ ૯ મું.

## अस्मिन्नसारे संसारे सारं सारंगलोचना ।

"ત્યારે તમારો આગ્રહ એવો છે કે ધવલક્કપુરના રાજ્યકારભારના પ્રધાનનું પદ વસ્તુપાળને અને સેનાપતિનું પદ તેજપાળને આપવું, કેમ ખરૂંને ?" વીરધવલે ભાર દઇને પૂછ્યું.

"હા મારો આગ્રહ એવોજ છે અને તે શા માટે, એ હું તમને જણાવું છું." સોમેશ્વરે ઉત્તર આપ્યો અને તે પછી ક્ષણવાર વિચાર કરીને આગળ ચલાવ્યું. "પાટણની તથા સમસ્ત ગુજરાત દેશની હાલમાં જે રાજકીય પડતી થઈ છે, તેમાંથી તેનો ઉદ્ધાર કરવાને માટે વર્ત્તમાનમાં એક ખરેખરા રાજ્યકાર્યકુશળ પુરૂષવરની અગત્ય છે, એમ આપણે માનીએ છીએ; કારણકે એવા પુરૂષોત્તમ વિના રાજકીય ઉન્નતિ થઇ શકે તેમ નથી. આવો રાજ્યકાર્યપટુ તથા સત્ત્વશાલી પુરૂષ જો હાલમાં કોઇ હોય, તો તે પાટણના સદ્ગત મંત્રીશ્વર અશ્વરાજનો પુત્ર વસ્તુપાળ જ છે, એવી મારી માન્યતા છે અને તેથી હું આપને તેનેજ મંત્રીપદે નિયુક્ત કરવાનો આગ્રહ કરી રહ્યો છું. વિશેષમાં જેવો વસ્તુપાળ રાજ્ય-

કાર્યનિષ્ણાત પુરૂષ છે, તેવોજ યુદ્ધકળા વિશારદ તેનો ભાઇ તેજપાળ છે. અને તેથી તેને સેનાપતિના પદે નિયુક્ત કરવો એવો મારો આગ્રહ છે. આ બન્ને ભાઇઓને તેમની બાલ્યાવસ્થાથીજ ઓળખું છું અને તેમના દરેક ગુણથી પરિચિત છું; કારણ કે તેમના સ્વર્ગસ્થ પિતા મંત્રી અશ્વ-રાજ મારાં ખાસ મિત્ર હતા અને તે કારણથી તેમના આવાસે મારૂં ગમનાગમન ઘણી વાર થતું હોવાથી હું તે બન્ને ભાઇઓને સારી રીતે ઓળખતો હોઉં, એ સર્વથા સ્વાભાવિક છે. વળી આપ પણ તે બન્ને બંધુઓને ક્યાં નથી ઓળખતા કે મારે તેમની વિશેષ ઓળખાણ કરવાની હોય ?"

"પણ પિતાશ્રીનો આ વિષયમાં શો અભિપ્રાય છે, તે તમે જાણો છો ? તમારે તેમની સાથે પ્રસ્તુત વિષયમાં કાંઇ ચર્ચા થઇ છે ખરી ?" વીરધવળે પૂછ્યું.

"હા." સોમેશ્વરે જવાબ આપ્યો. "આપ જાણો છો તેમ હું માંડલ ગયો હતો અને ત્યાંથી વળતાં પાટણ થઇને હું અત્રે આવેલો હોવાથી પાટણમાં મહા મંડલેશ્વરની સાથે મારે પ્રસ્તુત વિષયમાં ચર્ચા થઈ હતી અને છેવટે તેમણે પણ મારા આગ્રહનો સ્વીકાર કર્યો છે."

"જો પિતાશ્રીએ આપના આગ્રહને માન્ય રાખ્યો હોય, તો તે વિષે મારે વધારે ખાતરી નહિ કરતાં તેનો સ્વીકાર કરવોજ જોઇએ: પરંતુ ગુરૂજી ! તમને એનો તો સારી રીતે ખ્યાલજ હશે કે આપણે લગભગ નવુંજ રાજતંત્ર સ્થાપન કરતાં હોવાથી તેનો કારભાર કેવા પુરૂષના હાથમાં સોંપીએ છીએ અને તેનું શું પરિણામ આવશે ?" વીરધવલે ભાર દઇને પ્રશ્ન કર્યો.

"યુવરાજ ! કોઇ પણ કાર્યનું પરિણામ શું આવશે, એની મનુષ્ય પ્રાણીને ખબર હોતી નથી, માત્ર કાર્યની શરૂઆત કરતાં પહેલાં મનુષ્યે બની શકે તેટલી સાવચેતી અને ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખવી જોઇએ અને એ પ્રમાણે સાવચેતી અને શ્રદ્ધા રાખવામાં આવે, તો મારી ખાતરી છે કે મનુષ્ય તેનાં પ્રત્યેક કાર્યમાં સફળ મનોરથ થાય છે. આ નિયમાનુસાર જોતાં આપનો પ્રશ્ન નિરર્થક છે અને વિશેષમાં મને એનો સારી રીતે ખ્યાલ છે કે આપણે કેવા પુરૂષના હાથમાં નવા રાજતંત્રનો ભાર અને તેની જવાબદારી સોંપીએ છીએ." સોમેશ્વરે કાર્યની સફલતાનો મર્મ સમજાવતાં ઉત્તર આપ્યો.

"બહુ સારૂં. તમારાં આગ્રહ અને ભલામણનો સ્વીકાર કરીને હું

વસ્તુપાળને મુખ્ય મંત્રી કિંવા મહામાત્યનાં પદે અને તેના ભાઇ તેજપાળને મંત્રી અને સેનાનાયક કિંવા સેનાંપતિનાં પદે નિયુક્ત કરવાનો નિશ્ચય કરૂં છું; પરંતુ તે ઉભય બંધુઓ એ પદનો સ્વીકાર કરવાને તૈયાર છે ખરાંને ?"

"જી, હા; મેં તે વિષયમાં જાતે જઇને તથા તેમને મળીને પૂરતી ખાતરી કરી છે અને હવે આપે આપનો નિશ્ચય જાહેર કર્યો હોવાથી તેમને અહીં તેડી લાવવાને માટે મારા વિશ્વાસુ માણસને, આપની આજ્ઞા હોય, તો અત્યારેજ માંડલ રવાના કરૂં." સોમેશ્વરે ઉત્તર આપતાં કહ્યું.

"ખુશીથી તમારા માણસને માંડલ મોકલો; તે વિષયમાં મારી આજ્ઞા છે." વીરધવલે વસ્તુપાળ તથા તેજપાળને તેડી લાવવા માટે માણસને માંડલ મોકલવાની આજ્ઞા આપી.

"બહુ સારૂ, ત્યારે હું રજા લઉં છું." સોમેશ્વરે આસન ઉપરથી ઉઠીને કહ્યું.

"ભલે; પરંતુ માણસને માંડલ જેમ બને તેમ તરતજ મોકલવાની વ્યવસ્થા કરશો." વીરધવલે ત્વરા દર્શાવીને કહ્યું.

"તે વિષયમાં આપ નિશ્ચિત રહો; કારણકે મારાં વિશ્વાસુ માણસોને આ ક્ષણેજ માંડલ રવાના કરૂં છું." એ પ્રમાણે કહીને રાજ્યગુરૂ સોમેશ્વર ચાલ્યો ગયો.

ધવલક્કપુરનાં રાજ્યભૂવનના એક ખંડમાં પાટણની રાજ્યગાદીનો યુવરાજ વીરધવલ વિરામાસન ઉપર બેઠેલો હતો અને તેની તથા રાજ્યગુરૂ સોમેશ્વરદેવની વચ્ચે ઉપર્યુક્ત વાર્તાલાપ થયો હતો. રાજ્યગુરૂ સોમેશ્વર ગયો, તે પછી યુવરાજ વીરધવલ કેટલાક સમયપર્યંત વિચારમગ્ન સ્થિતિમાં વિરામાસન ઉપર જેમનો તેમ બેસી રહ્યો અને તેવીજ સ્થિતિમાં થોડીવાર બેસી રહી, તે ત્યારપછી રાણીવાસમાં ગયો.

ધવલક્કપુરનું રાજ્ય ભૂવન ઘણું વિશાળ હતું અને તેમાં રાજ્યસભા, મસલત–ગૃહ, સ્નાનાગાર, શયનગૃહ, રાણીવાસ અને તે ઉપરાંત જૂદા જૂદા અનેક પ્રકારના ખંડો આવેલાં હતાં. રાણીવાસ તરીકે ઓળખાતો આવાસ સગવડતાવાળો અને સુંદર હતો અને તેમાં પણ યુવરાજ વીરધવલનું શયનગૃહ તો બહુજ ઉત્તમ રીતે શણગારવામાં આવેલું હતું. સંધ્યા સમય પછી આ ખંડમાં જ્યારે સુગંધી અસંખ્ય દીપકો પ્રગટાવવામાં આવતા હતા અને તેના ઉજ્જવલ પ્રકાશમાં ચંપ-

ક્વર્ણીય દેહધારી સુંદરીઓ પરસ્પર હાસ્યક્રીડા કરતી હતી, ત્યારે એ શયનખંડ કેમ જાણે ઈંદ્રભૂવન ન હોય ? એવો પ્રેક્ષકને આભાસ થતો હતો. વીરધવલ જે સમયે રાણીવાસ પ્રતિ જવાને રવાને થયો, તે સમયે સંધ્યા વીતી ગઈ હતી અને રાત્રિનું સામ્રાજ્ય પ્રસરી ગયું હતું; પરંતુ શુકલ પક્ષ હોવાથી નભોમંડલમાં ચંદ્રનો ઉદય થઇ ગયો હતો અને તેના સ્નિગ્ધ અજવાળાથી સમસ્ત રાજ્યભૂવન રૂપેરી રંગથી રંગાઇ ગયું હતું. જ્યારે વીરધવલે શયનગૃહમાં પ્રવેશ કર્યો, ત્યારે તેની રાણી જયલતા પોતાની સખીઓ, દાસીઓ અને પરિચારીકાઓ સાથે હાસ્યક્રીડા કરી રહી હતી. તેણે પોતાના પ્રિયતમને સહસા આવેલા જોઇને સખીઓ વગેરેને વિદાય કરી દીધી અને વીરધવલની સામે હસતે મુખડે જઇને તેને શયનગૃહની અંદર તેડી લાવી તથા બિછાવેલા પલંગ ઉપર પ્રેમપૂર્વક બેસારીને પોતે તેની સોડમાં ભરાઇને બેઠી. વીરધવલ વિચારમગ્ન સ્થિતિમાં આવેલો હોવાથી તથા હજી પણ તેનાં અંતરમાં નવાં રાજ્યસ્થાપનના વિચાર–તરંગો ધોળાયા કરતા હોવાથી તે કાંઈ પણ નહિ બોલતાં મૌન બેસી રહ્યો; પરંતુ પ્રેમભીની જયલતાને સ્વામીનું મૌન બેસી રહેવું પસંદ પડયું નહિ. તેણે તુરતજ આતુરતાપૂર્વક મધુર અવાજે પૂછ્યું “ મારા નાથ, આજે શું મારાથી રીસાયા છે કે આવીને કેવળ મૌન બેસી રહ્યા છે અને મારી સાથે કાંઇ વાર્તાલાપ કરતા નથી ? ”

જયલતાનું વ્યંગમાં બોલવું સાંભળીને વીરધવલ વધારે વાર મૌન રહી શકયો નહિ. તેણે સહાસ્ય મુખે તુરતજ ઉત્તર આપ્યો. “ પ્યારી જયલતા ! તારાથી રીસાવાનું મને કાંઈપણ કારણ નથી અને કદાચ હોય અથવા નવું ઉત્પન્ન થાય ; તો પણ મારી પ્રાણપ્યારીથી હું રીસાઉં, એ કેવળ અસંભવિત છે. ”

“ત્યારે ક્યા કારણથી અત્યાર સુધી મૌન બેરી રહ્યા હતા ? જો રીસાયા ન હો, તો કહો જોઇએ મૌન બેસી રહેવાનાં કારણને ? મને લાગે છે કે આપ હમણાં મારા ઉપર પૂર્વવત્ પ્રેમ રાખતા નથી. ” જયલતાએ પ્રશ્ન કરતાં કૃત્રિમ ગંભીરતાને ધારણ કરીને કહ્યું.

જયલતાનાં એ પ્રશ્ન તથા કથનથી વીરધવલે તુરતજ તેનાં મુખ તરફ જોયું અને તે ઉપરથી તેને જણાયું કે પોતાની પ્રિયા ગંભીર બની ગઇ છે; તેથી તેણે સહસા કહ્યું. “ શું હું તારા ઉપર પૂર્વવત્ પ્રેમ રાખતો નથી, જયલતા ! તું શું કહે છે તે હું સમજી શક્તો નથી. ”

"શાના સમજો ? ચંચળ ચિત્તવાળા અને ભોગી ભ્રમરની ઉપમાને પામેલા પુરૂષોનો કાંઇ વિશ્વાસ છે? એક પુષ્પથી બીજું અને બીજાથી ત્રીજું, એ પ્રમાણે અનેક પુષ્પોના રસનો ઉપભોગ કરનાર રસલોલુપ ભ્રમરના જેવા સ્વભાવવાળા પુરૂષનો શું કદીપણ વિશ્વાસ રાખી શકાય ખરો ? નહિજ ? શી ખબર કે આપ પણ અનેક પુષ્પના વિલાસી ભ્રમરની પેઠે બીજાં પુષ્પનો રસ લેવાને મારાથી અધિક સૌંદર્ય—શાલિની તરૂણીનું હરણ કરવાને તૈયાર થયા નહિ હો ? કારણ કે મુગ્ધા અને ભોળી તરૂણીઓનાં ચિત્તને અને છેવટે તેમનાં શરીરને હરણ કરવાની કળાને આપ સારી રીતે જાણોછો, એ કાંઇ મારા જ્ઞાન બહાર નથી." જયલતાએ પૂર્વવત્ ગંભીરતાને કાયમ રાખીને વ્યંગમાં ઉત્તર આપતાં કહ્યું.

વીરધવલ જયલતાના વિનોદી સ્વભાવને જાણતો હોવાથી આ પણ તેનો વિનોદજ છે, એમ વિચારીને તેણે પ્રબળ પ્રેમાવેશથી પોતાની પત્નીને બાહુપાસમાં લઇને હસતાં હસતાં કહ્યું. "પુરૂષોના સંબંધમાં તારો અનુભવ બરોબર છે, એનો હું સ્વીકાર કરૂંછું; પરંતુ વસ્તુતઃ પુરૂષોને ભોગી ભ્રમરની કળાઓ શિખવનાર તો સ્ત્રીઓજ છે, એનો તારાથી અસ્વીકાર થાય તેમ નથી; કારણ કે તારૂં હરણ કરવાની કળા તો તેંજ મને દર્શાવી હતી.

"હા, એ તો હું સારી રીતે જાણું છું કે પુરૂષો પોતાનો દોષ કદિ પણ કબુલ કરતા નથી અને તેનું આરોપણ સ્ત્રીઓ ઉપરજ કરે છે, કારણકે પુરૂષો સબળ છે અને સ્ત્રીઓ અબળા છે અને તેથી તેઓ પુરૂષોના દોષારોપણને સહન કરી લે છે; પરંતુ પુરૂષો જો સ્ત્રીઓનાં ચિત્તને હરણ કરતા ન હોય, તો સ્ત્રીઓ તેમને ભ્રમરની કળા શી રીતે શિખવવાની હતી, એનો ઉત્તર આપ આપશો ? મારી દ્રષ્ટિમાં તો પુરૂષોજ દોષવાન્ જણાય છે." જયલતાએ સ્વામીના બાહુપાશમાં રહ્યાં છતે કહ્યું.

"અને મારી દ્રષ્ટિમાં તો સ્ત્રીઓજ દોષવાન્ જણાય છે." વીરધવલે સ્મિતપૂર્વક કહ્યું.

"પુરૂષોની સાથે વાદમાં સ્ત્રીઓ જીતી શક્તી નથી અને તેમાં આપની સાથે વાદમાં તો કોઇ પણ સ્ત્રી જીતી શકે તેમ નથી એટલે હું હારી અને આપ જીત્યા, એ કબુલ કરવામાં મને કાંઇ શરમ નથી." જયલતાએ એ પ્રમાણે કહીને પતિના બાહુપાશમાંથી છુટતાં તથા ગંભીર અને વિનોદી સ્વભાવનો ત્યાગ કરતાં પૂછયું. "પ્રાણનાથ ! હવે એ વિનોદી વાતને જવા દઇને મારા વિનોદને માટે હું આપની ક્ષમા માગું

છું અને વિશેષમાં પૂછું છું કે આપ હમણાં ચિંતાતુર જણાયા કરો છો, તેનું શું કારણ છે ?"

"વ્હાલી જયલતા ! તારા વિનોદી સ્વભાવને હું સારી રીતે જાણું છું એટલે તે માટે તારે મારી ક્ષમા માગવાની જરૂર નથી; કારણ કે તારા મીઠા વિનોદથી મને આનંદજ થતો હોવાથી તારા માટે ક્ષમા માગવાની અગત્ય રહેતી નથી." વીરધવલે કહ્યું. "હમણાંનો હું ચિંતાતુર જણાયા કરૂં છું, એ તારી ધારણા બરોબર છે અને તેનું કારણ જાણવાને તું આતુરતા ધરાવે એ સ્વાભાવિક છે. તું જાણે છે કે મહારાજા ભીમદેવનાં પ્રતાપ, સત્તા અને ગૌરવ દિનપ્રતિદિન ઘટતાં જાય છે અને સામંતો, માંડલિકો તથા સરદારો એ સ્થિતિનો ખોટો લાભ લેવા માંડ્યા છે. આ કારણથી પાટણની રાજ્યસત્તા ભયમાં આવી પડેલી છે અને આવી સ્થિતિ લાંબો સમય ચલાવી લેવામાં આવે, તો ભવિષ્યમાં પાટણની શી દશા થાય, તે કહી શકાતું નથી. મારી ચિંતાનું આ કારણ છે."

"પણ પાટણની હાલની સ્થિતિને સુધારવાનો શું કોઇ ઉપાય નથી ?" જયલતાએ પૂછ્યું.

"ઉપાય તો છે; પરંતુ એ પ્રમાણે વર્ત્તવાથી લાભ થશે કે કેમ, એ વિચારવા જેવું છે અને તેને લઇનેજ હું હમણા ચિંતાતુર રહ્યા કરૂં છું. આ ચિંતામાંથ મુક્ત થવાનો તું કાંઈ માર્ગ દર્શાવીશ ?" વીરધવલે પૂછ્યું.

"નાથ ! આપ જેવા બુદ્ધિસંપન્ન અને કાર્યકુશળ પુરૂષને મારા જેવી અજ્ઞાન અને સામાન્ય બુદ્ધિવાળી સ્ત્રી શો માર્ગ દર્શાવવાની હતી ? કારણકે રાજ્યકાર્ય જેવા ગહન કાર્યમાં માર્ગ દર્શાવવો, એ પગની પાનીએ બુદ્ધિવાળી સ્ત્રીઓનું કામ નથી." જયલતાએ સ્ત્રીઓની બુદ્ધિની તુચ્છતા દર્શાવતાં જવાબ આપ્યો.

વીરધવલે જરા ગંભીર બનીને કહેવા માંડ્યું. "વ્હાલી ! તું સ્ત્રીઓની બુદ્ધિની તુચ્છતાને દર્શાવે છે, એ બરોબર નથી. ઘણાં વિદ્વાન્ ગણાતાં માણસોએ સ્ત્રીની બુદ્ધિ પાનીએ, એવી કહેવત કહીને તેમને હલકી પંક્તિમાં લાવી મૂકી છે, એ ખરૂં છે; પરંતુ બધી સ્ત્રીઓ કાંઇ અજ્ઞાન અને બુદ્ધિહીના હોતી નથી, એ તારાં જ્ઞાન અને બુદ્ધિ ઉપરથી સાબિત થાય છે. તારા જેવી ચતુરા અને બુદ્ધિસંપન્ના સ્ત્રીઓને તો વિદ્વાનોએ **अस्मिन्नसारे संसारे, सारं सारंगलोचना**, એ પ્રમાણે કહીને તેમનાં ગૌરવને વધાર્યું છે. હું પણ એ કથનાનુસાર તારા

જેવી સ્ત્રીને આ અસાર સંસારમાં સારંગલોચના સ્ત્રીજ સારરૂપ છે, એમ માનનારો છું અને તેથી તું મને જે કાંઇ માર્ગ દર્શાવીશ, તે અવશ્ય ગ્રહણ કરવા લાયકજ હશે, એવી મારી દૃઢ માન્યતા છે."

"નાથ!" જયલતાએ જરા હસીને કહ્યું. "આપ સ્ત્રીને અસાર સંસારમાં સારરૂપ જણાવીને તેનાં ગૌરવને બહુજ વધારો છો. ખરી રીતે સ્ત્રી એટલાં બધા ગૌરવને પાત્ર નથી."

"જયલતા! હું કહું છું, તે સત્યજ છે કારણકે જેની કુક્ષીમાંથી મહાન્ અવતારી પુરૂષો, ચક્રવર્તી રાજાઓ અને મહાવીર યોદ્ધાઓ ઉત્પન્ન થાય છે, તે સ્ત્રીને આ અસાર સંસારમાં સારરૂપ કહેવામાં શી હરકત છે?" વીરધવલે કહ્યું.

એવી સ્ત્રીઓને આ અસાર સંસારમાં સારરૂપ ગણવામાં કશી હરકત નથી; પરંતુ તે સિવાય ઘણો ભાગ તો અસારરૂપજ છે. ઠીક, પણ હવે સ્ત્રીઓનાં ગૌરવની વાતને જવા દો અને કહો કે આપ પાટણની પડતી દશાને સુધારવા માટે શો ઉપાય કરવા ઇચ્છા ધરાવો છો?" જયલતાએ મૂળ વાત ઉપર આવતાં પૂછ્યું.

"એ ઉપાય તને દર્શાવવાને માટે અને તત્સંબંધી તારી સલાહ લેવાને માટે અત્યારે મારૂં આગમન થયેલું છે. હું તથા પિતાશ્રી, કેટલાક રાજ્યકાર્યકુશળ પુરૂષોની સલાહથી ધવલક્કપુરમાં નવું રાજતંત્ર સ્થાપીને મહારાજા ભીમદેવના નામથી ગુજરાતની રાજ્યસત્તા હાથમાં લેવાના નિશ્ચય ઉપર આવેલા છીએ અને રાજ્યગુરૂ સોમેશ્વરદેવની સૂચનાનુસાર બે-ત્રણ દિવસમાં જ એ નિશ્ચયને જાહેરમાં મૂકવાના છીએ. આ સંબંધમાં એવી ગોઠવણ કરવામાં આવેલી છે કે મારે વિશ્વાસુ મિત્રો અને સૈન્ય સાથે ધવલક્કપુરમાં અને પિતાશ્રીએ પાટણમાં મહારાજા ભીમદેવની પાસે રહેવાનું છે. અમારા આ નિશ્ચય સંબંધી તારી શી સલાહ છે અને નિશ્ચય પ્રમાણે વર્તવાથી પાટણની સ્થિતિ સુધરવાની સાથે ગુજરાતની સ્થિતિ સુધરશે કે નહિ, તે તું કહે કે જેથી મને કાંઇક જાણવાનું મળી શકે." વીરધવલે ઉપાય દર્શાવતાં તેની સલાહ માગી.

"પ્રાણનાથ! આ સંબંધમાં મારી સલાહ કાંઇ ઉપયોગની નથી. આપે તથા પિતાશ્રીએ જે નિશ્ચય કર્યો છે, તે યોગ્યજ છે અને તેથી પાટણની તથા સમસ્ત ગુજરાતની સ્થિતિ સુધરી જશે, એમ મારી મનોદેવતા કહે છે. મેં પ્રથમ કહ્યું તેમ આ વિષયમાં હું કાંઇ સલાહ

આપી શકું તેમ નથી, તે છતાં આપની આજ્ઞા હોય, તો એક નમ્ર સૂચના કરવાની હું હિંમત કરૂં ?" જયલતાએ નમ્રતાથી પૂછ્યું.

"પ્યારી જયલતા !" વીરધવલે કહ્યું. "તારે જે સૂચના કરવાની હોય, તે ખુશીથી કર; કારણકે તે જાણવાને માટેજ હું અત્યારે તારી પાસે આવેલો છું અને તેથી મારી આજ્ઞાની રાહ જોવાની અગત્ય નથી."

"બહુ સારૂં." જયલતાએ કહ્યું. "નવું રાજતંત્ર સ્થાપવામાં કુશળ કારભારીની અને સમર્થ સેનાપતિની પસંદગી કરવામાં પૂરતું લક્ષ્ય આપવાની જરૂર છે. કારણકે રાજતંત્રનો બધો આધાર એ બે વ્યક્તિઓ ઉપરજ રહેલો છે અને તેથી આપે મારી સલાહ માગતાં એજ સલાહ કિંવા સૂચના આપવાની મેં હિંમત કરી છે."

"તારી એ સલાહ કિંવા સૂચના તદ્દન વ્યાજબી છે અને તે માટે હું તારી બુદ્ધિની પ્રશંસા કરૂં છું. આપણાં હિતેચ્છુઓએ પણ એવીજ સલાહ આપી હોવાથી અમે તે વિષયમાં સંપૂર્ણ કાળજી રાખીનેજ એ બન્ને વ્યક્તિઓની પસંદગી કરી છે. પાટણના સદ્દગત મંત્રીશ્વર અશ્વરાજના બે પુત્રો વસ્તુપાળ અને તેજપાળને તો તું જાણે છે ને ? એ બન્નેનેજ અમે કારભારી તથા સેનાપતિ તરીકે પસંદ કરેલા છે." એ પ્રમાણે કહીને વીરધવલે જયલતાના ખભે પોતાનો હાથ મૂકીને આગળ ચલાવ્યું. "જયલતા ! તું કહેતી હતી ને કે મારી બુદ્ધિ રાજ્યકાર્યમાં કશા ઉપયોગની નથી ? રાજ્યગુરૂ સોમેશ્વરદેવ જેવા વિદ્વાન્ પુરૂષે આ વિષયમાં જે ખાસ સલાહ આપી હતી, તેજ સલાહ પણ તેંજ આપી છે અને તેથી તું રાજ્યકાર્યમાં પણ કેવી ચતુરા અને બુદ્ધિમતી છે, તે સ્પષ્ટ જણાઇ આવે છે. તારા જેવી બુદ્ધિશાલિની સ્ત્રીને **अस्मिनसारे संसारे सारं सारंगलोचना**, એમ કહેવાને શી હરકત છે ?"

એટલું કહીને વીરધવલે પોતાની પ્રિયાને દૃઢાલિંગન આપીને તેનાં સુકોમળ અને ગુલાબી ગાલ ઉપર ચુંબન ભર્યું.

વાચક મહાશયો ! આ પ્રકરણની અહીંજ સમાપ્તિ થાય છે.

# પ્રકરણ ૧૦ મું

## નવું રાજ્યતંત્ર.

ધવલક્કપુરનાં રાજ્યભૂવનના સભા-ખંડમાં પાટણનો યુવરાજ વીરધવલ, તેનો પિતા મહામંડલેશ્વર લવણપ્રસાદ, વીરધવલનાં બે મિત્રો-ચાહડ અને નાગડ, નગરશેઠ યશોરાજ તથા બીજા નાના સામંતો અને સરદારો વગેરે સભાજનો પોતાને ઉચિત એવા આસનો ઉપર બેઠેલા હતા. યુવરાજ વીરધવલ ગંભીર મુખે મૌન બેસી રહ્યો હતો; પરંતુ તેનો પિતા મહામંડલેશ્વર લવણપ્રસાદ સભાજનોની સાથે નિર્ણિત વિષય ઉપર ચર્ચા કરી રહ્યો હતો. બરોબર આ સમયે પ્રતિહારીએ આવીને વિનયપૂર્વક રાજ્યગુરૂ સોમેશ્વરદેવ, માંડલના બે વણિક બંધુ-ઓની સાથે આવી પહોંચ્યાની ખબર આપી અને તેમના માટે શી આજ્ઞા છે, એમ પૂછ્યું. વીરધવલે તેમને સન્માનપૂર્વક સભાખંડમાં લાવવાની તુરતજ આજ્ઞા કરી, એટલે પ્રતિહારી નમીને ચાલ્યો ગયો અને થોડીજ વારમાં સોમેશ્વરદેવે વસ્તુપાલ તથા તેજપાલની સાથે સભાખંડમાં પ્રવેશ કર્યો. યુવરાજે તથા મહામંડલેશ્વરે તેમને આવકાર આપ્યો અને તે પછી રાજ્યગુરૂ આર્શીવાદ આપીને તથા વસ્તુપાલ અને તેજપાલ યુવરાજની સન્મુખ ઉત્તમ વસ્તુની ભેટ મૂકીને યુવરાજની આજ્ઞાથી તેમને નિર્દિષ્ટ કરેલાં આસનો ઉપર બેઠા. ક્ષણવાર રાજ્યસભામાં નિસ્ત-બ્ધતા પ્રસરી રહી. તે પછી મહામંડલેશ્વરે રાજ્યગુરૂ સોમેશ્વરને સાંકેતિક સૂચન કર્યું, એટલે તેણે બોલવાની શરૂઆત કરતાં કહ્યું. “ યુવરાજ ! મહામંડલેશ્વર અને સભાજનો ! આપણે પાટણની અને સમસ્ત ગુજરાતની ચડતીને માટે જે નવું રાજ્યતંત્ર સ્થાપન કરવાના નિશ્ચય ઉપર આવ્યા છીએ, તેનો બધો આધાર ન્યાયમાં નિષ્ઠ, ગુણમાં ગરિષ્ઠ અને બુદ્ધિમાં વિશિષ્ઠ એવા પ્રધાન ઉપરજ રહેલો છે; કારણ કે વનરાજ જેવા સમર્થ મહારાજા પણ ગુર્જરભૂમિને મહા અમાત્યનાં બળથીજ પ્રાપ્ત કરી શકયા હતા. રાજ્યની સત્તા કુમંત્રીને સોંપવાથી જેમ રાજ્ય, રાજા અને પ્રજાનો નાશ થાય છે, તેમ સુમંત્રીને રાજ્યધુરા સોંપવાથી રાજ્ય, રાજા અને પ્રજાની ચડતી કળા થાય છે અને તેથી હું આપને નવાં રાજ્યતંત્રની શરૂઆતથીજ કોઈ લાયક પુરૂષવરને મહામાત્યની પદવી આપવાની ભલામણ કરી રહ્યો છું. અત્યારે હું જે બે પુરૂષોને મારી સાથે તેડતો આવ્યો છું અને જેઓ મારી પાસે આ

રાજ્યસભામાં બેઠેલા છે, તેમને તમે સર્વ સારી રીતે ઓળખતા હશો. તે બન્ને ભાઇઓ–વસ્તુપાલ અને તેજપાલ–પાટણના સદ્‍ગત મંત્રીશ્વર અશ્વરાજના પુત્રો છે અને રાજ્યવ્યવહારને બહુ સારી રીતે ચલાવી શકે તેવા છે તથા તેઓ ખરેખરા પુરૂષોત્તમો છે, એવો મારો જાતિ અનુભવ હોવાથી મેં તેમને મહામાત્ય અને સેનાનાયક તરીકે નીમવાની ભલામણ કરેલી છે. યુવરાજ તથા મહામંડલેશ્વરે મારી એ ભલામણનો સ્વીકાર કરેલો છે અને તેઓ આજેજ બન્ને ભાઇઓને પદવીદાન કરવાના છે; પરંતુ તે પહેલાં તે સંબધમાં તમારો શો વિચાર છે, તે જાણવાને માટે તેઓ આતુર છે અને તેમની વતી હું તમને સર્વ સભાજનોને પોતાનો અભિપ્રાય જાહેર કરવાનું કહું છું."

સોમેશ્વરનું ઉપર્યુક્ત કથન પૂરૂં થયું એટલે સભામાં પુનઃ નિરતબ્ધતા પ્રસરી ગઇ; પરંતુ ક્ષણવારમાંજ તેનો ભંગ કરતાં નગરશેઠ યશોરાજ બોલી ઉઠયા. "પુરોહિતજી! અશ્વરાજ મંત્રીના આ બંને પુત્રોને હું પણ સારી રીતે ઓળખું છું અને તેઓ બન્ને મહામાત્ય તથા સેનાનાયકનાં પદને કેવળ લાયક છે, એવી મારી માન્યતા છે. મહામંડલેશ્વરે તથા યુવરાજશ્રીએ તેમને એ પદ આપવાનો નિશ્ચય કર્યો છે, તે યોગ્યજ છે, અને સર્વ સભાજનો પણ તેઓશ્રીના નિશ્ચયને અનુકૂળ થશે, એવી મારી ખાતરી છે."

નગરશેઠ બોલી રહ્યા કે તુરતજ વીરધવલે સર્વ સભાજનોની સામે જોયું; પરંતુ તેઓમાંથી કોઇ કાંઇ બોલ્યું નહિ, એટલે તેણે પોતાના પિતાની આજ્ઞા લઇને સર્વ સભાજનોને ઉદ્દેશી કહેવા માંડયું. "મંત્રીઓ! સામંતો! સરદારો અને સભાજનો! મહારાજા ભીમદેવ અને પાટણની રાજ્યસત્તાનો અંત લાવવાને નહિ, કિન્તુ તેને ટકાવી રાખવાને તથા મજબુત બનાવવાને માટે આપણે ધવલક્કપુરને ગુજરાતનું કેન્દ્રસ્થાન બનાવીને નવું રાજ્યતંત્ર સ્થાપવાના નિશ્ચય ઉપર આવેલા છીએ અને તે દ્વારાએ પાટણનીજ નહિ; કિન્તુ સમસ્ત ગુજરાતની ચડતી દશા કરવાનો આપણો વિચાર છે. આપણા આ નિશ્ચયને અને વિચારને પાર પાડવાને માટે આપણે કાર્યકુશળ કારભારી અને સમર્થ સેનાનાયકની ખાસ કરીને અગત્ય છે. રાજ્યગુરૂ સોમેશ્વરદેવ, નગરશેઠ યશોરાજ અને પાટણના આપણા પક્ષના રાજ્યાધિકારીઓની સૂચના અને ભલામણથી સદ્‍ગત મંત્રીશ્વર અશ્વરાજના બે પુત્રો–વસ્તુપાળ અને તેજપાળ કે જેઓ મારાં આમ ત્રણથી માંડલથી અત્રે આવેલા છે, તેઓને એ જગ્યાએ

નીમવાને અમારી ઈચ્છા થયેલી છે અને અમારી આ ઇચ્છાને તમે સર્વેએ સંમતિ આપવાથી હું વસ્તુપાલને મુખ્ય પ્રધાન અને તેજપાલને મુખ્ય સેનાપતિનાં પદે નિયત કર્યાનું જાહેર કરૂં છું." એ પ્રમાણે જાહેર કરીને તેણે વસ્તુપાલ તથા તેજપાલ તરફ જોઇને કહ્યું. "અને અમે આશા રાખીએ છીએ કે તમે બન્ને બંધુઓ રાજ્ય અને પ્રજાનું હિત વિચારીને તથા તથા તમારી જવાબદારીનો ખ્યાલ કરીને સમસ્ત ગુજરાતની રાજકીય ઉન્નતિ કરવાનો આપણો જે આશય છે, તેને ફલીભૂત કરી બતાવવા સદૈવ જાગૃત રહેશો."

તે પછી વીરધવલે તેમના માટે લાવી રાખેલો પોશાક તેમને આપ્યો અને તેનો સહર્ષ સ્વીકાર કરીને વસ્તુપાલે કહ્યું; "યુવરાજશ્રી અને મહામંડલેશ્વર! ધવલક્કપુરનાં નવા રાજ્યતંત્રનાં માનનીય પદે અમને નિયુક્ત કરવાની આપે અમારી ઉપર જે કૃપા કરી છે, તે માટે અમે બન્ને બંધુઓ આપના અત્યંત આભારીએ છીએ. આપે અમારામાં જે વિશ્વાસ અને આશા દર્શાવ્યાં છે, તેને માટે અમે આપને મુખની નહિ; કિન્તુ વર્ત્તનની ખાતરી કરી બતાવવાના હોવાથી તે સંબંધમાં હું કાંઇ વધારે બોલવાનું ઉચિત માનતો નથી, તે છતાં એટલું કહેવાનું હું યોગ્ય માનું છું કે આપના રાજ્યતંત્રનો અધિકાર પામીને અમારે રાજ્યભૂવનના ભંડારની સાથે પાટણની અને સમસ્ત ગુજરાતની પ્રજાની સર્વ પ્રકારે ઉન્નતિ કરવાની છે, અન્યાય દૂર કરવાનો છે, ન્યાયનું રાજ્ય જમાવવું છે અને જે રીતે રાજા અને પ્રજા ઉભયનું કલ્યાણ થાય, એ રીતે વર્ત્તવાનું છે. હવે અમે આપની કૃપાનો સ્વીકાર કરીએ, તે પહેલાં આપે અમને એક વચન આપવું પડશે અને તે એ છે કે હાલ અમારી પાસે ત્રણ લાખ દ્રવ્ય છે, એ આપને જાહેર કરીએ છીએ, તે એટલા માટે કે જ્યારે કોઇ દુર્જન મનુષ્યનાં કથનથી આપનાં હૃદયમાં અમારી ઉપર વિપરિતભાવ પેદા થાય, ત્યારે આપની ઇચ્છા પ્રમાણે અમારી પાસે અત્યંત દુસ્સહ શરત કરાવીને તે દ્રવ્ય અને અમારા પરિવાર સાથે અમને મુક્ત કરવા."

વસ્તુપાળનું કથન સંપૂર્ણ થયું કે તુરતજ વીરધવલે સ્મિતપૂર્વક કહ્યું. "વસ્તુપાલજી! એ સંબંધમાં તમારે કોઇ પણ પ્રકારની ચિંતા રાખવાની નથી, એમ હું શુદ્ધ અંતઃકરણથી કહુ છું અને તમારી માગણી પ્રમાણે વચન પણ આપું છું. હવે તો તમને સંતોષ થયો ને?"

"આપની કૃપાથી અમને સંતોષજ છે." વસ્તુપાલે વિનયથી કહ્યું.

એ પ્રમાણે કાર્યક્રમ ચાલ્યા પછી રાજ્યસભાને બરખાસ્ત કરવામાં આવી.

વસ્તુપાલ અને તેજપાલ-બન્ને બંધુઓ રાજ્યનો અધિકાર પામીને સહર્ષ પોતાના આવાસે આવ્યા.

× × × × ×

વસ્તુપાલ તથા તેજપાલને રાજ્યના મુખ્ય અધિકારી થવાથી તેમના નિવાસને માટે રાજ્ય તરફથી ભવ્ય આવાસ આપવામાં આવ્યો હતો. રાજ્યસભામાંથી આવાસે આવ્યા પછી તેજપાલ સૈન્યની તપાસ કરવા માટે ચાલ્યો ગયો હતો અને વસ્તુપાલ પોતાને મળેલા મહાન્ અધિકારનો વિચાર કરતો બેઠકના ખંડમાં ગાદી ઉપર તકીઆને અઢેલીને જરા આડો પડ્યો હતો. એ સમયે પહેરેગીરે આવીને તેને નમન કર્યું અને વિનયથી કહ્યું. "ખેડુતવર્ગની એક બાઇ આપની પાસે ફરિયાદે આવેલી છે અને આપની આજ્ઞાની રાહ જોતી બહાર ઉભી છે; માટે તે સંબંધમાં આપ આજ્ઞા કરો, તે પ્રમાણે અમલ કરૂં."

"તેને અંહી મોકલ." વસ્તુપાળે આજ્ઞા કરી.

પહેરેગીર નમન કરીને ચાલ્યો ગયો અને થોડીજ વારમાં મલિન વસ્ત્રોવાળી અને ઘુંઘટથી જેનું મુખ આચ્છાદિત થયેલું છે, એવી પ્રૌઢ વયની એક સ્ત્રીએ ખંડમાં પ્રવેશ કર્યો અને પોતાનું મસ્તક નમાવીને તે ઉભી રહી.

મહામાત્યે તેને ક્ષણવાર નિહાળી લઇને પૂછ્યું. "તમારે શી ફરિયાદ કરવાની છે ?"

"હું ખેડુતવર્ગની ગરીબ વિધવા સ્ત્રી છું. મારા ધણી ગયા વર્ષે ગુજરી ગયા હોવાથી હું એક નોકર રાખીને ખેતીનું કામ કરૂં છું અને માંડમાંડ ગુજરાન ચલાવું છું. મારી જમીન સારી નહિ હોવાથી ઉપજ થોડી આવે છે અને વળી મારે ત્રણ-ચાર નાનાં છોકરાં હોવાથી ઉપજમાંથી અમારૂં પૂરૂં થતું નથી. આ કારણથી રાજ્યનું મારાં માથે કરજ થઇ ગયું છે અને તે હાલ તુરત ભરવાની મારી ત્રેવડ નથી, તે છતાં વહીવટ કરનાર અધિકારી કરજ ભરી દેવાની સખ્ત તાકીદ કરે છે અને જો હું આઠ દિવસમાં કરજ ન ભરી શકું, તો મારી જમીન પડાવી લેવાની તેણે ધમકી પણ આપી છે. આ સંબંધમાં મેં તે અધિકારીને ઘણી આજીજી કરતાં છેવટે તેણે મારી પાસેથી લાંચ લેવાની ઇચ્છા

દર્શાવી છે અને જો હું તેણે માગેલી રકમ લાંચમાં આપું, તોજ રાજ્યનું કરજ મુલ્તવી રાખવામાં આવશે, એમ તેણે કહેલું છે; માટે મારી વિનંતિ એવી છે કે રાજ્યનું કરજ ભરવાને માટે એ અધિકારી મને હેરાન ન કરે તેવી ગોઠવણ કરવા કૃપા કરશો. " તે સ્ત્રીએ ધીમે ધીમે કહ્યું.

" પણ તમારે રાજ્યનું કરજ તો મહેનત કરી સારી ઉપજ લાવીને નિયમિત ભરવું જોઇએ. " મંત્રીશ્વરે તેની હકીકત સાંભળીને કહ્યું.

" રાજ્યનું કરજ ભરવાની મારી ના નથી; પરંતુ મેં કહ્યું, એ કારણને લઇ હું હાલ ભરી શકું તેમ નથી એટલે મને રાહત આપવી જોઇએ. આવતા વર્ષે રાજ્યનું કરજ ભરવાને સારી મહેનત કરીશ; માટે આ વર્ષેજ ભરવાની તાકીદ નહિ કરવાની મારી વિનંતી છે. " તે સ્ત્રીએ કહ્યું.

" તમારી સ્થિતિ ખરેખરી ગરીબ છે ? " વસ્તુપાલે પૂછ્યું.

" જી, હા અને આપને મારા બોલવા ઉપર વિશ્વાસ ન આવતો હોય, તો ગામના પટેલને પૂછી જોશો એટલે ખાતરી થશે. " તે બાઇએ ઉત્તર આપ્યો.

" ઠીક, પણ વહીવટી અધિકારીએ તમારી પાસેથી લાંચ માગી, એ વાત ખરી છે ? " વસ્તુપાલે પુનઃ પૂછ્યું.

" જી, હા; એ વાત કેવલ સત્ય છે. મારા દિકરાના સોગન ખાઇને કહું છું કે તેણે મારી પાસેથી લાંચ માગી હતી અને મેં આપવાની ના પાડવાથી તે મને વધુ હેરાન કરે છે. મંત્રીશ્વર ! આપને શી વાત કહું ? એ વહીવટી અધિકારી લાંચ ખાવામાં અગ્રેસર છે અને રાજાનો કૃપાપાત્ર હોવાથી આખા ગામને પીડી રહ્યો છે. " તે બાઇએ જરા ઉત્તેજીત બનીને જવાબ આપ્યો.

" તમારૂં ગામ અહીંથી કેટલું દૂર છે ? " વસ્તુપાલે પ્રશ્ન કર્યો.

" ચાર કોશ. " બાઇએ કહ્યું.

" ઠીક, તમે અત્યારે રાજ્યની ધર્મશાળામાં જાઓ અને ત્યાં સાંજ સુધી રહો. તમારા ખાવાપીવાને માટે રાજ્ય તરફથી ગોઠવણ થશે. સાંજ પહેલાં તમારો ફરિયાદનો નિકાલ આવી જશે. " વસ્તુપાલે એમ કહીને પહેરેગીરને બોલાવ્યો.

પહેરેગીર હાજર થતાં વસ્તુપાલે આજ્ઞા કરી. " આ બાઇને રાજ્યની ધર્મશાળામાં સાંજપર્યંત રહેવાનું હોવાથી તેના ખાવાપીવાને માટે

રાજ્ય તરફથી વ્યવસ્થા કરવાની છે; માટે તે પ્રમાણે ગોઠવણુ કરવાની ધર્મશાળાના રક્ષકને સૂચના આપતાંની સાથે આ બાઈ જે ગામમાં રહે છે, તે ગામના વહીવટી અધિકારીને અંહી તેડી લાવવાને એક ઘોડેસ્વારને તુરતજ રવાના કરી મને ખબર આપ."

પહેરેગીર "જેવી આજ્ઞા" એમ કહીને બાઇને લઇ ત્વરાથી ચાલ્યો ગયો.

તે પછી વસ્તુપાળ ધવલક્કપુરનાં દરેક રાજકીય ખાતાની તપાસ કરવામાં ગુંથાયો અને જે ખાતામાં જે જે ખામીઓ જણાય, તેની નોંધ કરતો ગયો. કેટલોક સમય આ કામમાં પસાર કર્યા પછી, તે જમવાને માટે ગયો. તેનો બંધુ તેજપાલ પણ સૈન્યની તપાસ કરીને આવી પહોંચ્યો હતો અને વસ્તુપાલ ની રાહ જોઇ રહ્યો હતો એટલે બન્ને બંધુઓએ સાથે બેસીને ભોજન કર્યું અને ત્યાર પછી બેઠકના ખંડમાં આવીને બેઠા અને ધવલક્કપુરનો રાજ્ય વહીવટ અને તેનાં સૈન્ય સંબંધી ચર્ચા કરવા લાગ્યા. થોડીવાર વિશ્રાંતિ લઇને તેઓ રાજગઢમાં જવાની તૈયારી કરતા હતા, એટલામાં પહેરેગીરે આવીને જે વહીવટી અધિકારીને તેડી લાવવાને માટે ઘોડેસ્વાર મોકલ્યો હતો, તે આવી પહોંચ્યાની ખબર આપી. વસ્તુપાલે તેને અંદર આવવા દેવાની આજ્ઞા કરી એટલે સામંત ચાલ્યો ગયો અને વહીવટી અધિકારીએ ખંડમાં પ્રવેશ કર્યો.

તે મંત્રીશ્વરને નમન કરીને ઉભો રહ્યો કે તુરતજ વસ્તુપાલે પૂછ્યું. "તમેજ વહીવટ અધિકારી કે"

"જી, હા." તેણે ટુંકો ઉત્તર આપ્યો.

"બેસો.' મંત્રીશ્વરે તેને બેસવાનું કહેતાં પૂછ્યું. "તમારૂં નામ શું ?"

"મારૂં નામ સાગર." તે અધિકારીએ આસન ઉપર બેસતાં ઉત્તર આપ્યો.

"તમે ખેડુતો પાસેથી રાજ્યનું લેણું શી રીતે વસુલ કરો છો ?" મંત્રીશ્વરે પૂછ્યું.

"ખેડુતોની સ્થિતિનો વિચાર કરીને અને તેમની સગવડતા સાચવીને લેણું વસુલ કરવામાં આવે છે. આપણા રાજાની પણ એવીજ આજ્ઞા છે." સાગરે જવાબ આપ્યો.

રાજ્યનું લેણું વસુલ કરવા માટે ખેડુતો ઉપર કોઇ વાર તાકીદ કરવામાં આવે છે ખરી ?" વસ્તુપાલે પ્રશ્નો પૂછવાનું શરૂ રાખ્યું.

" ના, જરાપણુ નહિ. " સાગરે ઉત્તર આપ્યો.

" મારા સમજવા પ્રમાણે વહીવટી અધિકારી તરીકે તમને વેતન સારૂં મળે છે એટલે તમને કોઇવાર લાંચ લેવાની જરૂર પડતી નહિ હોય. " વસ્તુપાલે માર્મિકતાથી કહ્યું.

" લાંચ ! " સાગરે આશ્ચર્ય દર્શાવતાં કહ્યું. " આપ એ શી વાત કરો છો ? જો હું લાંચ લેતો હોઉં, તો હું રાજાનો કૃપાપાત્ર થાઉં ખરો કે ? આપ હજી નવાસવા છો એટલે મારી રીતભાતની આપને શી ખબર હોય ? "

સાગરનું ગર્વયુક્ત કથન સાંભળીને વસ્તુપાલનો ક્રોધ કાબુમાં ન રહ્યો; પરંતુ તેણે શાંતિ રાખીને કહ્યું. " તમે રાજાના કૃપાપાત્ર છો, એ હું જાણું છું; પરંતુ રાજાનો કૃપાપાત્ર માણુસ લાંચ ન લે, એમ તમારૂં કહેવું છે ? "

" હા; નહિ તો રાજાની કૃપા શી રીતે મેળવી શકાય ? " સાગરે કહ્યું.

" રાજાની કૃપા મેળવવાનાં અનેક સાધનો છે, પણુ એ વાત જવા દઇએ અને મૂળ વાત ઉપર આવીએ. શું તમે કોઇ વાર લાંચ લીધી નથી અને કોઇને નિરર્થક દુઃખ આપ્યું નથી ? " વસ્તુપાળે મૂળ વિષય ઉપર આવીને પ્રશ્ન કર્યો.

" ના; કોઇ વાર પણુ નહિ. " સાગરે બેદરકારીથી જવાબ આપ્યો.

" તમે ગરીબ પ્રજાને વિના કારણુ દુઃખ દો છો અને લાંચ પણુ લો છો, એ વાત સિદ્ધ છે, તે છતાં અસત્ય બોલવાનો ગુન્હો પણુ શા માટે કરો છો ? શું તમે ગઈ કાલે એક ખેડુતવર્ગની બાઇને ધમકી આપીને તેની પાસેથી લાંચની માગણી કરી નહોતી ? " મંત્રીશ્વરે ગુસ્સાથી આંખોને લાલ કરીને પૂછ્યું.

તે અધિકારી વસ્તુપાલના એ પ્રશ્નથી જરા ગભરાયો; પરંતુ તે કાંઇ એમ ડરી જાય તેવો નહોતો. તે વયે પ્રૌઢ હતો અને વળી રાજની ખટપટમાં પૂરો હતો; તેથી તેણે ગભરાટને દૂર કરી હિંમતથી કહ્યું. " ના, મેં કોઇ બાઇને ધમકી આપેલી નથી, તેમ તેની પાસેથી લાંચની માગણી પણુ કરેલી નથી. હું કોઇની પાસેથી કદિ લાંચ લેતો નથી. "

" બહુ સારૂં. તમે લાંચ લો છો કે નહિ, તે હમણાંજ સિદ્ધ થશે." વસ્તુપાલે એમ કહીને હાક મારી. " સામંત ! "

સામંત તુરતજ હાજર થયો અને નમીને આજ્ઞાની રાહ જોતો ઉભો રહ્યો.

વસ્તુપાલે તેને આજ્ઞા કરી. "પેલી બાઈને અત્યારે અહિં હાજર રાખવાની મેં તને આજ્ઞા કરી હતી, તે હાજર છે કે ?"

"જી, હા." સામંતે જવાબ આપ્યો,

"તેને અહીં મોકલ," વસ્તુપાલે કહ્યું.

સામંત ચાલ્યો ગયો અને થોડીજ વારમાં તે બાઇએ ઓરડામાં પ્રવેશ કર્યો.

બાઇને જોતાંજ વહીવટી અધિકારી ગભરાયો. તેણે તુરતજ કહ્યું. "આ સ્ત્રીને મેં ધમકી આપી હતી, પણ તે રાજ્યનું લેણું વસુલ કરવા માટેજ અને લાંચની માગણી મેં કરીજ નથી, તેમ છતાં આપને ખાતરી થતી ન હોય, તો તેને પૂછી જુઓ."

મંત્રીશ્વરે તેનું કથન નહિ સાંભળતાં તે સ્ત્રીને કહ્યું. "બોલો, જે સાચું હોય, તે કહો. આ અધિકારીએ તમારી પાસેથી લાંચની માગણી કરી હતી?"

"જી, હા. તેમણેજ માગણી કરી હતી. મારા દિકરાના સોગન ખાઇને કહું છું કે હું જે બોલું છું, તે તદ્દન સાચું છે," તેણે ઉત્તર આપ્યો.

વસ્તુપાલે લાલ આંખો કરીને વહીવટી અધિકારીને કહ્યું. "બોલો, હવે તમે તમારા ગુન્હાને કબુલ કરો છો કે નહિ ? કે હજી પણ અસત્ય બોલીને તમારા ગુન્હાને દ્વિગુણિત કરવા ઇચ્છો છો ?"

સ્ત્રીના પ્રત્યક્ષ પુરાવા આગળ એ અધિકારીનું કાંઇ વળે તેમ ન-હોતું, તે છતાં સમુદ્રમાં ડૂબતો માણસ જેમ કોઇ વસ્તુનું અવલંબન લેવાને ફાંફાં મારે છે, તેમ તેણે ગુન્હામાંથી છટકી જવાને અસત્યનું અવલંબન લઇને ઉત્તર આપ્યો. "મંત્રીશ્વર ! મેં એ સ્ત્રીની પાસેથી લાંચની માગણી કરીજ નથી. તે કેવળ અસત્ય બોલે છે."

"સાગર !" વસ્તુપાલે ગંભીરતાથી કહેવા માંડયું. "આ સ્ત્રીએ જે કહ્યું છે, તે સત્ય છે અને તમે કહ્યું છે, તે અસત્ય છે, એ હું તમારા ઉભયનાં મુખ ઉપરથી જોઇ શકું છું. તમારે યાદ રાખવું જોઇએ કે હવે આ પાટણનું માંડલિક રાજ્ય નથી; કિન્તુ સમસ્ત ગુજરાતનું કેન્દ્રસ્થ રાજ્ય છે અને જૂના રાજ્યમાં જેવો અન્યાય અને જેવું અંધેર ચાલતાં

હતાં, તેવો અન્યાય અને તેવું અંધેર આ નવા રાજ્યતંત્રમાં ચાલવાનાં નથી. નવાં રાજ્યતંત્રમાં તો ગરીબ અને શ્રીમંત સર્વને એક સરખો ન્યાય મળવાનો છે અને તેથી તમે તમારા ગુન્હામાંથી છટકી જઇ શકો તેમ નથી. હું તમને તમારાં હિતની ખાતર કહું છું કે તમે જે હકીકત હોય, તે સત્ય કહો અને નહિ તો તમારે તે માટે સહન કરવું પડશે. ”

“મારે સહન કરવું પડશે?” સાગરે અભિમાનથી કહ્યું. “શામાટે? હું મંડલેશ્વરનો કૃપાપાત્ર માણસ છું અને જો મારી ઉપર અકારણ દોષારોપણ થશે, તો હું તેમને ફરિયાદ કરીશ. ”

“ મંડલેશ્વરના કૃપાપાત્ર છો, એટલે શું થયું ? મંડલેશ્વરના તો શું પણ ખુદ યુવરાજ વીરધવલ કે જે હવે નવાં રાજ્યતંત્રના રાજા થયા છે, તેનાં કૃપાપાત્ર માણસને પણ જો તે દોષિત માલુમ પડે, તો અવશ્ય શિક્ષા થશે. સાગર ! તમે આ સ્ત્રીની પાસેથી લાંચની માગણી કરી છે, એ સિદ્ધ વાત છે, એટલુંજ નહિ પણ તમે રાજ્યની કૃપાનો દુરૂપયોગ કર્યો છે. તમે તમારા તાબાની પ્રજાને વિના કારણ દુઃખ દીધાનું પણ આ ઉપરથી સાબિત થાય છે અને તે કારણથી તમને અવશ્ય શિક્ષા થવીજ જોઇએ. આ વખતને માટે તમારો એકવીસો સુવર્ણ મુદ્રા દંડ કરવામાં આવે છે અને હવેથી જો તમારી રીતભાત સુધરશે નહિ અને તમારી વિરૂદ્ધ ફરિયાદ આવશે, તો તમારે કારાગૃહનું સેવન કરવું પડશે. જાઓ, દંડની રકમ તુરત અહીંના કોષાધિકારીને ભરીને મને ખબર આપો. હવે યાદ રાખજો કે આ નવું રાજ્યતંત્ર છે અને તેમાં રાય અને રંક સર્વને એક સરખો ન્યાય મળે છે. ” મંત્રીશ્વરે એ પ્રમાણે કહીને તે સ્ત્રી તરફ જોયું અને તેને ઉદ્દેશીને આગળ ચલાવ્યું. “ તમે પણ હવે જાઓ અને આ વર્ષે સારી મહેનત કરીને રાજ્યનું લેણું આવતા વર્ષે ભરી દેજો. ”

તે સ્ત્રી મંત્રીશ્વરને આશીર્વાદ આપીને ચાલી ગઇ અને તે પછી વહિવટી અધિકારી સાગર પણ નિસ્તેજ મુખે રવાના થઇ ગયો.

મહામાત્ય વસ્તુપાલ બની ગયેલી ઘટના વિષે વિચાર કરતો પોતાના બંધુ તેજપાલને સાથે લઇને સૈન્યનું વિશેષ નિરીક્ષણ કરવાને ચાલતો થયો.

# પ્રકરણ ૧૧ મું.

---

## તને કેવો વર ગમે ?

સમય મધ્યાન્હનો હતો અને તાપ સખ્ત પડતો હતો; તેથી ઘર કામથી પરવારી અને પ્રસ્વેદથી કંટાળી ચાર સમાન વયની કુમારીકાઓ વાર્તાલાપ કરતી એક ઓરડામાં બેઠેલી હતી. આ ચારે કન્યાઓ નજીકના પાડોશીઓની કન્યાઓ હોવાથી તથા એક બીજાની વચ્ચે સખીભાવ હોવાથી નવરાશના સમયે એકત્ર થતી હતી અને આનંદી વાર્તાલાપ કરીને સમયને વ્યતિત કરતી હતી. આ ચારે કુમારીકાઓ વયમાં તો સમાન હતી; પરંતુ રૂપ, રંગ અને સ્વભાવમાં સમાન નહોતી. તેમાંની એક સકલતનુ સુવેશા હતી, બીજી ગૌરાંગી હતી, ત્રીજી શ્યામા હતી અને ચોથી સુંદરી હતી. એકનાં નેત્રો કમળ સમાન હતાં, બીજીનાં ઓષ્ટદ્રય લાલ હતા, ત્રીજીનું મુખ લાવણ્યથી ભરપૂર હતું અને ચોથીનો કંઠપ્રદેશ અતિ ઉજ્જવલ હતો. આ પ્રમાણે જો કે એ ચારે કુમારીકાઓ રૂપસુંદરી કિંવા લાવણ્યમયી હતી; તો પણ તેમાંથી પહેલી કે જે સકલતનુસુવેશા હતી, તે તેનાં કમળ સમાન નેત્રો, સુડોળ નાસિકા, અવિરલ કુચયુગ્મ, દીર્ઘ કેશકલાપ, કૃશ શરીર અને પદ્મ સનાન સૌરભથી સર્વથી જુદી પડતી હતી. તેણે વસ્ત્રાલંકારો પણ બીજી કુમારીકાઓની સરખામણીમાં બહુ મૂલ્યવાન પહેરેલાં હતાં, તેથી તથા તેનાં અસાધારણ વ્યક્તિત્ત્વથી તે સર્વથી જુદી પડે તો તેમાં કાંઇ અસ્વભાવિકતા નહોતી. આ તેમનાં રૂપ–રંગની પરિક્ષા થઇ; હવે તેમના સ્વભાવની પરિક્ષા કરવાનું રહે છે; પરંતુ તે તો તેમનો વાર્તાલાપ સાંભળ્યા વિના કે તેમના વિશેષ પરિચયમાં આવ્યા વિના થઇ શકે તેમ નથી અને તેથી જો તેમના સ્વભાવની પરિક્ષા કરવી હોય, તો આપણે તેમનો વાર્તાલાપ ધીરજથી સાંભળવો જોઇએ અને તે પછીજ તેમના સ્વભાવ વિષે આપણો મત ઉચ્ચારવો જોઇએ.

સામાન્યતઃ સમાન વયની કુમારીકાઓ ભેગી થાય છે, ત્યારે તેમનો વચ્ચે વર સંબંધીજ વાર્તાલાપ થાય છે, એવો સાધારણ નીયમ છે અને આ નિયમાનુંસાર ઉપર્યુક્ત ચાર કુમારીકાઓ વચ્ચે પણ તત્સંબંધીજ વાર્તાલાપ થતો હતો.

" પદ્મા ! બીજી કુમારીકાએ વાતની શરૂઆત કરી. " મેં સાંભળ્યું

છે કે તારા ભાઇ તારૂં સગપણ નગરશેઠના પુત્ર જયદેવનાં સાથે કરવાના છે. શું આ વાત ખરી છે ?"

"મેં પણ તે વાત સાંભળી છે અને તેથી મને લાગે છે કે એ વાત ખરી હોવી જોઇએ." ત્રીજી કુમારીકાએ કહ્યું.

"મારા મોટા ભાઇ પણ આજ સવારે એવી વાત કરતા હતા; પરંતુ પદ્મા હા કે ના કહે ત્યારેજ આપણે તેનો નિર્ણય કરી શકીએને?" ચોથી કુમારીકાએ કહ્યું.

"પદ્મા ! કહે તો ખરી કે અમે સાંભળેલી વાત ખરી છે કે ખોટી ?" બીજી કુમારીકાએ પૂછ્યું.

ઉત્તરમાં પદ્મા મૌન રહી.

એ ઉપરથી ત્રીજી કુમારીકાએ કહ્યું. "પદ્મા ! આજને માટેજ નહિ; કિન્તુ જ્યારે જ્યારે વર સંબંધી વાત નીકળે છે, ત્યારે ત્યારે તું મૌનજ રહે છે, એ અમે સારી રીતે જાણીએ છીએ; પરંતુ એનાં કારણને અમે અત્યાર સુધી જાણી શકયા નથી; માટે આજ તો તુ પ્રથમ અમને એજ કહે કે તું વરની વાત નીકળતાં મૌન કેમ રહે છે ? શું તારે આજન્મ કુમારીકા રહેવું છે કે સ્વયંવર રચીને વર પસંદ કરવો છે?"

"સખી ચંપા ! પદ્માને તેં ઠીક પ્રશ્ન કર્યો છે; કારણકે તે વિના તે સીધો ઉત્તર આપશે નહિ." ચોથી કુમારીકાએ કહ્યું.

"સખી પદ્મા ! હવે તારે અમારા પ્રશ્નનો ખરેખરો ઉત્તર આપવો પડશે; કારણ કે તે વિના અમને સંતોષ થશે નહિ. અમને તો એ વાત સાંભળીને ઘણીજ ખુશાલી ઉત્પન્ન થઇ છે અને અમે તને નગરશેઠનો પુત્ર વર મળે, તો પરમ્ ભાગ્યશાલિની ગણીએ છીએ; માટે સખી ! જે વાત અમે સાંભળી છે, તે ખરી છે કે નહિ, તે તું વિના સંકોચે અમને કહી બતાવ કે જેથી અમારી ઉત્કંઠા શમી જાય." બીજી કુમારીકાએ આતુરતાપૂર્વક કહ્યું.

પદ્માએ જાણ્યું કે હવે ઉત્તર આપ્યા સિવાય ચાલે તેમ નથી; તેથી તેણે કહ્યું. "તમે બધી મારી પાસેથી તમારા પ્રશ્નનો ઉત્તર મેળવવાને આતુર થઇ રહી છો; પરંતુ ખરી રીતે કહું તો મને એ વાતની ચોક્કસ ખબર નથી. કુમારી કન્યાને માટે વરની જેમ તપાસ કરવામાં આવે છે, તેમ મારા વડિલ બંધુ મારા માટે તેવી તપાસ કોઇ સ્થળે કરતા હોય તો તે સ્વભાવિક છે; તેમાં તમે મને પૂછોછો શું ?"

"ઠીક, બ્હેન અમે તને એ વાત પૂછી, એ મોટી ભૂલ કરી; પ-

રંતુ એ તો તું અમને કહીશ કે તને જયદેવ ગમે છે કે નહિ ?" બીજીએ જરા ગંભીર બનીને પ્રશ્ન કર્યો.

"મને એ ગમે છે કે નહિ, એનો ઉત્તર હું પાછળથી આપીશ; પરંતુ પ્રથમ તો તમેજ કહોને કે તમને એ ગમે છે કે નહિ ?" પદ્માએ સામો પ્રશ્ન પૂછ્યો.

ચંપાએ ઉતાવળે જવાબ આપતાં કહ્યું. "અમને તો એ બહુજ ગમે છે. નગરશેઠના પુત્ર જયદેવ જેવો વર કોને ન ગમે? આખા ધવલક્કપુરમાં એના જેવો સર્વાંગ સુંદર બીજો કયો યુવક છે ?"

"ચંપાનું કથન બરાબર છે. જયદેવ જેવો વર મળવો, એ મોટાં ભાગ્યની વાત છે." ચોથીએ ચંપાના કથનને અનુમોદન આપ્યું.

"તમે બધી જયદેવની પ્રશંસા કરો છો; પરંતુ મને તો તેનામાં કાંઇ પ્રશંસા કરવા જેવું લાગતું નથી." પદ્માએ ઉત્તર આપ્યો.

"કેમ, તે રૂપવાન નથી ?" બીજીએ પૂછ્યું.

"રૂપવાન તો છે; પરંતુ રૂપ એ અગત્યની વસ્તુ નથી." પદ્માએ જવાબ આપ્યો.

"કેમ, તે શ્રીમંત નથી ?" ત્રીજી ચંપાએ પૂછ્યું.

"શ્રીમંત તો છે; પરંતુ શ્રીમંતતાની જરૂર નથી." પદ્માએ પુનઃ જવાબ આપ્યો.

"કેમ તે કુળવાન નથી ?" ચોથીએ પૂછ્યું.

"કુળવાન તો છે પરંતુ મારી પસંદગીમાં કુળની બહુ અગત્ય નથી" પદ્માએ ઉત્તર આપ્યો.

"ત્યારે તારી પસંદગીમાં કઈ વસ્તુની અગત્ય છે ? તને કેવો વર ગમે છે ? બીજી કુમારીકાએ અકળાઇને પૂછ્યું.

"મને કેવો વર ગમે છે, એ પછી વાત; પરંતુ પ્રથમ તો તુંજ કહે, ગુલાબ ! કે તને કેવો વર ગમે છે ?" પદ્માએ ઉત્તર નહિ આપતાં સામો પ્રશ્ન કર્યો.

"તારા પ્રશ્નનો ઉત્તર હું આપીશ; પરંતુ તે એવી શરતે કે તારે મારા પ્રશ્નનો ઉત્તર પાછળથી આપવો પડશે." ગુલાબે કહ્યું.

"તારી શરત મારે કબુલ છે." પદ્માએ કહ્યું.

"ત્યારે સાંભળ. મને તો નવયુવાન, સર્વાંગસુંદર અને પરમ રૂપવાન

વર ગમે છે અને મારા વરની પસંદગીમાં એ વાત ખાસ ધ્યાનમાં રાખવા મારાં માતાપિતાને ચંપાદ્વારાએ સૂચના પણ કરાવી છે. તું ભલે રૂપને અગત્યની વસ્તુ ગણતી ન હોય; પરંતુ હું તો તેનેજ અગત્યની ગણું છું. મારા મનથી રૂપવાન્ વરને પ્રાપ્ત કરવો, એજ સૌભાગ્યની વાત છે." ગુલાબે પોતાને કેવો વર ગમે છે, તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું.

"હવે તું કહે, ચંપા ! કે તને કેવો વર ગમે છે?" પદ્માએ ત્રીજી કુમારીકાને પૂછ્યું.

"મને ?" ચંપાએ સ્મિતપૂર્વક ઉત્તર આપતાં કહ્યું. "મને તો શ્રીમંત વર ગમે છે. ગુલાબનાં મનથી રૂપવાન વર શ્રેષ્ઠ છે: પરંતુ પાસે ધન-સંપત્તિ ન હોય, તો રૂપ શું કામનું ? સુખનો ઉપભોગ કરવાને માટે ધનનીજ જરૂર છે અને તેથી હું તો શ્રીમંત વરનેજ પસંદ કરૂં છું."

"અને કુમુદ ! તું કેવા વરને પસંદ કરે છે ?" પદ્માએ ચોથી કુમારીકાને પ્રશ્ન કર્યો.

કુમુદે જરા શરમાઇને ઉત્તર આપ્યો. "હું તો કુળવાન વરને પસંદ કરૂં છું. ઉચ્ચ કુળ આગળ રૂપ અને ધનની કાંઇ કિંમત નથી; કારણકે ઉચ્ચ કુળથી સમાજમાં જેવી પ્રતિષ્ઠા બંધાય છે અને માન-પાન મળે છે, તેવી પ્રતિષ્ઠા અને માન-પાન માત્ર રૂપવાન કે ધનવાન હોવાથી મળતાં નથી. ઉચ્ચ કુળ એ સમાજમાં શ્રેષ્ઠ વસ્તુ છે અને તેથી મને તો કુળવાન વર ગમે છે. અમારી પાસેથી તો તેં વર સંબંધી અભિપ્રાય જાણી લીધો; પરંતુ હવે તુંજ કહે કે તને કેવો વર ગમે છે ?"

પદ્મા જાણતી હતી કે પાછળથી વર સંબંધી અભિપ્રાય જણાવવાનો પોતાનો વારો પણ આવશે અને તેથી તે ઉત્તર આપવાને તૈયારજ હતી. તે આવા પ્રકારની ચર્ચા કરવામાં લજ્જાને ધરતી હતી; તોપણ તેની સખીઓના આગ્રહથી તેને ઉત્તર આપ્યા સિવાય ચાલે તેમ નહતું અને તેથી તેણે લજ્જાનાં આવરણને દૂર કરીને ઉત્તર આપતાં કહ્યું. "તમે બધીએ વરની પસંદગીમાં જે વસ્તુઓને મુખ્ય માની છે, તેમને હું ગૌણ માનું છું. વરની પસંદગીમાં રૂપ, ધન અને કુળ એ જો કે કેવળ અનાવશ્યક નથી; તોપણ મારા મતાનુસાર તો ગુણ એજ ખાસ કરીને આવશ્યક છે. રૂપવાન, ધનવાન કે કુળવાન પુરૂષ કરતાં ગુણવાન પુરૂષ સર્વોત્તમ છે અને તે કારણને લઇ હું તો ગુણવાન વરને પસંદ કરૂં છું. પુરૂષ રૂપવાન હોય, ધનવાન હોય અને કુળવાન પણ હોય; પરંતુ જો તે ગુણવાન એટલે કે સુશીલ, નિડર, નિરાભિમાન, વિદ્વાન, દયાળુ, ઉચ્ચાશયી, ધર્મ-

પ્રાણુ અને દેશ અને સમાજની સેવા કરનાર ઇત્યાદિ ગુણોથી અલંકૃત ન હોય, તો તેની કાંઇ કિંમત નથી; સત્ય કહું તો તે પુરૂષ જેવાં ઉત્તમ નામ અને પદને લાયકજ નથી. રૂપવાન, ધનવાન અને કુળવાન થવું અથવા હોવું, એ બહુ મુશ્કેલ વાત નથી; કિન્તુ ગુણવાન થવું એજ મુશ્કેલ વાત છે અને તેથી મને તો ગુણવાન અને ખરેખરો પુરૂષોત્તમ વર ગમે છે. વરની મારી પસંદગીમાં રૂપ, ધન અને કુળ કરતાં વધારે અગત્યની વસ્તુ ગુણ છે. જે પુરૂષ ગુણવાન અને પુરૂષનાં ઉત્તમ નામને લાયક હોતો નથી, તેને, તે જોકે રૂપવાન, ધનવાન અને કુળવાન હોય; તોપણ વર તરીકે હું પસંદ કરૂં નહિ."

"બ્હેન પદ્મા !" ગુલાએ તેનું કથન સાંભળીને પૂછ્યું "તારૂં કથન ઠીક છે; પરંતુ જયદેવ તું કહે છે, તેવો ગુણવાન નથી?"

"તે હું ખરોબર જાણતી નથી; કારણકે મારો તેની સાથે વિશેષ પરિચય નથી; તેને માત્ર સામાન્ય રીતે હું જાણું છું એટલુંજ." પદ્માએ ઉત્તર આપ્યો.

"ત્યારે કદાચ તારા ભાઇ તારૂં સગપણ તેની સાથે કરશે તો ?" ચંપાએ જાણવા માગ્યું.

"તો શું? મારા ભાઈ એમ કરશે, તો હું તેની સાથે પરણીશ; પરંતુ મારા ભાઇ મને પૂછયા સિવાય મારૂં સગપણ કરે નહિ; એવી મને ખાતરી છે અને તેથી તત્સંબંધમાં હું કેવળ નિશ્ચિંત છું." પદ્માએ ઉત્તર આપતાં કહ્યું.

"પણ ધારો કે જયદેવ રૂપવાન, ધનવાન અને કુળવાન હોવાની સાથે ગુણવાન પણ છે; તો તે તને ગમે કે નહિ ?" કુમુદે પ્રશ્ન કર્યો.

લજ્જાશીલા પદ્માએ એ પ્રશ્નનો જવાબ આપવાને જરા લજ્જાને પામી ખરી; પરંતુ તે પછી લજ્જાપટને જરા દૂર કરીને તેણે જવાબ આપ્યો. "શામાટે ન ગમે? રૂપવાન, ધનવાન અને કુળવાન હોવાની સાથે જે પુરૂષ ગુણવાન પણ હોય, તો તે કોને ન ગમે ?"

"ત્યારે એમજ કહી દે ને કે મને જયદેવ સર્વ વાતે ગમે છે ખરો; પરંતુ લજ્જાને લઇ સ્પષ્ટ કહી શકાતું નથી." ગુલાએ સ્મિત પૂર્વક કહ્યું. "સખી પદ્મા ! તારી ચાતુરી અગાધ છે, તારી પાસેથી કોઇ વાતને ત્વરાથી મેળવી શકાય તેમ નથી."

"ખરૂં છે. પદ્મા મહા ચતુરા અને ચાલાક છે, તે આપણે કયાં જાણતાં નથી !" ચંપાએ હસીને કહ્યું.

"હા; હા. પદ્મા ચતુરા છે, ચાલાક છે અને વધારે કહું તો ગંભીર પણ છે; તે કોઇ વાતનો ત્વરાથી કદિ પણ સ્વીકાર કરતી નથી, એ આપણા અનુભવની વાત છે. આપણે તો સર્વ ભોળીઓ છીએ અને જે પૂછે, તેનો જેવો હોય, તેવો સત્વર ઉત્તર આપી દઇએ છીએ; પરંતુ પદ્માનાં ઉદાહરણથી આપણે પણ ચતુરા અને ચાલાક થવાની અગત્ય છે. ઠીક, પણ આપણે આવ્યાને ઘણો સમય થઇ ગયો છે; માટે હવે જઇએ, તો ઠીક." એમ કહીને કુમુદ ઉભી થઇ અને તે સાથે બીજી બન્ને કુમારીકાઓ પણ ઉઠી ગઇ.

કુમુદે જતાં જતાં કહ્યું. "અને સખી પદ્મા! તું તારા મનગમતા વરની સાથે તુરતમાં પરણીને સુખી થા, એ અમારી પરમ ઇચ્છા છે."

કુમુદનાં એ કથનથી પદ્માનું ચંદ્રવદન મધુરાં સ્મિતથી ઝળકી ઉઠ્યું અને તે જોઇને તેની ત્રણે સખીઓ હાસ્ય કરતી કરતી સ્વસ્થાનકે ચાલી ગઇ.

# પ્રકરણ ૧૨ મું.

## પદ્માની પ્રતિજ્ઞા.

મંત્રીશ્વર વસ્તુપાલને ત્રણ ભાઇઓ અને સાત બ્હેનો હતી, એ આગળ લખાઈ ગયું છે. ચાર બંધુઓ અને સાત બ્હેનોમાં પદ્મા સર્વથી નાની હતી. તેનું વય લગભગ પંદરથી સોળ વર્ષનું હતું અને તે અવિવાહિત હોવાથી ધવલકકપુરના નગરશેઠના પુત્ર જયદેવની સાથે તેનો સગપણ-સંબંધ કરવાનો વિચાર વસ્તુપાલે કર્યો હતો. તેણે પોતાનો વિચાર નગરશેઠને કહી દર્શાવ્યો હોવાથી નગરશેઠ દ્વારા એ સંબંધી વાત બહાર આવી હતી અને તે કારણથીજ પદ્મા અને તેની સખીઓ વચ્ચે ગત પ્રકરણમાં વર્ણવેલી ચર્ચા થઇ હતી. જયદેવ અને પદ્માનો સગપણ-સંબંધ હજી જાહેર થયો નહોતો; પરંતુ તેમનાં વડિલો એ સગપણ સંબંધથી તેઓ ખુશી છે કે નહિ, એ જાણી લેવાનો પ્રયાસ કરતાં હતાં. આ કારણથી વસ્તુપાલે જયદેવને પોતાના આવાસે ભોજનનું નિમંત્રણ કર્યું હતું અને ગૃહના સ્ત્રી વર્ગે પદ્મા અને જયદેવનાં એકાંત મીલનનો યોગ રચી આપ્યો હતો.

ભોજન લીધા પછી વસ્તુપાલ અને તેજપાલ રાજ્યકાર્ય માટે બ-

હાર ગયા હતા અને જયદેવને પાછળ રોકી રાખવામાં આવ્યો હતો. થોડીવાર પછી જયદેવ જવાનું કરતો હતો; પરંતુ તેજપાળની સ્ત્રી અનુપમાના આગ્રહથી વધારે વાર રોકાયો અને તાપ સખ્ત પડતો હોવાથી આરામને માટે વાડાનાં વિશ્રાંતિ–ગૃહમાં ગયો.

જયદેવ નગરશેઠ અને શ્રીમંત પિતાનો પુત્ર હોવાથી વિલક્ષણ અને અભિમાની હતો. યૌવન અને ધનના મદથી તે ઉડાઉ અને શોખીન બની ગયો હતે અને સ્વેચ્છા મુજબ ગમે તેવી છૂટથી વર્તતો હતો; પરંતુ તે નગરશેઠનો પુત્ર હોવાથી તેનું ઘણું માન હતું અને લોકો તેને કાંઇ કહી શકતાં નહતાં. વળી તેના સ્વેચ્છાચારની વાત બહુ બહાર આવેલી નહોતી અને તેમાંએ વસ્તુપાલના જાણવામાં તો તે આવેલીજ નહોતી અને તેથી તે તેને સર્વ વાતે લાયક માનીને પદ્માનું સગપણ તેની સાથે કરવાને તૈયાર થયો હતો. પદ્માના કાને જયદેવના મોજી સ્વભાવની વાત આવી હતી, પરંતુ તેને તેનાં વિશેષ આચરણની ખબર નહોતી, એ આપણે ગત પ્રકરમાં તેણે જાહેર કરેલો વિચાર ઉપરથી જાણી શકીએ તેમ છીએ.

વસ્તુપાલનાં મકાનની પાછળના ભાગમાં વાડો આવેલો હતો અને તેમાં વિવિધ પ્રકારનાં વૃક્ષોની ઘન ઘટાથી સૂર્યનાં પ્રખર કિરણો પણ ભાગ્યેજ પ્રવેશી શકતાં હતાં. ઘરનાં મનુષ્યો આ વૃક્ષઘટાને વિશ્રાંતિ-ગૃહ કહેતાં હતાં અને તાપ તથા ઉકળાટના સમયે આરામને માટે ત્યાં આવીને ઘડીભર બેસતાં હતાં. જયદેવ આ સ્થળે આવ્યો, તે પહેલાં પદ્મા ત્યાં આવીને એક વૃક્ષની નીચે ઓટા ઉપર બેઠેલી હતી. આ પ્રમાણે તે પોતાની સ્વેચ્છાથી બેઠી નહોતી; કિન્તુ લલિતા, અનુપમા વગેરે તરફથી તેને ત્યાં બેસવાનો ફરજ પડેલી હોવાથી તે અનિચ્છાએ પણ ત્યાં આવીને બેઠી હતી. પદ્મા એક પગ ઓટા ઉપર અને એક પગ નીચે જમીન ઉપર રાખીને તથા પોતાના કોમળ કરને ગાલની સાથે ટેકાવીને વિચારનિદ્રામાં પડેલી હતી. આવી સ્થિતિમાં તે શા વિચારો કરતી હશે, એ જાણી શકાય તેમ નથી, પરંતુ તે જે સ્થિતિમાં બેઠેલી હતી, તે ઉપરથી સ્વર્ગભૂમિમાંથી ભૂલી પડેલી અને પાછું ત્યાં શી રીતે જઇ શકાશે, એવો વિચાર કરતી દેવાંગના સમાન જણાતી હતી.

જયદેવ રસિક હતો. તે પદ્માની મનોહારી સચેત પ્રતિમા જોઇને મંત્રમુગ્ધ થઇ ગયો અને તેની આંખો તેનાં સૌંદર્યને જોવાને અને તેના કર્ણ તેની મીઠી વાણી સાંભળવાને આતુર થઇ રહ્યાં. અત્યાર પહેલાં

પદ્માને તેણે નિહાળીને જોઇ નહોતી; જોવાનો પ્રસંગ પણ મળ્યો નહોતો. પરંતુ જ્યારથી તેના જાણવામાં આવ્યું હતું કે પદ્માનો સગપણ-સંબંધ તેની સાથે થવાની ચર્ચા થઇ રહી છે, ત્યારથી તે તેને જોવાને તલપાપડ થઈ રહ્યો હતો; કારણ કે તેણે પદ્માનાં રૂપ-ગુણની પ્રશંસા ઘણીવાર સાંભળી હતી. તે ત્વરાથી તેની સામે જઇને ઉભો રહ્યો. પદ્મા વિચાર-નિદ્રામાંથી એકદમ જાગૃત થઇ ગઇ અને જયદેવને આમ અચાનક આવેલો નિહાળીને સંકોચથી ઉભી થતાં ઓટાને અઢેલીને તથા જરા દૂર ખસીને અવનત મુખ કરીને ઉભી રહી. મોજી જયદેવ યૌવનમાં આવેલી કોમળ લતિકાને ઘડીભર તો અનિમિષ નયનોએ જોઇ રહ્યો. આ પ્રમાણે એ સકલતનુસુવેશા બાળાને જોતાં જોતાં ધરાઇ રહ્યો અને તેનાં નયનો શ્રમિત થઇ ગયાં, ત્યારે તેણે તેની સાથે વાર્તાલાપ કરવાનો અને તેનાં મુખની મીઠી વાણી સાંભળવાનો વિચાર કર્યો.

"પદ્મા ? તમે......" વાર્તાલાપની શરૂઆત શી રીતે કરવી, તેની સમજણ નહિ પડતાં તે એટલું બોલીને અટકી ગયો.

ક્ષણવાર વિચાર કરીને તેણે કહ્યું. "અત્યાર પહેલાં તમારા આવાસે હું બે-ત્રણ વાર આવ્યો હતો, તે વખતે તમે મારી સામે જોવાને શરમાતા નહોતા અને અત્યારે શામાટે શરમાઓ છો, તે હું સમજી શકતો નથી."

પદ્મા નિરૂત્તર રહી; તે કાંઇ બોલી નહિ.

"વળી આપણો સગપણ-સંબંધ થવાનો છે, એ વાત તમે જાણતા હશો અને તેથી આપણને શરમને મૂકી દેવાની અને પરસ્પર ચાહતાં શિખવાની જરૂર છે." જયદેવે કહ્યું.

પદ્મા પૂર્વવત્ મૌનજ રહી.

"પદ્મા ! તમે આમ મૌન કયાં સુધી રહેશો ? આપણો સગપણ-સંબંધ થાય, તે પહેલાં આપણને આ પ્રમાણે વાર્તાલાપ કરવાની તક મળી છે, એ આનંદજનક છે અને તેનો આપણે સદુપયોગ કરી લેવો જોઇએ." જયદેવ બોલ્યો.

પદ્માએ કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ.

"તમારા રૂપ-ગુણની પ્રશંસા મેં ઘણાંનાં મુખેથી સાંભળી છે, તેમાં તમારાં રૂપની પ્રશંસા તો તમને જોવાથી ખરી ઠરે છે; પરંતુ તમારાં ગુણની પ્રશંસા ખરી ઠરતી નથી. તમે ખરેખરાં ગુણી હો, તો

વિનય, વિવેક અને શિષ્ટાચારને કેમ ભૂલી ગયાં છો ? મને આવકાર કે સન્માન આપવાને બદલે તમે મૌન કેમ ઉભા છો ?" જયદેવે પૂછયું.

પદ્માએ આ વખતે પણ કાંઇ જવાબ આપ્યો નહિ; તે જેમની તેમ નિરૂત્તરજ ઉભી રહી.

રસિક જયદેવથી તેનું મૌન સહન થઈ શકયું નહિ. પદ્માનાં મૌનથી તેની આતુરતામાં ઓર વૃદ્ધિ થઇ. ચિત્તનાં ઉત્તેજનથી તે પદ્માની નજીક ગયો અને તેના કરને પોતાના હાથમાં લેવાને તેણે હાથ લંબાવ્યો.

પદ્મા જો કે અવનત મુખે ઉભી હતી, તોપણ તે અસાવધ નહોતી. જયદેવને નજીક આવેલો જોઇને અને પોતાનો કર પકડવા માટેની તેની ધૃષ્ટતા જોઇને તે ત્વરાથી દૂર ખસી ગઇ અને તરતજ તેણે ગુસ્સાભર્યાં નયનોએ તીવ્ર કટાક્ષ સહિત જયદેવની સામે જોયું.

જયદેવે તેના કટાક્ષ અને ગુસ્સાને જોયા; પણ તેથી તેને આશ્ચર્ય થયું નહિ. તેણે જરા હસીને કહ્યું. "પદ્મા ! તમે ગુસ્સે શા માટે થાઓ છો ? આપણો સગપણ સંબંધ થવાનો છે; એ વાત નિશ્ચિત છે; તો પછી આપણે શરમને શા માટે નિભાવવી જોઇએ ?"

જયદેવનુ એ કથન પદ્માને રૂચ્યું નહિ. તેણે ઇચ્છા નહિ છતાં પણ એ કથનને પ્રતિકાર કરવાને માટે કહ્યું. "સગપણ–સંબંધ થાય, તે વખતની વાત જૂદી અને અત્યારની વાત જૂદી. અત્યારે આપણે મર્યાદામાં રહીનેજ વર્ત્તવું જોઇએ. વિનય, વિવેક અને શિષ્ટાચારની વાતો કરનારા તમે તે વાતને કેમ ભૂલી જાઓ છો ?"

પદ્માની મધુર સંગિત સમાન કર્ણપ્રિય વાણી સાંભળીને જયદેવનાં હૃદયમાં કાંઇનું કાંઇ થવા લાગ્યું અને તેનું ચિત્ત વધુ ને વધુ પરવશ બનતું ગયું. તેણે હવે વાર્તાલાપના વિષયને બદલી નાંખ્યો અને વાણીની છૂટ લઇને પૂછયું. "પણ તમે–તું આપણા સગપણ–સંબંધનેતો ઇચ્છે છે ને ?"

અભિમાની બાલાએ ક્રુદ્ધ સ્વરે કહ્યું. "એ જાણવાની તમને શી અગત્ય છે ?"

"મને અગત્ય કેમ ન હોય ? જો તું આપણા સગપણ–સંબંધથી ખુશી હો, તો લગ્ન પછીનું આપણું જીવન સુખી નિવડી શકે અને જો તું તેથી ખુશી ન હો, તો બળાત્કારે કરેલાં લગ્નથી આપણું જીવન દુ:ખી નિવડે અને તેથીજ તું આપણા સગપણ–સંબંધથી ખુશી છે કે નહિ, તે જાણવા હું ઉત્સુક છું." જયદેવે જરા ગંભીરતાથી કહ્યું.

" તમારૂં કથન બરોબર છે; પરંતુ તે સંબંધી મારી ખુશી કે નાખુશીનો પ્રશ્ન બાજુએ રાખીને હું તમને એ કહેવા માગું છું કે પ્રથમ તો આપણો સગપણ–સંબંધ થવાનો છે, એ વાતને હું નિશ્ચયપૂર્વક જાણતી નથી. " પદ્માએ પણ ગંભીરતાથીજ કહ્યું.

" કેમ ? મંત્રીશ્વરેજ એ વાત મારા પિતાને કહી છે અને માત્ર મારા પિતા તેનો સ્વીકાર કરે એટલીજ વાર છે, તે છતાં તું તે જાણતી નથી, એ આશ્ચર્યજનક છે. " જયદેવે આશ્ચર્યથી કહ્યું.

" હા, એ આશ્ચર્યજનક ખરૂં; પરંતુ જેમ તમારા પિતાએ તમને એ વાત કહી જણાય છે, તેમ મારા બંધુએ મને કહી નથી અને તેથી હું એ સંબંધી નિશ્ચયપૂર્વક ન જાણતી હોઉં, તો તે કાંઇ અસ્વભાવિક નથી. " પદ્માએ સ્વાભાવિકતાથી કહ્યું.

" ઠીક, પણ તને તારો ભાઇ એ સંબધમાં કાંઈ પૂછશે કે નહિ ? તારી સંમતિ લેશે કે નહિ ? " જયદેવે પૂછ્યું.

" અલબત પૂછશેજ અને હું સંમતિ આપીશ, તોજ તે કાર્યને કરશે. તમે કહો છો કે તમારા પિતા એ વાતનો સ્વીકાર કરે એટલીજ વાર છે; પરંતુ મને જણાય છે કે મારા ભાઇએ તમારા પિતાને માત્ર સામાન્યતઃ તે વાત કરેલી હોવી જોઇએ; નિશ્ચય ઉપર આવીને તેમણે સગપણ–સંબંધની માગણી કરેલી હોવી જોઇએ નહિ; કારણ કે મારી ઇચ્છાને જાણ્યા વિના તે કદિ પણ નિશ્ચયાત્મક વાત કરે નહિ. " પદ્માએ ઉત્તર આપતાં કહ્યું.

" પણ તું આપણા સગપણ–સંબંધમાં સંમતિ આપીશ તો ખરી ને ? " જયદેવે પુનઃ પૂછ્યું.

પદ્મા એ પ્રશ્નના ઉત્તરમાં મૌન રહી; તે વિચારમાં પડી ગઇ.

"પદ્મા" ! તેને મૌન રહેલી જોઇને જયદેવે આગ્રહથી કહ્યું. " એ પ્રશ્નનો ઉત્તર તો તારે આપવોજ પડશે; કારણકે તે સાંભળવાને હું બહુ જ આતુર છું. "

જયદેવના પ્રશ્નનો શો ઉત્તર આપવો, તેનો વિચાર પદ્મા કરી રહી હતી. તેણે ગંભીર બનીને કહ્યું. " એ પ્રશ્ન તમે મને શામાટે પૂછો છો ? જો તમે મોજી, શોખીન, રસિક અને ઉડાઉ ન હો અને ઉદાર, દયાળુ, ધર્મપ્રાણુ અને સ્વકર્ત્તવ્યાધિન હો, તો આપણા સગપણ–સંબંધને હું સંમતિ આપવાનીજ. તેમાં મને પૂછવાની શી અગત્ય છે ? કારણ કે તમારા પ્રશ્નનો ઉત્તર તમે પોતેજ આપી શકો તેમ છો. "

પદ્માના એ ઉત્તરથી જયદેવ નિસ્તેજ બની ગયો. તેણે વિચાર્યું કે પદ્મા પોતાના ગુપ્ત આચાર-વિચારને થોડે અંશે પણ જાણતી હોવી જોઇએ અને તેથીજ તે દ્વિધાભાવે ઉત્તર આપે છે.

જયદેવ હતાશ થતાં બોલ્યો. " પણ તું જાણે છે કે હું કેવો છું ? "

" હું સર્વાંશે તો કાંઇ જાણતી નથી; પરંતુ મારા સાંભળવામાં જે કાંઈ આવ્યું છે, તે ઉપરથી હું અનુમાન કરી શકું છું કે તમે તમારાં કર્ત્તવ્યથી ભ્રષ્ટ થયેલા છો; તમે પુરૂષ નામને યોગ્ય નથી. " પદ્માએ નિડરતાથી જવાબ આપ્યો.

" ત્યારે તું આપણા સગપણ-સંબંધને સંમતિ આપવાની નહિજને ? " જયદેવે આત્મસંયમ કરીને ફરીથી પ્રશ્ન કર્યો.

" પણ તમે, મેં તમારા વિષે જે કાંઇ સાંભળ્યું છે, તેવા છો કે હું સંમતિ ન આપું ? " પદ્માએ ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

" ધાર કે હુ તેં સાંભળ્યું તેવોજ છું; તોપછી તું સંમતિ આપીશ કે નહિ ? " જયદેવે વળી પૂછ્યું.

" એનો ઉત્તર તમારા અંતઃકરણનેજ પૂછી જુઓ કે હું સંમતિ આપીશ કે નહિ ? " પદ્માએ સીધો ઉત્તર નહિ આપતા કહ્યું.

પદ્માનાં કથનથી જયદેવનો પીત્તો ઉછળી આવ્યો. તેની આંખોમાંથી ક્રોધના અંગારા વર્ષવા લાગ્યા. અભિમાનથી તેનું મસ્તક ઉંચું થયું. પણ પદ્માનાં સૌંદર્યે તેનાં અંતઃકરણ ઉપર એવી અસર કરી હતી કે તે પદ્મા જેવી રૂપસુંદરીને, તેનો તિરસ્કાર કરીને હાથમાંથી જવા દેવાને રાજી નહોતો. તે ગમે તે ઉપાયે પદ્માને-સૌંદર્યની પ્રતિમાને-પોતાની બનાવવાને આતુર બની ગયો હતો અને તેથી તેણે પોતાના ક્રોધને, અપમાનને અને અભિમાનને સમાવી દીધાં. તેણે મ્હોડાં ઉપર કૃત્રિમ હાસ્યની છટા આણીને મૃદુ સ્વરે પૂછ્યું. " ઠીક, પણ તું કેવા પુરૂષને પુરૂષનાં નામને લાયક ગણે છે ? તું કેવા પુરૂષની સાથે સગપણ-સંબંધ કરવાને ઇચ્છે છે ? "

" એ પ્રશ્નનો ઉત્તર આપવાને હું ખુશી નથી; પરંતુ તમારા માનની ખાતર તેનો ઉત્તર હું આપીશ. " પદ્મા એમ કહીને ઘડીવાર થોભી.

તેની આંખો વિલક્ષણ પ્રકારનાં તેજથી ચમકવા લાગી, તેનું વદન પ્રફુલ્લ બન્યું, તેનું અંગ પુલકિત થયું અને તેનાં સર્વ રોમ ઉત્તેજીત

બન્યાં; પરંતુ જયદેવ પુનઃ નિસ્તેજ બની ગયો. અપમાનથી તેનું મુખ શ્યામ બની ગયું; તોપણ તે ધીરજ ધરીને પદ્માનું કથન સાંભળવાને નિશ્ચય ભાવે ઉભો રહ્યો; કારણકે પદ્માનાં અલૌકિક રૂપથી તેને વિકાર થયો હતો અને તેથી તેણે ગમે તે ભોગે તેને પોતાની કરવાને નિશ્ચય કર્યો હતો.

પદ્માએ કહેવા માંડયું "જે પુરૂષ રસિક હોય પણ મોજી ન હોય જે પુરૂષ ઉદાર હોય, પણ ઉડાઉ ન હોય, જે પુરૂષ ધર્મપ્રાણ હોય, પણ અંધશ્રદ્ધાળુ ન હોય; જે પુરૂષ દયાળુ હોય, પણ નિર્બળ ન હોય; જે પુરૂષ સબળ હોય, પણ નિર્બળનું દમન કરનાર ન હોય, જે પુરૂષ ઉચ્ચાશયી હોય, પણ હવાઇ કિલ્લા બાંધનાર ન હોય અને જે પુરૂષ દેશ અને સમાજનો સેવક હોય, પણ દીન વૃત્તિવાળો ન હોય—એવા વીરશ્રેષ્ઠ પુરૂષની સાથેજ હું સગપણ કરવાને અને એવા પુરૂષોત્તમની અર્ધાંગના થવાને ઇચ્છું છું. આ મારી પ્રતિજ્ઞા છે અને એ પ્રતિજ્ઞાને પુરૂષોત્તમ વરને વરવાની પ્રતિજ્ઞાને ગમે તે ભોગે વળગી રહેવાનો મારો નિશ્ચય છે."

એ પ્રમાણે કહીને પદ્મા જયદેવના વિષાદપૂર્ણ વદન પ્રતિ જોઇ રહી.

પદ્માની પ્રતિજ્ઞાથી જયદેવને થોડો ઘણો ક્રોધ ઉત્પન્ન થયો નહિ અને તેના સ્થળે બીજો કોઇ માની પુરૂષ હોત, તો તેની પ્રતિજ્ઞા સાંભળીને ત્યાંથી ત્વરાથી ચાલ્યો ગયો હોત; પરંતુ જયદેવે ચાલ્યા જવાનુ પસંદ કર્યું નહિ. તેના મસ્તકમાં જૂદાજ પ્રકારનો વિચાર ઉદ્ભવ્યો. તેણે નિશ્ચય કર્યો કે આ વાચાળ છોકરીનો મદ ગમે તે ભોગે ઉતારવો જોઇએ અને તેને પરણીને પગ તળે છુંદી નાખવી જોઇએ. આ વિચારથી તેણે પોતાના ક્રોધને કાબુમાં રાખ્યો અને આત્મસંયમ કરીને કહ્યું. "પદ્મા! તારી પ્રતિજ્ઞા યોગ્યછે. તારા જેવી ગુણી બાળાએ ગુણવાન વરનેજ વરવું જોઇએ. ઠીક, પણ તેં મારા વિષે ગમે તેવી હકીકત સાંભળી તે ઉપર તારી સાથે વાદ વિવાદ કરવાનું મૂકી દઇને હું તને પૂછું છું કે હું તું કહે છે, તેવો પુરૂષ હોઉં અથવા તેવો પુરૂષ થવાનો પ્રયાસ કરૂં, તો તું મને વરશે કે નહિ? આપણા સગપણ-સંબંધને સંમતિ આપીશ કે નહિ?"

"અલબત." ભોળી પદ્માએ જવાબ આપ્યો. "જો તમે ખરેખરા કર્ત્તવ્યનિષ્ટ પુરૂષ થવાનો પ્રયાસ કરો અને છેવટે તેવા થશો, તો હું આપણા સગપણ-સંબંધને જરૂર સંમતિ આપીશ."

"બહુ સારૂં આજથીજ હું કર્ત્તવ્યપરાયણ પુરૂષ થવાનો પ્રયાસ કરૂં છું; પરંતુ તું, હું કર્ત્તવ્યપરાયણ પુરૂષ થઇને તારી પરિક્ષામાં પસાર થાઉં, ત્યાં સુધી રાહ જોઇશ ખરી ને?" જયદેવે જરા હસીને પૂછ્યું.

"જરૂર." પદ્માએ ઉત્સાહથી ઉત્તર આપ્યો.

પદ્માનું ઉત્સાહભર્યું વદન નિહાળીને જયદેવ ઉન્મત બન્યો, તેની આંખોમાં વિકાર ભરાઈ ગયો; પરંતુ તેણે આત્મ સંયમ કરતાં કહ્યું. "ઠીક, હવે હું રજા લઉં છું."

"ભલે." પદ્માએ હસીને સરલતાથી જવાબ આપ્યો.

પદ્માનાં એ હાસ્યથી તેનું મુખકમલ વિકસિત થયું અને એ અપૂર્વ, અલૌકિક અને અસાધારણ સુંદર દૃશ્યને વારંવાર જોતો જોતો જયદેવ ત્યાંથી ચાલ્યો ગયો.

તે ગયા પછી પદ્મા પણ ત્યાંથી હંસગતિએ પ્રયાણ કરી ગઇ.

# પ્રકરણ ૧૩ મું.

## પાટણની પરિસ્થિતિ.

"ગુજરાતનો નાથ મહારાજા ભીમદેવ હયાત છતાં વીરધવલ ધવલક્કપુરમાં નવું રાજ્યતંત્ર સ્થાપીને ગુજરાતનો રાજા બની બેઠો છે, એ હકીકત તો તમારા જાણવામાં આવી છે ને?" તરૂણ વયના એક પુરૂષે પ્રૌઢ વયના એક પુરૂષને વાતની શરૂઆત કરતાં પૂછયું.

જે ઓરડામાં આ બે પુરૂષો બેઠા હતા, તેમાં કેવળ શાંતિ પથરાયલી હતી; પરંતુ તરૂણ વયના પુરૂષે ઉપર્યુક્ત પ્રશ્ન ઉપસ્થિત કરીને પથરાયલી શાંતિનો ભંગ કર્યો.

"જયંતસિંહ!" પ્રૌઢ વયના પુરૂષે પ્રશ્ન કરનાર તરૂણને તેનાં નામથી સંબોધીને જવાબ આપતાં કહ્યું. "એ હકીકત મારા જાણવામાં કેટલાય વખતથી આવી છે અને જ્યારથી આવી છે, ત્યારથી મારૂં સમસ્ત શરીર ક્રોધાગ્નિથી બળી રહ્યું છે. એક રાજાની હયાતીમાં બીજાએ રાજા થવું અને નવાં રાજ્યતંત્રને સ્થાપન કરવું, એ કાંઇ જેવું તેવું સાહસ નથી. વીરધવલે ખરેખર મહાન્ સાહસ કર્યું છે અને હવે તેનું શું પરિણામ આવે છે, તે જોવાનું છે; પરંતુ જયંતસિંહ! વીરધવલ માત્ર ગુજરાતના યુવરાજ તરીકે મહારાજા ભીમદેવના નામથીજ રાજ્યકારોબાર ચલાવે છે, એમ મેં સાંભળ્યું છે, એ શું સત્ય છે?"

"એ સત્ય હો, કિંવા અસત્ય હો; એ સાથે આપણને કાંઇ લેવા

દેવા નથી. માનો કે એ વાત સત્ય છે; પરંતુ ગુજરાતના મહારાજા અને તેના ખરેખરા ઉત્તરાધિકારીની હયાતીમાં કોઇપણ સરદાર નવું રાજ્યતંત્ર સ્થાપન કરીને સ્વતંત્રતાથી રાજ્ય કારોબાર ચલાવે, એ યોગ્ય છે? એ આપણાથી જોઇ શકાશે?" જયંતસિંહે જુસ્સાથી પૂછ્યું

"નહિ, એ યોગ્ય નથી તેમજ આપણાથી જોઇ શકાય તેમ પણ નથી; પરંતુ આ સ્થિતિમાં આપણે શું કરવું, એ સવાલ આવીને ખડો થાય છે." પ્રૌઢ પુરૂષે કાંઇક ચિંતાતુરતાથી જવાબ આપ્યો.

"શું કરવું, એવો વિચાર કરીને બેસી રહેવાથી કાંઇ અર્થ સરે તેમ છે? નથી, તો પછી શા માટે આપણે કોઇ ઉપાયને શોધી કહાડવો ન જોઇએ?" તરૂણે આગ્રહથી પૂછ્યું.

"અવશ્ય શોધી કહાડવો જોઇએ; પરંતુ તુંજ કહે કે આપણે કેવા ઉપાયને અજમાવવા તૈયાર થવું? મહારાજા પોતે વીરધવલનાં સાહસને જાણતાં છતાં કાંઇ કરતાં નથી અને સંન્યાસી જેવું જીવન ગુજારે છે; તો પછી આપણે શું કરી શકીએ તેમ છીએ?" પ્રૌઢ પુરૂષે ઉત્તર આપતાં પૂછ્યું.

"ત્રિભુવનપાળજી! તમે પાટણની રાજ્યગાદીના ખરેખરા ઉત્તરાધિકારી અને ગુજરાતના મહાસામંત થઇને આવાં નિર્માલ્ય વચનો બોલો છો, એ મારાથી સાંભળી શકાતાં નથી. ગમે તે ઉપાય કરો અને ચાહે તો યુદ્ધ કરો; પરંતુ તમે ગુજરાતના શાસક બનો, એવો મારો ખાસ કરીને તમને આગ્રહ છે." જયંતસિંહે અત્યંત આગ્રહથી કહ્યું.

"ઠીક છે; તારા આગ્રહનો હું સ્વીકાર કરૂં છું; પરંતુ કંઇ પણ કરતાં પહેલાં આપણા પક્ષના આગેવાન સરદારોની સલાહ લેવાની અગત્ય છે અને તેથી મેં તેમને અત્રે બોલાવ્યા પણ છે. તેમની સાથેની ચર્ચાના અંતે જે નિર્ણય થશે, તે પ્રમાણે આપણે વર્ત્તશું." તે પ્રૌઢ પુરૂષ કે જે મહાસામંત ત્રિભુવપાલ સોલંકી હતો, તેણે જયતસિંહના આગ્રહનો સ્વીકાર કરતાં કહ્યું.

"ભલે, જેવી તમારી ઇચ્છા;" જયંતસિંહે કાંઇક ઉદાસીન ભાવે કહ્યું.

ત્રિભુવનપાલ તેની ઉદાસીનતાની દરકાર નહિ કરતાં મૌન બેસી રહ્યો અને જયંતસિંહ વિચારના વમળમાં તણાતો ઉભો થઇને ઓરડામાં આમ તેમ આંટા મારવા લાગ્યો.

કેટલોક સમય આ સ્થિતિમાં પસાર થઈ ગયો અને તે પછી

ત્રણ-ચાર સરદારો ત્યાં આવી પહોંચ્યા. ત્રિભુવનપાલે તેમનું યોગ્ય સન્માન કર્યું અને સર્વ યોગ્ય સ્થળે બેસી ગયા કે તુરતજ જયંતસિંહે કહ્યું. "આપણે અત્રે શામાટે મળ્યા છીએ, એ તો મારા સમજવા પ્રમાણે તમને જણાવવાની કાંઇ અગત્ય નથી. મહારાજા ભીમદેવ અને તેના ઉત્તરાધિકારી મહાસામંત ત્રિભુવનપાલજી હયાત છતાં વીરધવલે ધવલક્કપુરને ગુજરાતનું કેન્દ્રસ્થળ બનાવીને નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે, એ અસહ્ય છે-એ ગુજરાતની ગાદીના હિતેચ્છુઓથી જોઇ શકાય તેવું નથ. આ માટે આપણે શો ઉપાય કરવો, એ નક્કી કરવામાં આપણાં મીલનનો હેતુ છે."

"સામંત જયંતસિંહનું કથન બરાબર છે. આપણાથી વીરધવલનું સાહસ સહન થઈ શકે તેમ નથી અને તે માટે મહાસામંત ત્રિભુવનપાલજીની જે ઇચ્છા હોય અથવા તે જે ઉપાય દર્શાવે, તે પ્રમાણે વર્ત્તવાને અમે તૈયાર છીએ." સરદાર વીરસિંહે સર્વ તરફ પોતાની દૃષ્ટિ ફેરવીને કહ્યું.

"સામંત બંધુઓ!" ત્રિભુવનપાલે સર્વેને ઉદ્દેશીને કહ્યું. વીરધવલનાં સાહસની હકીકત જાણતાં મારાં હૃદયમાં ક્રોધાગ્નિ સળગી ઉઠયો છે અને મારૂં મસ્તક ક્રોધથી ભ્રમિત બની ગયું છે અને તેથી આ સંબંધમાં શો ઉપાય યોજવો અને શી રીતે વર્ત્તવું, તેની મને સમજણ પડતી નથી. હું તો તમે બધા ચર્ચા કરીને જે કાર્યક્રમ નક્કી કરો તે પ્રમાણે વર્ત્તવાને તૈયાર છું."

"વીરધવલે નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે, તે કાંઇ વગર વિચાર્યે અને વગર સલાહે સ્થાપન કર્યું નથી. તેણે આપણા વિરોધનો ખ્યાલ અગાઉથીજ કરી રાખ્યો હશે અને તેને પહોંચી વળવાને માટે તે તૈયાર પણ હશે. સદ્ગત મંત્રીશ્વર અશ્વરાજના બે પુત્રો વસ્તુપાળ અને તેજપાળને તેણે મંત્રીઓ બનાવ્યા છે અને તેમની સહાય અને સલાહથી ધવલક્કપુરના જૂના અધિકારીઓ અને સ્વતંત્ર ગરાસીઆઓને શામ, દામ, દંડ અને ભેદથી પોતાને વશ કરી લીધા છે. મારા સાંભળવા પ્રમાણે હાલ તો તે મહારાજા ભીમદેવનાં નામથીજ સઘળો રાજ્યકારભાર ચલાવે છે; પરંતુ ભવિષ્યમાં તે અથવા તેના વંશજ સમસ્ત ગુજરાતના મહારાજા બની જશે, એ નિઃસંશય છે. ધવલક્કપુરનું નવું રાજ્યતંત્ર સ્થાપન થયાંને થોડોજ સમય થયો છે, એટલામાં તો વીરધવળ અને વસ્તુપાલની હાક સમસ્ત ગુજરાતમાં વાગી રહી છે અને પાટણના માંડલિક રાજાઓ પણ તેથી વિચારમાં પડી ગયા છે. આ

કારણથી મારા કહેવાનો આશય એવો છે કે આપણે જે કાંઇ ઉપાય યોજવો, એ પૂરતા વિચારપૂર્વકજ યોજવો, એવી મારી તમને સલાહ છે." મંત્રી ચાંચિંગે હકીકતને વિસ્તારથી કહીને પોતાની સલાહને વ્યક્ત કરી.

"મંત્રીશ્વર! તમારી સલાહ બરોબર છે અને તે માટેજ મેં તમને તથા સરદાર વીરસિંહને ખાસ કરીને બોલાવ્યા છે. હવે તમે કહો કે શામ, દામ, દંડ અને ભેદ એ ચાર રાજ્યનિતિમાંથી કઇ નીતિ પ્રમાણે વર્ત્તવાની હાલના સમયમાં જરૂર છે?" ત્રિભુવનપાળે પૂછ્યું.

"બધી બાજુનો વિચાર કરતાં મારી સલાહ એવી છે કે પાટણના સામંતો, સરદારો અને માંડલિક રાજાઓમાંથી આપણા પક્ષમાં કોણ ઉભા રહેવાને તૈયાર છે, તેનો પ્રથમ નિર્ણય કરવાની જરૂર છે; કારણ કે હાલનો સમય એવો છે કે વગર વિચાર્યું કામ કરવામાં સાર નથી અને તેથી પહેલાં આપણે તેજ નક્કી કરવું જોઇએ. તે પછી સર્વાનુમતે આપણને જેમ ઠીક લાગશે, તેમ કરશું" સરદાર વીરસિંહે કહ્યું.

"અને મારો અભિપ્રાય એવો છે કે વીરસિંહજીની સલાહ પ્રમાણે વર્ત્તવાની સાથે મહારાજા ભીમદેવને મહાસામંતે મળવું અને તેમના શા વિચારો છે, તે જાણી લેવાનો પ્રયાસ કરવો; કારણકે મહારાજાના વિચારો જાણ્યા પછી આપણું કાર્ય ઘણુંજ સરલ થઇ જશે. અને તેથી મારો અભિપ્રાય મહારાજાને મળી તેમના વિચારો જાણી લેવાનો છે." મંત્રી ચાચિંગે કહ્યું.

"તમારી સલાહ અને તમારા અભિપ્રાયમાં કાંઇ સારભૂત નથી." સરદાર વીરસિંહ અને મંત્રી ચાચિંગનું કથન સાંભળીને જયંતસિંહે ગુસ્સાથી કહ્યું. "આપણા પક્ષના જે સામંતો, સરદારો અને માંડલિકો છે તે આપણે ગમે તે કાર્ય કરશું, તોપણ આપણા પક્ષમાંજ રહેવાના અને જે આપણા પક્ષમાં નથી તે આપણે ગમે તેમ કરીશું તોપણ આપણા પક્ષમાં આવવાના નથી; માટે તે સંબંધી નિર્ણય કરવામાં વખતને ગુમાવવો, એ કેવળ મૂર્ખતા છે. તેમજ મહારાજા ભીમદેવને મળવા જવું અને તેમના વિચારો જાણવા, એ પણ મૂર્ખતાજ છે. મહારાજા ભીમદેવ માત્ર નામનાજ મહારાજા છે. ખરી રીતે તો તે સંન્યાસી છે અને તેથી તેમને મળવાની કે તેમના વિચારો જાણવાની મારા મતાનુસાર જરા પણ અગત્ય નથી. આપણે જેમ જેમ વખતને નાહક ગુમાવીએ છીએ, તેમ તેમ વીરધવલની સત્તા પ્રબળતાને પામતી

જાય છે; માટે હવે વખતને નહિ ગુમાવતાં જે કરવું હોય, તે તત્કાળ કરવાની જરૂર છે."

"જે કરવું હોય, તે તત્કાળ કરવાની જરૂર છે, એ ઠીક છે; પરંતુ શું કરવાની જરૂર છે, તે કેમ કહેતાં નથી!" મંત્રી ચાચિંગે જયંતસિંહનાં છેલ્લાં વાક્યને પકડીને પૂછ્યું,

"શું કરવાની જરૂર છે, એ પ્રશ્ન શામાટે પૂછો છો? સમય અને સ્થિતિનો વિચાર કરતાં વીરધવલની સાથે યુદ્ધજ કરવાની જરૂર છે, એ શું તમે જાણતા નથી?" જયંતસિંહે તુરતજ ઉત્તર આપતાં કહ્યું.

"સામંત જયંતસિંહ! તમે હાલનાં સમય અને સ્થિતિનો વિચાર કરતાં યુદ્ધ કરવાની જરૂર દર્શાવો છો, એ જો કે ઠીક છે; તોપણ મારા મતાનુસાર તેવી ઉતાવળ કરવાની તત્કાળ અગત્ય નથી. હાલનો સમય એવો બારીક છે કે બહુજ વિચાર પૂર્વક વર્ત્તવામાં લાભ છે. તમે એક વખત પાટણનાં રાજ્યકોષ અને રાજ્યગાદીને કબજે કરી શક્યા હતા, તે ઉપરથી તમે જો યુદ્ધ કરવાનું કહેતા હો, તો તે તમારૂં એ કથન અર્થહિન છે. તે સમય અને હાલના સમયમાં મોટો ફેરફાર થઇ ગયો છે. મહારાજા ભીમદેવ નામનાજ મહારાજા હોય; તોપણ તેમના વિચારો જાણવાની જરૂર છે; કારણકે તે વીરધવલનાં કાર્યથી નારાજ થયા છે કે નહિ તે જો આપણા સમજવામાં આવી જાય, તો આપણું કાર્ય ઘણુંજ સરલ થઇ જાય તેમ છે. આ કારણથીજ મહારાજા ભીમદેવને મળવાનો અને તેમના વિચારો જાણી લેવાનો હું અનુરોધ કરી રહ્યો છું." મંત્રી ચાચિંગે ગંભીરતા પૂર્વક કહ્યું.

"તમારો અભિપ્રાય મને યોગ્ય જણાય છે. મહા સામંત ત્રિભુવનપાલજી અત્યારેજ મહારાજાને મળવા જાય, એ ઠીક છે." સરદાર વીરસિંહને મંત્રી ચાચિંગનાં કથનને અનુમોદન આપતાં કહ્યું.

"બહુ સારૂ. મહારાજાની પાસે હું અત્યારેજ જાઉં છું." ત્રિભુવનપાલે ઉભા થતાં સર્વ તરફ જોઇને કહ્યું.

"અને અમે હવે જઇએ છીએ; રાતે પાછાં મળશું." એમ કહીને ચાચિંગ, વીરસિંહ અને બીજા સામંતો ચાલ્યા ગયા.

જયંતસિંહ એકલો રહ્યો. તેનાથી બહાર જઇ શકાય તેમ નહોતું; કારણ કે તે રાજ્યવિરૂદ્ધ બળવો જગાડવાનો ગુન્હેગાર હતો. તે પીંજરામાં પૂરાયલા સિંહની માફક ઓરડામાં આમતેમ આંટા મારવા લાગ્યો. ક્ષણવાર એ પ્રમાણે આંટા માર્યા પછી તેના મગજમાં કાંઇક વિચાર

આવતાં તે બીજા ઓરડામાં ચાલ્યો ગયો. તે પછી થોડીવારે એક તરૂણ સંન્યાસી ત્રિભુવનપાલના આવાસમાંથી બહાર પડયો અને પાટણના મનુષ્યોથી ઉભરાઇ જતાં રાજમાર્ગમાં અદશ્ય થઇ ગયો.

× × × × ×

મહાસામંત ત્રિભુવનપાલ પોતાના આવાસેથી સીધો રાજ્યમહાલય તરફ ગયો અને થોડીજ વારમાં ભીમદેવનાં નિવાસસ્થાને આવી પહોંચ્યો. તેને ભીમદેવની પાસે ગમે તે વખતે અને ગમે ત્યારે જવાની છૂટ હતી; તેથી તેને અંદર જવા માટે આજ્ઞા મેળવવાની અગત્ય નહોતી; તેમ છતાં તે દ્વાર પાસે જરા વાર ઉભો રહ્યો અને ઓરડાની અંદર કોઇ છે કે નહિ, તે દ્વારપાલ પાસેથી જાણ્યા પછીજ અંદર ગયો. ગુજરાતનો નાથ અને પાટણનો પતિ મહારાજા ભીમદેવ વિરામાસન ઉપર વિચાર-ગ્રસ્ત અવસ્થામાં આડો પડેલો હતો. તેનું ભવ્ય મુખ જો કે ચિંતાનાં સેવનથી કરમાઇ ગયું હતું; તોપણ તેની ઉપરનું રાજતેજ ઝાંખું આછું પણ ચળકતું હતું. ભીમદેવે વસ્ત્રો સાદાં અને સફેદ પહેરેલાં હોવાથી તેનો એકંદર દેખાવ રાજા કરતાં સંસાર ત્યાગી સંન્યાસીને વધારે મળતો આવતો હતો. ત્રિભુવનપાલે ઓરડામાં પ્રવેશ કર્યો એટલે તેના પગરવટનો અવાજ થયો અને તે સાંભળીને ભીમદેવે તેની સામે જોયું. ત્રિભુવનપાલે નમન કર્યું અને આજ્ઞાની રાહ જોતો તે ઉભો રહ્યો.

ક્ષણવાર વિચાર કરી ભીમદેવે ગંભીર અવાજે કહ્યું. “ મહાસા-મંત ! બેસો. તમે મારી પાસે અત્યારે શા કારણથી આવ્યા છો, તે હું જાણું છું. ”

ત્રિભુવનપાલે આશ્ચર્ય પામી આસન ઉપર બેસતાં કહ્યું. “મહારાજ ! આટલું બધું માન મને શા માટે આપો છો ? મારો કાંઈ અપરાધ થયો છે કે આપ મને માનથી બોલાવો છો ? ”

“ ના, ત્રિભુવનપાલ ! તારો અપરાધ તો કાંઇ થયો નથી; પરંતુ આજે મારા મુખમાંથી તારા માટે માનના શબ્દો અચાનક નીકળી ગયા છે. વળી તું મહાસામંત હોવાથી તને માનથી બોલાવવામાં શી હરકત છે ? ”

“હરકત બધી છે જો આપ મને માનથી બોલાવશો તો હું સમજીશ કે આપની મારા ઉપર અવકૃપા થયેલી છે. મને આપનું માન નથી જોઇતું, પણ આપનાં સ્નેહ અને કૃપા જોઇએ છીએ. ” ત્રિભુવનપાલે કહ્યું.

“ ઠીક; તારી એવી ઇચ્છા છે, તો હું તને પ્રથમની જેમજ બોલાવીશ અને તારી ઉપર સ્નેહ અને કૃપા રાખીશ; પરંતુ તું મારા

સ્નેહ અને કૃપાને લાયક રહ્યો છે ખરો? તારી મારા પ્રત્યેની માન-બુદ્ધિમાં ફેરફાર થઇ ગયો નથી? તું મારા વિરૂદ્ધ કાવત્રામાં સામેલ થયો નથી?" અને તુ પાટણની રાજ્યગાદીને હસ્તગત કરવાને આતુર થઇ રહ્યો નથી?" ભીમદેવે ઉપરાસાપરી પ્રશ્નો પૂછીને તેને ગભરાવી મૂકયો.

ત્રિભુવનપાલ ચૂપ રહ્યો; તે કાંઇ બોલી શકયો નહિ. બોલવા જેટલી તેનામાં હિંમત પણ રહી નહોતી.

ભીમદેવે તેની તરફ વધારે તીવ્રતાથી જોઇને કહેવા માંડયું. "ત્રિભુવનપાલ? તારા આવાસે વિશ્વાસઘાતક સામંતોને એકત્ર કરીને તું કાવત્રાંને ઉત્તેજન આપતો નથી કે? ભયંકર અંધાધુંધીમાં મારાં પડખે ઉભા રહેવાના બદલે તું કાવત્રાંબાજ સામંતોને ઉશ્કેરવામાં આનંદ અને સ્વાર્થ માનતો હતો અને હજી પણ માને છે, એ શું સત્ય નથી કે? કેમ જવાબ આપતો નથી? શા માટે શરમાય છે? મેં તને તારી યોગ્યતા નહિ છતાં મહાસામંતનાં પદે ચડાવ્યો અને તને મારો આત્મીય માણસ ગણ્યો, તેનું આજ ફળ કે? બોલ, તારે શું જોઇએ છીએ? તું શા માટે કાવત્રાંબાજ સામંતોને પક્ષમાં લઈ ધાંધલ કરી રહ્યો છે? તારે પાટણની રાજ્યગાદી જોઇએ છે શું? જોઇતી હોય, તો હા પાડ; સ્પષ્ટતાથી મારી સન્મુખ કબુલ કર અને હું તને ગમે તે ભોગે પણ પાટણની રાજ્યગાદી અત્યારથીજ—આ ક્ષણથીજ આપી દેવાને તૈયાર છું. હું રાજ્યગાદી ઉપર બેસી બેસીને કંટાળી ગયો છું; મને તેની જરૂર નથી."

ભીમદેવનું ઉપર્યુક્ત કથન સાંભળીને ત્રિભુવનપાલ અવાક્ થઇ ગયો. તે શરમનો માર્યો કેવળ નીચું જોઇને બેસી રહ્યો.

ભીમદેવે આગળ ચલાવ્યું. "ત્રિભુવનપાલ! તને તારા દોષો જણાતા નહિ હોય; પરંતુ હું તને તે કહી બતાવું છું, તે ધ્યાનપૂર્વક સાંભળ અને તેથી તું શા કારણથી પાટણની રાજ્યગાદીનો ઉત્તરાધિકાર ગુમાવી બેઠો છે, તેનું તને ભાન થશે; કારણ કે તારાં મનમાં એ વાત ખટકતી હોવાથીજ મેં અત્યારે એ વાતનો ખુલાસો કરવાનું યોગ્ય ધાર્યું છે.

દિલ્હીના રાજા સોમેશ્વર અને પૃથિવીરાજ તથા મુસલમાનોની સાથેના યુદ્ધ વખતે તું મારાં પડખે ને પડખે રહ્યો હતો અને તે યુધ્ધોમાં તેં બહાદુરી પણ દર્શાવી હતી. ત્યાંસુધી બધું ઠીક હતું અને હું તને મારા ઉત્તરાધિકારી તરીકે માનતો હતો અને તેથી મનમાં આનંદ પામતો હતો; પરંતુ કુતુબુદ્દીનના હલ્લામાં મારો પરાજય થયો અને ત્યાર પછી જે ભયંકર અંધાધુંધી ચાલી રહી, તેનો લાભ લઇને કેટલાક વિશ્વાસઘાતક

સામંતો પાટણની રાજ્યગાદીને હસ્તગત કરવાને કાવત્રાં કરવા લાગ્યા. આ સમયે હું સન્યાસી બનીને દૂર દેશમાં ચાલ્યો ગયો હતો; તોપણ પાટણની બધી હકીકત મારા જાણવામાં આવતી હતી. મારા પછી પાટણની રાજ્યગાદી તનેજ મળવાની હતી; પરંતુ તું એ વાત ભૂલી ગયો અને કાવત્રાંબાજ સામંતોના પક્ષમાં ભળીને રાજ્યગાદીને એકદમ હસ્તગત કરવાને તૈયાર થઇ ગયો. આ સમયે મને મારાં કર્ત્તવ્યનું ભાન કરાવીને પાટણને કાવત્રાંબાજ સામંતોના હાથમાંથી કોઇએ બચાવ્યું હોય, તો તે અર્ણોરાજ અને લવણપ્રસાદ હતા. તેમણે પાટણની રાજ્યગાદીને સુરક્ષિત રાખવાને અને કાવત્રાંખોર સામંતોને મહાત કરવાને અથાગ પરિશ્રમ કર્યો હતો અને તેમાં વીર અર્ણોરાજનું મૃત્યુ થયાનું પણ જાણીતું છે. મુસલ્માનોને હરાવવાને અને તેમનેગુજરાતમાંથી હાંકી કહાડવાને જ્યારે હું વાઘેલા સરદારોની સાથે તેઓની પાછળ પડયો હતો, ત્યારે પાછળથી મારી ગેરહાજરીનો લાભ લઇ જયંતસિંહે પાટણનો કબજો કરી લીધો હતો; પરંતુ અમારાં આગમન પછી તેને હાર પામીને કેવી રીતે નાશી જવું પડયું હતું, તે પણ જાણીતું છે. સદ્ગત અર્ણોરાજે અને લવણપ્રસાદે તે સમયે પાટણની જે સેવા કરી હતી, તે ઘણીજ પ્રશંસનીય હોવાથી મેં તેના પુત્ર વીરધવલને પાટણનો યુવરાજ બનાવીને તેમની યોગ્ય કદર કરી છે. વીરધવલને હું સારી રીત્યા ઓળખું છું. તે ઘણોજ બહાદુર, વીર અને સુયોગ્ય યુવક છે અને વળી યુવરાજપદને સર્વથા લાયક છે. વીરધવલને યુવરાજ જાહેર કર્યા પછી પણ તેં ખટપટ કરવામાં બાકી રાખી નથી. તારા આવાસે વાડીમાં પાટણના સામંતોને એકત્ર કરી મારા કાર્યને વખોડી કહાડવા તેં પ્રયાસ કર્યો હતો અને તે વખતે તારે અને વીરધવલને ઝપાપપી થઇ હતી, એ ઘટના મારી જાણ બહાર નથી. ટુંકામાં કહું તો તમારાં દરેક કાવત્રાંથી હું જાણીતો છું; પરંતુ રાજ્યખટપટનો મેં ત્યાગ કરેલો હોવાથી અને આ રાજ્યમહાલયમાં વસતાં છતાં હું કેવળ સાધુ-જીવનજ ગુજારતો હોવાથી હું કાંઇ લક્ષ્યમાં લેતો નથી અને જે નવી નવી ઘટનાઓ બન્યા કરે છે, તેને ઉદાસીનતાથી જોઇ રહું છું. મારૂં ચિત્ત મારાં જીવનમાં બની ગયેલી ઘટનાઓથી તથા મારાં કેટલાંક અવિચારી કાર્યોથી એટલું બધું શાંત અને ઉદાસ થઇ ગયું છે કે મને હવે કોઇ પણ કાર્યમાં રસ પડતો નથી અને તેથી સન્યાસીની જેમ ભગવાન્ સોમનાથની ઉપાસના કરતો કરતો જીવનને વ્યતિત કરૂં છું. ત્રિભુવનપાલ ! હવે તું વિચાર કર કે પાટણની રાજ્યગાદીના ઉત્તરાધિકારને તું શા કારણથી ગુમાવી બેઠો છે ?"

ત્રિભુવનપાલ મહારાજ **ભીમદેવનું** ઉપાલંભરૂપ લાંબું કથન સાંભળીને કેવળ ઝંખવાણો પડી ગયો અને હવે શું બોલવું અને શું ન બોલવું, તે વિષે વિચાર કરવા લાગ્યો. તે અંહી શા કારણથી આવ્યો હતો અને **ભીમદેવની** સાથે શી વાતચિત્ત કરવાની હતી, તે ભૂલી ગયો. ક્ષણવાર રહી તેણે કાંઇક યાદ આવતા પૂછવાની હિંમત કરી. "મહારાજ ! આપે **વીરધવલને** પાટણનો યુવરાજ અને આપનો ઉત્તરાધિકારી બનાવ્યો, એ તો ઠીક, પણ તેને ગુજરાતનો મહારાજા તો બનાવી દીધો નથી ને ?"

"ના, હાલ તુરત તો તે યુવરાજ છે પણ યુવરાજ એ ભવિષ્યનો મહારાજ, એ તું ક્યાં નથી જાણતો કે મારી પાસેથી જાણવા માગે છે ?" **ભીમદેવે** જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

"ભવિષ્યની વાત ભવિષ્યમાં જોઇ લેવાશે, પણ હાલ તો તે ગુજરાતનો મહારાજ નથી ને ? ત્રિભુવનપાલે વધારે હિંમત લાવીને પૂછ્યું.

"ત્રિભુવનપાલ ! તું આ પ્રશ્ન મને શા માટે પૂછે છે, એ હું જાણું છું. **વીરધવલે** વસ્તુપાલ તથા તેજપાલ એ બન્ને વણિક બંધુઓને મંત્રીપદે સ્થાપીને ધવલક્કપુરમાં નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે અને તેમ કરીને તે ગુજરાતનો મહારાજા બની બેઠો છે, એમ ધારીનેજ તું એ પ્રશ્ન મને પૂછે છે, એ મારી જાણ બહાર નથી. અલબત તેણે નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે; પરંતુ ત્રિભુવનપાલ ! તે મારી ઇચ્છાથીજ. મંડલેશ્વર **લવણપ્રસાદે** અને યુવરાજ **વીરધવલે** મારી ઇચ્છા જાણ્યા પછીજ તે સાહસ કરેલું છે અને વળી તે માત્ર પાટણનો યુવરાજ રહીને મારાં નામથી બધી સત્તા ચલાવે છે. બોલ, હવે તારે કાંઇ કહેવાનું કે પૂછવાનું છે ?" **ભીમદેવે** ઉત્તર આપતાં પુનઃ પ્રશ્ન કર્યો.

"ઠીક, પણ પાટણનું રાજ્યતંત્ર અને તેને ચલાવનારા આપ હોવા છતાં તેને નવું રાજ્યતંત્ર સ્થાપન કરવાની શી જરૂર પડી ? શું પાટણનું રાજ્યતંત્ર અને તેને ચલાવનારા શાસકો નિર્બળ બની ગયા છે કે **વીરધવલ** નવું રાજ્યતંત્ર સ્થાપીને સમસ્ત ગુજરાતનું સ્વામીત્વ ભોગવે ? આ તેનો અન્યાય નથી શું ?" ત્રિભુવનપાળની હીંમત વધવા લાગી

"ત્રિભુવનપાળ ! પાટણનું પૂર્વનું રાજ્યતંત્ર અને તેનો પૂર્વનો નાથ મહારાજા **ભીમદેવ** અત્યારે નથી. પાટણ છે, પણ તેનું ગૌરવ નથી. **ભીમદેવ** છે, પણ ગુજરાતનો નાથ નથી. પૂર્વની અને અત્યારની

સ્થિતિમાં ઘણું સ્થિત્યંતર થઈ ગયું છે, અને તેનું કારણ તારા જેવા સામંતો તથા માંડલિક રાજાઓનો વિશ્વાસઘાત છે. જે ભીમદેવની વીર હાકથી દિલ્હીના ચૌહાણો અને આબુના પરમારો તથા મુસલમાનો સુદ્ધાંત ધ્રુજતા હતા અને જેનો આણમાં રહેવાને પાટણના સામંતો અને માંડલિકો ગારવ સમજતા હતા, તે ભીમદેવ અત્યારે નથી. હું કબુલ કરૂં છું કે મારી મૂર્ખાઇથી અને મારા ભોળપણથીજ આ સ્થિતિ ઉત્પન થઇ છે અને તેને સુધારવી હોય, તો સુધારી શકાય તેમ પણ છે; પરંતુ રાજ્યનાં વિકટ કાર્યોમાં ભાગ લેવા જેટલું મારામાં હવે સામર્થ્ય રહ્યું નથી. આ ઉપરથી તું એમ માનીશ નહિ કે ભીમદેવ કેવળ નિર્બળ બની ગયો છે અને સામંતો અને માંડલિકોથી ડરે છે. ખરી હકીકત તો એવી છે કે હું હવે રાજ્યકાર્યમાં ભાગ લેવાને ઇચ્છતો નથી. મને તેના ઉપર સખ્ત અભાવ આવી ગયો છે. ચૌહાણો અને પરમારોની સાથે વેર કરી ને મુસલમાનોના હાથે હાર ખાવાથી તથા મારી પ્રાણાધિક રાણી લીલાવતીનાં અકાળ સ્વર્ગગમનથી મારો ઉત્સાહ ચાલ્યો ગયો છે. આસપાસનાં રજપુત રાજ્યોની સાથે વિના કારણ વેર કરીને મેં જે મુર્ખાઇ કરી છે અને ભોળપથથી તેમની સાથે યુધ્ધો કરી ગુજરાતી સૈનિકોનો જે નિરર્થક નાશ કરાવ્યો છે, તેથી મને ઘણોજ પશ્ચાતાપ થાય છે. એક તરફથી આ પશ્ચાતાપરૂપી અગ્નિથી અને બીજી તરફથી રાણીના વિયોગરૂપી શોકાગ્નિથી મારૂં સમસ્ત શરીર બળી રહ્યું હોવાથી તેની શાંતિને માટે મારે પ્રથમ ઉપાય કરવાનો છે અને આ ઉપાય ક્યારે થઇ શકે કે જ્યારે હું રાજ્યકાર્યોથી અલગ રહું, ત્યારેજ ત્રિભુવનપાલ! આ કારણથી હું ગુજરાતનું રાજ્યતંત્ર વીરધવલને સોંપી રાજ્યધુરાથી મુક્ત થયો છું; મને અને રાજ્યને કાંઇ લેવા દેવા નથી. હું તો હવે ભગવાન્ સોમનાથનાં પવિત્ર નામનું સ્મરણ કરીને સાધુ-જીવન ગુજારવાને ઇચ્છું છું; પરંતુ તે છતાં તારા પોતાનાં, આપણાં ચૌલુક્ય વંશના, પાટણની રાજ્યગાદીનાં, ગુજરાત ભૂમિનાં અને સર્વ સામાન્યનાં હિતની ખાતર મને કહ્યા સિવાય ચાલતું નથી કે દેશ અને સમાજની લગામ જે પુરૂષોના હાથમાં રહેલી છે અને જે પુરૂષો દેશ કે સમાજના આગેવાન ગણાય છે, તેઓ જો એક સંપથી, અંગત દ્વેષભાવને ભૂલી જઇને, પોતાના સ્વાર્થને તિલાંજલી આપીને અને સર્વ સામાન્યનાં હિતને માટે આત્મભોગથી વર્ત્તશે નહિ, તો શ્રેષ્ઠતમ ચૌલુક્યવંશની, ગૌરવશાલી ગુજરાતની, પ્રભુતાયુક્ત પાટણની અને અખિલ આર્યાવર્ત્તની ભવિષ્યમાં શી દશા થશે, તેની કલ્પના મારાથી થઇ શકતી નથી; પરંતુ ત્રિભુવનપાળ! મારૂં આ સત્ય કથન તને રૂચશે નહિ. તનેજ

માત્ર નહિ, પણ હરકોઇ મનુષ્યને સત્ય કથન પ્રથમ રૂચતું નથી. જ્યારે માણસને ઠોકર વાગે છે, ત્યારેજ તેને સત્ય વસ્તુનું જ્ઞાન થાય છે. મારા સંબંધમાં આ પ્રમાણે થયું છે અને મારૂં અંતઃકરણ કહે છે કે તારા અને તારા જેવા બીજા મનુષ્યોના સંબંધમાં પણ તેમજ થશે. આપણે હિન્દુઓ અને આપણા દેશમાં હમણાંજ આવેલા મુસલમાનો–એ ઉભય જાતિઓ પરસ્પર લડીને નિર્બળ બની જશે અને તે પછી એજ કે એની લડાઇમાં ત્રીજો ફાવે છે, તે પ્રમાણે આ દેશ ઉપર ત્રીજી જાતિનું આધિપત્ય થશે."

ભીમદેવ એટલું બોલીને ચુપ રહ્યો અને પોતાનાં કથનની ત્રિભુવનપાલ ઉપર શી અસર થઇ છે, તે જોવાને તેણે તેનાં મુખ ઉપર પોતાની દૃષ્ટિ સ્થાપી; પરંતુ ત્રિભુવનપાલ ઉપર કાંઇ અસર થઇ હોય, એમ તેને જણાયું નહિ. તે નિરાશ થયો અને નિરાશાથી તેણે પોતાની આંખો બંધ કરી દીધી.

ત્રિભુવનપાલ આ સમય દરમ્યાન મનમાં જૂદા જૂદા પ્રકારના તરંગો રચતો હતો. તે ઘડીમાં ઉશ્કેરાઇ જતો હતો અને ઘડીમાં શાંત બનતો હતો. એકંદર રીતે ભીમદેવનું કથન તેને રૂચ્યું નહોતું. તેણે થોડાક જુસ્સાથી કહ્યું. " આપના કથન ઉપરથી જણાય છે કે વીરધવલે જે કર્યું છે, તે વ્યાજબી કર્યું છે અને અમે જે કાંઇ કરીએ છીએ તે ગેરવ્યાજબી કરીએ છીએ; પરંતુ મહારાજા ! આપની ધારણા ભૂલભરેલી છે. પાટણનો ઘણો માનવસમુહ અને માંડલિક રાજાઓ આપે મારો હક્ક ડૂબાવીને વીરધવલને યુવરાજ બનાવ્યો, તેથી અને વીરધવલે નવું રાજ્યતંત્ર સ્થાપ્યું, તેથી નારાજ થયો છે અને તેનું પરિણામ સારૂં આવશે નહિ. હું આપને વખતસર ચેતાવું છું કે આપનાં તથા વીરધવલના અવિચારી કાર્યથી લોહીની નદીઓ વહેશે અને અત્યારે આપને જે પશ્ચાતાપ થાય છે, તેથી અનેકગુણો વધારે પશ્ચાતાપ ભવિષ્યમાં થશે.

ભીમદેવે પોતાનાં નેત્રો ઉઘાડ્યાં. તેણે સ્થિર દૃષ્ટિથી ત્રિભુવનપાલ તરફ જોયું અને શાંતિથી કહ્યું. " ત્રિભુવનપાલ ! પાટણનો ઘણો માનવસમુહ તથા માંડલિકો મારાં કાર્યથી નારાજ થયા છે કે રાજી થયા છે, તેની તારા કરતાં મને વધારે ખબર છે. પાટણના અને પાટણની રાજ્યગાદીના હિતેચ્છુઓનો અભિપ્રાય લઇનેજ મેં વીરધવલને યુવરાજ

બનાવ્યો છે, એટલે પાટણની પ્રજા તરફથી અને વિશ્વાસુ સામંતો તરફથી કોઇપણ પ્રકારનો ભય રાખવાનો નથી. સ્વાલ માત્ર તારો, જયંતસિંહનો અને તારા પક્ષના કેટલાક સામંતોનો છે; પરંતુ તમને પહોંચી વળવા જેટલી શક્તિ વીરધવલમાં છે, એવી મારી ખાતરી હોવાથી મારાં કાર્યને માટે મને પશ્ચાતાપ થવાનો નથી."

ભીમદેવનાં ઉપર્યુક્ત કથનથી ત્રિભુવનપાલ મનમાં ઉશ્કેરાઇ ગયો. તેણે આસન ઉપરથી ઉઠીને કહ્યું."બહુસારૂ. હું હવે રજા લઉં છું."

ભીમદેવ કાંઇ બોલ્યો નહિ અને ત્રિભુવનપાલ ત્યાંથી ઝપાટાબંધ ચાલ્યો ગયો.

# પ્રકરણ ૧૪ મું.

## મંત્રી શ્રીધર.

ગુજરાતના અધિપતિ મહારાજ ભીમદેવનો મુખ્ય મંત્રી શ્રીધર હતો. શ્રીધર વડનગરી નાગર, શાંડિલ્યગોત્રી અને વસ્રાકુલવંશી હતો. તેના પિતાનું નામ વલ્લભ અને માતાનું નામ રોહિણી હતાં અને તેના પૂર્વજો ચૌલુક્ય રાજાઓના મંત્રીઓ હોવાથી શ્રીધર કુળવાન, ગર્ભશ્રીમંત અને મુત્તસદ્દી હતો. પાટણનું રાજ્યતંત્ર તેણે ઘણી કુશળતાપૂર્વક ચલાવ્યું હતું; પરંતુ ભીમદેવનાં અવિચારી કાર્યોથી છેવટે તેને જશ મળી શક્યો નહોતો. ભીમદેવે તેને પ્રભાસપાટણનો અધિકાર આપેલો હોવાથી તે ઘણુ ભાગે ત્યાંજ રહેતો હતો અને હવે તો વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચુકેલો હોવાથી ભગવાન્ સોમનાથની સેવા અને ભક્તિમાં પોતાનું શેષ જીવન વ્યતિત કરતો હતો. મહારાજ ભીમદેવ અને મંત્રી શ્રીધર ઉભય ખરૂં કહીએ તો સંસારમાં રહ્યા છતાં ત્યાગીજ હતા અને સર્વ રાજ્યકાર્યથી અલગ રહીને પોતાનું જીવન ગુજારતા હતા.

મંત્રી શ્રીધરનો આટલો પરિચય વાંચક મહાશયોને કરાવ્યા પછી કથામાં આગળ વધશું, તો વિશેષ સરલતા થશે.

કેટલાક દિવસ થયા શ્રીધર પ્રભાસપાટણથી અણુહિલપુર પાટણમાં આવેલો હતો અને જ્યારે જ્યારે તે પાટણમાં આવતો હતો, ત્યારે ત્યારે પોતાના ભવ્ય આવાસમાં ઉતરતો હતો. પ્રભાતકાળનો સમય હતો.

શ્રીધર સેવા-પૂજન ઈત્યાદિ કાર્યથી પરવારીને બેઠકના ખંડમાં બેઠો હતો; તે વખતે તેના દ્વારપાળે આવી નમન કરીને એક સન્યાસીનાં આગમનની વાત જાહેર કરી. શ્રીધરે સન્યાસીને સન્માનપૂર્વક પોતાની પાસે તેડી લાવવાની દ્વારપાળને આજ્ઞા કરી. આજ્ઞા મળતાંજ દ્વારપાળ ચાલ્યો ગયો અને થોડીજ વારમાં એક સન્યાસીએ બેઠકના ખંડમાં પ્રવેશ કર્યો. સન્યાસીને જોઇને શ્રીધરે ઉઠીને નમસ્કાર કર્યા અને પ્રત્યુત્તરમાં સન્યાસીએ જય સોમનાથની ઉદ્દઘોષણા કરી. શ્રીધર સન્યાસીને આશન ઉપર બેસાડીને પોતે પોતાની જગ્યાએ બેસી ગયો. ક્ષણવાર બન્ને ચૂપ રહ્યા અને ત્યારપછી શ્રીધરે વાતની શરૂઆત કરતાં પૂછ્યું. “ મહારાજ ! આપ ક્યાંથી આવો છો અને આપનાં આગમનનું શું કારણ છે, તે કહો. આપનાં ભોજનને માટે કાંઇ વ્યવસ્થા કરાવું ? ”

“ મંત્રીશ્વર ! ભોજનના સમયને હજી ઘણો સમય છે અને તેટલા સમય સુધી અત્રે રોકાવાનો મારો વિચાર નથી એટલે તે સંબંધી વ્યવસ્થા કરાવવાની અગત્ય નથી. વખત થતાં મારાં ભોજનને માટે હું મારી જાતેજ કોઈ સ્થળેથી ભીક્ષા લઈ આવીને ક્ષુધાને શાંત કરી લઇશ. સન્યાસી માટે ભોજનની ખાસ વ્યવસ્થા હોયજ નહિ; અમારે તો જે મળે, તેથી સંતોષ માનીને પેટની પૂજા કરી લેવી જોઇએ. ” એ પ્રમાણે કહીને સન્યાસીએ આગળ ચલાવ્યું. “ હું અત્યારે તો ગુજરાતમાં ફરતો ફરતો આવું છું; પરંતુ મારૂં નિવાસસ્થાન ખાસ કરીને સોમનાથ હોવાથી ત્યાંથી આવ્યો છું, એમ કહું તો પણ ચાલશે અને અહીં આવવાનું કારણ તો તમને ખાસ મળવાનું અને તમારી સાથે થોડી વાતચિત કરવાનું છે. તમને અત્યારે ફુરસદ તો છે ને ? ”

“ રાજ્યકાર્યમાં હું બહુ ભાગ લેતો નહિ હોવાથી મને ફુરસદજ છે અને તેમાંએ વળી સાધુ-સન્યાસીની વાતો સાંભળવાને તો મને ઘણીજ ફુરસદ છે; કારણ કે સાધુ-સન્યાસીનાં મુખેથી ધર્મ અને આત્મકલ્યાણની વાતો સાંભળતા મને ઘણોજ આનંદ થાય છે અને તેથી હું તમારી વાતચિત સાંભળીને ઘણોજ ખુશી થઇશ. ” શ્રીધરે ઉત્તર આપતાં કહ્યું.

શ્રીધરના ઉત્તરથી મ્હોડાંની વિકૃતિ કરીને સન્યાસીએ કહ્યું “ હું તમને ધર્મની વાતો સંભળાવવાને આવ્યો નથી. મારો અહીં આવવાનો હેતુ ધાર્મિક નહિ, પણ રાજકીય છે. ”

“ રાજકીય ! ” શ્રીધરે સહજ આશ્ચર્ય દર્શાવીને કહ્યું. “ સંસારત્યાગી સન્યાસીને રાજકીય વિષય સાથે શો સંબંધ ? મેં જાણ્યું કે

સન્યાસીને ધર્મની વાતો વિના બીજી શી વાતચિત કરવાની હોય ? અને તેથીજ મેં તમારી વાતચિત સાંભળવાની ખુશી દર્શાવી છે."

"હા; રાજકીય વિષય ઉપરજ મારે તમારી સાથે વાતચિત કરવાની છે. તમે મારા કથનને સાંભળશો ખરાને ?" સન્યાસીએ ભાર દઇને પૂછ્યું.

"રાજકીય બાબતોની સાથે હવે હું બહુ સંબંધ ધરાવતો નથી અને તેથી મિથ્યા ખટપટમાં પડવાની મારી ઇચ્છા નથી; પરંતુ તમે સન્યાસી હોવાથી સન્યાસી પ્રત્યેની મારી માનબુદ્ધિને લઇ હું તમારૂં કથન સાંભળવાની ના પાડી શકતો નથી. તમારે જે કહેવું હોય, તે કહો; હું ખુશીથી સાંભળીશ." શ્રીધરે ઠંડે પેટે જવાબ આપ્યો.

સન્યાસી, શ્રીધરનાં મુત્સદ્દી કથનથી જરા નિરાશ થયો; પરંતુ હૃદયમાં આશાનાં આછાં કિરણને પ્રકટાવીને તેણે કહેવા માંડયું. "મંત્રીશ્વર ! તમે રાજકીય બાબતોની સાથે હવે બહુ સંબંધ ધરાવતા નથી, એ જાણીને મને ખેદ થાય છે. હાલમાં પાટણની જે અવદશા થયેલી છે, તે જોઇને હરકોઇ માણુસ દિલગીર થાય તેમ છે અને એ સ્થિતિમાં સુધારો કરવાને પ્રયત્નશીળ રહે તેમ છે, તે છતાં તમે પાટણના મંત્રીશ્વર થઇને પાટણની અવદશાની ઉપેક્ષા કરો છો, એ ખરેખર આશ્ચર્યજનક છે. મહારાજ ભીમદેવે મહાસામંત ત્રિભુવનપાલ સોલંકીના હક્કને ડૂબાવીને વીરધવલને યુવરાજ બનાવ્યો છે એટલુંજ નહિ, પણ વીરધવલે ધવલક્કપુરમાં નવું રાજ્યતંત્ર સ્થાપીને સ્વતંત્ર કારભાર કરવા માંડયો છે, તે તરફ તમે કે મહારાજ ધ્યાન નહિ આપતાં શાંતિથી જોયા કરો છો, એ વિશેષ આશ્ચર્યકારક છે. તમારી તથા મહારાજની આ નીતિથી પાટણના સામંતો, સરદારો, મંત્રીઓ અને માંડલિકો ઊશ્કેરાઈ ગયા છે અને ભવિષ્યમાં તેનું કેવું અને શું પરિણામ આવશે એની કલ્પના થઇ શકતી નથી. મને લાગે છે—અરે નહિ હું ભવિષ્ય ભાંખું છું—કે પાટણમાં આ કારણથી લોહીની નદીઓ ચાલશે અને એવી ભયંકર અંધાધુંધી પ્રસરી જશે કે જેનાં કટુ ફળો પાટણની બધી પ્રજાને ચાખવાં પડશે. પાટણની સ્થિતિ આવી હોવા છતાં તમે મોન બેસી રહ્યા છો અને મહારાજને મૌન બેસી રહેવા દો છો, એ તમને શોભાસ્પદ નથી. આવાં મૌનથી તમારા ગૌરવને, પ્રતિષ્ઠાને, કીર્તિને અને મુત્સદ્દીગીરીને કલંક લાગશે અને તેથી હું તમને વખતસર ચેતાવું છું કે તમારે મૌનનો ત્યાગ કરીને કાંતો મહારાજ ભીમદેવને જાગૃત કરી પાટણના રાજ્યતંત્રને હાથમાં લેવું અને કાંતો

પાટણની રાજ્યગાદીના ખરા હકદાર મહાસામંત ત્રિભુવનપાલને મહારાજ ભીમદેવના ઉત્તરાધિકારી ઠરાવીને રાજ્યતંત્ર સોંપી દેવું. આ પ્રમાણે કરવાથીજ પાટણની પ્રભુતા અને ગુજરાતનું ગૌરવ જળવાઇ રહેશે અને નહિ તો મેં કહ્યું તેવું પરિણામ આવશે; પાટણ પાયમાલ થશે-ગુજરાતનો ગર્વ ગળી જશે."

સન્યાસી એ પ્રમાણે કહીને પોતાનાં કથનની મંત્રીશ્વર ઉપર શી અસર થઈ છે, એ જોવાને તેનાં મુખ પ્રતિ જોઇ રહ્યો.

શ્રીધરે સન્યાસીનું કથન સાંભળી લીધું. તે તેનાં કથનથી જરાપણ ઉશ્કેરાયો નહિ. તેણે ક્ષણવાર વિચાર કરીને શાંતિથી કહ્યું. "પાટણ પાયમાલ થશે; ગુજરાતનો ગર્વ ગળી જશે, એ તમારૂં કથન વિચારવા યોગ્ય છે; પરંતુ તે પ્રમાણે ક્યારે થશે કે જ્યારે કાંતો પાટણમાં રાજ્યદ્રોહીઓ ઉત્પન્ન થઇ વિદેશીઓને તેડી લાવશે ત્યારે અને કાંતો પાટણના રાજા પ્રજા ઉપર અઘટિત જુલમ ગુજારશે ત્યારે. આ સિવાય તમારૂં કથન ખરૂં પડવાનો ભય રાખવાની જરૂર નથી. મહારાજ ભીમદેવ શું કારણથી મૌન બેસી રહ્યા છે અને વીરધવલે સ્થાપેલાં નવાં રાજ્યતંત્રની શા માટે ઉપેક્ષા કરે છે, એની તમને ખરી ખબર નથી એટલેજ તમે ઉશ્કેરાઇ ગયા છો અને લોહીની નદીઓ તથા ભયંકર અંધાધુંધીનું ભવિષ્ય ભાંખવા બેઠા છો. પાટણના પ્રજાજનો, સામંતો, સરદારો, મંત્રીઓ અને માંડલીકો, મહારાજ ભીમદેવે વીરધવળને યુવરાજ બનાવ્યો તેથી ઉશ્કેરાઇ ગયા છે, એ તમારૂં કથન કેવળ ખોટું છે. કદાચ થોડાં સ્વાર્થસાધુઓને તેથી નારાજ થવાનું કારણ મળ્યું હશે; પરંતુ તેથી બધા ઉશ્કેરાઇ ગયા છે, એમ કહેવું એ કેવળ એકતરફી કથન છે અને તેથી તે વિશ્વાસજન્ય નથી. પાટણની પ્રજાને અને પાટણના અધિકારીઓને મહારાજ ભીમદેવ અને હું સારી રીતે જાણીએ છીએ. તેઓ મહારાજ ભીમદેવનાં કાર્યથી ઉશ્કેરાઇ જાય તેવો સંભવ નથી. વીરધવલે ધવલક્કપુરમાં નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે, એ મહારાજ ભીમદેવની જાણ બહાર નથી; પરંતુ તેણે જે કાંઇ કર્યું છે, તે મહારાજની સલાહ વીના કર્યું નથી અને તેથી તે સંબંધમાં તમારે શંકાશીલ થવાની અગત્ય નથી. વળી ધવલક્કપુરનું રાજ્યતંત્ર સ્થાપન મહારાજ ભીમદેવના નામથીજ ચાલવાનું છે અને ચાલે પણ છે અને તમારે ધ્યાનમાં રાખવાનું છે કે રાજકીય બાબતોમાં હાથ નહિ નાંખવાનો મેં નિશ્ચય કર્યો હોવાથી મારી કીર્તિને કલંક લાગે કે ન લાગે, એ સાથે મારે કાંઇ સંબંધ નથી. સન્યાસી મહારાજ ! જે અર્થે તમે સંસારનો ત્યાગ કરીને સાધુધર્મ સ્વી-

કાર્યો છે, તે અર્થને માટે તમારે રાજ્યકાર્યમાં ભાગ લેવાને અગત્ય હોય, એમ હું માનતો નથી. તમારે તો અજ્ઞાન મનુષ્યોને ધર્મનો ઉપદેશ આપવાની સાથે તપશ્ચરણ કરીને આત્મકલ્યાણજ કરવાનું છે. તમે જો ખરેખરો સન્યાસ–માર્ગ ગ્રહણ કર્યો હોય, તો આ ઉપાધિમાં શામાટે પડો છો ? જગતના આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત રહીને તમારે એકાંતમાં ભગવાન્ સોમનાથનાં પવિત્ર નામનું સ્મરણ કરવાનું છે અને જો તમારાથી તેમ ન થઇ શકતું હોય, તો ભગવા વસ્ત્રનો ત્યાગ કરો અને સંસાર–સંગ્રામમાં યાહોમ કરીને પડો; કારણકે જેવા વિચાર તેવું વર્ત્તન રાખવું, એ સુજ્ઞ માણસનું કર્ત્તવ્ય છે. ”

શ્રીધરના ઉપર્યુક્ત કથનથી સંન્યાસી નિરૂત્તર થઈ ગયો. હવે શી રીતે વાત આગળ ચલાવવી, તેનો વિચાર કરવા લાગ્યો. કેટલાક સમય પછી તેણે વિચાર કરીને કહ્યું. “ રાજકીય બાબતોમાં તમે હાથ નહિ નાંખવાનો નિશ્ચય કર્યો છે, એ ઠીક છે; પરંતુ ધાર્મીક બાબતોમાં તો હાથ નહિ નાંખવાનો તમે નિશ્ચય કર્યો નથી ને ? ”

શ્રીધરે તુરતજ જવાબ આપ્યો. “ તમે જરા સ્પષ્ટતાથી વાત કરો એટલે હું તેનો સ્પષ્ટજ ઉત્તર આપીશ. ”

“ મારૂં કથન એવું છે કે પાટણનું રાજ્ય સ્થપાયું ત્યારથી જૈનો આગળ પડતા થયા છે અને મહારાજ જયસિંહ અને કુમારપાલના સમયથી તો તેઓ રાજકીય દ્રષ્ટિએ બહુ આગળ વધી ગયાં છે, તે એટલે સુધી કે રાજ્યતંત્રને પણ પોતાના હાથમાં રાખવા લાગ્યા છે. આ કારણથી આપણા શૈવ ધર્મને કાંઇ થોડું ઘણું સહન કરવું પડયું નથી. સેનાપતિ વિમલ, મહામંત્રી મુંજાલ અને ઉદયને પાટણની રાજ્યસત્તાને કેવળ પોતાનાજ હાથમાં રાખી હતી અને તેથી જૈન ધર્મની કેવી અને કેટલી ઉન્નતિ થઇ ગયેલી છે, એ તમારી જાણ બહાર નથી. હજી પણ જૈનોમાં જોર નરમ પડયું નથી અને તેમાં વળી વીરધવલે વસ્તુપાલ અને તેજપાળને ધવલક્કપુરના રાજ્યતંત્રના મંત્રીઓ નિયુક્ત કર્યાથી તેઓનું જોર વધી ગયું છે અને ભવિષ્યમાં હજીપણ વધી જશે અને તેથી શૈવ ધર્મને ઘણુંજ સહન કરવું પડશે. આ કારણનો તમારે ખરા શિવભક્ત તરીકે ખાસ વિચાર કરવાનો છે અને તે માટે તમારે પૂરતી સહાય કરવાની છે. મંડલેશ્વર લવણપ્રસાદ અને વીરધવલ જૈનધર્મના પક્ષપાતી છે અને તેથી તેમના હાથમાં જો ગુજરાતનું રાજ્ય રહેશે, તો શૈવ ધર્મને ઘણુંજ નુકશાન થશે, એ નિ:સંશય છે અને તેથી ધાર્મીક દ્રષ્ટિએ પણ તમારે પાટણનું રાજ્યતંત્ર શૈવધર્મીના હાથમાં રહે, એવો પ્રયાસ

કરવો જોઈએ. મહાસામંત ત્રિભુવનપાળ ચુસ્ત શૈવભક્ત છે અને તેમના હાથમાં જો પાટણની રાજ્યસત્તા રહે, તો આપણા ધર્મને કશી પણ હરકત આવવાની નથી અને નહિ તો આપણા ધર્મની તથા અમારા સંન્યાસીઓની દશા બહુજ ખરાબ થશે, એ નિશ્ચયપૂર્વક માનજો." સન્યાસીએ ધર્મવાત આગળ કરીને મંત્રી શ્રીધરને લલચાવવાનો પ્રયાસ કર્યો.

શ્રીધર, સન્યાસીનાં ધાર્મિક દુર્દશાનાં લલચાવનારાં કથનથી ચલિત થયો નહિ. તેણે પૂર્વવત્ શાંતિથી સન્યાસીનું કથન સાંભળ્યાં કર્યું. સન્યાસી બોલતો બંધ થયો, એટલે શ્રીધરે ગંભીરતાથી કહ્યું. "સન્યાસી મહારાજ ! તમારૂં ધાર્મિક અભિમાન પ્રશંસનીય છે; પરંતુ તેને રાજકીય વિષયની સાથે જોડી દેવામાં તે તમારી અંધશ્રદ્ધાને પૂરવાર કરે છે. ધર્મની તકરારો રાજકીય ક્ષેત્રમાં લાવવાનો તમારો પ્રયાસ મિથ્યા છે. ગુજરાતમાંજ નહિ પણ સમસ્ત આર્યાવર્ત્તમાં અનેક ધર્મો અને તેના પેટાપંથો છે. તે બધાના અનુયાયીઓ જો રાજકીય દૃષ્ટિએ પોતાનું સર્વોત્તમપણું સિદ્ધ કરવા જાય, તો આ દેશની દુર્દશા મોડી થવાની હોય, તો તુરતજ થાય. તમે સન્યાસી છો. રાજકીય વિષયનું તમને જ્ઞાન ન હોય, એ સ્વાભાવિક છે; તેથી ધર્મની અંધશ્રદ્ધાથી તમે શૈવધર્મનું રાજકીય ક્ષેત્રમાં વર્ચસ્વ સ્થાપવાને માટે મને લલચાવો છો, એ કેવળ તમારી ઉતાવળી બુદ્ધિનું પરિણામ છે. રાજ્યતંત્રમાં શૈવો કે જૈનો પોતાનું વર્ચસ્વ સ્થાપવા માગશે, તો મારી ખાતરી છે કે તેમને પાછળથી બહુ સહન કરવું પડશે; કારણકે કોઇપણ રાજ્યતંત્ર ગમે તેવું મજબુત, દૃઢ અને સબળ હોવા છતાં કાળબળે કાયમ એકજ સ્થિતિમાં રહી શકતું નથી; કાળે કરીને તેની ચડતીમાંથી પડતી થાય છેજ અને એ વખતે કોઇપણ ધર્મના અનુયાયીઓએ અંધશ્રદ્ધાથી પોતાના ધર્મને રાજકીય ક્ષેત્રમાં સ્થાન આપ્યું હશે; તો તેની પણ રાજ્યતંત્રની સાથેજ પડતી થશે, એ ચોક્કસ છે. મને અનુભવ છે કે પાટણનાં રાજ્યતંત્રને જૈનો અને શૈવો ઉભય ઘણા કાળથી પોતાના હાથમાં રાખવાનો પ્રયાસ કરતા આવ્યા છે; પરંતુ છેવટે તેઓ તેમાં ફાવશે નહિ અને પોતાના ધર્મને વિના કારણે અવનત સ્થિતિમાં લાવી મૂકશે. સન્યાસી મહારાજ ! આ કારણથી હું રાજકીય ક્ષેત્રમાં ધર્મનું વર્ચસ્વ સ્થાપવાની વિરૂદ્ધ છું. રાજ્યતંત્રની દૃષ્ટિએ જૈન, શૈવ અને ગમે તે ધર્મના અનુયાયીઓ સમાનજ છે અને જે રાજ્યતંત્ર આ ખરેખરી મુત્સદ્દીગીરીને ભૂલી જઇને કોઇ ચોક્કસ ધર્મને મહત્તા આપશે, તો તેની પડતી તુરતમાંજ થશે. મહારાજ ! તમે સંસારનો

ત્યાગ કરીને સન્યાસધર્મનો સ્વીકાર કર્યો છે, તે માટે મને માન છે; પરંતુ મારે કહેવું પડે છે કે તમને સંસારનો, પ્રકૃત્તિનો, રાજકીય કાર્યનો, માનવ સ્વભાવનો અને કાળબળનો અનુભવ નથી અને તેથીજ તમે મને ધર્મના બહાને લલચાવવાને આવ્યા છો. એટલું ખરૂં છે કે હાલમાં જૈનો અને શૈવો ગુજરાતનાં રાજ્યતંત્રને પોતાના હાથમાં રાખવાને મથી રહ્યા છે; પરંતુ હું પોતે એ મતનો નથી. હું તો ધર્મને રાજક્ષેત્રમાં મહત્તા આપવાને ઇચ્છતોજ નથી. ધર્મની મહત્તા તો સમાજમાં અને મનુષ્યોનાં વર્ત્તનમાં રહેવી જોઇએ અને તોજ ધર્મની ઉન્નતિ થઇ શકે. ધર્મને રાજકીય ક્ષેત્રમાં હથિયાર તરીકે વાપરવાથી અત્યાચાર થાય છે અને અત્યાચારથી ગમે તેવું સુદઢ રાજ્યતંત્ર પણ પાયમાલ થઇ જાય છે; માટે તમે ધર્મને રાજકીય ક્ષેત્રમાં મહત્તા આપવાના પ્રયાસને મૂકી દઇને તેને સમાજમાં મહત્તા આપવાનો પ્રયાસ કરો અને મને ખાતરી છે કે એમ કરવાથી શૈવ ધર્મની વિશેષ ઉન્નતિ થશે. રાજકીય ક્ષેત્રમાં ધર્મને ઘુસાડવાનો જેઓ પ્રયાસ કરે છે અને ભવિષ્યમાં કરશે, તેઓ કદિપણ પોતાના મનોરથમાં ફલિભૂત થવાના નથી; એ ખાતરીથી માની લેજો."

"ત્યારે તમે શૈવ ધર્મની પડતીને ઇચ્છો છો?" સન્યાસીએ ભ્રકુટી ચડાવીને પૂછ્યું.

"ના; બીલ્કુલ નહિ. ખરૂં કહું તો તમારા કરતાં હું શૈવ ધર્મની વધારે ચડતી ઇચ્છું છું; પણ તેને રાજકીય ક્ષેત્રમાં સ્થાન આપીને તો નહિજ." મંત્રીશ્વરે તુરતજ જવાબ આપ્યો.

"જો ધર્મને તમે રાજકીય ક્ષેત્રમાં સ્થાન આપવા માગતા નથી, તો શૈવ ધર્મની ઉન્નતિ તમે શી રીતે ઇચ્છો છો, એ હું સમજી શકતો નથી. શૈવ ધર્મને રાજકીય ક્ષેત્રમાંથી દૂર કરવાથી જૈન ધર્મ પોતાનું સ્વામીત્વ સ્થાપન કરી વાળશે અને જો તેમ થયું, તો આપણી અને આપણા ધર્મની અવનતિ જ છે." સન્યાસીએ કહ્યું.

"મારા આશયને તમે ન સમજી શકો, તો તે સર્વથા સ્વાભાવિકજ છે. હું ગર્વ કરતો નથી; પરંતુ મુત્સદ્દીનાં કથનનો આશય સમજવાને માટે મુત્સદ્દી થવાની અગત્ય છે. રાજકીય ક્ષેત્રમાંથી શૈવ ધર્મને દૂર રાખવાથી જૈન ધર્મ પોતાનું સ્વામીત્વ જમાવશે અને તેથી આપણી અવનતિ થશે, એ તમારો ભય ખોટો છે. જૈનો રાજકીય ક્ષેત્રમાં આગળ આવવાથી આપણને કાંઇ નુકશાન થવાનું નથી, એવી મારી માન્યતા છે અને કદાચ ધર્મની અંધશ્રદ્ધાથી તેમના તરફથી તેમ થશે, તો તેમાં

તેઓનેજ નુકશાન થશે; તેઓજ પોતાના હાથે પોતાની અવનતિને વ્હોરી લેશે." શ્રીધરે બહુજ ગંભીરતાથી કહ્યું.

"ઠીક છે. હું હવે રજા લઇશ." એમ કહીને સન્યાસી આસન ઉપરથી ઉઠ્યો અને જતાં જતાં "મંત્રીશ્વર! તમને તમારા મુત્સદ્દીપણાનું અભિમાન છે અને તેને લઇને મારી વાતને તમે માન્ય રાખતા નથી, એ યોગ્ય કરતા નથી. યાદ રાખજો કે તમારા આ મુત્સદ્દીપણાથી પાટણમાંજ નહિ કિન્તુ સમસ્ત ગુજરાતમાં ભયંકર અવ્યવસ્થા થશે અને ત્યારેજ તમને ખબર પડશે કે તમારી મુત્સદ્દીગીરીનાં મિથ્યાભિમાનનું કેવું પરિણામ આવ્યું છે." એ પ્રમાણે ક્રોધાવેશથી કહીને તે ત્વરાથી ચાલ્યો ગયો.

શ્રીધર તેનાં ક્રોધનાં વચનો સાંભળીને ગુસ્સે થવાને બદલે સહજ હસ્યો. તેણે ચાલ્યા જતા સન્યાસી તરફ નજર રાખીને કહ્યું. "જયંતસિંહ! સન્યાસીના વેશે તું મને ઠગવા તો આવ્યો; પરંતુ તને એટલું સ્મરણ ન રહ્યું કે હું કોને ઠગવા જાઉં છું? શ્રીધર વૃદ્ધ થયો છે; પરંતુ તેની સ્મરણશક્તિ અને તેની ચક્ષુઓનું તેજ હજી જેવાં ને તેવાંજ છે તથા તે ગમે તેવો વેશ લઇને આવેલા માણુસને તુરતજ ઓળખી શકે છે, એ વસ્તુસ્થિતિને તું ભૂલી ગયો જણાય છે અને તેથીજ મને ઠગવા આવવાનું તેં સાહસ કર્યું છે. પણ જયંતસિંહ! તેમાં તારો દોષ નથી. ચિંતાના ચક્રમાં પડેલા માણુસની વિવેકશક્તિનો લોપ થઈ જાય છે અને તેથી તેં કરેલા સાહસને માટે તને દોષ દેવા કરતાં તારી માનસિક અવસ્થાનેજ દોષ દેવો, એ વધુ યોગ્ય છે."

સન્યાસીએ મંત્રીશ્વરનાં ઉપર્યુક્ત વચનો સાંભળ્યાં કે નહિ તે અમે કહી શકતા નથી; કારણકે મંત્રીશ્વર પોતાનું કથન પૂરૂં કરે, તે પહેલાં તો તે તેની નજરમાંથી ઘણે દૂર ચાલ્યો ગયો હતો.

## પ્રકરણ ૧૫ મું.

### યુદ્ધનો નિશ્ચય.

મંડલેશ્વર લવણપ્રસાદ, યુવરાજ વીરધવલ, મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલ, મંત્રી ચાહડ અને નાગડ, સામંત જેહુલ અને સરદાર

સોમવર્મા તથા ક્ષેત્રવર્મા વગેરે રાજસભાના ખાનગી ખંડમાં એકત્ર મળ્યા હતા. મહામાત્ય વસ્તુપાલે ધવલક્કપુરનાં રાજ્યતંત્રની બધી યોજના કરીને તેનો અમલ પણ ધીમે ધીમે કરવા માંડ્યો હતો. તેણે સ્તંભતીર્થ અને ધવલક્કપુરની પ્રભુતા પોતાના હાથમાં રાખી હતી અને તેજપાલને મંત્રીપદની સાથે સૈન્યની દેખરેખનું કામ પણ સોંપ્યું હતુ. તેણે બીજા મંત્રીઓને રાજ્યનાં જૂદાં જૂદાં ખાતાં સોંપી દીધાં હતાં અને સામંતો તથા સરદારોના અધિકારોને મર્યાદિત બનાવવામાં આવ્યા હતા. સજ્જનોનો સત્કાર કરવો, દુર્જનોને દંડ આપવો, ધન અને ધર્મની વૃદ્ધિ કરવી અને સર્વ લોકોપર ઉપકાર કરવો, એ રાજ્યવ્યાપારનું ફળ છે, એ હેતુથી મહામાત્ય વસ્તુપાલે એ પ્રમાણેજ રાજ્યની વ્યવસ્થા કરેલી હતી. લાંચ અને પ્રપંચથી લક્ષ્મી મેળવનારા, દુષ્ટ અને ચાડીયામાં અગ્રેસર એવા અધિકારીઓને તથા ધન અને સત્તાથી મદોન્મત્ત બનેલા નાનાં ગામોના ઠાકોરો, પટેલો અને સરદારોને શામ, દામ, દંડ અને ભેદથી દંડીને બધાને તેણે ધવલક્કપુરનાં રાજ્યતંત્રને આજ્ઞાધારી બનાવી દીધા હતા. ટુંકામાં કહેવામાં આવે, તો તેણે સ્વતંત્ર બની ગયેલા ગામના મુખીઓ વગેરેને જૂદાં જૂદાં બાને દંડીને રાજ્યનો ખજાનો ભરી દીધો હતો અને ધનનાં બળથી મોટું વિશાળ સૈન્ય પણ તૈયાર કરી દીધું હતું. તેણે ધવલક્કપુરને પાટણના મંડળ માંહેના નાનાં મંડળને બદલે સમસ્ત ગુજરાતનું પાટનગર બનાવી દીધું હતું અને તેની સત્તા તથા કાર્યની પ્રણાલિકાથી નાનાં ગામના ઠાકોરો તેના તાબામાં સ્વતઃ આવી ગયા હતા. હવે પાટણના સ્વતંત્ર બની ગયેલા માંડલિકો અને સૌરાષ્ટ્રના કેટલાક ઉદ્ધત ઠાકોરોને શી રીતે વશ કરવા, એ સવાલ રહેલો હતો અને તે માટે એક નિશ્ચય ઉપર આવવા વસ્તુપાલે ધવલક્કપુરના અધિકારીઓને એકત્ર કર્યા હતા.

બધા અધિકારીઓ આવી ગયા પછી વસ્તુપાલે સર્વની તરફ જોઇને બોલવાની શરૂઆત કરી. " મંત્રીઓ ! સામંતો ! અને સરદારો ! પરમાત્માની કૃપાથી આપણે આપણાં કાર્યમાં ધીમે ધીમે ફત્તેહમંદ થતા જઇએ છીએ, એ આપણા માટે હર્ષનો વિષય છે. શામ, દામ, દંડ અને ભેદ એ ચાર પ્રકારની રાજનીતિથી દુષ્ટ અધિકારીઓને અને આસપાસના ઉદ્ધત ઠાકોરોને આપણે યોગ્ય દંડ આપીને વશ કરી શક્યા છીએ. રાજ્યકોષમાં ધનની વૃદ્ધિ થતાં સૈન્ય વધારવામાં આવ્યું છે અને રાજ્યતંત્રના બધાં ખાતાંને વ્યવસ્થાસર કરવામાં આવ્યાં છે. આ પ્રમાણે આપણે ધવલક્કપુરનાં રાજ્યતંત્રને સુવ્યવસ્થિત કરીને ગુજરાતનાં

બીજાં પ્રતિસ્પર્ધિ રાજ્યોની કક્ષામાં લાવી શકયા છીએ, તે પરમાત્માની કૃપાનું તથા આપણા ઉદાર રાજાની કાર્યકુશળતાનું પરિણામ છે. આપણા રાજા એ પાટણના યુવરાજ છે અને મહારાજ ભીમદેવની હયાતી સુધી તેઓ પાટણના યુવરાજજ રહેશે; પરંતુ ધવલક્કપુરના તો તે રાજાજ છે અને તેથી હવેથી આપણે તેમને રાણાશ્રીનાં પદથી ઓળખશું, એવી મારી ઇચ્છા છે. ”

વસ્તુપાલનું કથન સાંભળીને સામંત જેહુલે તેને અનુમોદન આપતાં કહ્યું. “ તમારી ઇચ્છા યોગ્ય છે અને તે સાથે અમે બધા મળતા થઇએ છીએ. યુવરાજ વીરધવલજીને હવેથી આપણે રાણાશ્રીનાં નામથીજ સંબોધીશું. મહારાજા ભીમદેવની હયાતી હોવાથી આપણે જો કે તેમને મહારાજા કે મહારાણાનાં નામથી સંબોધી શકતા નથી; તો પણ તે તો આપણા મહારાજાજ છે, એમ અંતઃકરણથી આપણે માનવું જોઇએ. ”

“ અમારી પણ આ વિષયમાં સંમતિજ છે. ” મંત્રી નાગડે કહ્યું.

“ હવે બીજો વિચાર આપણે પાટણના માંડલિકો અને સૌરાષ્ટ્રના ઠાકોરો વિષે કરવાનો છે. ” વસ્તુપાલે પોતાનું કથન આગળ ચલાવ્યું. “ પાટણની અંદર હાલ શું બને છે, એ તરફ આપણે બહુ ધ્યાન આપવાનું નથી. જો કે ત્યાં બનતી ઘટનાઓને આપણે ધ્યાનમાં તો રાખવાનીજ છે; પરંતુ જ્યાંસુધી મહારાજ ભીમદેવ હયાત છે, ત્યાંસુધી પાટણની અંદરના કારભારમાં આપણે માથું મારવાનું નથી, એ સ્મરણમાં રાખવાની અગત્ય છે. પાટણની અંદરનો કારભાર હાલ જે ધોરણે ચાલે છે, તેને આપણે નભાવી લેવાની આવશ્યકતા છે; પરંતુ પાટણની બહારના કારભારને આપણે ગમે તે રીતે ચાલવા દેશું નહિ. ગુજરાતનાં રાજ્યને સુવ્યવસ્થિત રાખવાને માટે પાટણના માંડલિકોને ઠાકોરોને તથા સ્વાધિન પ્રાંતના અધિકારીઓને ધવલક્કપુરનાં રાજ્યતંત્રની સત્તા નીચે લાવવાના છે. આ માટે આપણે કેવી રીતે કામ લેવું અને શી રીતે વર્ત્તવું, એ સંબંધમાં તમારો સર્વનો અભિપ્રાય જાણવાને માટે મહામંડલેશ્વર તથા રાણાશ્રીની ઇચ્છાથી તમને બધાને એકત્ર કરવામાં આવ્યા છે. આસપાસનાં નાનાં ગામોના ઠાકોરોને તથા આપણા અધિકારીઓને તો આપણે સહજમાં વશ કરી શકયા છીએ; પરંતુ માંડલિકો અને સૌરાષ્ટ્રના મોટા ઠાકોરોને યુદ્ધ કર્યા વિના આપણે નમાવી શકશું નહિ. આ કારણથી મહામંડલેશ્વર તથા રાણાશ્રીનો વિચાર, જે માંડલિકો અને ઠાકોરો આપણી સત્તા કબુલ રાખવાની ના પાડે, તેમની

સાથે યુદ્ધ કરવું અને એ રીતે તેમને આપણા તાબેદાર બનાવવા, એવો છે. બધી પરિસ્થિતિનો વિચાર કરતાં મને પણ તેમનો વિચાર યોગ્ય લાગે છે અને તેથી હું પણ તેમના વિચારની સાથે મળતો થયો છું; કારણ કે એમ કર્યા વિના આપણે જે હેતુથી ધવલક્કપુરનું રાજ્ય-તંત્ર સ્થાપ્યું છે, તે પરિપૂર્ણ થઇ શકશે નહિ. મહારાજ ભીમદેવની છેલ્લી હાર પછી પાટણની અને સમસ્ત ગુજરાતની જે પડતી દશા થઇ છે, તેમાં પાટણના બધા માંડલિકો અને ઉદ્ધત ઠાકોરોને તાબે કરીને ગુજ-રાતનાં રાજ્યને સુવ્યવસ્થિત કર્યા વિના સુધારો થઇ શકશે નહિ. હવે આ સંબંધમાં તમારો શો વિચાર છે, એ જાણવાની અગત્ય છે; કારણ કે જો તમે આ વિચાર સાથે મળતા થતા હો, તો કાર્યને તુરતજ હાથમાં લેવામાં આવે."

વસ્તુપાળ બોલી રહ્યો કે તુરતજ સામંત જેહુલે સર્વની સામે જોયું અને બધાનાં મુખનો ભાવ કળી જઇને તેણે કહ્યું. "મંત્રીશ્વર! મહા મંડલેશ્વર અને રાણાશ્રીનો જે વિચાર તમે જણાવ્યો, તે સર્વથા યોગ્યજ છે. ગુજરાતનાં ગૌરવને માટે અને પાટણની પડતીમાંથી ચડતી કરવાને માટે સ્વતંત્ર બની બેઠેલા માંડલિકો અને ઠાકોરોને વિના વિલંબે તાબે કરવાની અગત્ય છે. અમે એ વિચારની સાથે સર્વથા સંમતજ છીએ. આ સંબંધમાં તમે અમારો વિચાર જાણવાને માગ્યો, એ રાણા-શ્રીની તથા તમારી પોતાની કાર્યકુશળતાની ખુબી છે; પરંતુ કદાચ અમારો વિચાર જાણ્યા વિના પણ રાણાશ્રીએ અમને યુદ્ધમાં જવાની આજ્ઞા કરી હોત, તો અમે વિના વિલંબે તેનો સહર્ષ સ્વીકાર કરત. માતૃ-ભૂમિની સેવા અને સ્વદેશની ઉન્નતિ કરવાનાં કાર્યો કોને ન ગમે? અમે તો એવાં કાર્ય બજાવવાને અમને તક મળે છે, એ માટે ઘણાજ ખુશી છીએ અને તે કારણથી અમે રાણાશ્રીના વિચારની સાથે મળતા થઇએ છીએ અને યુદ્ધમાં ભાગ લેવાનો અમને પ્રસંગ આપશોજ, એવો આગ્રહ પણ કરીએ છીએ."

જેહુલનું કથન પૂરૂં થયું એટલે વસ્તુપાળે નાગડ તરફ જોયું અને તેણે પણ એ વિષયમાં અનુમોદન આપ્યું, એટલે મંત્રીએ વીરધવ-લની સામે એક વખત જોઇને કહ્યું. "મંત્રીઓ! સામંતો! અને સરદારો! કોઇપણ વિષયમાં તમારો અભિપ્રાય જાણ્યા વિના તમને ચોકસ આજ્ઞા આપવામાં આવે, તો તે પ્રમાણે વર્ત્તવાને તમે બધા તૈયાર છો, એવી રાણાશ્રીને તમારી સંપૂર્ણ ખાતરી છે; પરંતુ ડાહ્યા અને કાર્યકુ-

શળ રાજાનું તો એ કર્ત્તવ્ય છે કે તેણે પોતાના અધિકારીઓનો મત મેળવીનેજ કોઇપણ કાર્ય કરવું. આ પ્રમાણે કરવાથી દરેકનો મત જાણી શકાય છે અને કરેલા નિશ્ચયમાં કાંઇ ખામી હોય તો તે સુધારી શકાય છે. વળી બધાની સલાહથી જે કાર્ય થાય છે, તે એકત્ર વિચાર અને એક સંપથી થતું હોઇને તેમાં સફલતા પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. આ કારણથી આપણા રાજા હંમેશા કોઇપણ કાર્ય કરતાં પહેલાં દરેકનો મત લેવાનું પસંદ કરે છે અને તેથીજ તમને બધાને અત્યારે એકત્ર કરીને તમારો મત લેવામાં આવ્યો છે. જ્યારે તમે બધા અમારા નિશ્ચયની સાથે મળતા થાઓ છો, ત્યારે કાર્યને તુરતજ શરૂ કરવું એ વધારે ઉત્તમ છે." એટલું બોલીને વસ્તુપાલે મહામંડલેશ્વર અને રાણાશ્રીની અમુક વિષયમાં આજ્ઞા લઇને પોતાનું બોલવું આગળ ચલાવ્યું. "હવે પ્રથમ કાર્ય આપણે સૌરાષ્ટ્રના ઠાકોરોને સ્વાધીનમાં લેવાનું કરવાનું છે. આ કાર્યમાં રાણાશ્રી વીરધવલજી જાતેજ ભાગ લેવા માગતા હોવાથી તેમની સાથે તેજપાલ અને સામંત જેહુલે જવાનું છે. આ ચડાઇમાં તેજપાલને સેનાનો નાયક ઠરાવવામાં આવે છે અને સામંત જેહુલે ઉપસેનાપતિ તરીકે કામ કરવાનું છે. આ ચડાઇ દરમ્યાન ધોળકા તથા ખંભાતમાં સૈન્ય બહુજ થોડું રહેશે, એટલે એ બન્ને શહેરોને સુરક્ષિત રાખવાને માટે મહા મંડલેશ્વર તથા હું ધોળકામાં રહેવાના છીએ અને મંત્રી નાગડે તથા સરદાર સોમવર્મા અને ક્ષેત્રવર્માએ ખંભાતમાં રહેવાનું છે. હાલની ગોઠવણ આ પ્રમાણે છે. આ વખતની ચડાઇમાં જેમને જવાનો લાભ મળતો નથી તેમને હવે પછીની ચડાઇમાં ભાગ લેવા દેવામાં આવશે અને તેથી કોઇએ નિરાશ થવાની અગત્ય નથી. બસ, આ આપણો છેવટનો નિશ્ચય છે. સૌરાષ્ટ્રમાં ચડાઇ લઇને તુરતજ જવાની અગત્ય છે; કારણકે ત્યાંના કેટલાક રાજાઓ યાત્રાળુ લોકોને બહુજ હેરાન કરે છે અને તેમની પાસેથી અસહ્ય કર લે છે અને તેથી તેમના જુલ્મનો અંત લાવવાની તત્કાળ અગત્ય છે. આ ચડાઇ જેમ બને તેમ જલ્દીથી લઇ જવાની છે, એ ધ્યાનમાં રાખજો અને તૈયારી પણ ત્વરાથી કરી લેશો, એવી રાણાશ્રીની ખાસ ઇચ્છા છે."

વસ્તુપાળનું કથન સંપૂર્ણ થતાં મહામંડલેશ્વર અને વીરધવલ ઉભા થયા અને તે સાથેજ સર્વ સભાજનો પણ ઉભા થઇ ગયા.

વીરધવલે જતાં જતાં તેજપાળને આજ્ઞા કરી "આજ સંધ્યા સમયે સૈન્યની તપાસ કરવાને માટે હું આવીશ; માટે તમે બધી

વ્યવસ્થા કરી રાખજો." એટલું કહી વીરધવલ વસ્તુપાલને પોતાની સાથે લઈ બીજા ખંડમાં ચાલ્યો ગયો અને લવણપ્રસાદ તથા બીજા અધિકારીઓ સ્વસ્થાનકે ગયા.

બીજા ખંડના દ્વારમાં પ્રવેશ કરતાંજ વીરધવલે વસ્તુપાલને ઉદ્દેશીને કહ્યું. "મંત્રીશ્વર! તમારી કાર્યકુશળતાથી આપણે દરેક કાર્યમાં વિજયને વરતા જઇએ છીએ, એ માટે હું તમને ધન્યવાદ આપ્યાં વિના રહી શકતો નથી. જો કે તમે માત્ર તમારી ફરજનેજ બજાવો છો અને તેથી તે માટે તમને ધન્યવાદ આપવાની અગત્ય નથી; પરંતુ તમારી કાર્ય કરવાની રીતિજ એવી પ્રશંસનીય છે કે તમારા માટે મારા હૃદયમાં જે લાગણી ઉદ્ભવે છે, તેને સ્પષ્ટ કર્યા વિના મને સંતોષ થતો નથી."

"મહારાજ! આપ મને જે ધન્યવાદ આપો છો તે યોગ્ય નથી. મારે આપનું કામ બને તેટલી દક્ષતાપૂર્વક કરવું, એ મારી ફરજજ છે અને તેથી તે માટે આપે મારી પ્રશંસા કરવાની કે મને ધન્યવાદ આપવાની જરૂર નથી. પાટણની તથા ગુજરાતની હાલમાં જે પડતી દશા થયેલી છે, તે રાજકીય અંધાધુંધીના પ્રતાપને લઇનેજ છે અને તેથી દેશ, સમાજ અને ધર્મની ઉન્નતિ કરવાને માટે પ્રત્યેક દેશસેવકે તૈયાર થવું જોઇએ અને રાજકીય અંધાધુંધીનો નાશ કરવાને કમર કસવી જોઇએ. આપના અને મારા પૂર્વજોએ ગુજરાતના ગૌરવને અને પાટણની પ્રભુતાને પ્રાપ્ત કરવાને અને વધારવાને જે વીરતાજન્ય કાર્યો કર્યાં છે, તે ધ્યાનમાં લઇએ તો આપણો અત્યારનો પ્રયાસ બહુજ ક્ષુલ્લક છે. આ ક્ષુલ્લક પણ દેશસેવાના પ્રયાસમાં હું જે કાંઇ ભાગ લઉં છું, તે કેવળ પરમાર્થને માટેજ લેતો નથી; પરંતુ તેમાં મારો સ્વાર્થ પણ રહેલો છે. અને તે કારણથી આપને મને ધન્યવાદ આપવાની જરૂર નથી. ધન્યવાદ તો જે કેવળ પરમાર્થને માટે કાર્ય કરતો હોય, તેનેજ આપી શકાય." વસ્તુપાલે એ પ્રમાણે કહીને રાજાનાં મુખની સામે જોયું. વીરધવલની પ્રસન્ન મુદ્રા જોઇને તેણે વાતને બદલીને કહ્યું. "હવે એ વાતને જતી કરીને આપણે મૂળ વાત ઉપર આવીએ."

"હું જાણું છું કે સુજ્ઞ જનો પોતાની પ્રશંસા સહન કરી શકતા નથી. તેઓ તો નિંદાથીજ વધુ પ્રકાશે છે." વીરધવલે એમ કહીને મંદ હાસ્ય કર્યું અને તે પછી મૂળ વિષય ઉપર આવતાં તેણે પૂછ્યું. "પ્રથમ સૌરાષ્ટ્રમાં ચડાઇ લઈ જવાના મારા આશયને તો તમે સમજ્યા છો ને?"

વસ્તુપાલ એ પ્રશ્નથી જરા ગંભીર બની ગયો. તેણે ઘડીભર તો એ પ્રશ્નનો કાંઇ ઉત્તર આપ્યો નહિ.

વીરધવલે પુનઃ પૂછ્યું. "કેમ, તમે મારા આશયને સમજી શક્યા નથી કે શું ?"

"આપના આશયને સમજી ન શકું, એવો જો હું મુર્ખ હોઉં, તો મારાથી કારભાર થઇ શકે નહિ." વસ્તુપાળે તુરતજ જવાબ આપ્યો. સૌરાષ્ટ્રમાં ચડાઇ લઇ જવાનો આપનો આશય તો આપના સાળાને મહાત કરવાનો છે."

"બરોબર છે." વીરધવલે જરા આશ્ચર્યનો ભાવ મુખ ઉપર લાવીને કહ્યું "બીજાના આશયને સમજી લેવાની તમારી શક્તિ અગાધ છે. ઠીક, પણ મારી એ ધારણા ઉચિત તો છે ને ?"

"ઉચિતજ છે. એમ કરવાથી બે હેતુને એકજ વખતે સાધી શકાય તેમ છે." વસ્તુપાલે ઉત્તર આપ્યો.

"અને તે બે હેતુ કયા ?" વીરધવલે પુનઃ પૂછ્યું.

"વેરની વસુલાત અને શત્રુ ઉપરની જીત." વસ્તુપાલે જવાબ આપ્યો.

"શત્રુ ઉપરની જીત તો બરોબર; પરંતુ વેરની વસુલાત શી રીતે ?" વીરધવલે પોતાના મનોભાવને દબાવીને પૂછ્યું.

"શું આપને આપના સાળાની સાથે વેર નથી ? શું તેઓએ આપની વિરૂદ્ધમાં પાટણમાં રહીને કાવત્રાં કર્યાં નથી ? અને આપનાં રાણીશ્રી જયલતાની સાથેનાં લગ્નનાં તેઓ વિરોધી નહોતા ?" વસ્તુપાલે સામે પૂછ્યું.

વસ્તુપાલના પ્રશ્નોથી વીરધવલને વધારે આશ્ચર્ય થયું. તેણે તુરતજ કહ્યું. "પણ તમે મારાં લગ્નની ઘટનાને શી રીતે જાણી શક્યા, એનુંજ મને આશ્ચર્ય થાય છે."

"રાજાજી ! એમાં આશ્ચર્ય પામવાની જરૂર નથી. કારભારીએ રાજ્ય અને રાજાના સંબંધમાં બની ગયેલી, બનતી અને બનવાની દરેક ઘટનાથી જાણીતાં રહેવું જોઇએ અને તોજ તેનાથી કારભાર થઇ શકે છે." વસ્તુપાલે ગંભીરતાથી જવાબ આપ્યો.

"બરોબર છે. તમે ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનકાળના જાણકાર છો, ત્યારેજ તમે મંત્રી બનાવ્યો ને ?" શું બોલવું એ બરોબર યાદ નહિ આવતાં વીરધવલે હસતાં હસતાં એ પ્રમાણે કહ્યું.

વસ્તુપાલ ચૂપ રહ્યો.

એ પછી વીરધવલે રાણીવાસ તરફ જતાં જતાં કહ્યું "ઠીક; હવે હું જઉં છું. ચડાઇની બીજી જે વ્યવસ્થા કરવાની હોય, તેની દરેકને સૂચના આપી દેજો."

વીરધવલ એમ કહીને રાણીવાસ તરફ ગયો અને વસ્તુપાલ "બહુ સારૂં." એમ વીરધવલનાં કથનનો સ્વીકાર કરીને પોતાના આવાસે જવાને ચાલ્યો. તે આવ્યો ત્યારે તેજપાલ તેની રાહ જોતો બેઠો હતો. તે પછી બન્ને બંધુઓ ચડાઇની વાતે વળગ્યા.

# પ્રકરણ ૧૬ મું.

## બંધુ-ભગિની.

રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. વામનસ્થલીનું રાજભૂવન અસંખ્ય દીપકોના પ્રકાશથી ઝળઝળી રહ્યું હતું. રાજભૂવનના એક ખંડમાં બે પુરૂષો અને એક સ્ત્રી એમ ત્રણ મનુષ્યો વિચારગ્રસ્ત અવસ્થામાં બેઠાં હતાં. બન્ને પુરૂષો લગભગ સમાન વયના હતા; તેમના ચહેરા ભવ્ય હતા; તેમની આંખો લાલચોળ હતી અને તેમાંથી અગ્નિના તણખાં ખરતાં હોય, એમ જોનારને જણાતું હતું. તેમની સામે બેઠેલી સ્ત્રી યુવતી અને કોમલાંગી હતી; તેનું રૂપ અલૌકિક હતું અને તેનું સુંદર મુખ ચિંતાને લીધે ઉદાસ દેખાતું હતું. ખંડમાં બળતા દીપકોના પ્રકાશથી એકજ આસન ઉપર પાસે પાસે બેઠેલા બન્ને પુરૂષોનાં મુખ ઉપર ક્ષણે ક્ષણે જે જૂદા જૂદા ભાવો પ્રકટ થતા હતા, તે તેમની સામેનાં આસન ઉપર બેઠેલી કોમલાંગી યુવતી સ્પષ્ટ જોઇ શકતી હતી અને તે ભાવોને ઉકેલવાનો પોતાનાં મનથી પ્રયાસ પણ કરતી હતી.

ખંડમાં પ્રસરેલી શાંતિનો ભંગ કરીને યુવતીએ બન્ને પુરૂષોને ઉદ્દેશીને કહ્યું. "વડિલ બંધુ સાંગણદેવ તથા ચામુંડરાજ ! હું તમને સત્યજ કહું છું. ગુજરાતના મહારાજાની સામે થવામાં તમે ફળ કહાડશો નહિ. ગુજરાતનું વિજયી સૈન્ય સૌરાષ્ટ્રના ઘણા રાજાઓને મહાત કરતું આવ્યું છે અને જો તમે તેની સાથે બાથ ભીડશો, તો તમે પણ અવશ્ય મહાત થશો; માટે મારૂં કથન માન્ય કરો અને ગુજરાતના મહારાજાને ખંડણી આપીને તેની તાબેદારી સ્વીકારો. આપણા સદ્દગત

બાપુ શો ભનદેવ ગુજરાતના નાથના ખંડિયા રાજા હતા, એ યાદ લાવો અને તેમના પગલે ચાલીને તમે પણ પાટણની પ્રભુતાનો સ્વીકાર કરો."

યુવતીનું કથન સાંભળીને વામનસ્થલીનો રાજા સાંગણ અને તેનો ભાઇ ચામુંડ વધારે ગુસ્સે થયા. તેમની આંખોમાંથી ક્રોધના અંગારા વર્ષવા લાગ્યા અને તેમના હાથ કમરે લટકતી તલવારો તરફ વળ્યા.

સાંગણે કહ્યું "બ્હેન જયલતા ! તું અમને સત્ય કહેતી નથી, પણ અસત્યજ કહે છે. ગુજરાતના મહારાજાની સામે થવામાં અમે ફળ કહાડશું કે નહિ એ સમજવાની તારામાં શકિત નથી. પ્રથમ તો ગુજરાતનો મહારાજા કોણ છે, એજ અમે જાણતા નથી. શું વીરધવલ એક સામાન્ય સરદારનો પુત્ર–ગુજરાતનો મહારાજા બનીને આવ્યો છે ? શું નિર્બળ ગુજરાતીઓ પ્રચંડ સૌરાષ્ટ્રવાસીઓને હરાવશે ?"

સાંગણના જુસ્સાભર્યા પ્રશ્નોથી જયલતા ગભરાણી નહિ. તેણે પુર્વવત્ શાંતિથી જવાબ આપતાં કહ્યું. "હા; નિર્બળ ગુજરાતીઓ પ્રચંડ સૌરાષ્ટ્રવાસીઓને હરાવશે અને એમાં કાંઇ આશ્ચર્યજનક પણ નથી. ગુજરાતીઓ નિર્બળ અને સૌરાષ્ટ્રવાસીઓ સબળ, એ તમારી તૂલના ઠીક છે; પરંતુ પ્રસંગોપાત્ત નિર્બળ મનુષ્યો સબળ મનેષ્યોને પણ હરાવી શકે છે, એ તમારે યાદ રાખવું જોઇએ. વડિલ ભાઇ ! અવિનય થાય, તો ક્ષમા કરજો; પરંતુ જ્યારે કહેવાની તક મળી છે, ત્યારે હું તમને ખરૂંજ કહીશ; પછી ભલે તેથી તમને નારાજ થવાનું કે ક્રોધાતુર થવાનું કારણ મળે. તમારાં કથનાનુસાર ગુજરાતીઓ નિર્બળ છે; તો પણ તેમની હાક સર્વત્ર વાગી રહી છે અને સૌરાષ્ટ્રવાસીઓ સબળ છે; તો પણ તેમની હાક કોઇ પણ સ્થળે વાગતી નથી, એનું શું કારણ ? ગુજરાતીઓ ગમે તેવા છે; તો પણ આજ કેટલાએ વર્ષોથી તેઓ એક મહાન્ રાજતંત્રને ચલાવી રહ્યા છે અને સૌરાષ્ટ્ર, માળવા, કચ્છ વગેરે રાજ્યોના ગર્વને તેમણે ઘણીએ વાર તોડી નાંખ્યો છે. સૌરાષ્ટ્રવાસીઓ સબળ છે, એ હું જાણું છું. મારી જન્મભૂમિ સૌરાષ્ટ્ર છે અને હું સૌરાષ્ટ્રની પુત્રી છું. એ માટે મને અભિમાન છે; પરંતુ અભિમાનની સાથે મને દિલગીરી થાય છે કે તમારી શી દશા છે ? તમે સબળ અને પ્રચંડ ગણાતા કેટલાક રાજાઓ પોતાની પ્રજાનાં દ્રવ્યથી શ્રીમંત બનીને ઉદ્ધત બની ગયા છે, પોતાના રાજધર્મને ભૂલી ગયા છે અને યાત્રાળુઓના પાસે અસહ્ય કર લેવામાં તથા તેમને વિના કારણે હેરાન કરવામાં આનંદ માને છે. મોટા રાજાઓ નાના રાજાઓને વિના કારણે પીડવામાં અને નાના રાજાઓ તથા ઠાકોરો પ્રજાજનોને

લુંટીને દ્રવ્યવાન બનવામાં રસ લે છે. કેટલાકો તો યાત્રાળુઓ તથા મુસાફરોને લુંટવાનો ધંધોજ લઇને બેઠા છે. તમારી આ દશા શું શોચનીય નથી ? યાત્રાળુઓ તથા મુસાફરોને સગવડતા કરી આપવી, એ રાજાનો ધર્મ છે, તેના બદલે તેમની પાસેથી ભારે કર લેવો, તેમને હેરાન કરવા અને બનેતો તેમને લૂંટી લેવા વગેરે પ્રકારનો નિંદનીય વ્યવસાય તેઓ કરી રહ્યા છે. આ શું તમને યોગ્ય છે ? સબળ માણસો જો આ પ્રમાણે નિર્બળ માણુસોને પીડતા હોય, તો વખત આવ્યે સબળ માણસોને નિર્બળ માણસોથી મહાત થવું પડે છે. મારા પતિ ગુજરાતના મહારાજા નથી; તે એક સામાન્ય સરદારના પુત્ર છે, એ તમારૂં કથન ઠીક છે; પણ તેઓ ગુજરાતનાં રાજ્યતંત્રના ચાલક અને શાસક છે અને તેથી તમારે તેમની તાબેદારી સ્વીકારવામાં કશી પણ અડચણ નથી અને જો તમે તેમ નહિ કરો, તો નિર્બળ ગુજરાતીઓ સબળ સૌરાષ્ટ્રવાસીઓને હરાવશે, એ નિશ્ચિત છે."

જયલતાનાં આ લાંબા વિવેચનથી સાંગણ અને ચામુંડ અત્યંત ક્રોધાતુર થઇ ગયા. ક્રોધના અતિરેકથી તેમનાં ચહેરા ભયાનક જણાવા લાગ્યા. સાંગણે બેવડા જુસ્સાથી કહ્યું "તારી જીભને બંધ કર, જયલતા ! અમારી નિંદા કરવામાં તું ડહાપણની હદ ઓળંગી જાય છે. સૌરાષ્ટ્રવાસીઓ ગમે તેવા છે, તો પણ તેઓના બાહુમાં જે અગાધ શકિત રહેલી છે, તેથી તેઓ ગુજરાતીઓને જરૂર મહાત કરશે, એ તું ચોક્કસ માનજે. તું અમારી બ્હેન થઇને અમને બીજાની તાબેદારી સ્વીકારવા માટે શિખામણ દેવા આવી છે, એથી અમને બેહદ દિલગીરી થાય છે. શું તું તારા ભાઇઓનાં અતૂલ સામર્થ્યને જાણતી નથી કે તું અમને વીરધવલને તાબે થવાની સલાહ આપે છે ? વીરધવલ કોણ છે ? એક સામાન્ય ગામનો ઠાકોર અને ભીમદેવનો ક્ષુદ્ર સેવક શું ! અમે તેના તાબેદાર બનીએ ? શું એ સંભવિત છે ? જયલતા ! તને ભોળવીને લઇ જનાર એ ચોર વીરધવલ કે જે ખરી રીતે તો અમારો શત્રુ છે, તેને ખંડણી આપવાનું અને તેના તાબે થવાનું શું તું અમને કહેવા આવી છે ?"

કોમલાંગી જયલતા સાંગણનાં ક્રોધનાં વચનો સાંભળીને ઉત્તેજીત બની ગઇ. તેણે વિના વિલંબે કહેવા માંડયું. "હા; હું એજ પુરૂષની તાબેદારી સ્વીકારવાનું તમને કહેવાને આવી છું અને તે તમારાં હિતને માટેજ. હું તમારી બ્હેન છું અને તમે મારા વડિલ બંધુઓ છો. બ્હેન હંમેશાં ભાઇનું હિતજ કરતી આવી છે એ ન્યાયે હું તમારૂં હિત

કરવાને માટેજ તમારી પાસે આવી છું. હું જાણું છું કે તમારે મારા પતિની સાથે વેર છે; તમે તેમને ગુજરાતના યુવરાજ માનતા નથી અને બની શકે તો તમે તેમનો નાશ કરવાને પણ ઇચ્છો છો અને તેથી તમે તેના તાબે થવાનું પસંદ કરો નહિ; પરંતુ તમે મારા ભાઇઓ હોવાથી તમારૂં અહિત ન થવા દેવું, એ હેતુથી હું તમને સમજાવવાને આવી છું કે તમે કાંઇ નહિ તો તમારી બ્હેનનાં વચનની ખાતર પણ પાટણની પ્રભુતાનો સ્વીકાર કરો. તમે મારા પતિને નિંદો છો, તેમને તમારા શત્રુ ગણો છો અને તેમની સાથેનાં વેરની વસુલાત કરવાને ઇચ્છો છો; પરંતુ વડિલ બંધુઓ! જરા વિચાર કરો. ગમે તેવા તો પણ તેઓ તમારી બ્હેનના પતિ છે, તમારા બનેવી છે અને ગુજરાતનાં રાજ્યતંત્રના ચાલક શાસક છે. તેમની પાસે અસંખ્ય સૈન્ય છે અને તમારા જેવા દશ રાજાઓને મહાત કરવાની તેનામાં શક્તિ છે; માટે ઉદ્ધતપણાનો ત્યાગ કરો. અને તમારી બ્હેનનાં વચનને માન્ય કરો; નહિ તો પાછળથી પસ્તાશો; જરૂર પસ્તાશો."

જયલતાનું આ કથન સાંભળીને ચામુંડ એકદમ બોલી ઉઠયો. "જયલતા! તારા પતિમાં કેટલી શક્તિ છે, એ અમારી જાણ બ્હાર નથી. વસ્તુપાલ અને તેજપાલ નામના બે નિર્માલ્ય વણિકોનાં બળથી મદોન્મત થયેલા તારા પતિના બળને અમે સારી રીતે જાણીએ છીએ. નિર્બળ જનોને દંડીને તથા કપટથી પાટણનો યુવરાજ બનીને તે બહુજ ઉદ્ધત બની ગયો છે; પરંતુ અમે તેની ઉદ્ધતાઇને ઠેકાણે લાવી મૂકશું. વીરધવલ તારો પતિ હોય, તો ભલે હોય, પરંતુ અમે તેને અમારો બનેવી માનતા નથી. અમે તેની સાથે તારૂં પાણિગ્રહણ કરાવ્યું નથી; તો પછી એ અમારો બનેવી શાથી થાય? અમે ગમે તેવા તો પણ શુદ્ધ ક્ષત્રિય છીએ અને એ તો ભીમદેવનો નિર્માલ્ય અને ક્ષુદ્ર સેવક છે. શું અમે તેને નમશું–તેની તાબેદારી સ્વીકારશું? અમે શુદ્ધ ક્ષત્રિયો હોઇને રણભૂમિની રજમાં આળોટીશું; પરંતુ એ અધમની તાબેદારી તો કદિ પણ સ્વીકારીશું નહિજ, એ તું તારા મનથી ચોક્કસ માનજે. હજી પણ અમે તને વખતસર ચેતવણી આપીએ છીએ કે તું જઇને તારા પતિને અહીંથી વિના વિલંબે ચાલ્યા જવાનું કહે અને નહિ તો ઘનઘોર યુદ્ધ થશે અને વિના કારણે અમારે ગુજરાતીઓના લોહીથી આ ભૂમિને તૃપ્ત કરવી પડશે."

જયલતા સ્ત્રી હતી, પણ તે સામાન્ય સ્ત્રી નહોતી. તે વીરતનયા અને વીરાંગના હતી. તે ચામુંડનાં જુસ્સા ભરેલાં કથનથી ડરી નહિ.

તેણે પૂર્વવત્ શાંતિથી કહ્યું. " હું પ્રથમથીજ જાણુતી હતી કે તમે મારાં કથનને માન્ય કરશો નહિ અને તેથી હું તમને સમજાવવા આવવાને ખુશી નહોતી; પરંતુ તમે મારા ભાઇઓ અને હું તમારી બ્હેન હોવાથી કેવળ તમારાં હિતને માટેજ મેં તમારી પાસે આવવાનું પસંદ કર્યું હતું. બ્હેનનું હૃદય ભાઇનાં હિતને માટે કેટલું આતુર હોય છે, તે સમજવાની તમારામાં શક્તિ નથી; નહિ તો તમે મારો તિરસ્કાર કરત નહિ. ઠીક, ત્યારે હું તમારી રજા લઉં છું; પરંતુ અહીંથી જતાં પહેલાં તમને છેલ્લીવાર એક પ્રશ્ન પૂછી લઉં છું કે તમે પાટણની પ્રભુતાનો સ્વીકાર કરવા કે ગુજરાતી સૈન્યની સાથે યુદ્ધમાં ઉતરવા રાજી છો ? બોલો, તમારો શો વિચાર છે ? "

" અમારો વિચાર તને કહી દર્શાવ્યો છે, એટલે ફરીથી કહી દર્શાવવાની કાંઇ અગત્ય નથી. " સાંગણે તુરતજ જવાબ આપ્યો.

" ત્યારે શું તમે તમારા બનેવીની સાથે યુદ્ધ કરવા ઇચ્છો છો ?" જયલતાએ પુનઃ પૂછ્યું.

" અલબત. " ચામુંડે ઉત્તર આપ્યો.

" પણ એનું પરિણામ સારૂં આવવાનું નથી, એ યાદ રાખજો. " જયલતાએ ભાર દઇને કહ્યું.

" પરિણામની અમને દરકાર નથી. " સાંગણે ક્રોધથી કહ્યું. " શુદ્ધ ક્ષત્રિયો યુદ્ધનાં પરિણામથી ડરીને કદિ પણ યુદ્ધ કરવાને નારાજ થતા નથી; પરંતુ મને એક પ્રશ્ન પૂછવા દે. તું પરિણામથી આટલી બધી શા માટે ડરે છે ? શું તને વિધવા થવાનો ભય છે ? જો એવો ભય તારા મનમાં હોય, તો તું કહાડી નાંખજે; કારણ કે તું વિધવા થયા પછી તારૂં ભરણપોષણ કરનારા અમે છીએ. તું તો અમારા વિશ્વાસનો ઘાત કરીને વીરધવલની સાથે નાશી ગઇ હતી; તો પણ સંગ્રામમાં જો તારા પતિનું મૃત્યુ થશે, તો તને આશ્રય આપવામાં અમે તારા વિશ્વાસઘાતને ભૂલી જઇશું. વળી તારી ઇચ્છા હશે, તો સમાજ કે ધર્મના ભયને તિલાંજલી આપી અમે બીજે યોગ્ય સ્થળે તારૂં પુનર્લગ્ન પણ કરી આપશું; માટે તું યુદ્ધનાં પરિણામથી કિંચિત માત્ર પણ ડરીશ નહિ. તે છતાં જો તું તેથી ડરતી હોય, તો તારાં અને તારા પતિનાં હિતને માટે તું અહીંથી એકદમ ચાલ્યા જવાનો તારા પતિને આગ્રહ કરજે. "

જયલતા, સાંગણનું ઉપરનું કથન સાંભળીને અત્યંત ગુસ્સે થઇ ગઈ. ગુસ્સાથી તેનું સુંદર મુખ આરક્ત થઇ ગયું અને તેનું સમસ્ત અંગ ધ્રુજવા લાગ્યું. તેણે જુસ્સાથી કહ્યું. "યુદ્ધનાં પરિણામે હું વિધવા થવાના ભયથી ડરતી નથી. એવો ભય મને છેજ નહિ; કારણ કે મારા પતિનો ઘાત કરવાનું સામર્થ્ય તમારામાં નથી. પ્રૌઢ પ્રતાપી અને પ્રબળ પુરૂષોત્તમ પાટણના યુવરાજના અતૂલનીય બળ આગળ તમારૂં બળ તુચ્છ છે. તમે તેમને મહાત કરી શકોજ નહિ, એવી મને શ્રદ્ધા છે એટલે તમે કહો છો, તેવા ભયથી હું ડરતી નથી; પરંતુ હું બીજાજ ભયથી ડરૂં છું. સંગ્રામમાં તમે કદાચ સ્વર્ગવાસી થાઓ અને મારી ભાભીઓ વિધવા થવાથી તમારી પાછળ સતીઓ થાય, તો હું બંધુ અને ભાભીના સ્નેહથી વંચિત થઇ જાઉં. બંધુઓ ! હું આ ભયથીજ યુદ્ધનાં પરિણામથી ડરૂં છું. તે સિવાય મને બીજો કશો ભય નથી. તમે મને વિધવા થયેલી જોવાને ઇચ્છો છો, એ તમારી અધમતા છે; પરંતુ તમે મારૂં પુનર્લગ્ન કરવામાં પણ રાજી છો, એ તો તમારી અધમતાનો અવધિ છે. હવે હું તમારી સાથે વધારે વાર્તાલાપ કરવાને ઇચ્છતી નથી. તમે મદમાં ઉદ્ધત બની ગયા છે એટલે તમને વધારે સમજાવવાની અગત્ય નથી. કર્મના ઉદયથી અંધ બનેલો માણસ જેમ પોતાનાં શરીરના અવયવોને પણ જોઇ શકતો નથી, તેમ ક્રોધથી અંધ બનેલા તમે તમારાં પોતાનાં હિતને જોઈ શકતા નથી. વધારે શું કહું ? રણભૂમિમાં આવવાને માટે અને તમે જેને નિર્માલ્ય અને ક્ષુદ્ર ગણો છો, તેનાં બાહુબળનો અનુભવ કરવાને માટે તૈયાર થઇ રહેજો."

એ પ્રમાણે કહીને જયલતા ત્વરાથી ત્યાંથી ચાલી ગઇ. તે ગયા પછી સાંગણ અને ચામુંડ પણ ક્રોધાતુર સ્થિતિમાં અને ગુસ્સામાં મત્ત બનીને પોતાના સૈન્યની તૈયારી કરવાને રવાના થઈ ગયા. જયલતા ખંડમાંથી બહાર નીકળી કે તુરતજ તેની ભાભીઓ કે જેઓ બંધુ-ભગિનીનો વિવાદ સાંભળવાને પાસેના ખંડમાંજ બેઠી હતી, તેમણે તેને બોલાવી; પરંતુ તે માનિની તેમનાં આમંત્રણનો તિરસ્કાર કરીને સત્વર સ્વસ્થાનકે ચાલી ગઇ.

# પ્રકરણ ૧૭ મું.

## સૌરાષ્ટ્ર ઉપર સ્વારી.

સૌરાષ્ટ્રના રાજાઓને તથા આસપાસનાં ગામોના મદોન્મત ઠાકોરોને શામ, દામ, દંડ અને ભેદથી તાબે કરવાનો વીરધવલે વસ્તુપાલની સલાહથી જે નિશ્ચય કર્યો હતો, તે નિશ્ચયને તેણે તરતજ અમલમાં પણ મૂકયો હતો. પ્રકરણ ૧૫ માં આપણે વાંચી ગયા, તે પ્રમાણે વીરધવલ પોતે મંત્રી તેજપાલ અને સામંત જેહુલની સાથે ગુજરાતી સૈન્યને લઇ પ્રયાણ કરી ચૂકયો હતો. પ્રથમ પશ્ચિમ દિશા તરફ ચાલતા સૌરાષ્ટ્રના વર્ધમાનપુરના માની રાજાને તેણે તાબે કર્યો અને ત્યાંથી આગળ જતા ગોહીલવાડના રાજાઓ અને ઠાકોરોને-કોઇને સમજાવીને, તો કોઈની સાથે યુદ્ધ કરીને-પોતાના ખંડીયા રાજા બનાવી દીધા તથા દરેકની પાસેથી ખંડણી અને દંડ તરીકે ઘણું ધન પડાવી લીધું. આ પ્રમાણે વિજયને વરતો અને સર્વત્ર પાટણની પ્રભુતાનો સ્વીકાર કરાવતો વીરધવલ સોરઠમાં આવી પહોંચ્યો. સોરઠમાં આવવાને તો તે ખાસ આતુરજ હતો; કારણ કે વામનસ્થલીના રાજા અને તેના સાળા સાંગણ અને ચામુંડને મહાત કરવાની અગત્ય હતી અને તેથીજ તે સૈન્યસહિત અનેક અગવડોને સહન કરતો સોરઠમાં આવી પહોંચ્યો હતો. વાચક મહાશયો જાણે છે કે વીરધવલને તેના શાળાની સાથે વેર હતું. સારંગ છૂપા વેશે પાટણમાં આવીને રહેતો હતો. અને ત્રિભુવનપાલ સોલંકીના પક્ષમાં રહીને મહારાજ ભીમદેવ તથા વીરધવલની વિરૂદ્ધમાં કાવત્રાં કરતો હતો. એક પ્રસંગે વીરધવલ સાંગણ ચામુંડની બ્હેન જયલતાની છૂપી મુલાકાત લઇને પાછો ફરતો હતો, તે વખતે તેને સાંગણનો ભેટો થઈ ગયો હતો અને તેમની વચ્ચે તલવારોનો ખણખણાટ થયો હતો. આ પ્રસંગ પછી વીરધવલ જયલતાને મળી શકયો નહોતો; કારણકે જયલતા વીરધવલને ચાહે છે અને વીરધવલ જયલતાને ચાહે છે તથા તેઓ વારંવાર છૂપી રીતે મળે છે, એમ સાંગણને ખબર પડતા તેણે જયલતાને સખ્ત ઠપકો આપ્યો હતો અને વીરધવલની સાથે સંબંધ નહિ રાખવાની તાકીદ આપી હતી. આ કારણથી તેઓ એક બીજાને મળી શકતાં નહોતાં; પરંતુ તેમનો પ્રેમ એટલો બધો દૃઢ હતો કે જયલતાની ઇચ્છા તથા સલાહથી વામનસ્થલી જતી વારે વીરધવલે તેનું હરણ કર્યું અને તેઓનું

પરસ્પર લગ્ન થયું. આ ઘટનાથી વીરધવલને તેના સાળાની સાથે સખ્ત વેર બંધાયું હતું અને તેની વસુલાતને માટે તેઓ પરસ્પર ભયંકર યુદ્ધમાં ઉતરવાને તૈયાર થઇ ગયા હતા. વીરધવલની સૌરાષ્ટ્ર ઉપરની ચડાઇનો ગુપ્ત આશય તો મદોન્મત સાંગણ અને ચામુંડને વશ કરવાનોજ હતો અને તેથી તે સૌરાષ્ટ્રના રાજાઓ તથા ઠાકોરોને તાબે કરીને સત્વર સોરઠમાં આવી પહોંચ્યો હતો. ગુજરાતના નાથ સિદ્ધરાજ જયસિંહે સોરઠને તાબે કરીને તેને પાટણનાં મંડલમાં જોડી દીધેલો હતો, તે સમયથી સોરઠના રાજા ગુજરાતના મહારાજાના તાબે રહીને ખંડણી ભરતા હતા. જો કે તેઓનો સ્વતંત્ર બનવાનો પ્રયાસ તો શરૂજ હતો; પરંતુ સિદ્ધરાજ અને કુમારપાલ જેવા પ્રબળ મહારાજાઓના સમયમાં તેમનાથી તેમના પ્રયાસમાં ફલિભૂત થઇ શકાણું નહોતું. છેવટે ભીમદેવના સમયની અંધાધુંધીનો લાભ લઇ તેઓ સ્વતંત્ર બની બેઠા હતા અને પાટણની પ્રભુતાને ફરીથી સ્વીકારવાને તૈયાર નહોતા. આ વખતે સોરઠમાં મુખ્ય વામનસ્થલીનો રાજા શોભનદેવ હતો અને તે જો કે પાટણનાં મંડલમાં રહેવાને ખુશી હતો; પરંતુ તેના બે પુત્રો સાંગણ અને ચામુંડ એ વિષયમાં તેનાથી સખ્ત વિરૂદ્ધ હતા; તેઓ પાટણના રાજાના તાબામાં રહેવામાં જરા પણ ખુશી નહોતા. શોભનદેવ થોડા સમયથી સ્વર્ગવાસી થયો હોવાથી વામનસ્થલીની રાજ્યસત્તા સાંગણના હાથમાં આવી હતી. પોતાના નાના ભાઇ ચામુંડને તેણે સૈન્યની સરદારી આપી હતી. આ બન્ને ભાઇઓ બાહુબળમાં શ્રેષ્ઠ હતા; પરંતુ જુવાનીના મદમાં ઉદ્ધત બની ગયા હતા અને પ્રજાને પીડવામાં તથા સોરઠમાં આવતાં યાત્રાળુ લોકોની પાસેથી અસહ્ય કર લેવામાં અને તેમને હેરાન કરી લુંટી લેવામાં મજા માનતા હતા. ગુજરાતના મંત્રી વસ્તુપાલના જાણવામાં જ્યારે આ હકીકત આવી, ત્યારે તે યાત્રાળુ લોકો ઉપરના જુલ્મથી બહુજ ક્રોધાયમાન થયો અને તેણે સૌરાષ્ટ ઉપર સ્વારી લઈ જવાની ગોઠવણ કરી. વીરધવલ પણ તેના મતની સાથે તુરતજ સંમત થયો; કારણ કે તે પોતાના સાળાની સાથેનાં વેરની વસુલાત કરવાને ઈન્તેજાર હતો.

* * * * *

રાત્રિનો પ્રથમ પ્રહર હજી વ્યતિત થઇ ગયો નહોતો. પૃથિવી ઉપર રાત્રિજન્ય શાંતિનું સ્થાપન થયું નહોતું. લોકસમુહ સૂર્યાસ્ત થઈ ગયા છતાં પણ જીવનની દોડધામમાં મશગુલ હતો. વામનસ્થલીથી અર્ધ ક્રોસનાં અંતરે ધવલક્કપુરનો રાજા વીરધવલ પોતાનાં સૈન્ય સહિત છાવણી નાંખીને રહ્યો હતો. છાવણીમાં સ્થળે સ્થળે અસંખ્ય દીપકો

બળતા હતા, તેના પ્રકાશથી તથા સૈનિકોની જૂદી જૂદી રાવટીઓથી છાવણીનો એકંદર દેખાવ નાનાં ગામ જેવો દેખાતો હતો. રાત્રિનો પ્રથમ પ્રહરજ ચાલતો હોવાથી સૈનિકો જાગતાજ હતા અને ઠેકાણે ઠેકાણે એકત્ર થઇને પોતાના પૂર્વજોનાં પરાક્રમની કથા ભાટચારણોનાં મુખેથી સાંભળતા હતા.

રાજા વીરધવલ તેના તંબુના અંદરના ભાગમાં વિચારગ્રત અવસ્થામાં બેઠો હતો. તે શા વિચારો કરતો હશે, એ તો આપણે જાણી શકીએ નહિ; પરંતુ તેની એકંદર ચર્યા ઉપરથી તે કોઇ ગંભીર પ્રકારના વિચારમાં નિમગ્ન થયેલો હોય, એમ અવશ્ય જણાતું હતું. થોડીવાર એ સ્થિતિમાં રહ્યા પછી તે એકદમ વિચારનિદ્રામાંથી જાગૃત થઈ ગયો અને સામેથી ચાલી આવતી તરૂણી તરફ સ્મિત હાસ્યપૂર્વક જોઇ રહ્યો. આ તરૂણી બીજી કોઇ નહિ પણ તેની રાણી જયલતા હતી. જયલતાનું સુંદર મુખ ક્રોધથી આરક્ત બની ગયેલું હતું અને તેની વિશાળ ચક્ષુઓમાંથી તેજની ધારા છુટતી હતી. તે પોતાના પતિની અત્યંત નજીક આવીને ઉભી રહી અને ક્ષણવાર ઉભી રહીને પછી વીરધવલ બેઠો હતો, તેજ આસન ઉપર તેની અડોઅડ બેસી ગઇ.

ક્ષણવાર એ સ્થિતિમાં પસાર થઇ ગઇ અને જ્યારે જયલતા કાંઇ પણ બોલી નહિ, ત્યારે વીરધવલે તેને મૃદુ વચનથી પૂછ્યું. "પ્યારી ! શી હકીકત બની છે ? તું આટલી બધી ક્રોધાતુર કેમ જણાય છે ?"

જયલતાએ પોતાના સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં તેની સામે માત્ર જોયું; પરંતુ મુખથી કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ.

વીરધવલે જયલતાનો ક્રોધ શાંત કરવાના હેતુથી તેનાં મુખ, મસ્તક અને વાંસા ઉપર પ્રેમપૂર્વક પોતાનો હાથ ફેરવ્યો અને તે પછી પૂછ્યું. "જયલતા ! તારા બંધુની સાથે તારે કાંઈ બોલાચાલી થઇ છે કે શું ? કેમકે તારા ક્રોધ ઉપરથી એવું અનુમાન થઇ શકે છે."

"બોલાચાલી !" જયલતા રોષપૂર્વક બોલી ઉઠી. "તે બન્નેની સાથે મારે માત્ર બોલાચાલીજ નહિ; કિન્તુ મોટી તકરાર થઈ છે. મારા ભાઇઓએ મારૂં અપમાન-સખ્ત અપમાન કર્યું છે, એટલુંજ નહિ પણ તેઓએ મને કટુ વચનો કહેવામાં પણ મણા મૂકી નથી."

"એ તો હું પ્રથમથીજ જાણતો હતો કે તેઓ તારૂં કથન માન્ય રાખશે નહિ. ઠીક, પણ તેમણે તારૂં શું અપમાન કર્યું છે-તને કેવાં કટુ વચનો કહ્યાં છે ?" વીરધવલે જરા ગંભીર બનીને પૂછ્યું.

"શું અપમાન! કેવાં કટુ વચનો!" જયલતાએ જુસ્સાથી કહ્યું. "એ અપમાન અને એ વચનોને સંભારતાં મારાં અંગમાં અગ્નિ પ્રગટે છે, અપમાનને હું બહુ સંભારતી નથી, બ્હેન ભાઇનું અપમાન સહન કરતી આવી છે. સંસારની એ રૂઢી છે; પરંતુ તેમણે મને જે વચન કહ્યાં છે, તે અસહ્ય છે."

"એ વચનો તું મને કહી બતાવ એટલે તેનું વેર કેવી રીતે લેવું, તેનો નિશ્ચય થઇ શકે." **વીરધવલે** આગ્રહથી કહ્યું.

"એ વચનો સાંભળીને નાહક તમને વ્યથા થશે. તમને દુઃખ થાય, એ હું જોઇ શકીશ નહિ; માટે એ વચનો સાંભળવાનું મૂકી દઇને સુખે નિદ્રા લો અને પ્રભાતે યુદ્ધમાં તમારૂં બાહુબળ દર્શાવીને એ મદોન્મત બનેલા તમારા સાળાઓને મહાત કરો." જયલતાએ કાંઇક શાંત બનીને કહ્યું.

"ભલે એ વચનો કહેવાની તારી ઇચ્છા ન હોય, તો તે માટે મારો આગ્રહ નથી. એ તો તારી મુખચર્યા ઉપરથીજ જાણી શકાય તેમ છે કે એ નરપશુઓએ તારૂં અપમાન કરવામાં અને તને વાગ્બાણો મારવામાં જરા પણ કચાશ રાખેલી નથી." **વીરધવલે** એ પ્રમાણે કહીને જયલતાના ક્રોધને શાંત કરવાના આશયથી આગળ ચલાવ્યું. "પણ વ્હાલી! તું તે માટે દિલગીર થઈશ નહિ. તેં જ્યારે તારા બંધુઓને સમજાવવાની હિંમત કરી, ત્યારથીજ હું જાણતો હતો કે તેઓ તારાં કથનને માન્ય રાખશે નહિ, એટલુંજ નહિ પણ તારૂં અપમાન કરવાને પણ ચૂકશે નહિ; કારણકે તેઓ ધન અને સત્તાના મદથી મત્ત બની ગયા છે અને તેથી જો તેઓ સારાસારના વિવેકને ભૂલી જાય, તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવાનું નથી. ધવલક્કપુરથી અંહી સુધી ચડાઇમાં મારી સાથે આવવાનો તારો આશય તારા બંધુઓને સમજાવી તેમનું હિતજ કરવાનો હતો, એ પણ હું જાણું છું; પરંતુ જ્યારે તેઓ પોતાનું હિત જોઇ શકતા નથી, ત્યારે આપણે બીજું શું કરી શકીએ? તેઓએ તારૂં જે અપમાન કર્યું છે—તને જે જે કટુ વેણો સંભળાવ્યા છે, તે માટે તને અવશ્ય ક્રોધ ઉત્પન્ન થયો હશે; પરંતુ તું તારા ક્રોધને શાંત કર; કારણકે નિરર્થક ક્રોધથી ક્રોધ કરનારનેજ નુકશાન થાય છે. પ્હો ફાટતાંજ યુદ્ધ થશે અને યુદ્ધમાં હું એ નરાધમોને બતાવી આપીશ કે **વીરધવલની** પ્રાણપ્યારીનું અપમાન કરવાનું કેવું ભયંકર પરિણામ આવે છે."

પોતાના પ્રિયતમનાં આશ્વાસનનાં વચનો સાંભળીને જયલતાનો ક્રોધ શાંત થઇ ગયો. તેણે સ્મિતપૂર્વક પોતાના પતિની તરફ જોયું. વીરધવલે પણ તેની તરફ સ્મિતપૂર્વકજ જોયું અને કહ્યું. " હું હવે સેનાપતિ તથા સામંતોની સાથે યુદ્ધની ચર્ચા કરવાને બહારના ભાગમાં જઉં છું. રાણીજીની આજ્ઞા છે ને ? "

વીરધવલનાં છેવટનાં વચનો સાંભળીને જયલતાએ તેની સામે જોયું અને તેને વેલીની જેમ વળગી પડીને કૃત્રિમ ક્રોધથી કાંઇ બોલવાનો પ્રયત્ન કર્યો; પરંતુ વીરધવલ તેના બાહુપાશને બળપૂર્વક છોડાવીને હસતો હસતો ચાલ્યો ગયો.

* * * *

યુદ્ધ માટે તૈયારીની આજ્ઞા મળી ગયેલી હોવાથી પ્રાતઃકાળ થતાં પૂર્વેજ ગુજરાતી સૈનિકો સર્વ પ્રકારની તૈયારી કરવાના કાર્યોમાં ગુંથાઇ ગયા હતા. કોઇ સૈનિકો વિઘ્નની શાંતિને માટે યાચકોને દાન કરતા હતા તો કોઇ મનમાં ને મનમાં પોતાના ઇષ્ટ દેવનું ધ્યાન ધરતા હતા. કેટલાકો દેવને નમસ્કાર, વંદન અને પૂજન પણ કરતા હતા. પોતાનાં બાહુબળનું અભિમાન રાખનારા સુભટો કાંઇ પણ નહિ કરતાં માત્ર યુદ્ધનીજ રાહ જોતા હતા. અશ્વારોહીઓ પોતાના અશ્વોને શણગારવામાં મશગુલ બની ગયા હતા. કેટલાક વીરો યુદ્ધમાં વિજય મળે, એ આશયથી આયુધોનું પૂજન કરતા હતા અને કોઇ કોઈ સૈનિકો બખ્તરોને બરોબર રીતે ધારણ કરતા હતા. આ રીતે ગુજરાતી સુભટો યુદ્ધની તૈયારી કરવામાં ગુંથાઇ ગયા હતા. તેમને ઉત્તેજીત તથા ઉત્સાહિત કરવાને માટે ત્રિવિધ વાજિંત્રો વાગી રહ્યાં હતાં અને ભાટ–ચારણો વીરરસનાં કાવ્યો મોટેથી સંભળાવી રહ્યા હતા. પ્રભાતકાળ થતાંજ ગુજરાતી સૈનિકો સુસજ્જ બનીને સેનાપતિની આજ્ઞાની રાહ જોતાં ક્રમાનુસાર ઉભા રહ્યા. તેજપાલે તેમને યોગ્ય વ્યુહમાં ગોઠવી દીધા અને ત્યારપછી તેમને વામનસ્થલી તરફ પ્રયાણ કરવાની સૂચના આપી દીધી. સામંત જેહુલ પોતાના સુભટોની સાથે સર્વની મોખરે હતો અને બીજા સામંતો તેની પાછળ હતા. તેજપાળ તથા વીરધવલ પોતાના ઘોડેસ્વારોની સાથે ડાબી તથા જમણી બાજુએ રહ્યા હતા. આ પ્રમાણે વ્યુહમાં ગોઠવાયલું ગુજરાતી સૈન્ય થોડીજવારમાં વામનસ્થલીની લગભગ નજીકમાં આવી પહોંચ્યું અને તેજપાલની આજ્ઞાથી ત્યાંજ અટકી ગયું; કારણકે સામેથી સોરઠી સૈન્ય જોશભેર ચાલ્યું આવતું હતું અને તેથી ગુજરાતી સૈન્યને ત્યાંજ અટકવાની ફરજ પડી. થોડા સમયમાં બન્ને સૈન્યોનો ભેટો થયો અને સેનાપતિ-

ઓની આજ્ઞા મળતાંજ ઉભય બાજુના સૈનિકો યુદ્ધમાં પ્રવૃત્ત થઇ ગયાં. બન્ને બાજુએથી બાણોનો વરસાદ વરસવા લાગ્યો અને તેના અસહ્ય મારથી સેંકડો યોદ્ધાઓ જમીનદોસ્ત થવા લાગ્યા. તલવારોના ખણુખણાટથી, ભાલાઓનાં ઘર્ષણુથી, બાણોના વરસાદથી કોઇનાં મસ્તકો, કોઇના બાહુઓ, કોઇની જાંગો અને કોઇના બીજા અવયવો શરીરથી જૂદાં પડતાં હતાં અને તેથી શરીરમાંથી નિકળતા લોહી વડે પૃથિવી લાલચોળ બની ગઇ હતી. ઘાયલ થયેલા યોદ્ધાઓના ચિત્કારથી રણુભૂમિ ભયંકર લાગતી હતી અને સુભટોના છિન્નભિન્ન થયેલા અવયવોથી તેની ભયંકરતામાં ઓર વૃદ્ધિ થતી હતી.

ગુજરાતી સૈન્યના સખ્ત મારાથી સોરઠી સૈન્યને દીન બની ગયેલું જોઇને સાંગણુ અત્યંત ક્રોધાતુર થઇ ગયો. તે પોતાના ભાઇ ચામુંડની સાથે રણુભૂમિમાં એકદમ ધસી આવ્યો. સાંગણુને રણુભૂમિમાં લડતો જોઇને તેના સુભટો ઉત્સાહમાં આવી ગયા અને બમણા જોરથી શત્રુઓ ઉપર તુટી પડ્યા. સોરઠીઆંઓના અસહ્ય ધસારાથી ગુજરાતીઓ પાછા હઠવા લાગ્યા અને થોડીજ વારમાં તેઓમાં નાસભાગ પણુ થઇ રહી. સામંત જેહુલ ગુજરાતી સૈનિકોને ઘણું સમજાવતો હતો અને તેમને ઉત્સાહમાં લાવવાનો પ્રયાસ કરતો હતો; પરંતુ તેથી ગુજરાતીઓ ઉપર કાંઈ પણુ અસર થવા પામી નહિ અને તેઓ જેમ ફાવે તેમ પોતાના પ્રાણુ બચાવવાને નાસી જવા લાગ્યા. પોતાનાં સૈન્યની આ સ્થિતિ વીરધવલ અને તેજપાલના જાણુવામાં આવી ગઇ. તેઓ અત્યારસુધી પોતાના ઘોડેસ્વારો સાથે એક બાજુ તટસ્થ ઉભા હતા અને યુદ્ધનો કેવો રંગ જામે છે, તે એક ધ્યાને જોઇ રહ્યા હતા. તેઓને ખાતરી હતી કે ગુજરાતી સૈનિકો સોરઠી સુભટોને અવશ્ય હરાવશે; પરંતુ જ્યારે તેમના જાણુવામાં આવ્યું કે ગુજરાતીઓ તો હતાશ અને નિર્બળ બનીને રણુભૂમિમાંથી પલાયન કરી જાય છે, ત્યારે તેઓ બન્ને બાજુએથી પોતાના ચુનંદા અશ્વરોહી વીરોની સાથે ત્વરાથી રણુભૂમિમાં દોડી આવ્યા અને પ્રબળ વેગથી ધસ્યા આવતા સોરઠીઆઓને પલમાત્રમાં અટકાવી દીધા. પોતાના રાજા અને સેનાપતિને યુદ્ધક્ષેત્રમાં આવેલા જોઇને ગુજરાતી સુભટો નાશી જતા અટકી ગયા અને ઉત્સાહથી યુદ્ધમાં પ્રવૃત્ત થવા લાગ્યા. વીરધવલને મેદાનમાં આવેલો નિહાળીને સાંગણુ એકદમ તેના ઉપર ધસી આવ્યો અને તેને અનેક કટુ વચનો સંભળાવીને તેની સાથે પ્રચંડ યુદ્ધ કરવા લાગી ગયો. ચામુંડ પણુ વીરધવલ ઉપર ધસી આવ્યો; પરંતુ તેજપાલે તેને અટકાવીને પોતાની સાથે લડવામાં રોકી દીધો. વીરધવલ લડવાને

માટે તૈયારજ હતો. તે પોતાના ઉપરવટ નામક અંશ્વ ઉપર સ્વાર થયેલો હતો અને ઘણીજ કુશળતાથી સાંગણના ઘાને ચુકાવતો હતો. તેજપાલ પણ અશ્વારોહી હતો અને તે ચામુંડને ઉપરાછાપરી ઘા કરીને સતાવી રહ્યો હતો. વીરધવલની પાસેજ એક યુવાન ગુજરાતી ઘોડેસ્વાર હતો અને તે સાંગણ ઉપર વારંવાર ઘા કરીને તેને હેરાન કરી રહ્યો હતો. વીરધવલ તેની બહાદુરી જોઇને મનમાંને મનમાંજ તેને ધન્યવાદ આપતો હતો. આ પ્રમાણે સાળા અને બનેવી વચ્ચે ઘણીવાર સુધી યુદ્ધ ચાલ્યું; પરંતુ તેમાંથી એકે હતાશ થાય તેમ નહોતું. વીરધવલ સામો ઘા કરવાને બદલે સાંગણના ઘાને ઝીલીને તથા ચુકાવીને તેને નિરૂત્સાહ કરી નાંખવા પ્રયાસ કરી રહ્યો હતો અને તેજપાલ ચામુંડને સામો ઘા કરવાનો વખતજ આવવા દેતો નહોતો. વીરધવલની કુશળતાથી સાંગણ ઘણોજ ગુસ્સે થઇ ગયો. તે જીવ ઉપર આવીને લડવા લાગ્યો; પરંતુ વીરધવલની પડખે ઉભેલો યુવાન ગુજરાતી ઘોડેસ્વાર તેને મચક આપતો નહોતો. આ ઉપરથી ક્રોધે ભરાઇને તેણે પ્રથમ એ ઘોડેસ્વારને હણી નાખવાનો વિચાર કર્યો. આ વિચાર આવતાંજ તેણે પોતાના ભાલાને ઉગામ્યું અને જેવો તે એ ઘોડેસ્વાર ઉપર ઘા કરવા જાય છે, તેવોજ તે ઘોડેસ્વાર ઘણીજ કુશળતાથી એક બાજુ ખસી ગયો અને સાંગણનો ઘા ખાલી ગયો. આ તકનો લાભ લઇ વીરધવલ ત્વરાથી તેના ઉપર ધસી ગયો અને ભાલાના એકજ ઘાથી તેના વક્ષઃસ્થલને ભેદી નાંખ્યું. સાંગણનો મૃત દેહ ઘોડા ઉપરથી નીચે પડી ગયો અને તેનો આત્મા અન્યત્ર ચાલ્યો ગયો. ચામુંડને તેના બંધુનાં મૃત્યુની જાણ થતાં તે અત્યંત ક્રોધાતુર થઇ ગયો અને તેજપાલને છોડી દઇને વીરધવલના ઉપર ધસી આવ્યો. વીરધવલ કાંઈ અસાવધ નહોતો. તે તેનું સ્વાગત કરવાને તૈયારજ હતો. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ મચ્યું. આસપાસ લડતાં સેનાનીઓ પણ તેમની વચ્ચે ચાલતાં યુદ્ધથી દિગ્મૂઢ બની ગયા અને યુદ્ધવ્યવસાયને ત્યજીને બન્ને વીરોની લડવાની, ઘા કરવાની અને ઘા ઝીલવાની કુશળતાને જોઈ રહ્યા. તેજપાલ અને યુવાન અશ્વારોહી બન્ને વીરધવલનાં બન્ને પડખે ઉભા હતા; પરંતુ વીરધવલે તેમને શાંત ઊભા રહેવાની સૂચના કરેલી હોવાથી તેઓ તેને કાંઇ પણ મદદ કર્યા વિના તેમનાં યુદ્ધકાર્યને જોઇ રહ્યા હતા. સોરઠી સેનાનીઓ પોતાના રાજા સાંગણને મૃત્યુ પામેલો અને ચામુંડને અત્યંત ઉત્સાહથી લડતો જોઇને મરણીઆ બન્યા હતા અને એક મરણીઓ સોને ભારે, એ કહેવત પ્રમાણે અસંખ્ય ગુજરાતી સેનાનીઓને થોડા પણ મરણીઆ બનેલા સોરઠી સેનાનીઓ ભારે થઇ પડ્યા હતા. તેઓ

સેનાનીઓ  ાથેનાં યુદ્ધને પડતું મૂકીને વીરધવલની આસપાસ ફરી વળવા લા  અને તેને ઘેરામાં લઇને મહાત કરવાના પ્રયાસ માટે મથન કરવા લા  . આ રીતે યુદ્ધની દિશા બદલાયેલી જોઇને તેજપાલ શાંત રહી શકયે  હિ અને તેનાથી શાંત રહી શકાય એમ પણ નહોતું. કારણ કે જો તે  ાંત  હી જોયા કરે, તો વીરધવલ સોરઠી સૈનિકોની વચ્ચે ઘેરાઇ જાય  મ હતું અને તેથી તે પોતાના અશ્વારોહીઓની સાથે તેમને જૂદા પાડ  ાંખવાને ત્વરાથી દોડી ગયો. તેજપાલના અશ્વારોહીઓના પ્રબળ ધસ  થી સોરઠી સેનાનીઓ ત્રાહી ત્રાહી પોકારી ગયા અને જીવ લઇને નાસવ  લાગ્યા. ચામુંડ પોતાનાં સૈન્યની આ સ્થિતિને કળી ગયો અને પોતાન  અવશ્ય હારજ થશે, એમ તેના જાણવામાં તુરતજ આવી ગયું; પરંતુ પોતાના પ્રાણને બચાવી લેવા માટે રણભૂમિમાંથી પલાયન કરી જાય,  વો તે નિર્બળ નહોતો. તે વીર યોદ્ધો અને કુશળ સેનાપતિ હતો. તેણે  ાર  ાકથી પોતાના સૈનિકોને નાશી જતાં અટકાવી દીધા અને કેશરીઆં કરીને વીરધવલ ઉપર દોડી જવાની આજ્ઞા કરી. પોતે પણ બમણાં જોર અને ઉત્સાહથી વીરધવલ ઉપર તુટી પડયો; પરંતુ તેજપાલના ચુનંદા ઘોડેસ્વારોએ સોરઠીઆઓના ઊત્સાહને મંદ પાડી દીધો અને તેમનામાં પુનઃ નાશભાગ થવા લાગી. ચામુંડ સૈનિકોનાં પલાયનની દરકાર નહિ કરતાં પૂર જોસથી લડી રહ્યો હતો. તે ગાંડોતુર બની ગયો હતો. તે એટલા તો વેગથી પોતાના ભાલાનો સપાટો ચલાવી રહ્યો હતો કે એક પણ ઘોડેસ્વાર કે સેનાની તેની પાસે જવાની હિંમત કરી શકતો નહોતો અને જો કોઇ કરવા જતો, તો તુરતજ તેના ભાલાની અણીથી વિંધાઇને પરલોકમાં પ્રયાણ કરી જતો હતો. આ પ્રમાણે લાંબો સમય ચાલ્યા કરે, તો ઘણાં ગુજરાતી સેનાનીઓ અને ઘોડાસ્વારો કામમાં આવી જાય તેમ હતું એટલે તેજપાલ એકદમ વીરધવલની પાસે ગયો અને તેના કાનમાં કાંઇક ગુપ્ત વાર્તા કરી. વીરધવલે પ્રથમતો થોડી વાર આનાકાની કરી: પરંતુ વખત એવો બારીક હતો કે વધુ વાર આનાકાની કે વાદવિવાદમાં વ્યતિત કરવાથી નુકશાન થવાનો પૂરતો સંભવ હતો; તેથી વીરધવલ અને તેજપાલ બન્ને એક સાથે અને એકજ વખતે બન્ને બાજુથી અચાનક ચામુંડ ઉપર ધસી ગયા અને બન્ને બાજુથી ભાલાથી તેને વિંધી નાંખ્યો. વીર ચામુંડ તરતજ ઘોડા ઉપરથી પડી ગયો અને તેને પડતો જોઇને સોરઠીઆઓ એકદમ નાસવા લાગ્યા. વીરધવલે તુરતજ યુદ્ધ બંધ કરાવ્યું અને નાસી જતા સેનાનીઓને સુખે નાસી જવા દીધા. ગુજરાતી સૈન્યની જીત થઇ. ગુજરાતી છાવણીમાં વિજયના વાજિંત્રો જોર શોરથી વાગવા લાગ્યા અને સનિકો 'જય સોમનાથ'ની ગગનભેદી ગર્જના કરવા મંડી ગયા.

તે પછી રાજા **વીરધવલે** તથા સેનાનાયક મંત્રી **તેજપાલે** રણભૂમિમાં શોધ કરાવી અને સંભાળ કરવા લાયક બધા સુભટોની સાર સંભાળ કરવાનો, જલપાન અને ભોજનનો તથા નાના પ્રકારનો ઉપચારનો બંદોબસ્ત કરાવ્યો તેમજ જેમના સ્વામી યુદ્ધમાં મૃત્યુવશ થયા હતા, તેવી સ્ત્રીઓને આજીવિકા પણ કરી આપી. દયાળુ માણસો ગમે તેવા સંયોગમાં પણ પોતાની દયાનો ત્યાગ કરતા નથી.

આ પ્રમાણે સુભટો માટે વ્યવસ્થા કરીને રાજા **વીરધવલે તેજપાલ** તથા મુખ્ય સામંતો સહિત **વામનસ્થલીમાં** પ્રવેશ કર્યો અને રાજભૂવનમાં દ્રવ્ય, મણિ, માણિક્ય, દિવ્ય વસ્ત્રો, અસ્ત્રો, મુક્તાફળો, અશ્વો, હસ્તીઓ વગેરે સાર સાર વસ્તુઓને ગૃહણ કરીને પોતાની છાવણીમાં મોકલાવી આપી. ત્યારબાદ તેણે રાજકુટુંબ તથા નગરજનોને દિલાસો આપવાને માટે નગરમાં શાંતિની ઉદ્‌ઘોષણા કરાવી અને **વામનસ્થલીને** પોતાના સ્વાધિનમાં નહિ લેતાં અતિ ઉદારતાથી **સાંગણના** પુત્રને તેની રાજયગાદી અર્પણ કરી. મંત્રી **તેજપાલે વામનસ્થલીમાં** પરમાત્મા **મહાવીરનું** ચૈત્ય કરાવવાની ગોઠવણ કરી અને આ ઉદાર રાજા અને દક્ષ મંત્રી કેટલોક સમય **વામનસ્થલી** રહી સૈન્ય સહિત **ગીરનાર** અને **પ્રભાસ પાટણની** યાત્રા માટે રવાના થયા.

# પ્રકરણ ૧૮ મું.

## પંચગ્રામનું યુદ્ધ.

"મંત્રીશ્વર! **વીરધવલે** કહ્યું. "રાજ્યમાં બુદ્ધિશાળી અને વીર પુરૂષોને વધારે પ્રમાણમાં રાખવાની અગત્ય છે, એ તમારૂં કથન સત્ય છે. હું પોતે પણ તેવાજ મતનો છું; પરંતુ એવા પુરૂષોને રાખવા માટે રાજ્યને હદબારનું ખર્ચ કરવું પડે, એ વ્યાજબી નથી. આપણે **ગુજરાતની** અવ્યવસ્થા અને **પાટણની** પડતીને દૂર કરવાનું જે મહાન્ કાર્ય માથે લીધું છે, તે માટે જેમ બુદ્ધિશાલી અને બળવાન પુરૂષોની અગત્ય છે, તેમ ધનની પણ તેટલીજ કિંવા તેથી વધારે અગત્ય છે. જે રાજાના રાજકોષમાં ધનનો વિપુલ સંગ્રહ હોય છે, તેજ રાજા વિજયને વરી શકે છે; માટે સેવકની ખાતર એટલાં બધાં દ્રવ્યનો વ્યય

કરવાની અગત્ય નથી. ચૌહાણ સરદારો ભલે બીજાં રાજ્યમાં જઇને સેવા કરે; આપણે તેમને રાખી શકીએ તેમ નથી."

મંત્રીશ્વર વસ્તુપાલે રાજાનું કથન શાંતિથી સાંભળી લીધું અને પછી ગંભીરતા ધારણ કરીને કહ્યું. "રાજ્યમાં બુદ્ધિશાળી અને વીર પુરૂષોને વધારે પ્રમાણમાં રાખવાની અગત્યનો જેમ આપ સ્વીકાર કરો છો, તેમ રાજકોષમાં ધનના વિપુલ સંગ્રહની અગત્યનો પણ હું સ્વીકાર કરૂં છું. રાજ્યની ચડતી માટે બન્નેની આવશ્યકતા છે, એ ખરૂં છે; પરંતુ વધારે આવશ્યકતા તો બુદ્ધિ અને બળમાં શ્રેષ્ટ પુરૂષોત્તમોનીજ છે. જે રાજ્યમાં તેવા પુરૂષો હોય છે, તે રાજ્યની ચડતી થવાને જરા પણ વાર લાગતી નથી. વીર પુરૂષો એ ધનથી પણ અધિક છે. યુદ્ધમાં પાછા નહિ પડતાં તેઓ રાજ્ય કિંવા રાજાને માટે પોતાનાં પ્રાણ આપવાનું પણ ચુકતા નથી અને પોતાનાં પ્રબળ પરાક્રમથી સમરાંગણમાં વિજયને વરાવે છે: માટે મારી ઇચ્છા તો ત્રણે ચૌહાણ સરદારોને ગમે તેટલાં દ્રવ્યથી પણ આપણાં રાજ્યમાં રાખી લેવાની છે. આપણે જે મહાન્ કાર્યનો આરંભ કર્યો છે, તેમાં લોભને સ્થાન આપવાની જરૂર નથી."

વસ્તુપાલનાં કથનની વીરધવલનાં હૃદય ઊપર કાંઇ અસર થઇ નહિ. તે બધી વાતે ગુણી હતો, પરંતુ તેનામાં એક મહાન્ દુર્ગુણ હતો. તે ઘણોજ કૃપણ હતો. કૃપણ માણસોને કૃપણતાને લઇ પોતાનાં હિતની વાત પણ ઘણા સમયે સુજતી નથી. વીરધવલના સંબંધમાં પણ તેમજ થયું. તેણે જરા સ્મિત કરીને કહ્યું. "તમારૂં કથન યોગ્ય નથી. આ ચર્ચામાં લોભનો સ્વાલ નથી. એકેક સરદારને બે બે લાખ દામ આપીને રાખવા તે કરતાં એટલા દામથી એટલે કે છ લાખ દામથી ઘણા સુભટો રાખવામાં આવે, તો શી હરકત છે? માત્ર ત્રણજ માણસોને માટે એટલું બધું ખર્ચ કરવું મને યોગ્ય લાગતું નથી. છ લાખ દામ, એ કેવડી મોટી રકમ છે? એટલાં દ્રવ્યથી તો આપણે સેંકડો સુભટોને રાખી શકીશું; માટે તેમને જવા દેવા, એજ વધારે ઊત્તમ છે. કેમ, મંત્રી નાગડ! તમારો આ વિષયમાં શો અભિપ્રાય છે?"

નાગડ પણ પાસેજ બેઠો હતો. તેણે પોતાને પૂછેલો પ્રશ્ન સાંભળીને તુરતજ કહ્યું. "મારો અભિપ્રાય આપના અભિપ્રાયને મળતોજ છે. માત્ર ત્રણ સરદારોને માટે દર વર્ષે બે લાખ દામનો વ્યય કરવો, એ મને પણ યોગ્ય લાગતું નથી. એટલાં દ્રવ્યથી અનેક શુરવીર સુભટોને આપણે રાખી શકશું; માટે મારો અભિપ્રાય તો તેઓને નહિ રોકતાં જવા દેવાનોજ છે."

સેનાનાયક તેજપાલ પણ ત્યાં હાજર હતો. તેણે ભાર દઇને કહ્યું. "મહારાજ ! ચાહાણુ સરદારોને રાખવા કે ન રાખવા, એ આપની ઇચ્છાની વાત છે. અમે તો અમને જે યોગ્ય લાગે, તે આપને કહેવાને બંધાયેલા છીએ; પરંતુ તે પ્રમાણે વર્ત્તવું કે ન વર્ત્તવું એ આપને જોવાનું છે. આ સરદારો કાંઇ સામાન્ય સુભટો નથી. તેઓ મારવાડના જાલોરના રાજા ઉદયસિંહના ભાઇઓ છે. તેઓ રાજકુળના હોવાથી પરાક્રમી કળાવાન્, અને પંડિત જનોને માન્ય છે. તેમને તેમના ભાઇની સાથે ગરાસ સંબંધમાં તકરાર થતાં પોતાની જન્મભૂમિનો ત્યાગ કરી આ તરફ આવેલા છે. તેમણે આપનાં ગુણગાનને સાંભળ્યા હોવાથી ખાસ આપની સેવા કરવાનેજ આવેલા છે અને તેથી એવા નરરત્નોને રાખી લેવામાંજ લાભ છે. પછી તો આપની મરજી."

"તેજપાલ ! તમારૂં કથન બરોબર છે. તેઓ પરાક્રમી, બુદ્ધિશાલી અને બળવાન હશે અને તેથી તમે તેમને રાખી લેવાનો આગ્રહ કરો છો, એ હું જાણું છું; પરંતુ તેઓ આજીવિકા માટે જે માગણી કરે છે, તે ઘણીજ મોટી છે. એટલી મોટી આજીવિકા આપી શકીએ તેમ નહિ હોવાથીજ આપણે તેમને રાખી શકતા નથી. એ સિવાય તેમને નહિ રાખવાનું બીજું કાંઈ કારણ નથી." વીરધવલે પોતાના આગ્રહને નહિ છોડતાં કહ્યું.

વસ્તુપાલ આ ચર્ચાથી કંટાળી ગયો; પરંતુ તેણે પોતાનો મનોભાવ પ્રગટ નહિ કરતાં કહ્યું. "બહુ સારૂં. આપ તેમને રાખવાને ખુશી ન હો, તો પછી તે માટે અમારો વિશેષ આગ્રહ નથી. આજે રાજસભામાં બોલાવી તેમને આપનો ઉત્તર સંભળાવી દેશું."

"હું હમણાંજ રાજસભામાં આવું છું. તેમને તે પહેલાં બોલાવી રાખજો." વીરધવલ એમ કહીને રાજભૂવનના બીજા ખંડમાં ચાલ્યો ગયો અને વસ્તુપાલ, તેજપાલ તથા નાગડ રાજસભા તરફ જવાને રવાના થયા.

* * * *

અમે જે સમયની આ નવલકથા લખીએ છીએ, તે સમયે કચ્છમાં વેલાકુલ પ્રદેશમાં ધનાઢય લોકોથી શોભતું અને કચ્છદેશનાં તિલક સમાન ભદ્રેશ્વર નામક નગર હતું. ત્યાં ભીમસિંહ પ્રતિહાર ( પડિયાર ) નામનો રાજા રાજ્ય કરતો હતો. તે પરાક્રમી, બળવાન્ અને સાથે કળાવાન્ પણ હતો. લક્ષ્મી અને સૈન્યનાં બળે તે કોઇ પણ રાજાને નમણું આપતો

નહોતો અને ઉદ્ધતમાં તો તે શિરોમણિ હતો. વીરધવલે દ્રવ્યના લોભથી જાલોરના સરદારો સામંતપાલ, અનંગપાલ અને ત્રિલોકસિંહને પોતાની સેવામાં નહિ રાખતાં રજા આપી હતી, તે ઉપરના સંવાદથી જાણી શકાય છે. આ સરદારો તે પછી ભદ્રેશ્વરના રાજા ભીમસિંહ પાસે ગયા હતા અને ભીમસિંહે તેમને પોતાની સેવામાં તુરતજ રાખી લીધા હતા. ભીમસિંહ પ્રથમથીજ વીરધવલને નમણું આપવાને ખુશી નહોતો અને તેમાં ચૌહાણ સરદારો જેવા બળવાન્ અને કળાવાન્ ત્રણ વીરો મળવાથી તે વધારે જોરમાં આવી ગયો અને લાગ મળે તો વીરધવલની સાથે યુદ્ધ કરવાને પણ તૈયાર થઇ રહ્યો હતો. ચૌહાણ સરદારોએ ભીમસિંહને વીરધવલની કૃપણતાની વાત કહેલી હોવાથી તે પોતાના શત્રુની લોભવૃત્તિને માટે અંતરમાં ઘણોજ ખુશી થઇ ગયો હતો. તેણે ચૌહાણ સરદારોની સલાહ અને ઉશ્કેરણીથી વીરધવલ રાજાને તાબે થવાનું અથવા તો યુદ્ધમાં ઉતરવાનું કહેણ મોકલ્યું અને પોતે પોતાનાં સૈન્યની તૈયારી કરી વીરધવલનાં આગમનની રાહ જોવા લાગ્યો. વીરધવલને ભીમસિંહનાં કહેણથી પગથી તે માથા સુધી જવાળા લાગી. તેણે ભીમસિંહના ભાટને રજા આપી દીધી અને સેનાને તૈયાર કરવાની આજ્ઞા ફરમાવી. ગુજરાતી સૈન્ય રાજાની આજ્ઞા મળતાંજ તુરતજ તૈયાર થઇ ગયું અને સમરાંગણમાં ઉતરવાને માટે સૈનિકો આનંદમાં મસ્ત બનીને ડોલવા લાગ્યા. આ યુદ્ધમાં પણ વીરધવલ જાતે જવાનો હતો અને તેની સાથે મહામાત્ય વસ્તુપાલ, મંત્રી તેજપાલ, સામંત જેહુલ અને સરદાર સોમવર્મા તથા ક્ષેત્રવર્મા જવાના હતા. ગુજરાતી સૈન્યની સરદારી આ વખતે વસ્તુપાલને આપવામાં આવી હતી અને જેહુલ, સોમવર્મા તથા ક્ષેત્રવર્માને ઉપસેનાપતિઓ ઠરાવવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર ઉપરની ચડાઈ વખતે બીજા જે જે સામંતો અને સરદારોને યુદ્ધમાં જવાનો લાભ મળ્યો નહોતો તે બધાને આ યુદ્ધમાં આવવાની તક મળી હતી અને તેથી ગુજરાતી સૈન્યનો વિસ્તાર આ સમયે ઘણો વધી ગયો હતો. સેનાની બધી તૈયારી થઇ જતાં વીરધવલ રાજ્યધાનીમાંથી યોગ્ય વખતે કચ્છ તરફ રવાના થયો અને મજલ દર મજલ કરતો ત્વરાથી પંચગ્રામ પાસે આવી પહોંચ્યો. પંચગ્રામનું મેદાન રણભૂમિને લાયક જોઇને તેણે તેજ સ્થળે છાવણી નાંખી અને ભીમસિંહને પોતાનાં આગમનના સમાચાર ભાટદ્વારાએ મોકલાવી દીધાં. ભીમસિંહને એ ખબર મળતાંજ તે પણ પોતાનાં કચ્છી સૈન્યની સાથે ભદ્રેશ્વરમાંથી રવાના થયો અને ઉતાવળથી પંચગ્રામ નજીક આવી

પહોંચ્યો. તેણે પણ તેજ સ્થળે અનુકૂળ જગ્યા પસંદ કરીને પોતાની છાવણી નાંખી અને **વી**રધવલને યુદ્ધની તૈયારીનું કહેણ મોકલ્યું.

બીજે દિવસે જગત્કર્મના સાક્ષીરૂપ સૂર્ય ઉદય પામ્યો એટલે બન્ને સૈન્યમાં રણદુંદુભિ વાગવાં લાગ્યાં અને તે સાંભળીને સુભટો યુદ્ધમાં ઉતરવા માટે તૈયાર થઇ ગયા. સામંત **જે**હુલે રાજા તથા મહામાત્યની આજ્ઞા પ્રમાણે સૈન્યને ગોઠવી દીધું. મોખરે **સો**મવર્મા તથા ક્ષેત્રવર્મા પોતાનાં સૈન્યની સાથે હતા. તેની પાછળ **તે**જપાલ તથા **જે**હુલનું સૈન્ય હતું અને બન્ને બાજુએ **વી**રધવલ તથા વસ્તુપાળના ચુનંદા અશ્વરોહીઓ હતા. સામી બાજુએથી **ભી**મસિંહ પણ પોતાનાં સૈન્ય સાથે નજીક આવી પહોંચ્યો. તેના મારવાડી ત્રણ સરદારો સૈન્યની મોખરે હતા અને તેમાના **સામં**તપાલને સેનાપતિ નિમવામાં આવ્યો હતો. આ સમયે રણવાદ્યો, હાથીઓના નાદ, અશ્વોના હેષારવ, બંદીજનોની બિરૂદાવલી અને સુભટોના હુંકારાથી સમસ્ત રણભૂમિ બધિર બની ગઈ હતી અને આકાશ શબ્દમય થઈ ગયું હતું. થોડીજ વારમાં બન્ને બાજુએથી સેનાપતિઓની આજ્ઞા થતાંજ યુદ્ધનો આરંભ થયો. શસ્ત્રોનો સખ્ત મારો ચાલવા લાગ્યો અને તેની ભીડ એટલી બધી જામી ગઇ કે આકાશ કેમ જાણે ચોગરદમ મેઘથી આચ્છાદિત થઇ ગયું હોય નહિ, એમ જણાવા લાગ્યું. સુભટોની તલવારો વિજળીની માફક ચમકારા મારતી હતી; શસ્ત્રોનો ખણખણાટ અને હાથીઓનો ભયંકર ચિત્કાર મેઘગર્જના સમાન જણાતો હતો અને બાણો વરસાદના પ્રબળ ધારાની પેઠે પડતા હતા. સૈનિકો ક્રોધથી અંધ બની ગયા હતા અને ક્રુરતાથી પરસ્પર પ્રહાર કરતા હતા. તેમનાં શરીરો કેમ જાણે લાલ રંગથી રંગાઇ ગયાં હોય નહિ, એમ તેમાંથી નીકળતી રૂધિરની ધારાઓથી જણાતું હતું. સૂર્ય ગગનના મધ્ય ભાગમાં આવી ગયો હતો અને તે દરમ્યાન બન્ને બાજુના અસંખ્ય સેનાનીઓ ઘાયલ થઇને રણભૂમિ ઉપર આલોટતા હતા. ગુજરાતી સૈન્ય સામી બાજુનાં સૈન્યના પ્રબળ પ્રહારથી પાછું હઠતું હતું, તે જોઇને **વી**રધવલ તથા વસ્તુપાલ સાવધાન બનીને સેનાનીઓને પાછળ નહિ હઠવાની અને જોરશોરથી લડવાની સૂચના આપતા હતા.

આ પ્રમાણે યુદ્ધની સ્થિતિ ચાલતી હતી, ત્યારે ત્રણે મારવાડી સરદારો ગુજરાતી સૈન્યની હારને ભેદીને **વી**રધવલની પાસે આવી પહોંચ્યા. **વી**રધવલ બાજુએથી ખસીને મધ્યમાં આવી ગયો હોવાથી તેઓને તેની પાસે આવવાનું સુગમ થઇ પડયું હતું. **સામં**તપાલે આવીને **વી**રધવલને ઉદ્દેશીને તુરતજ કહ્યું." રાજા! અમારામાં કેટલું અને કેવું

સામર્થ્ય છે, એ દર્શાવવાની તક હવે આવી પહોંચી છે. તમે અમારી કદર કરી શકયા નહોતા; પરંતુ અમારે તમારી પાસે અમારી કદર કરાવવી છે; માટે તમે સાવધાન બનીને અમારી સાથે યુદ્ધમાં ઊતરજો અને ૭ લાખ દામથી જે કોઇ ભાડુતી સુભટો રાખ્યા હોય, તો તેઓને પણ તમારૂં રક્ષણ કરવાનું કહી દેજો. ”

વીરધવલે મંદ હાસ્ય કરતાં ઉત્તર આપ્યો. “ સામંતપાલ ! વીર પુરૂષો શબ્દમાત્રથી વૃથા બડાઇ મારતા નથી; કારણ કે તેઓ પોતાનું બાહુબળ ક્રિયાથીજ પ્રકાશિત કરવાનું પસંદ કરે છે અને તેથી જે શબ્દથીજ બડાઇ મારે છે, તે કાયર પુરૂષજ છે. ”

વીરધવલનાં એ વચનોથી સામંતપાલ તથા તેના ભાઇઓ ગુસ્સે થઇ ગયા અને ત્રણે બંધુઓ એકજ સાથે અત્યંત જોરથી તેની ઊપર ધસી આવ્યા. વીરધવલ કાંઇ અસાવધ નહોતો. તે પણ તેમની સાથે અતૂલ પરાક્રમથી યુદ્ધ કરવા લાગ્યો. વસ્તુપાલ તથા તેજપાલ બન્ને બાજુથી તેનું રક્ષણ કરતા હતા અને સામંત જેહુલ તેની પડખે ઉભો રહીને તેને મદદ કરતો હતો. ગુજરાતી વીરો જો કે પ્રતાપી હતા; તો પણ મારવાડી સરદારોના પ્રતાપ આગળ તેઓ નિસ્તેજ જણાવા લાગ્યા. પ્રબળ પ્રયાસ કરવા છતાં તેઓ તેમના ધસારાને રોકી શકયા નહિ. સામંતપાલે પ્રથમ જેહુલને જમીનપર પાડી નાંખ્યો અને ત્યારપછી વીરધવલના અશ્વને જોરથી ભાલો માર્યો. ઉપરવટ અશ્વ પ્રહારની વેદનાથી ઘણાંજ જોરથી ઊછળ્યો અને વીરધવલને અનંગપાલ તથા ત્રિલોકસિંહે ભાલાના પ્રહારથી અશ્વની પીઠ ઊપરથી નીચે પાડી દીધો. સ્વામીભકત અશ્વ પોતાના સ્વામીને પ્રહાર મારનાર સરદારો તરફ તેમના પ્રહારો ઝીલવાને સામો દોડી ગયો. પરંતુ તેઓ તેને પ્રહાર કરવાને બદલે રણભૂમિમાંથી લઇને ચાલતા થઇ ગયા. વીરધવલ અશ્વ ઊપરથી પડી જતાં ગુજરાતી સૈન્યમાં હાહાકાર થઇ ગયો અને સુભટો યુદ્ધકાર્યને ત્યજીને પોતાના સ્વામીની આસપાસ ટોળે વળવા લાગ્યા. આ વખતે સંધ્યાકાળ થઇ ગયો હોવાથી લડાઇ બંધ પડી અને મંત્રીશ્વર વગેરે વીરધવલને ઉપાડીને છાવણીમાં લઇ ગયા.

વીરધવલ ચૌહાણ સરદારોના પ્રહારથી ઘવાયો હતો; તોપણ તેથી તે નિર્બળ થઇ ગયો નહોતો. કુશળ વૈદ્યોની ચિકિત્સાથી તેને વાગેલો પ્રહાર રૂઝાઇ ગયો અને પ્રાતઃકાળ થતાં તે પુનઃ યુદ્ધમાં ઉતરવાને તૈયાર થઇ ગયો. ઉપરવટ અશ્વને સ્વાધિન કરવાથી અને વીરધવલને રણભૂમિમાં અશ્વની પીઠ ઉપરથી પાડી નાંખવાથી ભીમસિંહ ચૌહાણ સરદારો ઉપર

ઘણોજ ખુશી થઇ ગયો અને તેમનાં કથનથી વીરધવલ પ્રહારની વેદનાથી કાંતો મૃત્યુ પામ્યો હશે અને કાંતો પામવાની તૈયારીમાં હશે, એવા નિશ્ચય ઉપર આવીને તે ગર્વોન્મત બની ગયો પરંતુ તેના હેરકોએ તેને સમાચાર આપ્યા કે વીરધવલને આપ મરી ગયેલો સમજો છો, પણ તે તો તદ્દન સાજો તાજો બની ગયેલો છે અને યુદ્ધમાં ઊતરવાની તૈયારી કરી રહ્યો છે, ત્યારે તેનો ગર્વ શમી ગયો અને નિરાશાથી તે હતોત્સાહ બની ગયો. આ પ્રમાણે તેને નિરૂત્સાહ બની ગયેલો જોઇ તેના મંત્રીઓએ તેને સલાહ આપી કે "રાજન્! આપને હતાશ બનવાનું કાંઇ કારણ નથી; કારણ કે જો આપની ઇચ્છા ગુજરાતી સૈન્યની સાથે પુનઃ યુદ્ધમાં ઉતરવાની હોય તો આપણું સૈન્ય કાંઇ નિર્બળ નથી કે તે લડવાની આનાકાની કરે. વળી અમે પણ યુદ્ધમાં મળેલા વિજયને કીર્તિની પરિસીમા માનીએ છીએ; પરંતુ રાજા વીરધવલ કાંઇ જેવો તેવો નથી. તેની પાસે કુશળ સેનાનીઓ અને વિશાળ સૈન્ય છે અને તેથી તેની સાથે વિરોધ કરવા કરતાં સંધિ કરવામાંજ આપણને લાભ છે. આપણે તેને આપણો બાહુ બળનો સ્વાદ ચખાડેલો હોવાથી તે આપણી સાથે સંધિ કરવાની ના પાડશે નહિ; માટે બધી વાતનો વિચાર કરતાં અમારી સલાહ તો તેની સાથે સંધિ કરવાની છે. સંપત્તિશાલી અને બાહુબલી રાજાની સાથે વિરોધ કરતાં પરિણામે મધુર ફલ મળવાનુ નથી. નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—અનુચિત કાર્યનો પ્રારંભ, સ્વજનોની સાથે વિરોધ, બલવંતની સાથે સ્પર્ધા અને સ્ત્રીજનનો વિશ્વાસ એ ચાર મૃત્યુનાં દ્વાર છે; માટે હે દેવ! ગુજરાતના રાજા વીરધવલની સાથે સંધિ કરવી એજ ઊત્તમ છે."

ભીમસિંહને પોતાના મંત્રીઓની સલાહ ગળે ઉતરી અને તેણે વીરધવલની સાથે સંધિ કરવાની વાત કબુલ કરી, તે છતાં પણ યુદ્ધની તૈયારી તો ચાલતીજ રાખી સેનાપતિઓની આજ્ઞા થતાં બન્ને બાજુનાં સૈન્યો રણભૂમિમાં તૈયાર થઇને આવી પહોંચ્યા અને લડવાની શરૂઆત કરે, તે પહેલાં તો ભીમસિંહ અને વીરધવલે પરસ્પર સંધિ કરી દીધી. આ સમાધાનથી વીરધવલને ઉપરવટ અશ્વ પાછો મળ્યો અને ભીમસિંહે પોતાનાં નગર ભદ્રેશ્વરથી સંતોષ માની પોતાની બિરૂદાવલી કયાંઇ પણ બોલાવવી નહિ, એમ કર્યું.

ભદ્રેશ્વરના રાજા ભીમસિંહની સાથે ઉપર પ્રમાણે સમાધાન થઇ જતાં રાજા વીરધવલ પોતાની છાવણી ઉઠાવી લઇને આગળ ચાલતાં કર્કરા (કાકર) નગરીમાં આવી પહોંચ્યો. વસ્તુપાલની સલાહથી ત્યાં તે

કેટલોક સમય રહ્યો અને પોતાના દેશની સીમાને ત્રાસરૂપ થઇ પડેલા ચોરોને પકડીને યોગ્ય શિક્ષાએ પહોંચાડ્યા. ધર્મપ્રાણ વસ્તુપાલે કર્કરામાં ભગવાન્ આદિનાથનું મંદિર, ભીમપલ્લીમાં શ્રીમાન્ પાર્શ્વનાથ ભગવંતનું મંદિર તથા મહાદેવ શંકર અને મહાદેવી પાર્વતીયુક્ત રાણુકેશ્વર નામક શિવાલય, આદિત્યપાટકમાં તથા એરંડકપુરમાં વિવિધ ચૈત્યો, વાયડ ગામમાં વીરપ્રભુના ચૈત્યનો ઉદ્ધાર, સૂર્યપુરમાં સૂર્યનાં મંદિરનો ઉદ્ધાર, વેદપાઠના નિમિત્તે બ્રહ્મશાળા અને દાનશાળાઓ અઢળક ધનનો વ્યય કરીને કરાવ્યાં. ત્યાંથી મંત્રીશ્વર વસ્તુપાલ રાજાની આજ્ઞા લઇને સાચોરની યાત્રાએ તથા મારવાડના કેટલાક રાજાઓને વશ કરવાને મારવાડ તરફ પોતાનાં સૈન્યની સાથે રવાના થયો. સાચોર પહોંચતાં દરમ્યાન માર્ગમાં તેણે દાન, કેળવણી, ચૈત્ય અને તીર્થના ઉદ્ધારમાં પોતાનાં ધનનો સદુપયોગ કરવામાં કચાશ રાખી નહિ, તેમજ નાનાં ગામોના ઠાકોરો તથા રાજાઓને વશ કરવામાં પણ પાછી પાની કરી નહિ. માર્ગમાં થરાદ ગ્રામમાં તેણે ધર્મકાર્યમાં તથા ચૈત્ય કરાવવામાં પુષ્કળ ધનનો ઉપયોગ કર્યો અને પછી સાચોર પહોંચતાં એ તીર્થની ઘણીજ ભક્તિપૂર્વક યાત્રા કરી. સાચોરમાં કેટલોક સમય રોકાયા પછી મંત્રીશ્વર કર્કરામાં પુનઃ પાછો આવ્યો અને મારવાડના ઠાકોરો પાસેથી જે ધન મેળવ્યું હતું, તે પોતાના રાજા વીરધવલને ભેટ ધરી વિજયની તથા યાત્રાની વાત કહીને તેને ખુશ બનાવી દીધો. રાજા વીરધવલ મંત્રીશ્વર વસ્તુપાલનાં વીરત્વથી અત્યંત આનંદને પામ્યો અને તે પછી ધીમે ધીમે પ્રયાણ કરતાં તે પોતાના સકળ સૈન્યની સાથે રાજધાનીમાં આવ્યો.

# પ્રકરણ ૧૯ મું.

## પ્રતિજ્ઞાની પૂર્તિ.

જયદેવના હર્ષની આજે સીમા નહોતી. લડાઇમાં બહાદુરી અને પરાક્રમ દર્શાવવાનાં કાર્ય માટે રાજા વીરધવલ તેના ઉપર પ્રસન્ન થયો હતો. તેણે આજની રાજસભામાં જયદેવની સ્વમુખે પ્રશંસા કરીને તેને ઉત્તમ પોષાક, યોગ્ય ઇનામ અને યુદ્ધખાતામાં સારો અધિકાર આપીને તેની યોગ્ય કદર કરી હતી, આ પ્રમાણે પોતાને માન મળવાથી જયદેવ

અત્યંત આનંદને પામ્યો હતો અને રાજસભામાંથી નીકળીને તે ત્વરાથી મંત્રીશ્વર વસ્તુપાલના આવાસે જતો હતો. પદ્માનાં રૂપ-લાવણ્યને જોવાથી તે દિવાનો બની ગયો હતો અને ગમે તે ભોગે તેને પોતાની કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો, એ વાચક બંધુઓ આગળ વાંચી ગયા છે. આ નિશ્ચય પછી જયદેવે પોતાના આચાર-વિચારને બદલી નાંખ્યા હતા. પ્રથમ તો તેણે પોતાના મોજી સ્વભાવનો ત્યાગ કર્યો હતો અને તેના બદલે વિવેક, ગંભીરતા અને સદાચારનો સ્વીકાર કર્યો હતો. પ્રભાતે વહેલો ઉઠી આવશ્યક ક્રિયાઓથી પરવારીને તે મંદિરે અને ઉપાશ્રયે જતો હતો અને હંમેશાં પ્રભુની પૂજા અને સાધુની સેવા કરવાનું પણ તેણે શરૂ કરી દીધું હતું. આ ઉપરાંત યુદ્ધવિદ્યાનું શિક્ષણ મેળવવાને માટે તે રાજની તત્સંબંધી શાળામાં જતો હતો અને ત્યાં યુદ્ધકળા વિશારદ સેનાનીઓના સહવાસમાં રહીને યુદ્ધવિદ્યાનું શિક્ષણ પણ મેળવતો હતો. વળી તે નગરના પ્રતિષ્ઠિત અને વિદ્વાન્ પુરૂષોની મુલાકાત લેવામાં અને ગરીબ તથા અશક્ત મનુષ્યોને યોગ્ય સહાય આપવામાં સમયને વ્યતીત કરતો હતો. વીરધવલે જ્યારે સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરી હતી, ત્યારે જયદેવ તે ચડાઇમાં ગયો હતો અને વામનસ્થલીનાં યુદ્ધમાં વીરધવલની બાજુમાં રહીને તેણે ઠીક બહાદુરી બતાવી હતી. ટુંકામાં કહેવામાં આવે તો જયદેવનું જીવન બધા પ્રકારે ફરી ગયું હતું અને તેથી સમાજમાં, રાજમાં અને લોકસમુહમાં તેની અત્યંત પ્રશંસા થતી હતી. પદ્માએ જયદેવની પ્રશંસા સાંભળી હતી. તે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાને તૈયાર થઇ રહી હતી. તેણે પોતાના મનોભાવને તેની ભાભી તેજપાળની સ્ત્રી અનુપમાને જણાવ્યો હતો, તે ઉપરથી વસ્તુપાલ તેનો સગપણ-સંબંધ જયદેવની સાથે કરવાને અનુકૂળ પ્રસંગની રાહ જોઇ રહ્યો હતો; પરંતુ તેને ભદ્રેશ્વરની ચડાઇમાં વીરધવલની સાથે જવાનું થતાં ત્યાંથી પાછા આવવા ઉપર સગપણની વાત મુલતવી રાખવામાં આવી હતી. ભદ્રેશ્વરની ચડાઇમાં જયદેવ ખાસ કરીને ગયો નહોતો; કારણકે તેને છાવણીમાં ગમે તે સ્થિતિમાં રહેવાનું, ઘોડા ઉપર મુસાફરી કરવાનું અને યુદ્ધ જેવા ભયંકર વ્યવસાયમાં ઉતરવાનું પસંદ નહોતું અને તેથી તથા પદ્માના સહવાસમાં વારંવાર આવવાના ઉદ્દેશથી તે નાદુરસ્ત તબિયત હોવાનું બહાનું બતાવીને ઘેરજ રહ્યો હતો. ભદ્રેશ્વરની ચડાઇમાંથી વસ્તુપાલને પાછા ફરતાં ઘણો સમય થયો હતો. આ સમય દરમ્યાન તે પદ્માની વારંવાર મુલાકાત લેતો હતો અને પોતાનાં વર્ત્તનની તેને ખાતરી કરાવવાને માગતો હતો; પરંતુ પદ્માએ તેને સગપણ-સંબંધી કાંઇપણ ચોકસ ઉત્તર

આપ્યો નહોતો. તે જયદેવનું જાહેરમાં સન્માન થાય અને ત્યારપછીજ તેની સાથે લગ્નથી જોડાવું, એવી ઇચ્છા ધરાવતી હોવાથી અત્યાર સુધી મૌનજ રહી હતી; પરંતુ જ્યારે વસ્તુપાલ ભદ્રેશ્વરની ચડાઈમાંથી પાછો આવ્યો અને વીરધવલે રાજસભામાં જાહેર રીતે જયદેવની પ્રશંસા કરીને તેને અધિકાર, ઇનામ અને પોષાક આપવાનો નિશ્ચય કર્યાનું તેના જાણવામાં આવ્યું, ત્યારે તે ધીરજ ધરી શકી નહિ. તેણે તુરતજ પોતાની વ્હાલી ભાભી અનુપમાને પોતાનું સગપણ જયદેવની સાથે જેમ બને તેમ જલ્દીથી કરવાની વ્યવસ્થા કરવાનો આગ્રહ કર્યો અને અનુપમાની વ્યવસ્થાથી છેવટે જયદેવને જે દિવસે રાજસભામાં માન મળે તે પછી અનુકૂળ શુભ દિવસે પદ્મા તથા જયદેવનો પરસ્પર સંબંધ અને લગ્ન કરી નાંખવાનો સર્વની સંમતિથી વસ્તુપાલે પોતાનો વિચાર જાહેર કર્યો. આ પ્રમાણે નિશ્ચય થવાથી પદ્માની ખુશાલીનો પાર નહોતો; કેમકે વારંવારના સહવાસથી તેના હૃદયમાં જયદેવને માટે અનુરાગ ઉત્પન્ન થયો હતો. તે ભોળી બાળાને પોતાનું લગ્ન તેની સાથેજ થાય, તો જીવનની એક અનેરી અભિલાષા પરિપૂર્ણ થાય, એવા વિચારથી અપાર ખુશાલી થાય, તો તેમાં અસ્વાભાવિકતા શી હતી ?

રાજ્યસભામાંથી નીકળીને જયદેવ સ્વગૃહે નહિ જતાં બારોબાર પદ્માના આવાસે આવી પહોંચ્યો. વસ્તુપાલના ગૃહે તે વારંવાર આવતો જતો હોવાથી તેને તેમાં પ્રવેશતાં સંકોચ ધરવાનું કાંઇ કારણ નહોતું. તે સીધો આવાસમાં ચાલ્યો ગયો અને પદ્મા જે ઓરડામાં બેસતી ઉઠતી હતી, ત્યાં વિના સંકોચે જઇ પહોંચ્યો. ઓરડાના દ્વારમાં પ્રવેશીને તેણે અંદર નજર કરી તો સકલતનુસુવેશા પદ્મિની પદ્મા દિવાલે ટાંગેલાં પરમાત્માનાં ચિત્રને હસ્તદ્વય જોડીને પ્રાર્થના કરતીં જોવામાં આવી. પદ્માએ આ વખતે લીલું વસ્ત્ર પરિધાન કરેલું હોવાથી તેના અંબારથી તેનું સૌંદર્ય સુમધુર પુષ્પની કળી સમાન ખીલી ઉઠયું હતું. તેનાં મસ્તકના અત્યંત કાળા, ચળકતા અને નિબિડ વાળ ઓળેલા પણ છૂટા હતા અને નિતંબપર્યંત લંબાતા હતા. આખો ઓરડો, તેની ચારે દિવાલો, દિવાલો ઉપર લટકાવેલાં ચિત્રો, વિવિધ આસનો અને બીજા શણગારના પદાર્થો—એ સર્વે નિર્જીવ હતા; પરંતુ ઓરડાની મધ્યમાં ઉભેલી સૌંદર્ય અને લાવણ્યની સચેતન પ્રતીમાથી બધા પદાર્થોમાં પણ કેમ જાણે ચેતન આવ્યું હોય નહિ, એવો આભાસ થતો હતો. સ્વેચ્છાચારી પણ પદ્માની પ્રાપ્તિ માટે સદાચારી બનેલો જયદેવ આ દૃશ્ય જોઇને કેવળ મંત્રમુગ્ધ થઇ ગયો. ઇચ્છા છતાં પણ તે આગળ જઇ શકયો નહિ કે કાંઇ

બોલી શકયો પણ નહિ. મદારીની મોરલીના સુરે જેમ વિષધર નાગ ડોલે છે, તેમ જયદેવ પદ્માનાં સૌંદર્યની સુવાસથી મસ્ત બની ડોલવા લાગ્યો. આવી સ્થિતિમાં તે કેટલો સમય ઉભો રહ્યો, તેનું ભાન રહ્યું નહિ; પરંતુ પ્રાર્થના પૂરી થતાં પદ્મા જ્યારે ચિત્રની સામેથી પાછી ફરી અને તેની દ્રષ્ટિ દ્વાર પ્રતિ ગઇ ત્યારે તેને ભાન આવ્યું અને આત્મસંયમ કરીને તે પદ્માની નજીક જઇને ઉભો રહ્યો. પદ્મા જયદેવને જોઇને શરમાઈ ગઈ અને લજ્જાથી અવનત મુખ કરીને જરા દૂર ખસીને ઉભી રહી તે ત્યાંથી નાસી છૂટવાનો વિચાર કરવા લાગી; પરંતુ ત્યાંથી ચાલ્યા જવાની શક્તિ તેના ચરણમાં નહોતી અને તેથી તે સંકોચાઇને તથા મસ્તકેથી ખસી ગયેલાં વસ્ત્રને સુવ્યવસ્થિત કરીને જેમની તેમ ઉભી રહી.

લેખકનો વ્યવસાય લેખનકાર્યનો હોવાથી આવાં ચિત્રો તેને વારંવાર આલેખવાં પડે છે અને આલેખનકાર્યમાં પોતાની બધી શક્તીનો ઉપયોગ કરવાનું તે ચુક્તો નથી; તોપણ તેને પોતાની કળાથી આત્મસંતોષ થતો નથી. લેખકનો આ અંતરનોએકરાર છે; પરંતુ તેમ થવાનું આત્મસંતોષ નહિ થવાનું શું કારણ છે, એવો સાહજિક પ્રશ્ન વાચકો ઉપસ્થિત કરશે અને તેથી તેના ઉત્તરરૂપે પ્રસંગોપાત્ત બે શબ્દો લખી નાંખવાની લેખકે તક લીધી છે. પ્રિયતમ અને પ્રેયસીનું મીલન એ એક એવો તો અસાધારણ પ્રસંગ છે કે જેનું યથાર્થ ચિત્ર દોરવાને મસ્તકમાં ઉપજતાં વિચારબળની આજ્ઞાનો અમલ લેખિની બરોબર કરી શકતી નથી. તત્વવિદ્ પુરૂષો પરમાત્મપદનાં સુખનું ચિત્ર દોરવામાં જેમ કલ્પનાનો આશ્રય લે છે, તેવીજ રીતે નવલકથાનો કોઇ પણ લેખક પ્રેમીઓનાં મીલનનું ચિત્ર દોરવામાં પણ કલ્પનાનો આશ્રય ગ્રહણ કરે છે; કારણ કે એવા પ્રસંગનો ચિતાર સાક્ષાત અનુભવ વિના નથી તો લેખક દોરી શકતો કે નથી તો વાચકો તેનો મર્મ સમજી શકતા. આ પ્રસંગે પ્રેમીઓનાં મસ્તકમાં જે વિચારો, હૃદયમાં જે ભાવો, આંખોમાં જે રંગો, અંતરમાં જે તાલાવેલી અને શરીરમાં જે ઝણઝણાટ ઉત્પન્ન થાય છે, તેનો ચિતાર તાદ્દશ્ય અનુભવ વિના શી રીતે દોરી શકાય કે સ્વાનુભવ વિના શી રીતે સમજી શકાય ? આ લખતી વારે લેખક જરૂર માને છે કે પ્રેમનો મર્મ નહિ સમજનારાં મનુષ્યો પ્રસ્તુત પ્રસંગને મહત્ત્વ આપવાને માટે તેને દોષિત ગણશે અને મનમાંને મનમાં બે–ચાર કટુ વચનો પણ સાંભળાવી દેશે; પરંતુ લેખક એવી માન્યતાના વિચારથી ગુસ્સે થવાને બદલે ખુશીજ થાય છે; કારણ કે તે સમજે છે કે વિલાસ

મોજશોખ, માયામોહિની, આડંબરી પ્રેમ અને રાગદ્વેષની પ્રબળ પ્રધાનતાના આ યુગમાં યથાર્થ પ્રેમનાં રહસ્ય અને તેના શુદ્ધ મર્મને સમજાવવાનું કાર્ય બહુ મુશ્કેલ છે.

પદ્મા અને જયદેવ ઉભય કેવા પ્રકારના પ્રેમીઓ છે, એ વાચકો સારી રીતે જાણી શકયા હશે. જયદેવ સ્વાર્થ પૂરતો પ્રેમ દર્શાવે છે, જ્યારે પદ્મા નિઃસ્વાર્થ ભાવથી જયદેવ પ્રતિ પ્રેમ દર્શાવે છે. સ્વાર્થ અને નિઃસ્વાર્થમય પ્રેમનાં મિશ્રણનું શું પરિણામ આવે છે, એ જોવાનું છે અને ત્યારપછીજ આપણે તેમના માટે મત ઉચ્ચારવો જોઇએ એ લેખક સમજે છે, તે છતાં તેણે પ્રેમીઓનાં મીલનના પ્રસંગને જે મહત્ત્વ આપ્યું છે, તે અસ્થાને નથી; કારણ કે પ્રેમ સ્વાર્થી હો કે નિઃસ્વાર્થી હો—ગમે તે હો; પરંતુ તેને પ્રેમીઓનાં પ્રથમ મીલનના પ્રસંગેજ કસોટીએ ચડાવવાનો નથી. તેની કસોટી આગળ ઉપરજ—યોગ્ય સમય વ્યતીત થતાંજ થાય છે અને તેથો પ્રેમીઓનાં મીલનના પ્રસંગને મહત્ત્વ આપવા માટે ખુલાસા રૂપે ઉપર્યુક્ત વિવેચન કરવાની તક લેખકે લીધી છે.

જયદેવ પદ્માને ચાહે છે, પદ્મા જયદેવને ચાહે છે; ઉભય પ્રેમીઓ બન્યાં છે. બન્ને આ પ્રસંગ પહેલાં વારંવાર એકાંતમાં મળ્યાં છે; પરંતુ આજના જેવા સંકોચ, આજના જેવી લજ્જા અને આજના જેવો અનુભવ તેમને અગાઉ મળ્યાં નહોતાં. એનું કારણ એજ હતું કે તેઓ હવે લગ્નની ગાંઠથી પરસ્પર જોડાશે, એમ ઉભય માનતાં હતાં. આ માન્યતાથીજ તેઓ લજ્જાને વશ થયાં હતાં. સામાન્ય રીતે સ્ત્રી કરતાં પુરૂષને શરમ ઓછી હોય છે. આવા પ્રસંગોમાં પ્રથમ પુરૂષજ શરમનો ત્યાગ કરે છે. આ પ્રસંગે પણ તેમજ થયું.

“પદ્મા ! વ્હાલી પદ્મા !” જયદેવે આનંદથી ઉભરાઇ જતાં અંતઃકરણે કહ્યું. “આજપર્યંત તું મારાં વર્ત્તન સંબંધી મત ઉચ્ચારવામાં મૌન રહેલી છે; પરંતુ આજે તારે તત્સંબંધમાં તારો યોગ્ય મત આપવો પડશે. તારે સ્વીકારવું પડશે કે હું તારા મનોરથ પ્રમાણેનો પુરૂષોત્તમ બન્યો છું. તું જુએ છે તેમ મેં મારાં વર્ત્તનને કેવળ બદલી નાંખ્યું છે. હું ધાર્મિક કાર્યો કરૂં છું, વિદ્વાનોના સહવાસમાં આવું છું, દુઃખી અને ગરીબ મનુષ્યોને સહાય આપું છું અને યુદ્ધમાં જઇને શત્રુઓની સાથે યુદ્ધ પણ કરૂં છું. સૌરાષ્ટ્રની ચડાઇમાં મેં મહારાજની બાજુમાંજ ઉભા રહીને જે વીરત્ત્વ દર્શાવ્યું હતું, તેને માટે તેમણે આજે રાજસભામાં મારી પ્રશંસા કરી છે. મને ઇનામ, પોષાક તથા યોગ્ય

અધિકાર પણ આપ્યાં છે. લોકો મારી પ્રશંસા કરે છે અને મને સુયોગ્ય પુરૂષ ગણીને યોગ્ય માન પણ આપે છે. બોલ, હવે મારામાં કાંઇ ખામી છે? અને જો હોય, તો સ્પષ્ટ કહી નાંખ કે તેને દૂર કરવાને માટે હજુ પણ હું પ્રયાસ કરૂં. તારા જેવી સુરસુંદરીને માટે હું ગમે તે કરવાને–ગમે તેવો ભોગ આપવાને તૈયાર છું."

પદ્મા જયદેવનાં વચનો સાંભળીને અંતરમાં ઘણીજ ખુશી થઇ ગઇ. તેને જયદેવે પોતાનું વર્ત્તન સુધારવાની શરૂઆત કરી, ત્યારથીજ ખાતરી થઇ ચુકી હતી કે તે તેના મનોરથ પ્રમાણેનો પુરૂષ બની જશે અને છેવટે થયું પણ તેમજ. જયદેવે પોતાનું વર્ત્તન કેવળ બદલી નાંખ્યું હતું, તે પદ્માના જાણવામાં આવ્યું હતું; પરંતુ જયદેવનું જાહેરમાં સન્માન થાય અને તેનું આગલું વર્ત્તન લોકો ભૂલી જાય, તે પછીજ તેની સાથે લગ્ન કરવું, એવો નિશ્ચય તેણે કરેલો હતો અને તેથી તે આજપર્યંત જયદેવના માટે પોતાનો મત ઉચ્ચારવાને અને સગપણ-વિષે સંમતિ આપવાને મૌન રહી હતી. પણ હવે તેને મૌન રહેવાનું કાંઇ કારણ નહોતું. હવે તો તે જયદેવની સાથે લગ્નથી જોડાવાને અને પ્રેમનો લહાવો લેવાને આતુર થઇ રહી હતી અને તેથી તેણે આજે જયદેવની સાથે હૃદયપૂર્વક વાત કરવાનો પોતાના મનથી નિશ્ચય કર્યો; પરંતુ લજ્જાના અનિવાર્ય આવરણને લઇ તે જયદેવના પ્રશ્નનો તાત્કાલિક ઉત્તર આપી શકી નહિ. આનંદ અને શરમથી તેનું મુખકમળ પ્રફુલ્લિત થયું અને તે ઉપર મંદ હાસ્યની અનુપમ છટા વિલસી રહી.

મોહાન્ધ જયદેવ આ સમયે પદ્માનાં મુખનું લલિત લાવણ્ય જોઇને વિહ્વલ બની ગયો. તેને વિચાર થયો કે પદ્માનાં મુખ ઉપરનાં લાવણ્યને ચુંબી લઉં; પરંતુ બળાત્કારે તેણે પોતાના એ વિચારને રોકી રાખીને ઉત્તેજીત સ્વરે કહ્યું. "પ્રિયતમા પદ્મા! હવે શા માટે વિના કારણ મને તલસાવે છે? જલ્દી કહી નાંખ કે હું તમને ચાહું છું, મારા હૃદયમાં તમારા માટે પ્રેમનો જન્મ થયો છે અને તમારી સાથે લગ્ન સંબંધથી જોડાવાને તૈયાર છું. બોલ, મધુરી! એટલા શબ્દો બોલ અને મારાં બળતાં જીગરને તારી અમૃતવાણીથી શાંત કર."

પદ્માનાં હૃદયમાં જયદેવને માટે પ્રેમનો જન્મ થયો હતો; તેનું હૃદય પરવશ બન્યું હતું અને તેથી તે વધારે વાર માન રહી શકી નહિ. તેણે મીઠા મોહક સ્વરે કહ્યું. "તમે તમારૂં વર્ત્તન સુધાર્યું છે, એ હું જાણું છું અને તેથી મારી પ્રતિજ્ઞા ને મારો મનોરથ પૂર્ણ થયાં છે."

"તો પછી આપણા લગ્ન સંબંધમાં તારી સંમતિ છે ને?" જયદેવે પુનઃ પૂછ્યું.

પદ્માએ તેનો મુખથી ઉત્તર આપ્યો નહિ; પરંતુ પ્રત્યુત્તરમાં તે જરા હસી. તેનું હાસ્ય એજ જયદેવના પ્રશ્નનો ઉત્તર હતો. ચતુર જયદેવ તે સમજ્યો અને પદ્માનું હાસ્યથી ભરેલું મુખ જોઇને મોહવશ બન્યો. તેણે વિવેકને બાજુએ મૂક્યો અને ત્વરાથી પદ્માની પાસે જઇ તેના દેહને પોતાના બાહુમાં પકડી લેતાંની સાથે તેનાં મુખ ઉપર બે-ત્રણ ચુંબનો ભરી લીધાં. જયદેવના આ અવિવેકી વર્તનથી પદ્મા ગુસ્સે થઇ ગઇ. તે બળપૂર્વક તેની બાથમાંથી છૂટી થઇને દૂર જઇને ઉભી રહી. ક્રોધથી તેનું સમસ્ત શરીર ધ્રુજવા લાગ્યું. આ રક્ત નેત્રે તે જયદેવની સામે જોઇ રહી. જયદેવ મોહાંધ બનીને ભૂલી ગયો કે પદ્મા કુલિન બાળા છે અને જ્યાં સુધી તેની સાથે લગ્નસંબંધ થયો નથી, ત્યાં સુધી તેના શરીરને સ્પર્ષ કરી શકાય નહિ. તે પોતાનાં સાહસને માટે પશ્ચાતાપ કરવા લાગ્યો. ક્ષણવાર તો તે મૌન રહ્યો, તે એવી આશાથી કે પદ્મા કાંઇ બોલશે; પરંતુ જ્યારે તે કાંઇ બોલી નહિ, ત્યારે તેણે બોલવાનો-તેની ક્ષમા માગવાનો વિચાર કર્યો. આ વિચારથી તેણે ધીમા અને દિલગીરી-દર્શક સ્વરથી કહ્યું. “ પદ્મા ! મારી ગંભીર ભૂલ થઇ છે. આપણો લગ્ન-સંબંધ થયા પૂર્વે તારાં શરીરનો સ્પર્ષ કરવાનું મે જે સાહસ કર્યું છે, તે માટે મને હવે અત્યંત પશ્ચાતાપ થાય છે; પરંતુ થયું તે ન થયું બનવાનું નથી, એમ જાણીને તું ક્રોધનો ત્યાગ કર અને મારી ભૂલને માટે મને ક્ષમા આપ. ”

જયદેવનાં નમ્ર વચનો સાંભળીને ભોળી પદ્માનો ક્રોધ ચાલ્યો ગયો અને તેનાં મુખ ઉપર પૂર્વવત્ હાસ્યની અપૂર્વ છટા વિલસી રહી.

એ જોઇને જયદેવને સંતોષ થયો. તેણે આનંદપૂર્વક કહ્યું. “ પદ્મા ! તારાં હાસ્યથી ભરેલાં મુખને જોવાથી મને લાગે છે કે તેં મને ક્ષમા આપી છે. મારી ધારણામાં હું છેતરાતો નથી ને ? ”

પદ્માએ જવાબ આપ્યો. “ ના. ”

જયદેવે તુરતજ મૂળ વાત ઉપર આવતાં પૂછ્યું. “ આપણા લગ્નસંબંધમાં તારી સંમતિ છે, એ તો હું આજનાં તારાં વર્તન ઉપરથી જાણી શકયો છું; પરંતુ આપણું લગ્ન કયારે થશે, તે વિષે તું મને કાંઇ ચોકસ કહી શકીશ ? ”

“ ના; કારણ કે એ વાત મારા વડિલ બંધુના હાથમાં છે અને તેથી એ વિષે હું તમને સ્પષ્ટ કહી શકીશ નહિ; પરંતુ તમને એટલું કહી શકીશ કે જેમ બને તેમ જલ્દીથી આપણું લગ્ન થશે. ” પદ્માએ કહ્યું.

જયદેવ એથી ખુશી થયો. તે પોતાની કળામાં ફાવ્યો છે અને

પદ્મા જેવી અભિમાની બાળાને વશ કરી શકયો છે, એ વિચારથી જયદેવને અભિમાન ઉત્પન્ન થયું. પદ્મા હવે તેનીજ છે; માત્ર લગ્નસંબંધનીજ વાર છે અને તે પછી તે અભિમાની અને માનિની બાળાએ તેનાં વર્ત્તન વિષે ટીકા કરીને તેનું જે અપમાન કર્યું હતું, તેનો બદલો-તેનું વેર સુખે લઇ શકાશે. એવા વિચારથી તેણે પદ્માની સામે એકવાર જોયું અને ત્યારપછી તે વિજેતા સેનાપતિની જેમ દઢતાથી પગલાં ભરતો ચાલ્યો ગયો.

પદ્મિની પદ્મા જયદેવ ગયો તે પછી હર્ષાયમાન થતી થતી પોતાની વ્હાલી ભાભી અનુપમાની પાસે ત્વરાથી દોડી ગઇ. ભોળી બાળાએ જયદેવનાં મીલનની બધી વાત અનુપમાને ઘણીજ હોંશથી કહી દર્શાવી અને તે સાંભળીને અનુપમા તેની મશ્કરી કરવા લાગી. વાચક મહાશયોને સખીઓની વરસંબંધી વાતોમાં વારંવાર રસ નહિ પડે, એ આશયથી અમે તેનો ઉલ્લેખ કરવાનું યોગ્ય વિચાર્યું નથી.

# પ્રકરણ ૨૦ મું.

## વેરની વસુલાત.

જીવનનો અમૂલ્ય પ્રસંગ ! ગૃહસ્થાશ્રમનો પ્રથમ પ્રવેશ ! તે કયો ? કુમાર અને કન્યાનો પવિત્ર લગ્નસંબંધ ! શરીર, મન અને આત્માનું એકીકરણ ! ઘણા દિવસે આ અમૂલ્ય પ્રસંગ જયદેવને પ્રાપ્ત થયો. પદ્માની પ્રતિજ્ઞા કિંવા તેના મનોરથની પૂર્તિ થઇ. અનુપમાનાં કથનથી પદ્માની સંમતિ જાણી વસ્તુપાલે તેનો સગપણસંબંધ જયદેવની સાથે તેને જાહેર માન મળ્યું, તેના બીજે દિવસેજ કરી નાંખ્યો અને લગ્ન પણ થોડાજ સમયમાં કરી નાંખવાનું ઠર્યું. મહીનાના મહિનાઓ અને વર્ષોનાં વર્ષો જતાં વાર લાગતી નથી, તો પછી માત્ર અમુક દિવસોને જતાં શી વાર ? જયદેવ અને પદ્માનાં લગ્નનો નિર્ણિત દિવસ આવી પહોંચ્યો અને તે દિવસે ઘણાજ ઉત્સાહથી, મોટા આડંબરથી અને અનુપમ ધામધુમથી તેમનું લગ્ન થઇ ગયું. પદ્મા પરણીને સાસરે ગઇ. સ્વામીને મળવાની, લગ્નનો લ્હાવો લેવાની અને જીવનનાં એક સામયિક સુખનો અનુભવ કરવાની પ્રથમજ રાત્રી હતી. પદ્મા નગરશેઠના આવાસે જયદેવનાં શયનગૃહમાં સ્વામીનાં આગમનની રાહ જોતી વિચારગ્રસ્ત સ્થિતિમાં

બેઠેલી હતી. તેનાં મસ્તકમાં અવનવી કલ્પનાઓ ઉદ્‌ભવતી હતી. સ્વામીનો પ્રેમ શી રીતે મેળવવો, મેળવ્યા પછી તેને શી રીતે ટકાવી રાખવો, તેમને કયા ઉપાયોથી પ્રસન્ન રાખવા, તેમનાં હૃદયમાં કેવી રીતે સ્થાન પ્રાપ્ત કરવું અને તેમની પાસેથી કેવાં કેવાં સુખોની આશા કરવી ઇત્યાદિ અનેક પ્રકારના વિચારો અને તરંગોને તે સેવી રહી હતી. જયદેવનું શયનગૃહ કિંમતી અને આકર્ષક સાધનોથી શણગારવામાં આવેલું હતું અને વ્યવસ્થા તથા સ્વચ્છતાથી તે એટલું બધું દીપાયમાન લાગતું હતું કે આવું શયનગૃહ રાજા વીરધવલને હશે કે કેમ, એ શંકાજનક હતું. દીપકોના પ્રકાશથી અને તેમાં બેઠેલી નવયૌવના પદ્માનાં અપૂર્વ સૌંદર્યથી તે સ્વર્ગનાં વિમાન સદૃશ્ય જણાતું હતું.

પદ્મા અનેક વિચાર-તરંગો કરીને થાકી ગઈ; પરંતુ જયદેવ આવ્યો નહિ. તે ચિંતવવા લાગી કે સ્વામીને આવતાં આટલી બધી વાર કેમ થઇ ? પલંગ ઉપર બેસી બેસીને તે કંટાળી ગઈ એટલે ત્યાંથી તે ઉઠી અને એકાદ ગ્રંથને પસંદ કરીને સમયને વ્યતિત કરવાને વાંચવા માટે હિંડોળા ઉપર બેઠી. સદાચાર એ સુખનું મૂળ છે, એ વિષયનું તે એક ધ્યાને વાંચન કરતી હતી, એટલામાં જયદેવ આવી પહોંચ્યો. શયનગૃહનાં દ્વારમાં આવીને તે ક્ષણ વાર ઉભો રહ્યો. સુરસુંદરી પદ્માને હિંડોળા ઉપર બેઠેલી અને એક ધ્યાને વાંચતી જોઇને તે ઘડીભર પોતાના નિશ્ચયને ભૂલી ગયો. તે ત્વરાથી ઓરડાની અંદર ચાલ્યો ગયો અને પદ્માની પાસે જઇને ઉભો રહ્યો. પદ્મા સ્વામીને આવેલા જોઈને એકદમ હિંડોળા ઉપરથી ઉઠી ગઇ અને ગ્રંથને તેના ઉપર ઉઘાડો મૂકીને શરમથી નીચું જોઇને ઉભી રહી. જયદેવ આ દેવીસ્વરૂપા સુંદરીને—નહિ તેના અલૌકિક રૂપ-લાવણ્યને જોઇને દિગ્મૂઢ બની ગયો. માનિની પદ્માનાં માનનું ખંડન કરવાનો તેણે જે નિશ્ચય કર્યો હતો, તે પલાયન થઈ ગયો. તેને પદ્મિની પદ્મા ઉપર અનુરાગ-તેનાં રૂપ ઉપર મોહ ઉત્પન થયો. તેણે તુરતજ પદ્માને દૃઢાવલિંગન કર્યું. પદ્મા સ્વામીના વ્યવહારથી શરમાઇ ગઇ અને તેના આલિંગનમાંથી છૂટવાનો પ્રયાસ કરવા લાગી.

જયદેવે હસતાં હસતાં કહ્યું. " પ્રિયતમા ! તારા આલિંગન-સુખમાંથી મને શા માટે મુક્ત કરે છે ? હવે તો આપણો શરીર-સંબંધ બંધાઇ ગયો છે અને તેથી મારો આ વ્યવહાર દોષપાત્ર નથી."

પદ્માએ તેના જવાબમાં સ્વામીનાં મુખ સામે ભેદક દ્રષ્ટિએ જોયું. જયદેવ તેનો અર્થ સમજી ગયો. પદ્માને આલિંગનમાંથી મુકત કરીને તે

પલંગ ઉપર જઇને બેઠો અને પોતાની પ્રિયાને પોતાના પડખામાં બેસાડીને ચુંબનાદિ વ્યવહારથી પજવવા લાગ્યો.

ક્ષણ વાર રહી જયદેવે ગર્વમિશ્રિત સ્વરે કહ્યું. "પદ્મા ! અંતે તું મારી થઈ—નહિ હું તને મારી કરી શકવાને વિજયી થયો."

"હા." પદ્માએ સરલતાથી કહ્યું. "અને તે માટે પરમાત્માનો હું ઉપકાર માનું છું."

"ઠીક, પણ તું અત્યારે કયો ગ્રંથ વાંચતી હતી?" જયદેવની નજર હિંડોળા ઉપર પડેલા ગ્રંથ તરફ જતાં તેણે પ્રશ્ન કર્યો.

"નાથ ! એ ગ્રંથ ધાર્મિક વિષયનો છે અને આપનાં આગમનને વિલંબ થયો એટલે સમયને વ્યતિત કરવાને માટે હું તે વાંચતી હતી." પદ્માએ પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું. "તેમાં સદાચાર એ સુખનુ મૂળ છે, એ વિષય પોતાનું વર્ત્તન કેવું રાખવું જોઇએ, એ સંબંધમાં ઘણોજ ઉપયોગી છે. આપ તેને નવરાશના સમયે વાંચશો, તો આપને તેમાંથી ઘણુંજ જાણવાનું મળશે."

"સદાચાર એ સુખનું મૂળ છે, એ વિષય તને ઘણો પ્રિય લાગે છે, ખરૂં ને ?" જયદેવે ગંભીરતાથી પ્રશ્ન કર્યો.

"હા અને તેથીજ હું આપને એ વિષય વાંચવાનો ખાસ આગ્રહ કરૂં છું." પદ્માએ ઉત્તર આપ્યો.

"પણ એ વિષય વાંચવા માટે મને ખાસ આગ્રહ કરવાનું શું કારણ છે ?" જયદેવે પુનઃ પ્રશ્ન કર્યો.

"કારણ તો એજ કે સદાચારી થવા ઇચ્છનાર પ્રત્યેક મનુષ્યે તેને વાંચવો જોઇએ અને તેનું મનન પણ કરવું જોઇએ. એ સિવાય બીજું કાંઇ કારણ નથી." પદ્માએ સરલતાથી ઉત્તર આપ્યો.

"ત્યારે તું એમજ માને છે ને કે હજુ હું જેવો ને તેવોજ અનાચારી છું અને તે કારણને લઈ સદાચારી થવા માટે મને તું એ વિષયને વાંચવાનો ખાસ આગ્રહ કરે છે ?" જયદેવે સવિશેષ ગંભીરતાથી પૂછ્યું.

પદ્મા જયદેવની ગંભીરતાને સમજી ગઇ. તેણે નમ્રતાથી જવાબ આપતાં કહ્યું. "સામાન્ય બાબતમાં આપ આટલા બધા ગંભીર શાને બની જાઓ છો ? મારી પ્રતિજ્ઞાને આપ પહેલાંથીજ જાણો છો અને તેથી આપે આપનું વર્ત્તન જો સુધાર્યું ન હોત, તો હું આપની સાથે શા માટે લગ્નથી જોડાત ? આપે આપનું પૂર્વનું વર્ત્તન તદ્દન સુધાર્યું છે, એ હું ખાતરીથી માનું છું; પરંતુ એથી આપે સારા ગ્રંથો ન

વાંચવા, એમ કાંઇ ઠરતું નથી. સદાચારી મનુષ્યો પણ જો શિક્ષાપ્રદ વિષયો વાંચે, તો તેમને નવું નવું જાણવાનું મળે છે અને એ હેતુથીજ મેં આપને એ વિષય વાંચવાનો આગ્રહ કર્યો છે. તેમ છતાં આપને જો એ માટે ખોટું લાગ્યું હોય અથવા તો મારો અવિનય થયો હોય, તો તે માટે હું આપની ક્ષમા માગું છું."

"પદ્મા ! તારી ચાતુરીને હું જાણું છું. પ્રથમ કટુ વચન સંભળાવીને પછી ક્ષમા માગવી, એ તારી કેવળ ધૃષ્ટતાજ છે. તું એમ માનતી હોઇશ કે હું મૂર્ખ છું; પરંતુ તારી એ માન્યતા કેવળ અસત્ય છે. મને સ્વમાનની, સ્વાભિમાનની અને માનાપમાનની કિંમત છે. તું જેમ મંત્રીશ્વરની બ્હેન છું, તેમ હું નગરશેઠનો પુત્ર છું, એ તારે ધ્યાનમાં રાખવાનું છે. મંત્રીની બ્હેન હોવાથી તું ગર્વમાં છકી ગઇ છું; પરંતુ હવે તું મારી પત્ની—નહિ મારી દાસી થઇ છું, એ તારે ભૂલી જવાનું નથી. તારા આવાસે વાડીમાં તેં મારૂં જે અપમાન કર્યું છે, મને અનાચારી, ઉડાઉ, મોજી અને મૂર્ખ માનીને જે કટુ વચનો સંભળાવ્યાં છે, તે હું હજુ ભૂલી ગયો નથી. એ અપમાનનું વેર વાળવાને—તેનો બદલો લેવાને સદાચારનો ઢોંગ કરીને મેં તારી સાથે લગ્ન કર્યું છે; નહિ તો તારા જેવી માનિની બાળાની સાથે કદિ પણ લગ્ન કરવાનું હું પસંદ કરૂં નહિ અને હવે તને બતાવી આપવા માગું છું કે એ અપમાનનું શું પરિણામ આવશે. મારો આ નિશ્ચય હતો અને છે; તેમ છતાં મારાં મનમાં બીજો વિચાર એવો ઉત્પન્ન થયો હતો કે તેં મારૂં અપમાન કરવામાં જે મૂર્ખાઇ કરી છે, તેને સદંતર ભૂલી જઇને તને મારો પ્રેમ અર્પણ કરી સુખી કરવી; પરંતુ અત્યારનાં તારાં વર્તનથી મારા એ વિચારને મારે પડતો મૂકવો પડે છે; કારણ કે હજુ તારો ગર્વ ગળ્યો નથી—હજુ તારૂં અભિમાન નાશ પામ્યું નથી. તને તારી વિદ્યાનો, તારા આચાર—વિચારનો, તારા કુળનો અને તારા ભાઇના અધિકારનો એટલો બધો ગર્વ છે કે તું મને એક સામાન્ય પુરૂષ ગણીને કટુ વેણો સંભળાવવામાં માનસિક આનંદને અનુભવે છે; પરંતુ હું તારા એ મિથ્યા ગર્વને તોડી નાંખવા માગું છું અને મને કરેલ અપમાનનું તારે કેવું ભયંકર પરિણામ સહન કરવું પડે છે, એ તને બતાવી આપવાને ઇચ્છું છું. તારાં મુખમાંથી જ્યારે ને ત્યારે હું સદાચારની વાતોજ સાંભળું છું; કારણ કે તું સદાચારી છું અને હું અનાચારી છું, એવી તારી માન્યતા છે; પરંતુ તું યાદ રાખજે કે તારી એ માન્યતાનું તને કટુ ફળ અનુભવવું પડશે."

જયદેવ જેમ જેમ બોલતો ગયો, તેમ તેમ તેનું મુખ અને તેની આંખો ક્રોધથી લાલચોળ થઇ ગયાં. તેણે પલંગ ઉપરથી ઉઠીને સામે ટટ્ટાર ઉભા રહેતાં કહ્યું. " પદ્મા ! આજથી-આ ક્ષણથીજ હું તારો ત્યાગ કરૂં છું. જીવનપર્યંત તારે આ આવાસમાંજ રહેવાનું છે; મારી આજ્ઞા વિના તારે કોઇ પણ સ્થળે જવાતું નથી. મારી એક દાસી તારી પાસે રહેશે અને તને કોઇ વસ્તુની જરૂર પડે, તો તેને કહેજે એટલે તે તને પૂરી પાડશે, પણ તે મારી આજ્ઞા વિના તો નહિજ. આજથી હું પાછો હતો તેવો બની જાઉં છું અને અત્યારેજ મારાં ઇચ્છિત સ્થળે ચાલ્યો જાઉં છું. "

એમ કહીને જયદેવ વિકરાળ વાઘની જેમ હરિણી સમાન પદ્માની સામે ઘડીભર જોઇ રહ્યો. જયદેવ બોલતો બંધ થયો કે તુરતજ પદ્મા પલંગ ઉપરથી ઉઠીને તેના કંઠે વળગી પડી અને આક્રંદ કરવા લાગી. જયદેવનાં કથનનો પ્રતિકાર કરવાની કે તેની સાથે વાત કરવાની તેનામાં શક્તિ રહી નહોતી અને તેથીજ તે કાંઇ પણ નહિ બોલતાં તેના કંઠે વળગી પડી હતી.

એક સુંદર નવજુવાન તરૂણીને અને તેમાં પણ પોતાની પ્રિયાને આ પ્રમાણે રડતી જોઇને કઠોર હૃદયના પુરૂષને પણ દયા આવ્યા વિના રહે નહિ; પરંતુ વેરની અગ્નિથી બળી રહેલા જયદેવના હૃદય ઉપર પદ્માનાં રૂદનની કાંઈ અસર થઈ નહિ. તે માનવા લાગ્યો કે પદ્માનો આ બધો ઢોંગ છે અને પોતાનો ક્રોધ શાંત કરવાને માટેજ તે રૂદન કરે છે. જયદેવ ઘડીભર તો વિચારગ્રસ્ત અવસ્થામાં ઉભો રહ્યો; પરંતુ ત્યાર-પછી પદ્માનાં આલિંગનને બળપૂર્વક છોડાવીને તે ત્વરાથી ત્યાંથી ચાલ્યો ગયો. તે ગયા પછી પદ્મા સ્વામીનાં આલંબન વિના ઉભી રહી શકી નહિ. સ્વામીનાં વર્ત્તનથી તેનું ચૈતન્ય હરાઇ ગયું હતું, તેનું મસ્તક નિરાશા, અંધકાર અને દુઃખરૂપી કાળાં અભ્રોથી ઘેરાઇ ગયું હતું અને તેની ચક્ષુઓમાંથી અશ્રુઓની વૃષ્ટિ થતી હતી. વૃક્ષનાં આલંબન વિના જેમ સુકોમળ વેલી ચિમળાઇને પૃથવી ઉપર પડી જાય છે; તેમ વેલથી પણ અત્યંત કોમળ, અત્યંત મધુર, અત્યંત નિર્બળ અને અત્યંત સ્નિગ્ધ એવી પદ્મિની પદ્મા હતાશ થઇને જમીન ઉપર ઢળી પડી. નિષ્ઠુર જયદેવ ! અબળા ગણાતી સ્ત્રી ઉપર આ પ્રમાણે વેર લઇ શકાય નહિ—વેરની વસુલાત આમ થઇ શકે નહિ ! !

# પ્રકરણ ૨૧ મું.

## અત્યાચાર.

"રેવંત ! બોલ, તું શા કારણથી અત્રે આવ્યો છું ? ધવલક્કપુરના રાણા વીરધવલે શો સંદેશો કહાવ્યો છે ?"

મહીકાંઠામાં આવેલાં ગોધ્રા નગરનો માંડલિક રાજા ઘુઘુલ રાજસભામાં સિંહાસન ઉપર બેઠો હતો અને તેની સામે સભાની મધ્યમાં ધવલક્કપુરથી આવેલો રેવંત ભટ્ટ ઉભો હતો. ઉપર્યુક્ત પ્રશ્ન તેને ઉદ્દેશીનેજ ઘુઘુલે પૂછ્યો.

રેવંતે જવાબ આપતાં કહ્યું. "રાજન્! આપ જાણતા હશો કે ગુજરાતના મહારાજા ભીમદેવની ઇચ્છાથી યુવરાજ વીરધવલે ધવલક્કપુરમાં નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે અને તેને ગુજરાતનું કેન્દ્ર બનાવીને પાટણના સર્વ માંડલિક રાજાઓને પોતાની સત્તાને આધિન બનાવી દીધા છે. આપ પણ પાટણના માંડલિક રાજા છો અને તેથી આપે શ્રીમાન્ રાજાધિરાજ વીરધવલની સત્તાનો સ્વીકાર કરવો જોઇએ; પરંતુ અમારા રાજાધિરાજના જાણવામાં આવ્યું છે કે આપ ધવલક્કપુરની રાજ્યસત્તાને માન્ય રાખતા નથી એટલુંજ નહિ, પણ તેનો તિરસ્કાર કરો છો અને ગૂર્જર દેશમાં જે યાત્રાળુઓ તથા વણઝારા યાત્રા અને વ્યાપાર માટે આવે છે, તેમને લૂંટી લ્યો છો તથા તેમની સ્ત્રીઓને બળાત્કારે પકડી જાઓ છો. રાજા કે જેને લોકોનાં જાન-માલનું રક્ષણ કરવાનું છે, યાત્રાળુઓ અને વણઝારાને સગવડતા કરી આપવાની છે, સ્ત્રીઓને સન્માન આપવાનું છે અને પ્રજાનું જે પ્રકારે હિત થાય તે પ્રમાણે વર્ત્તવાનું છે, તેના બદલે તે લોકોનાં જાન-માલનું ભક્ષણ કરે, યાત્રાળુઓ અને વણઝારાને લૂંટી લે, સ્ત્રીઓનું હરણ કરે અને પ્રજાને પીડે, તો તેવા અન્યાયી, દુરાચારી અને અભિમાની રાજાને ન્યાયી, સદાચારી અને ધર્માભિમાની રાજાએ અવશ્ય શિક્ષા કરવી જોઇએ, એ રાજ્યનીતિનું સૂત્ર છે. આપ જે પ્રકારે રાજ્યશાસન ચલાવો છો, તે પ્રકારે ચલાવવાનું આપને રાજા તરીકે અને તેમાંએ ગુજરાતના ન્યાયી, સદાચારી અને ઉદાર રાજાધિરાજના માંડલિક રાજા તરીકે જરા પણ શોભાસ્પદ નથી. આ કારણથી આપનાં હિતને માટે રાજાધિરાજ વીરધવ-

લની આજ્ઞાથી મંત્રીશ્વર વસ્તુપાલે મને આપના સમક્ષ મોકલ્યો છે અને તે એવી સલાહ આપવાને કે આપે પ્રજાપીડનનાં નિંદનીય કાર્યોનો ત્યાગ કરવો અને ધવલક્કપુરની રાજ્યસત્તાનો સ્વીકાર કરવો. જો આ પ્રમાણે આપ નહિ કરો, તો સાંગણ, ચામુંડ, ભીમસિંહ વગેરે ઉદ્ધત રાજાઓના જે હાલ થયા છે તે આપના થશે એ નિશ્ચયથી માનજો."

રેવંત બોલતો બંધ થયો અને પોતાનાં કથનની ઘુઘુલ ઉપર શી અસર થઇ છે, તે જાણી લેવાને માટે તેના મુખ તરફ સ્થિર દૃષ્ટિએ જોઇ રહ્યો.

ઘુઘુલ તેનું સ્પષ્ટ કથન સાંભળીને ક્રોધાતુર બની ગયો. તેની વિશાળ અને લાલ આંખોમાંથી અગ્નિ વરસવા લાગ્યો. તેણે રોષભરેલા સ્વરે કહ્યું. "રેવંત ! તું દૂત બનીને આવ્યો છું એટલે તારૂં અપ્રિય કથન સાંભળવા છતાં પણ હું તને કાંઇ કરી શકતો નથી. તારી જગ્યાએ જો બીજો કોઇ હોત અને તેણે મને વીરધવલની આજ્ઞા માનવાની સલાહ આપી હોત, તો હું તત્કાલ તેનો શિરચ્છેદજ કરાવત. તારા રાણાએ અને પેલા વણિક પ્રધાને મને પાટણનો માંડલિક ગણીને જે સંદેશો કહાવ્યો છે, તેનું કેવું ભયંકર પરિણામ આવશે, તેનો તેમણે વિચાર કર્યો જણાતો નથી અને જો કર્યો હોત તો તેઓ આવું સાહસ કદિ પણ કરત નહિ. વીરધવલને તું રાજાધિરાજની ઉપમા આપે છે અને મને માંડલીક કહીને સંબોધે છે, એ તારી ધૃષ્ટતા છે—તારો પ્રમાદ છે. તું મને સ્પષ્ટ કહે કે વીરધવલને રાજાધિરાજનું પદ કોણે આપ્યું છે ? રાજાનાં મહાલયનું રક્ષણ કરનાર અને પાટણનો એક સામાન્ય સરદાર શું મને તાબે થવાને અને ધવલક્કપુરનાં રાજ્યતંત્રની સત્તા કબુલ કરવાને આજ્ઞા ફરમાવવાનું સાહસ કરે છે ? અને તેલ-મરચું વેચીને પેટનો ખાડો પૂરનારાની જાતિના પેલા બે વણિકો શું એટલા બધા મદાંધ બની ગયા છે કે ગોધ્રાના મહિપતિને શરણે આવવાનું કહેવરાવે છે ? શું નિર્માલ્ય શિયાળ સબળ સિંહને નમાવવાને ઇચ્છે છે ?"

ધુધુલ એટલું કહીને બંધ થયો કે તુરતજ રેવંતે બોલવાની શરૂઆત કરી. "રાજન્ ! ગુજરાતના મહારાજા ભીમદેવે શ્રીમન્ વીરધવલને યુવરાજ બનાવ્યા છે; તેથી તથા પાટણના માંડલિક રાજાઓને અને સૌરાષ્ટ્રના ઠાકોરોને તેમણે પોતાને વશ કરી લીધા છે; તેથી તેમને રાજાધિરાજનું પદ સ્વતઃ મળી ગયું છે, એમ સર્વ કોઇ માને છે, તે છતાં આપ તે સંબધી શંકા ધરાવો છો, એ કેવળ આશ્ચર્યજનક છે. રાજાધિરાજ વીરધવલની સત્તા, તેમનું ઐશ્વર્ય, તેમનું બાહુબળ અને તેમનાં

સાધનો વગેરેની મને લાગે છે કે આપને ખબર નથી; કારણ કે જો એની આપને ખબર હોત, તો આપને મારાં કથનમાં શંકા ધરવાનું કારણ રહેત નહિ. ગોધ્રાધિપતિ ! હું જે બોલું છું, તે કેવળ સત્ય અને અપ્રમાદપણેજ બોલું છું. ખરી રીતે તો આપનું કથનજ અસત્ય અને પ્રમાદવાળું છે; કારણકે આપ બુદ્ધિશાળી અને વીરશિરોમણિ મંત્રીશ્વર વસ્તુપાલ અને તેજપાલને તેલ–મરચું વેચી ખાનારા વણિક ગણો છો એ આપનો અસત્ય પ્રલાપ અને પ્રમાદ નહિ તો બીજું શું ? આપ આપને સિંહ માનો છો અને રાજાધિરાજ વીરધવલ અને મંત્રીશ્વર વસ્તુપાલને શિયાળ ગણો છો, એ પણ આપનો વિશેષ પ્રમાદજ છે. વસ્તુતઃ તો વીરશ્રેષ્ટ એવા તે મહારાજ અને પ્રધાન આપનેજ શિયાળ ગણે છે; કારણકે નિર્દોષ અને નિઃસહાય યાત્રાળુઓ અને વણઝારાઓને છૂપી રીતે લૂંટી લેનાર અને પ્રજાને પીડનાર એવા આપ શિયાળ નહિ તો બીજા કોણ ?

"બસ કર; તારી જીભને બોલતી બંધ કર; નહિ તો તેને કાપી લેવી પડશે" ઘુઘુલ જોરથી બોલી ઉઠયો. "હું શિયાળ છું કે તારો રાજા અને વણિક પ્રધાન શિયાલ છે, એનો નિર્ણય યુદ્ધ કરશે. તારા જેવા વાચાળ માણસની જીભ તેનો નિર્ણય કરી શકે તેમ નથી અને તેથી જો તું તારા જીવનની દરકાર કરતો હોય તો ત્વરાથી રાજસભાનો ત્યાગ કરીને ચાલ્યો જા. જો કે હું એ દુરાશયોની સાથે યુદ્ધ કરવામાં લજ્જા માનું છું; તોપણ તું તેમને જલ્દી અહીં મોકલજે કે જેથી તેમને તેમણે કરેલાં સાહસનું ફળ આપી શકાય."

"બહુ સારૂ. આપની ઇચ્છા પ્રમાણે હું તેમને અવશ્ય અહીં મોકલીશ; પરંતુ રાજન્ ! યાદ રાખજો કે એથી આપની, આપના રાજ્યની અને આપનાં સર્વસ્વની પાયમાલી થશે. ધવલક્કપુરનાં વિજયી સૈન્ય આગળ આપનું બાહુબળ નિરર્થક છે; પરંતુ આપને અત્યારે સારી સલાહ રૂચશે નહિ કારણકે જ્યારે સર્વસ્વનો વિનાશ થવાનો હોય, ત્યારે ઔચિત્યની સ્ખલના, બુદ્ધિનો વિપર્યાસ તથા મહાપુરૂષોની સાથે વિરોધ એ ત્રણ કારણો ઉત્પન્ન થાય છે. વિનાશકાળે વિપરિત બુદ્ધિ, એ સૂત્ર કેવળ સત્ય છે."

રેવંત એટલું કહીને તથા ઘુઘુલને રાજની રીતિ પ્રમાણે નમીને રાજસભાનો તુરતજ ત્યાગ કરીને ચાલ્યો ગયો. તે પછી ઘુઘુલ અભિમાન અને અહંકારમાં ડોલતો ડોલતો પોતાનાં ખાનગી આવાસે જવાને રવાના થયો.

× × × × × ×

રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. આકાશમાં ચંદ્ર પ્રકાશતો હતો અને તેના રૂપેરી અજવાળાથી મહી નદીનું જળ સફેદ દૂધ જેવું બની ગયું હતું. ગોધ્રાધિપતિનો ખાનગી આવાસ મહી નદીના કિનારા ઉપર આવેલો હતો. ઘુઘુલ દિવસનો ઘણોખરો સમય અને રાત્રિનો બધો વખત આ આવાસમાંજ ગુજારતો હતો. તે જો કે રાજા હતો; પરંતુ રાજાની ફરજ અને તેના કર્ત્તવ્યને વિસારી મૂકીને સદૈવ રંગ-રાગ, મોજ-શોખ અને દુરાચારમાં પોતાનાં જીવનને વિતાવતો હતો. ઘુઘુલના પૂર્વજો પાટણના માંડલીક-રાજા હતા અને ગુજરાતના રાજાની આજ્ઞામાં રહેતા હતા; પરંતુ પાટણ ઉપરના મુસલ્માની હલ્લા પછી ગુજરાતમાં જે અંધાધુંધી પ્રસરી રહી હતી, તેનો લાભ લઈને ઘુઘુલ પણ પાટણના બીજા માંડલિકોની જેમ સ્વતંત્ર બની ગયો હતો. તે મહા તેજસ્વી, બળવાન્ અને બુદ્ધિશાળી હતો; પરંતુ એટલા ગુણો સિવાય તેનામાં દુર્ગુણો ઘણા હતા. તે ધર્મની મર્યાદાનો લોપ કરનાર, મિથ્યાભિમાની, ક્રુર, વિશ્વાસઘાતી, યાત્રાળુઓ અને વણિગ્જનોના સાથને લૂંટનાર, પ્રજાનું પીડન કરનાર અને દુરાચારી હતો. ઘુઘુલના અત્યાચારથી મહીકાંઠાની પ્રજા ત્રાસી ગઇ હતી. અને તેના પાશમાંથી છૂટવાને માટે નિરંતર પરમાત્માની પ્રાર્થના કરતી હતી.

ઘુઘુલ રાજસભામાંથી નીકળી મહીનદીના કિનારા ઉપર આવેલા પોતાના આવાસે આવી એક ખંડમાં વિરામાસન ઉપર આડો પડયો. પ્રથમ તેણે ગુજરાતના ભટ્ટ રેવંત સાથે થયેલા વાર્તાલાપ સંબંધી કેટલાક સમયપર્યંત વિચારો કર્યા; પરંતુ રાત્રિ પડી અને ખંડમાં દીપકોનો પ્રકાશ થયો એટલે તેણે પોતાના મસ્તકમાંથી એ વિચારોને તુરતજ દૂર કરી દીધા. તેના મુખ ઉપર ક્રોધ અને ચિંતાની જે કાલિમા છવાઇ ગઇ હતી, તે દૂર થઇ ગઇ અને તેની જગ્યાએ રંગ-રાગ અને વિકારની છાયા છવાઇ ગઇ. તેણે ખંડની બહાર બેઠેલા અનુચરને બોલાવ્યો અને તેને ધીમેથી કાંઈક આજ્ઞા કરી. શું આજ્ઞા કરી, તે અમે કહી શકતા નથી; પરંતુ જે હશે, તે સ્વયં જણાઇ આવશે; એમ ધારી ઘડીભર રાહ જોવાની વાંચક મહાશયોને અમે વિનંતિ કરીએ છીએ.

થોડીવારમાં બે સ્ત્રીઓ એક તરૂણીને તેના બન્ને હાથ પકડીને બળાત્કારે ઘુઘુલ બેઠો હતો, તે ખંડમાં લઇ આવી અને તેને ખંડની મધ્યમાંજ ઉભી રાખીને આજ્ઞાની રાહ જોતી ઘુઘુલની સામે જોઇને ઉભી રહી. ઘુઘુલે તરૂણીની તરફ એકવાર જોઇને બન્ને સ્ત્રીઓને ઉદ્દેશીને પૂછયું. " કેમ, પક્ષી જાળમાં ફસાયું છે કે નહિ "

બન્ને સ્ત્રીઓમાંથી એક સ્ત્રીએ તરૂણીની તરફ દ્રષ્ટિ રાખીને જવાબ આપ્યો. "ના, જી. આ પક્ષી તો બહુ દુરાગ્રહી છે. વયમાં તો પરિપકવ છે, પરંતુ તેને પોતાનાં હિતાહિતની ખબર નથી."

"ત્યારે તમારી જાળ પાથરવાની કળા અને ચાતુરી નિષ્ફળ ગઇ?" ધુધુલે પુનઃ પૂછ્યું.

"જી, હા. આ વખતે તો એમજ થયું." બીજી સ્ત્રીએ જવાબ આપ્યો. "આજપર્યંત અમે આ તરૂણી જેવાં અનેક નાનાં મોટાં પક્ષીઓને જાળમાં ફસાવી શકયાં છીએ; પરંતુ આજે અમારી કળા અને ચાતુરીનું ગુમાન આ પક્ષીએ પોતાના આગ્રહી સ્વભાવથી ગાળી નાંખ્યું છે. અમે તેને ઘણી રીતે સમજાવી; પરંતુ કોઈ વાતે તે પોતાનો દુરાગ્રહ છોડતી નથી."

"મને લાગે છે કે તેને પોતાનાં આપ્તજનોનો વિયોગ સાલતો હશે અને તેથી તેના અંગે થતી દિલગીરીને લઇ તે તમારૂં કથન માન્ય રાખતી નહિ હોય." ધુધુલે કહ્યું. "ઠીક, તમે હવે જાઓ. હું જ તેને મનાવી લઇશ."

ધુધુલની આજ્ઞા થતાં બન્ને સ્ત્રીઓ ચાલી ગઇ અને પેલી તરૂણી ભયથી ધ્રુજતી અને સંકોચાતી જેમની તેમ ઉભી રહી. પ્રથમ તો ધુધુલે તેને બરોબર નીરખીને જોઇ લીધી. તે તરૂણીનું વય ત્રીશેક વર્ષનું હતું; તો પણ તેના શરીરના બધા અવયવો ચૌદ કે પંદર વર્ષની નવજુવાન બાળાને શરમાવે તેવા સુગઠિત, સુંદર, સ્થૂલ અને સુડોળ હતા. તેનું શરીર સાધારણ રીતે સ્થૂલ હતું. પરંતુ તેની સુકોમળતા અને લાવણ્યતાની પરિસીમા નહોતી અને તેથી તેને સર્વાંગ સુંદર તરૂણી કહેવામાં કશી પણ હરકત નહોતી. તેણે વસ્ત્રો અને આભૂષણો પણ મૂલ્યવાન પહેરેલાં હતાં; તેથી અને તેની એકંદર ચર્યાથી તે કોઇ ઉચ્ચ કુળની સ્ત્રી હોવાનું સ્પષ્ટ થતું હતું.

ધુધુલે તેને નખથી શિખપર્યંત બરોબર જોઇ લીધા પછી કહ્યું. "સુંદરી! તારા પતિ વગેરે આપ્તજનોના સાથને મેં લૂંટી લીધો છે; તેથી અને તારૂં હરણ કરીને બળાત્કારે તને હું અહીં લઇ આવ્યો છું; તેથી તને મારા ઉપર ક્રોધ ઉત્પન થયો હશે; પરંતુ હું તે માટે નિરૂપાય છું; કારણ કે યાત્રાળુ અને વણઝારાને લૂંટવાનો મારો વ્યવસાયજ છે. વળી મારાં એ વર્ત્તનને માટે હું તારી પાસે ક્ષમા માગું છું; માટે તારા મનમાંથી દુઃખ અને દિલગીરીને દૂર કરી તેના સ્થળે સુખ અને આનંદને જગ્યા આપ. હવે તું મારા અધિકારમાં છે અને તને તારા પતિ વગેરેનો

મેળાપ પુનઃ થવાનો નથી એટલે તારા જીવનને આવી સ્થિતિમાં શી રીતે સુખી બનાવવું અને વહી જતાં યૌવનનો શી રીતે સદુપયોગ કરવો એ તારે શાંત ચિત્તે વિચારવાનું છે."

તરૂણી અવનત મુખે ધુઘુલનું કથન સાંભળી રહી; પરંતુ તેને કશો પણ ઉત્તર આપ્યો નહિ.

ધુઘુલે પોતાનું કથન આગળ ચલાવ્યું. "લાવણ્યમયી ! ગોધ્રા નગરનો રાજા તારા ઉપર પ્રસન્ન થયો છે; તો પછી તારે દુઃખ અને દિલગીરીને શા માટે સહન કરવાં જોઇએ? મારા અધિકારમાં આવવાથી તારે દુઃખી થવાને બદલે સુખી થવું જોઇએ; કારણ કે તને તારો પતિ જે સુખ ન આપી શકે, તે સુખ અત્રે મળશે અને તેથી મારી ઇચ્છાને આધિન થઇને મોજમજામાં જીવનને વ્યતિત કરવું, એજ તારા માટે હિતકારક છે."

આ વખતે પણ તે તરૂણીએ કશો પણ જવાબ આપ્યો નહિ અને પૂર્વવત્ મૌન ઉભી રહી.

ધુઘુલે, તેને મૌન રહેલી જોઈને કહ્યું." મનમોહના ! તું કેમ કાંઇ ઉત્તર આપતી નથી ? શું તું મારાથી શરમાય છે ? શું તને મારો ભય લાગે છે ? જો એમ હોય, તો હું તને આગ્રહપૂર્વક કહું છું કે તું તારા મનમાંથી શરમ અને ભયનો ત્યાગ કર. હું જેવો ક્રુર છું, તેવોજ પ્રેમી છું અને તેથી તારે મારો સહજ પણ ભય રાખવાનો નથી. તારા અનુપમ અને બેનમુન રૂપના અગ્નિથી મારૂં સમસ્ત શરીર બળી રહ્યું છે, તેને તું આલિંગન અને સ્પર્શથી શાંત કર અને તેના બદલામાં હું તને એવું અકલ્પનીય સુખ આપીશ કે જેની કલ્પના પણ તારાથી થઇ શકશે નહિ. સુંદરી ! હું આખા ગોધ્રા તાલુકાનો સ્વામી હોવાથી મારી પાસે સુખનાં જે જે સાધનો છે, તે બધાં તારા ચરણે ધરીશ અને તને મારી પટરાણીથી પણ અધિક સુખ આપીશ; માટે મારી ઇચ્છાનો સ્વીકાર કર અને નિરવધિ આનંદનો અનુભવ કર. તારા જેવું રત્ન એક સામાન્ય વેપારી અને નિર્માલ્ય વણિકના ઘરમાં શોભે નહિ, એ આશયથી મારા ઉપર ક્રોધ કરવાને બદલે મારો ઉપકાર માનવો જોઇએ. બોલ, નવયૌવના નારી ! બોલ અને તારા અંતરના પટને ખોલ કે હું તમારી ઇચ્છાને આધિન છું."

ધુઘુલના ઉપર્યુક્ત વચનો સાંભળીને તે તરૂણીનો ભય ધીમે ધીમે જતો રહેવા લાગ્યો. તે પોતાનાં અંતરમાં સમજી ગઇ કે જો હું રાજાની

ઇચ્છાને આધીન નહિ થાઉં, તો તે મારા ઉપર બળાત્કાર ગુજારશે અને તેથી ભય અને લજ્જાનો ત્યાગ કરીને સાવધ અને દૃઢ બનવાનો તે પ્રયાસ કરવા લાગી. તેણે પોતાનાં અવનત મુખને ઉન્નત કર્યું અને ધુંધુલના ભયાનક મુખ તરફ જોયું; પરંતુ કાંઇ ઉત્તર આપ્યો નહિ.

ધુંધુલ—કામી ધુંધુલ તે તરૂણીની વિશાળ આંખો સાથે પોતાની આંખો મળવાથી વિકારવશ થયો. હવે તે પોતાના વિકારને કાબુમાં રાખી શક્યો નહિ. આસન ઉપરથી તે એકદમ ઉભો થયો અને ત્વરાથી તરૂણીની પાસે જઇ તેનો કોમળ કર પકડીને બોલ્યો. "મનોરમા ! સમરક્ષેત્રમાં તલવારની તીક્ષ્ણમાં તીક્ષ્ણ ધારની દરકાર નહિ કરતાં શત્રુ ઉપર યાહોમ કરીતુટી પડનાર આ ધુંધુલ તારી નયનકટારીની અત્યંત કોમળ ધારને સહન કરવાને અશક્ત છે; માટે તેને તું હવે વધારે સતાવ નહિ. તે તારી પાસે પોતાની હારને કબુલ કરે છે, માટે દયા કરી તેને ભેટ-તેને આલિંગન આપ અને તેના હૃદયમાં જળતા અગ્નિને શાંત કર."

ધુંધુલે પોતાનું કથન પુરૂં કર્યું તે પહેલાં તો તરૂણી તેના કરને તરછોડીને દૂર જઇને ઉભી રહી હતી. તે જોકે કોમળાંગી અને નમ્ર જણાતી હતી; તો પણ આ વખતે તેનાં બળ અને ક્રોધનો પરિચય ધુંધુલને થયો. પ્રથમ તેનું અંગ ભયથી ધ્રુજતું હતું, તેના બદલે હવે ક્રોધથી ધ્રુજવા લાગ્યું અને તેનું સુંદર મુખ અને વિશાળ આંખો લાલચોળ થઇ ગયાં.

તે તરૂણીએ દૂર ઉભા રહ્યા છતાં કહ્યું. રાજન્ ! તમારાં વક્તવ્યને અને તે સાથે તમારી જીભને હવે બંધ કરો. તમારૂં કથન હું સાંભળી શક્તી નથી. રાજા જેવા મહાન્ પુરૂષ થઇને તમે-હું કે જે એક પરસ્ત્રી છું, તેની પાસે—પ્રેમની યાચના કરો છો, એ તમને શોભતું નથી. રાજા એટલે કોણ ? એક દેવાંશી મહાપુરૂષ અને જ્યારે તેજ ઉઠીને નિર્બળ સ્ત્રી ઉપર બળાત્કાર કરવા તૈયાર થાય, ત્યારે તેને દેવાંશી નહિ પણ રાક્ષસાંશીજ કહેવો જોઇએ. તમે એમ માનતા હશો કે હું એક નિર્બળ અબળા છું એટલે તમારી સત્તાના ડરથી તમારી ઇચ્છાને આધિન બની જઇશ; પરંતુ તમારી આ માન્યતા ભૂલથી ભરેલી છે. હું હું એક અબળા છું, એ સત્ય છે; પરંતુ અબળાનાં શિયલ ઉપર જ્યારે સબળ ગણાતો પાપી પુરૂષ હુમલો કરે છે, ત્યારે તે અબળા મટીને પ્રબળા કિંવા સબળા બની જાય છે અને તેના સતીત્વનાં જોરથી ગમે તેવા બળવાન પુરૂષને પણ હરાવે છે, એ તમારે યાદ રાખવાનું છે. મારા પતિ સામાન્ય વણિક છે, એવું કારણ બતાવીને તમે મને સુખની આશા

આપી લલચાવો છો, પણ સતી સ્ત્રી પોતાનો પતિ ગમે તેવો નિર્બળ, દુઃખી, નિર્ધન, કુરૂપ અને પાપી હોય, તો પણ તેનેજ પરમેશ્વર તુલ્ય ગણીને તેની સેવા-ભક્તિ કરે છે અને પર પુરૂષ ગમે તેવો સબળ, સુખી, ધનિક, સુરૂપ અને સદ્દગુણી હોય, તો પણ તેના સામે આંખથી આંખ મેળવી જોતી પણ નથી. તે કદિ પણ બીજાના સુખ અને સંપત્તિ જોઇને લોભાતી નથી; કારણ કે તે હમેશાં આત્મસંતોષીજ હોય છે. આથી હું તમને વિનંતિ કરીને કહું છું કે તમે મને લાલચમાં નાંખવાનું રહેવા દો અને મને ઇચ્છિત સ્થળે જવા દો; કારણ કે તમારી ઇચ્છાને આધિન થનારી અને ક્ષણિક સુખભોગની લાલચે અમૂલ્ય સતીત્વને વેચનારી હું નથી."

"સુંદરી!" તરૂણી બોલતી બંધ થઇ એટલે ધુધુલે કહેવા માંડ્યું. "જેવું તારૂં નામ ચતુરા છે, તેવીજ તું બોલવામાં પણ ચતુરા છે; પરંતુ પ્રેમરસમાં તું ચતુરા જણાતી નથી. ઇશ્વરે તને રૂપ આપ્યું છે, યૌવન આપ્યું છે, મીઠી વાણી આપી છે અને લાવણ્ય આપ્યું છે; ટુંકામાં કહું તો બધું આપ્યું છે; પરંતુ એક વસ્તુ આપી નથી અને તે પ્રેમભીનું હૃદય. ખરેખર તારૂં કઠિન પાષાણવત્ હૃદય એ ગુલાબમાં કંટક સમાન છે."

એટલું કહીને વિકારથી અંધ બનેલો ધુધુલ સારાસારનો વિચાર કર્યા વિના તે તરૂણી કે જેનું નામ ચતુરા હતું, તેની પાસે ગયો અને તેને પોતાની બાથમાં લેવાનો તેણે પ્રયાસ કર્યો; પરંતુ ચાલાક ચતુરા ત્વરાથી દૂર ખસી ગઇ અને ધુધુલની બાથમાં કાંઇ નહિ આવવાથી જંખવાણો પડીને ઉભો રહ્યો.

ચતુરાએ ગંભીરતાથી કહ્યું. "રાજા! તમારી હઠને છોડી દો અને મને અહીંથી જવા દો; નહિ તો પરિણામ બહુજ ખરાબ આવશે. પતિવ્રતા સ્ત્રીને સંતાપવામાં સાર નથી, એટલામાં સમજી લેજો."

ચતુરાનાં ગંભીર વચનોથી અને તેને પોતાની બાથમાં લેવાના પ્રયાસમાં નિષ્ફળ થવાથી ધુધુલ ક્રોધાયમાન થયો. તેણે જાણ્યું કે આ હઠીલી સ્ત્રી મીઠાં વચનોથી તાબે થવાની નથી અને તેથી તેણે તેને પોતાની સત્તાથી વશ કરવાનો વિચાર કર્યો.

તેણે જુસ્સાથી કહ્યું. "દુરાગૃહી સ્ત્રી! તું તારા દુરાગૃહને છોડી દે અને ત્વરાથી મારી ઇચ્છાને આધિન થા. જો તું એ પ્રમાણે નહિ કરે, તો હું ગમે તે ઉપાયે અને છેવટે બળાત્કારથી પણ તને

મારી ઇચ્છાને આધિન બનાવીશ, એ ખાતરીથી માનજે. તારૂં રૂપ, તારી ચતુરાઇ અને તારૂં સતીત્વ મારા જેવા આગ્રહી પુરૂષ આગળ કશા પણ ઉપયોગનાં નથી. બોલ, હવે તું શું કહે છે? મારા તાબે થાય છે કે નહિ?"

ચતુરાએ પણ જુસ્સાથીજ ઉત્તર આપ્યો. "જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી તો નહિજ."

ઘુઘુલે ક્રોધથી કહ્યું. "હું જોઉં છું કે તું મારા તાબે થાય છે કે નહિ."

એટલું કહીને તે અટક્યો અને અનિમિષ નયનોએ તે લાવણ્યમયી લલનાને ક્ષણવાર જોઇ રહ્યો. તે પછી દ્રઢતાથી તે તેની તરફ જવા લાગ્યો; પરંતુ ચતુરાએ તેને આજ્ઞાસૂચક સ્વરથી અટકાવી દીધો.

તેણે કહ્યું. "દુષ્ટ! નરાધમ! એટલેજ ઉભો રહી જા. જો ત્યાંથી એક પણ પગલું આગળ વધ્યો, તો પગની એક લાતથીજ તારાં જીવનને ક્ષણમાત્રમાં પુરૂં કરી નાંખીશ."

પ્રબળા ચતુરાનાં તિરસ્કારજન્ય અને આજ્ઞાવાચક વચનો સાંભળીને ઘુઘુલ મૂઢ બની ગયો અને આગળ વધવું કે નહિ, તેના વિચારમાં પડી ગયો.

ચતુરાએ જુસ્સા પૂર્વક પોતાનું કથન આગળ ચલાવ્યું. "પાપી રાજા! તારાં પાપનો ઘડો હવે સંપૂર્ણ ભરાઇ ગયો છે અને મારો અંતરાત્મા કહે છે કે તે થોડાજ સમયમાં ફુટી જશે; તેમ છતાં હજુ પણ જો તું તારાં વર્ત્તનને સુધારીશ અને પ્રજાનો ભક્ષક મટીને રક્ષક બનીશ, તો તારો પાપથી ભરેલો ઘડો ધીમે ધીમે અધુરો થતો જશે અને તું આ લોકમાં કીર્તિ અને પરલોકમાં સુખને પ્રાપ્ત કરી શકીશ."

ઘુઘુલ જેવા ભયંકર દુરાચારીનાં હૃદય ઉપર ચતુરાનાં ઉપર્યુક્ત શિખામણનાં વચનોની જરાપણ અસર થાય, એ કેવળ અસંભવિત હતું. એથી તો તે વધારે ક્રોધાયમાન થયો અને વિકાળ વાઘ જેમ ગરીબ હરિણી ઉપર ધસે, તેમ ચતુરા ઉપર ધસી ગયો. તેણે ત્વરાથી તેના કોમળ કરને પકડી લીધો અને તેની તરફ કરડી નજરે જોઇને પૂછ્યું.

"મારી ઇચ્છાને આધિન થાય છે કે નહિ?"

"બીલકુલ નહિ." ચતુરાએ હિંમતથી જવાબ આપતાં કહ્યું. જ્યાં સુધી મારાં શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી હું તારી ઇચ્છાને

આધિન થવાની નથી. મારો પ્રાણ મારા શરીરમાં રહેવાનો નથી; પરંતુ તે તેમાંથી ચાલ્યો જાય, તે પહેલાં મારે તને થોડાક શબ્દો સંભળાવી દેવા જોઇએ. માનવ જાતિમાં ઉત્પન્ન થયેલા નરપિશાચ ! સતી નારીને છંછેડવાનું અને તેનાં સતીત્વ ઉપર હુમલો કરવાનું કેવું ભયંકર પરિણામ આવે છે, એનો તને ખ્યાલ હશે નહિ અને જો હોત તો તું પરસ્ત્રીનાં સૌંદર્ય ઉપર મોહ પામીને આવા નિંદ્ય કાર્યો કરવામાં તત્પર રહેત નહિ. ઠીક, પણ ભાવિ આગળ તારો કે મારો કોઇનો કશો પણ ઉપાય ચાલતો નથી. દુષ્ટ રાજા ! હવે હું તારા અત્યાચારથી અને મારાં સતીત્વનાં રક્ષણની ખાતર અત્યારે આત્મઘાત કરૂં છું અને જો મેં મન, વચન અને શરીરથી મારા પતિને પરમેશ્વર તુલ્ય ગણીને તેમની સેવા કરી હશે, તો તારૂં મૃત્યુ પણ મારી પેઠે આત્મઘાતથીજ થશે, એવું મારો અંતરઆત્મા પોકારી રહ્યો છે. ઓ નરાધમ ! મારા આત્મઘાતની ઘટનાથી તને જો કાંઇ અસર થાય અને તારા હૃદયમાં દયાનો આવિર્ભાવ થાય, તો તું ભવિષ્યમાં આવા નિંદ્ય અત્યાચારોથી દૂર રહેજે, એવી મારી તને છેલ્લી ભલામણ છે."

ઘુઘુલે ચતુરાનાં કથનની દરકાર નહિ કરતાં તેને પોતાની બાથમાં લીધી; પણ એટલામાં તો તે બેશુદ્ધ બનીને પૃથ્વી ઉપર ઢળી પડી અને તેનાં મુખમાંથી લોહીની ધારા વહેવા લાગી. ઘુઘુલે નીચા નમીને જોયું કે તેના મુખમાંથી લોહી શાથી નીકળે છે ? તપાસ કરતાં તેને જણાયું કે ચતુરા પોતાની જીભ કરડીને મૃત્યુવશ બની હતી. પાષાણહૃદયી ઘુઘુલ નષ્ટપ્રાણ બનીને પડેલી એ રૂપસુંદરીને આશ્ચર્યથી જોઇ રહ્યો; પરંતુ એના હૃદયમાં એથી કાંઇ અસર થવા પામી નહિ. અલબત, તેને જરા ભય તો થયો; પણ તેની અવગણના કરીને તે ત્યાંથી તત્કાળ ચાલ્યો ગયો. તે ગયા પછી થોડીવારમાં બે પુરૂષો આવ્યા અને મૃત તરૂણીની લાશને કપડામાં બાંધી તેને ઉપાડીને ચાલતા થયા. સંપૂર્ણ કળાથી ખીલેલું એક માનવપુષ્પ અધમ જનના હાથથી કરમાઇને આ રીતે મૃત્યુ પામ્યું !

# પ્રકરણ ૨૨ મું.

## કરમચંદની કર્મકથા.

વૃદ્ધાવસ્થાએ પહોંચેલો સીત્તેર વર્ષની ઉમ્મરનો એક પુરૂષ પૃચ્છા કરતો કરતો મંત્રીશ્વર વસ્તુપાલના આવાસે આવી પહોંચ્યો. તેનાં શરીર ઉપર જો કે વૃદ્ધાવસ્થાની અસર થવા પામી હતી; તો પણ તેનું શરીર ખડતલ હતું, તેનો બાંધો મજબુત હતો અને તેના પગમાં જોર હતું. તેણે પહેરેલા પોષાક ઉપરથી તે ઉચ્ચ કુળનો વણિક હોય, એમ જણાતું હતું. તેનાં મુખ ઉપર ચિંતા અને દુઃખની છાયા છવાયલી હતી; તો પણ તેની ઉપરની ભવ્યતામાં જરા પણ ન્યુનતા આવી નહોતી.

તે આવાસનાં સિંહદ્વાર પાસે આવીને ઉભો રહ્યો એટલે પહેરેગીરે તેને વિનયથી પૂછ્યું. "આપને કોનું કામ છે?"

"મારે મંત્રીશ્વરને મળવું છે." તે પુરૂષે જવાબ આપ્યો.

"ઉભા રહો; હું હમણાંજ મંત્રીશ્વરને ખબર મોકલાવું છું." એમ કહીને પહેરેગીરે એક માણસને મંત્રીશ્વરના પાસે મોકલ્યો.

તે દરમ્યાન વૃદ્ધ પુરૂષ ચિંતા અને ઉતાવળથી આમતેમ આંટા મારવા લાગ્યો. કેટલાક સમય પછી મંત્રીશ્વરની પાસે ગયેલા માણસે પાછા આવીને તે વૃદ્ધને કહ્યું. "ચાલો; મંત્રીશ્વરજી તમને મળવાને તેડાવે છે."

વૃદ્ધ પુરૂષ ચૂપચાપ તે માણસની સાથે આવાસમાં ગયો અને થોડીજ વારમાં મંત્રીશ્વર વસ્તુપાલની પાસે તેને પહોંચાડીને પેલો માણસ પાછો ફર્યો, વસ્તુપાલ ગાદી તકીઆને અઢેલીને જરા આડો પડયો હતો અને તેજપાલ બાજુનાં એક આસન ઉપર બેઠો હતો. વૃદ્ધ પુરૂષે ખંડમાં પ્રવેશીને તે બન્ને બંધુઓને નમન કર્યું અને તેમની આજ્ઞાની રાહ જોતો ઉભો રહ્યો.

વસ્તુપાલે તેને નખથી શીખપર્યંત નિહાળી લીધો અને પછી નરમાશથી કહ્યું, "બેસો અને પછી શું કામે આવ્યા છો, તે નિરાંતે કહો."

તે વૃદ્ધ પુરૂષ નીચે બેસી ગયો અને તે પછી ક્ષણવાર વિચાર કરી તેણે કહેવા માંડયું. "મંત્રીશ્વર! હું માલવદેશનો રહેવાસી છું અને મારૂં નામ કરમચંદ છે. જાતે વણિક છું તથા ધર્મે જૈન છું. આજથી

થોડા સમય પહેલાં અમારા દેશમાંથી ગુજરાતમાં આવવા માટે વણિગ્જનોનો સાથ નીકળ્યો હતો. આ સાથમાં હું, મારી સ્ત્રી, મારો પુત્ર અને મારા પુત્રની વધૂ એટલાં માણસો સામેલ થયાં હતાં. અમારો વિચાર શત્રુંજય તથા ગીરનારની યાત્રા કરવાનો હોવાથી અમે સદરહુ સંઘની સાથે નીકળ્યાં હતાં; કારણકે એ સંઘ પણ ગુજરાતમાં યાત્રાને માટેજ નીકળ્યો હતો. અમારો સંઘ જો કે બહુ મોટો નહોતો; તોપણ ચોકી પહેરા વગેરેનો બંદોબસ્ત સારી રીતે કરેલો હોવાથી અમે મહીકાંઠા સુધી નિર્વિઘ્ને આવી પહોંચ્યા. મહીકાંઠામાં આવી ગોધ્રા નગરની સીમામાં અમે વિશ્રાંતિ લેવાનો વિચાર કર્યો અને પડાવ નાંખીને ભોજનનાં કાર્યમાં ગુંથાયા. ભોજન તૈયાર થતાં અમે બધાં જમવાની તૈયારી કરતાં હતાં, એટલામાં ગોધ્રા નગર તરફથી સોએક અશ્વારોહીઓ અમારા પડાવ તરફ આવતાં અમારા જોવામાં આવ્યા. તેઓ થોડીજ વારમાં અમારી નજીક આવી પહોંચ્યા અને અમને એકદમ લુંટવા તથા મારવા મંડી પડ્યા. અમારા ચોકીદારો તથા કેટલાક જુવાન માણસો તેમની સામે થયા; પરંતુ સશસ્ત્ર સૈનિકો આગળ તેમની કેટલી તાકાત? અશ્વારોહીઓએ ક્ષણવારમાં ચોકીદારો તથા જુવાન માણસોને હતા ન હતા કરી નાંખ્યા અને ત્યાર પછી અમારૂં સર્વસ્વ લઇને ચાલતા થયા. આ સમયે અશ્વારોહીઓનો સરદાર કે જે સર્વની પાછળ હતો, તેની નજર મારી પુત્રવધૂ ઉપર પડી. ચતુરા બહુજ સુંદર હતી અને તેથી તે સરદાર ઘોડા ઉપરથી ઉતરી અમારી પાસે આવ્યો અને ચતુરાને પકડીને લઈ જવા લાગ્યો. મારો યુવાન પુત્ર સરદારનાં આ નિંદ્ય કૃત્યને જોઇ શક્યો નહિ. તે સરદાર ઉપર ત્વરાથી ધસી ગયો અને તેને પ્રહાર કરીને તેની સ્ત્રીને છોડાવવાનો પ્રયાસ કરવા લાગ્યો. આથી તે સરદાર ગુસ્સે થયો અને તેણે કમરે લટકતી તલવારને મ્યાનમાંથી ખેંચી કહાડીને મારા પુત્રના ખભા ઉપર જોરથી તેનો પ્રહાર કર્યો. પ્રહારની વેદનાથી મારો પુત્ર તુરતજ નીચે પડી ગયો અને તે દુષ્ટ સરદાર મારી પુત્રવધૂ ચતુરાને ઘોડા ઉપર નાંખી ત્વરાથી ઘોડાને દોડાવી ગયો. આ ઘટનાથી હું બેશુદ્ધ બની ગયો અને મારી સ્ત્રી રડવા લાગી. થોડીવારે મને શુદ્ધિ આવી, ત્યારે હું મારા પુત્રની પાસે ગયો અને જોઉં છું તો તે કેવળ બેશુદ્ધ બનીને જેમનો તેમ પડ્યો હતો. હવે શું કરવું, એ ચિંતામાં હું ક્ષણવાર પડી ગયો; પરંતુ તે પછી અમારી સાથે આવેલા મજુરોમાંથી ચાર જણાને તૈયાર કર્યા અને કપડાની ઝોળી બનાવી તેમાં મારા પુત્રને સુવરાવી અમે તેને નજીકના એક ગામમાં લઇ ગયા. ગામમાં કોઇ વૈદ્ય છે કે નહિ, તેની મેં

પહેલી તપાસ કરી. સારાં ભાગ્યે એક અનુભવી માણસ મળી આવ્યો અને તેણે દવાદારૂ કરીને મારા પુત્રને મૃત્યુમાંથી બચાવ્યો. અમે મારો પુત્ર સાજો થતાં દરમ્યાન તે ગામમાં રહ્યા અને ત્યારપછી ધવલક્કપુર આવવાને નીકળ્યા. મારા પુત્રમાં હજુ ચાલવાની શક્તિ આવેલી નહોતી; તેથી અમે ચાર મજુરોને અમારી સાથેજ લીધા અને તેને ડોળીમાં બેસારીને કેટલેક દિવસે અહીં આવી પહોંચ્યા. અત્યારે અમે ધર્મશાળામાં ઉતારો કર્યો છે અને હું સીધો આપની પાસેજ આવ્યો છું. ”

પોતાનાં વિતકની વાત કહેતાં કહેતાં તે વૃદ્ધ પુરૂષ ઘડીમાં ગરમ તો ઘડીમાં નરમ બની જતો હતો. છેવટે તેણે દઢતા ભરેલા અવાજથી કહ્યું “ મંત્રીશ્વર ! આતો મારાં વિતકની વાત છે; પરંતુ હું આપની પાસે તેને કેવળ કહેવાને માટેજ આવ્યો નથી. હું તો અમારી ઉપર ગોધ્રાના રાજાએ જે જુલ્મ ગુજાર્યો છે તે માટે તેને આપના હાથે શિક્ષા કરાવવાને અને મારી પુત્રવધૂને છોડાવવાને માટે આપની પાસે વિનંતિ કરવા આવ્યો છું. મેં સાંભળ્યું છે કે ગોધ્રાનો રાજા એ પાટણનો માંડલિક રાજા છે અને આપ પાટણના મુખ્ય સત્તાધિકારી છો, તેથી શું આપ ગુજરાતની સીમામાં આવતાં મુસાફરોને લૂંટવાના તથા તેમની વહુ દીકરીઓનું હરણ કરી જવાનાં અધમ કાર્યને માટે તેને શિક્ષા નહિ કરો ? આપ જેવા બાહોશ અને વીર મંત્રીશ્વર શું આ અન્યાયને અને આવા અત્યાચારને સાંખી શકશે ? મંત્રીશ્વર ! મારા આગમનનું કારણ એજ છે કે આપ એ નરાધમ રાજાને શિક્ષા કરો અને મારી પુત્રવધૂને તેના અધિકારમાંથી મુક્ત કરીને મને સોંપો.”

એટલું બોલતાં બોલતાં કરમચંદ ક્રોધથી રાતો પીળો થઇ ગયો અને જુસ્સાના આવેગથી ઉભો થઇને આમ તેમ આંટા મારવા લાગ્યો.

મંત્રીશ્વર વસ્તુપાલે તેને શાંત્વન આપતાં કહ્યું. “ કરમચંદ શેઠ ! શાંત થાઓ અને નીચે બેસો. ગોધ્રાના રાજાએ તમારા ઉપર જે જુલ્મ ગુજાર્યો છે, તેનો બદલો તેને હું જરૂર આપીશ અને તમારી પુત્રવધૂને છોડાવીને તમને સોંપીશ. તમે ચિંતા ન કરો. ”

“ મને બીજી ચિંતા નથી.” કરમચંદે નીચે બેસતા કહ્યું. “ ચિંતા માત્ર મારી પુત્રવધૂની છે; કારણકે તેનાં સતીત્વ ઉપર બળાત્કાર થશે, તો તે પોતાના પ્રાણનો ત્યાગ કરશે અને તેથી તેને બચાવવાની પ્રથમ અગત્ય છે.”

“ તમારી ચિંતા સકારણ છે; પરંતુ તેનો તાત્કાલીક ઉપાય નથી.

ઘુઘુલ એવો તો ઘમંડી અને દુરાગ્રહી છે, કે તે માત્ર મ્હોડાની ધમકીઓથી તમારી પુત્રવધૂને સોંપી દે તેવો નથી. તેનો યુદ્ધમાં પરાજય થયા સિવાય તમારી પુત્રવધૂ મુક્ત થઇ શકે તેમ નથી અને તેથી તમારે યુદ્ધનાં પરિણામની રાહ જોવી પડશે. તેમ છતાં એટલું ચોકસ છે કે તમારી પુત્રવધૂનાં શિયળ અને પ્રાણુનાં રક્ષણુની ખાતર અમે ઘુઘુલ ઉપર વિના વિલંબે ચઢાઇ લઇ જશું." મંત્રીશ્વરે કહ્યું.

વૃદ્ધ કરમચંદે ગદ્‌ગદિત કંઠે કહ્યું "મંત્રીશ્વર ! આપને જેમ ઠીક લાગે તેમ કરો. એ સંબંધમાં મારો કોઇ પણ પ્રકારનો આગ્રહ નથી; પરંતુ મારી પુત્રવધૂ અમને પાછી મળે, તેવો ઉપાય કરવા મારી ખાસ વિનંતિ છે. અહા ! ચતુરા તે ચતુરાજ છે. તેના નામ પ્રમાણેજ તેનામાં ગુણુ છે અને રાજરાણી જેવી તે સુંદર છે. મંત્રીશ્વર ! હું તમને તેની શી વાત કહું ! મારી પુત્રી કરતાં પણુ મારી પુત્રવધૂ અધિક છે."

વસ્તુપાલે પુનઃ શાંત્વન પમાડતા કહ્યું. "કરમચંદ શેઠ ! તમે નચિંત રહો અને પરમાત્માનું સ્મરણુ કરો કે જેથી તમારી પુત્રવધૂ ઉપરનું સંકષ્ટ દૂર થાય અને તે તમને પુનઃ પ્રાપ્ત થાય. તમે બધાં હાલ અમારા આવાસેજ રહો; કારણુ કે ચડાઇની તૈયારી કરતાં અને ત્યાર પછી યુદ્ધમાં કેટલોક સમય પસાર થઇ જશે. અમારા આવાસે રહેવામાં તમારે કોઇ પણુ પ્રકારનો સંકોચ ધરવાનો નથી. તમે અને અમે ધર્મબંધુઓ છીએ અને એક બીજાના દુઃખમાં ભાગ લેવો, એ આપણું કર્ત્તવ્ય છે, માટે મનમાં સંકોચ નહિ લાવતા અત્યારથીજ અમારી સાથે રહેવા આવો અને યુદ્ધનાં પરિણામ સુધી સુખે ધર્મધ્યાન કરી સમયને વ્યતિત કરો. તમારાં સ્ત્રી અને પુત્રને અત્રે તેડી લાવવાને માટે હું મારા સેવકને હમણાજ ધર્મશાળાએ મોકલું છું."

વસ્તુપાલના આશ્વાસનના વચનોથી કરમચંદ શાંત થયો અને તેના આગ્રહથી તેના આવાસે રહેવાનો તેણે સ્વીકાર કર્યો. વસ્તુપાલે તેનાં સ્ત્રી તથા પુત્રને ધર્મશાળામાંથી તેડાવી લીધા અને તેમના માટે રહેવા વગેરેની બધી સગવડતા તુરતજ કરાવી આપી. તે પછી મંત્રીશ્વર વસ્તુપાલ તથા સેનાનાયક તેજપાલ કરમચંદને પોતાની સાથે લઇને વીરધવલની પાસે જવાને રવાના થયા.

તેઓ ત્રણે રાજગઢમાં વીરધવલની બેઠકના ખંડમાં પહોંચ્યા, ત્યારે વીરધવલ ખુશ મિજાજમાં આસન ઉપર બેઠો હતો. તેની બન્ને બાજુએ મંત્રી નાગડ તથા ચાચિંગ બેઠેલા હતા અને તેઓ રાજાને ખુશી રાખવાને માટે આનંદી વાર્તાવિલાસ કરી રહ્યા હતા. કરમચંદને ખંડની

બહાર ઉભો રાખીને વસ્તુપાલ તથા તેજપાલ અંદર ગયા. વીરધવલે તેમની સામે પ્રસન્ન મુખે જોયું એટલે તેઓ તેને નમીને યોગ્ય આસનો ઉપર બેઠા. વસ્તુપાલે પ્રથમ વીરધવલ, પછી ચાચિંગ અને ત્યાર પછી નાગડ એ પ્રમાણે અનુક્રમે પ્રત્યેકનાં મુખ તરફ સ્થિરદૃષ્ટિથી ક્ષણવાર જોયું અને છેવટે નાગડની ઝીણી આંખોની સાથે પોતાની વિશાળ આંખો મેળવીને તે તેના તરફ કેટલીક વાર પર્યંત જોઈ રહ્યો. નાગડ મહાઅમાત્યની આંખોના તેજને સહન કરી શક્યો નહિ, તે જરા ગભરાયો અને આસન ઉપરથી ઉઠીને બહાર જવા લાગ્યો; પરંતુ મહામંત્રીએ તેને અટકાવ્યો.

"ક્યાં જાઓ છો, નાગડ મહેતા ! બેસો તમારૂં કામ છે."

નાગડ જતાં તુરતજ અટક્યો અને પુનઃ આસન ઉપર બેસી ગયો.

તે પછી મહાઅમાત્યે મંત્રી ચાચિંગને ઉદ્દેશીને પૂછ્યું "તમે ક્યારે આવ્યા છો ? પાટણમાં કેમ ચાલે છે ?"

ચાચિંગ જાણતોજ હતો કે તેને આવા પ્રશ્નો પૂછવામાં આવશે. તેણે તુરતજ જવાબ આપ્યો. "હું ગઇ કાલેજ આવ્યો છું; પરંતુ આવ્યો ત્યારે રાત્રિ પડી ગઇ હતી એટલે પછી તમને મળવા આવ્યો નહોતો. અત્યારે આવવાનો વિચાર કરતો હતો એટલામાં તો તમેજ અહીં આવ્યા અને મારો વિચાર મનમાંજ રહી ગયો."

ચાચિંગ એટલું બોલીને અટક્યો અને પછી ઘડીવાર રહી તેણે આગળ ચલાવ્યું "પાટણમાં તો જેમનું તેમ ચાલ્યા કરે છે. કાંઇ ખાસ નવા સમાચાર નથી.

"સરદાર જયંતસિંહ હાલમાં ક્યાં છે ?" વસ્તુપાલે આગળ પૂછ્યું.

"તે મને ખબર નથી." ચાચિંગે ઉત્તર આપ્યો.

ચાચિંગે ઉત્તર આપ્યો, તેજ વખતે વસ્તુપાલ અને તેની આંખો એકત્ર થઇ અને તેમાંથી નીકળતાં જૂદા જૂદા ભાવોનો બન્નેને અનુભવ થયો.

"મેં સાંભળ્યું છે કે જયંતસિંહ સંન્યાસી થઇ ગયા છે ? શું આ વાત ખરી છે ?" વસ્તુપાલે પ્રશ્ન પૂછવાનું શરૂ રાખ્યું.

ચાચિંગ ગભરાયો નહિ. તેણે તુરતજ જવાબ આપ્યો. "મેં પણ એમ સાંભળ્યું છે; પરંતુ તે સંભવિત નથી."

ચાચિંગે નકારમાં ઉત્તર આપવાને બદલે હકારમાં ઉત્તર આપવાનું

પસંદ કર્યું. તેણે વિચાર્યું કે વસ્તુપાલ જેવા બાહોશ અને દક્ષ મહાઅમાત્યની આગળ તદ્દન અસત્ય બોલવાથી અર્થ સરશે નહિ અને તેથી તેણે આ વખતે હકારમાં પણ સંદિગ્ધ ઉત્તર આપ્યો.

" અને મહાસામંત ત્રિભુવનપાલ ? " મંત્રીશ્વરે પ્રશ્ન કર્યો.

" તે તો પાટણમાંજ છે અને મહારાજની પાસે રહી પોતાની ફરજ બજાવે છે. " ચાચિંગે જલ્દી ઉત્તર આપ્યો.

" કઇ ફરજ ! " મંત્રીશ્વરે ઠંડા પેટે પૂછ્યું.

ચાચિંગ બાહોશ હતો; પરંતુ આ વખતે તે ગુંચવાયો. સવાલનો જવાબ આપતાં પરીક્ષકની પાસે જેમ વિદ્યાર્થી ગભરાય છે, તેમ ચાચિંગ ગભરાયો. તેણે વિચાર કરીને જવાબ આપ્યો. " કઇ ફરજ કેમ ? મહારાજની પાસે રહી તેમની આજ્ઞા પ્રમાણે અમલ કરવાની. "

" બરોબર, પણ તેમના આવાસે વાડીમાં સભા ભરાય છે કે નહિ ?" મહાઅમાત્યે ચાચિંગને બરોબર સપડાવ્યો.

" હમણાં ભરાયાનું જાણ્યું નથી. " ચાચિંગે ઉત્તર આપ્યો.

" ત્યારે તમે તેમાં હાજરી આપતા નહિ હો. " મહાઅમાત્યે કહ્યું.

ચાચિંગ ચુપ રહ્યો અને એ રીતે એ ઉભય મુત્સદીઓનો વાર્તાલાપ બંધ પડયો.

તે પછી મહાઅમાત્યે વીરધવલની તરફ જોઇને કહ્યું. " મહારાજ ! કરમચંદ નામના એક વણીકને–અત્યારે હું મારી સાથે લાવ્યો છું અને તેને ખંડની બહાર ઉભો રાખ્યો છે–ગોધ્રાના માંડલીક રાજા ઘુઘુલે તેના ઉપર જે જુલ્મ ગુજાર્યો છે, તે વિષેની ફરીયાદ તેને કરવાની છે. "

" ઘુઘુલે ! વીરધવલે જરા આશ્ચર્યથી પૂછ્યું. " તેને શી ફરિયાદ કરવાની છે ?

મહાઅમાત્યે જવાબ આપ્યો. " તેને જે ફરિયાદ કરવાની છે, તે એ પોતેજ આપને કહેશે. "

એટલું કહીને વસ્તુપાલે કરમચંદને અંદર મોકલવાની પ્રતિહારને આજ્ઞા કરી. થોડીવારમાં કરમચંદ ખંડમાં આવી પહોંચ્યો અને રાજા તથા મંત્રીમંડળને નમીને સામે ઉભો રહ્યો.

" તમારૂં નામ કરમચંદ કે ? " વીરધવલે શરૂઆત કરી.

" જી, હા. " કરમચંદે તુરતજ ઉત્તર આપ્યો.

" તમારે શી ફરિયાદ કરવાની છે ? " વીરધવલે પુનઃ પૂછ્યું.

કરમચંદે મહાઅમાત્યની તરફ નજર કરી કહ્યું. " મારી કથા વિસ્તારથી મેં મંત્રીશ્વરને કહી છે અને છેવટમાં મારી પુત્રવધૂને ધુધુલના અધિકારમાંથી મુક્ત કરાવવાની વિનંતિ પણ કરી છે. હવે આપને જેમ યોગ્ય લાગે, તેમ કરો. "

એટલું કહીને કરમચંદ ચૂપ રહ્યો; પરંતુ તે પછી રાજાની આજ્ઞાથી તેણે પોતાની કર્મકથા પુનઃ કહી દેખાડી.

તેની કથા સાંભળીને વીરધવલે કહ્યું. " શું ધુધુલે તમારા ઉપર આટલો બધો જુલ્મ ગુજાર્યો છે ? શું તે તમારી પુત્રવધૂનું હરણ પણ કરી ગયો છે ? "

" આપને મેં મારી જે કથા કહી, તે કેવળ સત્ય છે. " કરમચંદે કહ્યું.

" તમારી હકીકત સાંભળતાં જણાય છે કે ધુધુલનો અત્યાચાર અસહ્ય છે. મારા દેશમાં આવતા મુસાફરોની ઉપર તે જુલ્મ ગુજારે છે અને તેમને હેરાન કરે છે, એવી જે મેં વાત સાંભળી હતી, તે તમારા કથનથી કેવળ સત્ય જણાય છે." વીરધવલે કહ્યું. " ઠીક, પણ કરમચંદ શેઠ ! તમે હવે ચિંતા કરશો નહિ. હું એ નરાધમ ધુધુલને મહાત કરીને તમને તમારી પુત્રવધૂ પાછી અપાવીશ. તમે જાઓ અને હમણાં આ નગરમાં રહેજો."

" બહુ સારૂ. આપની આજ્ઞા પ્રમાણે હું અહીંજ રહેવાનો છું. મંત્રીશ્વરે મને પોતાની સાથેજ રહેવાની સગવડ કરી આપી છે; પરંતુ આપ આ કાર્યને બની શકે તેટલી ઉતાવળથી કરશો એવો મારો નમ્ર આગ્રહ છે; કારણ કે જો બહુ સમય વ્યતિત થઇ જશે, તો પછી મારી પુત્રવધુ ચતુરા જીવતી રહેશે કે નહિ, એની મને શંકા છે. એ નરાધમ જો તેની ઉપર બળાત્કાર કરશે, તો તે જરૂર પોતાના પ્રાણને ત્યજી દેશે."

એટલું કહીને કરમચંદ ચાલ્યો ગયો અને તે ગયા પછી રાજા તથા મંત્રીઓ ધુધુલના અત્યાચાર વિષે અને કરમચંદની ફરિયાદ વિષે શું કરવું અને કેવીરીતે કામ કરવું, તે સંબંધમાં વિચારમાં પડયા.

# પ્રકરણ ૨૩ મું

## ઘમંડી ધુધુલ.

ખંડમાં પથરાયલી શાંતિનો ભંગ પ્રતિહારીએ કર્યો. તેણે ખંડમાં પ્રવેશીને રાજા **વીરધવલને** નમીને કહ્યું. "મહારાજ! ગોધ્રા ગયેલો આપણો ભટ્ટ રેવંત અને તેની સાથે ગોધ્રાથી આવેલો ભટ્ટ હમણાંજ આવી પહોંચ્યા છે અને આપની આજ્ઞા માટે બહાર ઉભા છે."

"રેવંત આવી પહોંચ્યો!" રાજાએ પૂછ્યું.

"જી હા અને તેની સાથે ગોધ્રાનો ભટ્ટ પણ આવેલો છે." પ્રતિહારીએ ઉત્તર આપ્યો.

"તેઓ બન્નેને અંદર મોકલ," રાજાએ આજ્ઞા કરી.

પ્રતિહારી ચાલ્યો ગયો અને **વીરધવલે** વસ્તુપાલને ઉદ્દેશીને કહ્યું. "મંત્રીશ્વર! મને લાગે છે કે ગોધ્રાના માંડલિક રાજાને નમાવવાને માટે આપણે કેવી રીતે કામ લેવું, એના નિશ્ચય ઉપર હવે આવી શકશું."

"આપની ધારણા સત્ય છે. રેવંત શું કરી આવ્યો છે અને ગોધ્રાનો ભટ્ટ શા સમાચાર લાવ્યો છે, એ જાણ્યા પછી આપણું કાર્ય ઘણુંજ સરલ થઇ જશે, વસ્તુપાલે કહ્યું.

રેવંત અને ગોધ્રાનો ભટ્ટ બન્ને ખંડમાં આવી પહોંચ્યા અને રાજાને નમન કરીને ઉભા રહ્યા.

રાજાએ પ્રથમ રેવંતનેજ પૂછ્યું. "કેમ, શા સમાચાર છે?"

"મારી પાસે કાંઇ સમાચાર નથી; જે છે તે આ શુરદેવની પાસે છે અને તે આપ આજ્ઞા કરો એટલે કહી સંભળાવશે." રેવંતે ઉત્તર આપ્યો.

રાજાએ ગોધ્રાથી આવેલા શુરદેવને બરોબર નિહાળી લીધો અને ત્યાર પછી તેને પૂછ્યું "શુરદેવ! તું શો સંદેશો લાવ્યો છે! માંડલિક ધુધુલે અમારી સર્વોપરી સત્તાનો સ્વીકાર કર્યો છે કે નહિ?"

શુરદેવે ક્ષણવાર વિચાર કરીને **વીરધવલના** પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું. "રાજેન્દ્ર! અમારા અતુલ પરાક્રમી રાજા ધુધુલે આપને કાંઈ ખાસ સંદેશો મોકલાવ્યો નથી; કારણકે સંદેશો મોકલવા જેવું કાંઇ કારણ બન્યું નથી. તેમણે માત્ર આપને આપવા માટે બે ત્રણ વસ્તુઓની ભેટ મોકલી

છે, જે આપની પાસે હું રજુ કરૂં, તે દરમ્યાન આપને મારે થોડીક વાત કરવાની છે. આપ આપને ગમે તેવા મહાન્ અને સર્વોપરી રાજાધિરાજ માનતા હશો; પરંતુ ખરૂં કહું તો આપની મહત્તા અને આપનું સર્વોપરીત્વ અમારા પ્રબળ પ્રતાપી રાજા આગળ કશાં કામનાં નથી. આપ ગોધ્રાધિપતિની સત્તા, તેનું સૈન્ય, તેની સંપત્તિ અને તેનાં બાહુબળને જાણતા નથી; કારણકે જો આપ તેથી જાણીતા હોત, તો આપ ભટ્ટને ગોધ્રા મોકલવાનું અને અમારા મહિપતિને શરણે આવવાનો સંદેશો કહેવરાવવાનું સાહસ કદિ પણ કરત નહિ. અમારા પ્રબળ રાજાએ આપના સંદેશાને તિરસ્કારી કહાડયો છે અને આપને ભેટ તરીકે કાજળ, કાંચળી અને શાટિકા (સાડી) એ ત્રણ વસ્તુઓ મોકલી છે કે જે ઉપરથી ગોધ્રાના રાજાએ આપને શો સંદેશો મોકલાવ્યો છે, તે જાણી શકશો. આપ અને આપના વણિક પ્રધાનો ચતુર છો એટલે આ ભેટનો અર્થ સમજી ગયા હશો, એમ માનીને હું હવે વધારે બોલવાનું ઉચિત માનતો નથી.”

શુરદેવ બોલતો બંધ થયો કે તુરતજ તેજપાલ ગુસ્સાથી લાલચોળ આંખો કરીને ઉભો થયો અને ભટ્ટને ઉદ્દેશી કાંઇ બોલવા જતો હતો; પરંતુ વીરધવલે તેને અટકાવ્યો અને શુરદેવને કહ્યું. “ભટ્ટ! તારા રાજાએ ભેટ તો વિચાર કરીનેજ મોકલાવી છે. નિર્દોષ મુસાફરોને લૂંટનાર અને અબળા સ્ત્રીઓનું હરણ કરી જનાર તારા ચોર અને લૂંટારા રાજાને આવીજ ભેટ મોકલવાનું સુજે તો તેમાં કાંઈ આશ્ચર્ય પામવાનું નથી.”

રાજા બોલી રહ્યો કે તુરતજ વસ્તુપાલે કહ્યું. “શુરદેવ! તારા રાજાએ ભેટ તો યોગ્યજ કરી છે: પરંતુ તે ભૂલી ગયો જણાય છે કે આવી ભેટો અને વૃથા શબ્દોથી કાંઇ એક બીજાનાં બાહુબળની પરીક્ષા થતી નથી. બાહુબળની પરીક્ષા માટે તો યુદ્ધ અને રણભૂમીજ છે; પરંતુ તારા દુરાચારી અને અન્યાયી રાજાને આવીજ ભેટ મોકલવાનું સુજે—યુદ્ધનું કહેણ મોકલવાનું સુજે નહિ: કારણકે પરસ્ત્રીનાં સતીત્વનું ખંડન કરવામાંજ મોજ માણનાર અત્યાચારી માણસની બુદ્ધિ કેટલી હોઇ શકે?”

શુરદેવે વસ્તુપાલના કથનનો ઉત્તર આપતાં કહ્યું. “મંત્રીશ્વર! અમારા રાજાના આચાર–વિચાર વિષે ટીકા કરવાનું કાંઇ કારણ નથી. તેમનું વર્ત્તન ગમે તેવું હોય, તે સાથે આપને કાંઇ સંબંધ નથી. આપે તો તેમનાં સામર્થ્યનોજ વિચાર કરવાનો છે: કારણકે તેમનું સામર્થ્ય એટલું બધું અગાધ છે કે તેમને યુદ્ધમાં હરાવવાને આપમાં કિંવા આપના રાજામાં શક્તિ નથી.”

શુરદેવના વચનોથી વીરધવલને ક્રોધ ઉત્પન્ન થયો. તેણે જુસ્સાપૂર્વક

કહ્યું. " તારા રાજાને હરાવવા જેટલી અમારામાં શક્તિ છે કે નહિ, એ તારે જોવાનું નથી. તું તારે જે કામે આવ્યો છું તે પૂર્ણ થયું હોય, તો વિશેષ કાંઇ નહિ બોલતાં ચૂપચાપ ચાલ્યો જા; તને જવાની રજા છે. "

" બહુ સારૂ. " એટલું બોલીને તથા વીરધવલને નમીને શુરદેવ ચાલતો થયો.

પણ વસ્તુપાલે તેને જતો અટકાવીને કહ્યું. " અને શુરદેવ ! તારા રાજાના આચાર–વિચાર વિષે ટીકા કરવાનું કાંઇ કારણ નથી અને તેનાં વર્ત્તનની સાથે અમને કાંઇ સંબંધ નથી, એ તારૂં કથન કેવળ અયોગ્ય છે. તારો રાજા પાટણની રાજસત્તાનો એટલે કે અમારો માંડલીક રાજા છે અને તેથી તેનાં આચાર–વિચારને માટે ટીકા કરવાને અને તેને તેનાં અયોગ્ય વર્તનને માટે શિક્ષા કરવાને અમને સત્તા છે. તારો રાજા ધવલક્કપુરની રાજસત્તાનો સ્વીકાર કરતો નથી અને અમારી સીમામાં આવતાં મુસાફરોને હેરાન કરે છે; પણ તેનું સારૂં પરિણામ આવવાનું નથી. તું તેને ઉદ્ધતાઇનો ત્યાગ કરી અમારી સત્તાનો સ્વીકાર કરવાની સાથે પાટણના મંડલમાં સામેલ રહેવાની તથા કરમચંદ નામના વણીકની પુત્રવધૂ ચતુરાને કોઇપણ પ્રકારની હરકત કર્યા વિના સુખરૂપ અહીં પહોંચાડી દેવાની સલાહ આપજે અને વિશેષમાં એમ પણ કહેજે કે જો અમારાં કહેણ પ્રમાણે વર્ત્તવામાં નહિ આવે, તો ભયંકર યુદ્ધ થશે અને બીજા ઉદ્ધત રાજાઓના જે હાલહવાલ થયા છે, તે તેના થશે. "

" અને વણિક પ્રધાનો માટે તારો રાજા જે તિરસ્કાર ધરાવે છે તથા ભેટ તરીકે તેણે જે વસ્તુઓ મોકલી છે, તેનું ફળ એટલું તો ભયંકર આવશે કે તારા રાજાથી સહન થઇ શકશે નહિ. શુરદેવ ! તારા રાજાએ ગર્વોન્મત્ત બનીને અમને જે કાજળ, જે કાંચળી અને જે શાટિકા ભેટ મોકલ્યાં છે, તેજ કાજળથી તેની આંખો આંજવાની, તેજ કાંચળી તેને પહેરાવવાની અને તેજ શાટિકા તેને અંગે ઓઢાડવાની હું અત્યારે પ્રતિજ્ઞા કરૂં છું. તું હવે જા અને તારા મદાંધ રાજાને મારી આ પ્રતિજ્ઞાથી જાણીતો કરજે અને તેને બની શકે તેટલી સાવચેતી રાખવાની સૂચના આપજે." તેજપાલે પોતાનો ક્રોધ ખાલી કર્યો.

શુરદેવ ત્વરાથી ચાલ્યો ગયો અને તે પછી તેજપાલે રાજાને ઉદ્દેશીને કહ્યું. " મહારાજ ! ગોધ્રાના રાજાએ ભેટમાં કાજળ, કાંચળી અને શાટિકા મોકલીને આપણું જે ભયંકર અપમાન કર્યું છે, તેનો બદલો લેવાની તક મને આપશો, એવો મારો આગ્રહ છે. હું આપને ખાતરી આપું છું કે હું ગમે તે ભોગે મેં જાહેર કરેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરીશ

અને એ નરાધમના મદને ઉતારીશ. આપ આજ્ઞા કરો એટલે સૈન્ય સહિત હું એકદમ ગોધ્રા તરફ રવાના થઉં; કારણ કે હવે વિલંબ કરવો નિરર્થક છે.”

રાજાએ ક્ષણવાર વિચાર કરીને તથા મંત્રી મંડલની તરફ જોઇને કહ્યું. ભલે, તમારી ઇચ્છા ગોધ્રા ઉપર સ્વારી લઇને જવાની હોય તો મારી આજ્ઞાજ છે. તમે ખુશીથી જોઇએ તેટલા સૈન્યને લઇને જાઓ અને તમારી પ્રતિજ્ઞાને પૂર્ણ કરો. ભગવાન્ સોમનાથની કૃપાથી વિજય આપણુનેજ મળશે.”

“ અને તમારી સાથે બીજા જે જે સરદારો અને સામંતોને લઇ જવા હોય, તે લઇ જશો; કારણકે ઘુઘુલને નમાવવો એ કાંઇ સહેલ વાત નથી.” મંત્રી નાગડ કે જે અત્યાર સુધી ચૂપ હતો તેણે તેજપાલ તરફ જોઇને કહ્યું.

“નાગડ મહેતાનું કથન બરોબર છે.” વસ્તુપાલે તેનાં કથનને અનુમોદન આપ્યું.

“ મહારાજ ! ” મંત્રી ચાચિંગે કહ્યું. “ મને પણ જો આ યુદ્ધમાં જવાની તક આપશો, તો હું ખુશીથી જઇશ અને સેનાનાયક તેજપાલને સહાયકર્ત્તા થઇ પડીશ.”

“તમારી માગણી પ્રશંસા પાત્ર છે; પરંતુ તમારે પાટણમાં રહેવાની વધારે અગત્ય છે અને તેથી આ યુદ્ધમાં તમે ન જાઓ, એજ યોગ્ય છે. હજુ આપણે પણ કેટલાક રાજાઓને વશ કરવાના છે અને તે વખતે તમે અહીં હશો, તો તમને ભવિષ્યનાં બીજાં યુદ્ધોમાં જવાની તક મહારાજા ખુશીથી આપશે. ” મહા અમાત્યે વીરધવલની વતી જવાબ આપ્યો.

“ ભલે, જેવી તમારી ઇચ્છા. ” ચાચિંગે કચવાતા મનથી કહ્યું.

“ પણ મને લાગે છે કે ચાચિંગ મહેતાને સેનાનાયકની મદદમાં મોકલવામાં આવે તો ઠીક થશે; કારણકે ઘમંડી ઘુઘુલને પરાજીત કરવાનું કાર્ય સરલ નથી. સેનાનાયક બાહોશ છે, પણ ચાચિંગ મહેતા જેવા દક્ષ મંત્રી તેમની સાથે હોય, તો તેમની બાહોશી વધારે ખીલી નિકળશે અને વિજય મેળવવાનું કાર્ય અત્યંત સરલ થઇ પડશે.” નાગડે રાજાની સામે જોઇને પોતાની દલીલ રજુ કરી.

વીરધવલે તેને શો જવાબ આપવો. એ વિષે વિચારમાં પડયો. એટલે મહાઅમાત્યે તુરતજ કહ્યું. “ તમારૂં કથન ઠીક છે, પણ ચાચિંગ

મહેતાને અહીં રહેવાની ખાસ અગત્ય છે એટલે તેમને યુદ્ધમાં મોકલવા એ ઉચિત નથી. વળી ઘમંડી ધુધુલને પરાજીત કરવાનું કાર્ય તમે ધારો છો તેટલું કઠીન નથી. મને ખાતરી છે કે તેજપાલ ઘણીજ સરલતાથી તેને પાર ઉતારશે."

નાગડ ચૂપ રહ્યો એટલે વીરધવલ કાંઇ નહિ બોલતાં મહામંત્રી સાથે રવાના થયો. તે ગયા પછી તેજપાલ, ભટ્ટ રેવંત તથા કરમચંદને લઇ પોતાના આવાસે ગયો અને મંત્રી નાગડ તથા ચાચિંગ રાજસભા તરફ ગયા.

"ઘમંડી ધુધુલને પરાજીત કરવાનુ કાર્ય તેજપાલ કેવી રીતે પાર ઉતારે છે, તે જોવાનું છે. મને લાગે છે કે તે પોતાનાં કાર્યમાં નિષ્ફળ જશે." રાજસભા તરફ ચાલતાં ચાલતાં નાગડે કહ્યું.

"તમારી ભૂલ છે. તેજપાલ ઘણોજ બાહોશ છે અને તે ધુધુલને અવશ્ય હરાવશે. તેની સાથે જવાનો મારો આશય જૂદોજ હતો; પરંતુ મહામંત્રીએ મારા આશયને સિદ્ધ કરવાની તક આવવા દીધી નહિ." ચાચિંગે કહ્યું.

તેઓ રાજસભાની નજીક આવી પહોંચ્યા. સભાખંડમાં પ્રવેશતાં નાગડે પૂછ્યું. "પણ તમે અહીં કેટલો સમય રહેવાના છો ?"

"તે ચોક્કસ નથી." ચાચિંગે જવાબ આપ્યો અને પછી સભાખંડમાં જઇને તેઓ બીજા મંત્રીઓની સાથે વાતચિતમાં પડયા.

# પ્રકરણ ૨૪ મું.

## પાપનું પરિણામ.

ઉપર્યુક્ત ઘટના બન્યા પછી કેટલાક મહિનાઓ વ્યતિત થઇ ગયા છે. તે કેવી રીતે વહી ગયા અને તે દરમ્યાન શી શી ઘટનાઓ બની, તેનું વિસ્તૃત વર્ણન કરવાની અમે અગત્ય જોતા નથી. કાળનાં વહન સાથે જૂદી જૂદી અનેક ઘટનાઓ બની ગઇ છે અને બનતી જાય છે; પરંતુ કાળનો તેના ઉપર એવો મજબૂત પડદો પડી જાય છે કે ભૂતકાળમાં બનેલી એવી ઘટનાઓને કોઇ સંભારતું નથી. માત્ર જરૂર જોગ ઘટનાઓનું આછું ચિત્ર ઇતિહાસના નિર્જીવ પાના ઉપર રહી જાય છે.

ધવલકકપુર (ધોળકા) માં આજે આનંદની પરિસીમા છે. સેના મંત્રી તેજપાલ ગોધ્રાના રાજા ઘુઘુલને હરાવી તથા કેદ કરીને અને મહીકાંઠાના તથા આસપાસના બીજા રાજાઓને વશ કરીને નગરના પાધરમાં આવી પહોંચ્યો છે. ઘુઘુલ ઉપર મેળવેલો વિજય અપૂર્વ હોવાથી રાજા વીરધવલે તેજપાલનું સન્માન કરવાનો અને તેનો પ્રવેશ મહોત્સવ કરવાનો નિશ્ચય કર્યો હતો. ધવલકકપુરના પાધરે મંત્રીઓ, સરદારો, સામંતો અને રાજપુરૂષોની મેદની મળી હતી અને તે દરેકની સાથે વિજયી સેનાનાયક તેજપાલ હાસ્યવિનોદની વાર્તા કરી રહ્યો હતો. નગરમાં પ્રવેશ મહોત્સવની બધી તૈયારી થઈ ગઇ હતી. વાર માત્ર મહામંત્રીના આગમનની હતી તે આવી જાય કે તુરતજ નગરમાં પ્રવેશ કરવાનો હતો. લોકોની એકત્ર મળેલી મેદની પાંજરામાં પૂરાયેલા ઘુઘુલને જોઈ તેની મશ્કરી કરવાનું ચૂકતી નહોતી. કેટલોક સમય પસાર થઇ ગયો અને મહામંત્રી વસ્તુપાલ રાજાના બે કુમારોની સાથે હાથી ઉપર બેસીને આવી પહોંચ્યો. લોકો અને રાજપુરૂષો એક બાજુ ખસી ગયા અને વસ્તુપાલ તથા બન્ને કુમારો હાથી ઉપરથી ઉતરીને આગળ આવ્યા. તેજપાલ તેમની સન્મુખ આવીને નમ્યો અને ત્યારપછી પોતાના વડીલ બંધુને ભેટી પડયો. બંધુ સ્નેહનો ઉભરો શાંત પડતાં તેઓ જૂદા પડયા અને ઘુઘુલના પાંજરા પાસે ગયા. ઘુઘુલ તેમને ફાટી આંખે જોઇ રહ્યો; પરંતુ કંઇ બોલ્યો નહિ. તેમ વસ્તુપાલ કે તેજપાલ પણ કંઇ બોલ્યા નહિ. ત્યારબાદ પાછા આવ્યા અને વસ્તુપાલે સૈન્ય તથા રયાસતને અનુક્રમ અને વ્યવસ્થામાં ગોઠવી દેવાની આજ્ઞા કરી. બધી તૈયારી થઇ જતાં સ્વારી નગર તરફ વળી. વસ્તુપાલ, તેજપાલ અને બન્ને રાજકુમારો એકજ હાથી ઉપર બેઠા હતા અને બીજા મંત્રીઓ, સરદારો તથા સામંતો અધિકાર પ્રમાણે હાથી કે ઘોડા ઉપર સ્વાર થયા હતા. ઘુઘુલનું પાંજરૂં સર્વની દ્રષ્ટિએ પડે એ હેતુથી હાથી ઉપર મૂકવામાં આવ્યું હતું. સ્વારી જ્યારે નગરમાં પહોંચી ત્યારે નગર જનોએ વસ્તુપાલ અને તેજપાલના હાથી ઉપર ફુલોનો અને ગવાક્ષમાંથી યુવતીઓએ તેમના ઉપર નયનકિરણોનો વરસાદ વરસાવ્યો. નગરનાં નરનારીઓનાં હર્ષના પોકાર અને જયજયકારથી સ્વાગતને ઝીલતી સ્વારી રાજગઢ પાસે આવી પહોંચી. બધા વાહન ઉપરથી ઉતરી ઉતરીને રાજસભામાં ગયા અને ઘુઘુલના પાંજરાને રાજસભાની મધ્યમાં મૂકવામાં આવ્યું. ધોળકાની રાજસભાનો આજનો ઠાઠ ન્યારોજ અને ઘડીભર પાટણની પૂર્વની રાજસભાના ઠાઠને વિસરાવે તેવો હતો. રાજપુરૂષો, પંડિતો, નગરના ગૃહસ્થો અને કવિઓ ઇત્યાદિથી આસનો ભરાઇ ગયાં હતાં. મંત્રીઓ, સરદારો અને સામંતો મળેલા વિજ-

યથી મૂછે તાલ દેતા હતા અને સૈનિકોની હારની હારો ખુલ્લી તરવારો અને ભાલાઓથી વિજયના ગર્વને પ્રદર્શિત કરતી હતી. મહામંત્રી વસ્તુપાલ અને સેનાનાયક તેજપાલ હાથી ઉપરથી ઉતરીને બન્ને રાજકુમારોની સાથે બારોબાર રાજાની પાસે ગયા હતા અને તેથી તેમનાં આસનો ખાલી હતાં. થોડી વારમાં નેકી પોકારવામાં આવી અને સભાજનો ઉભા થઇ ગયા. રાજા વીરધવલ કિંમતી વસ્ત્રોથી સુસજ્જિત બનીને રાજસભામાં આવી પહોંચ્યો. તેની બન્ને બાજુએ તેના બન્ને કુમારો હતા, તેની પાછળ વસ્તુપાલ તથા તેજપાલ હતા. રાજા સભાજનોનાં સન્માનનો સ્વીકાર કરીને સિંહાસને બેઠો કે તુરતજ સભાજનો પોતાનાં આસનો ઉપર બેસી ગયા. રાજાની એક બાજુએ વસ્તુપાલ અને તેજપાલ અને બીજી બાજુએ તેના બન્ને કુમારો વીરમદેવ અને વીસલદેવ બેઠેલા હતા.

પંડિતોનાં આશીર્વચનો અને કવિઓનાં કવિતો બોલાઇ રહ્યાં કે તુરતજ રાજા વીરધવલે આસન ઉપર બેઠા બેઠા સભાજનોની તરફ જોઇને કહ્યું " સભાજનો ! આજનો અવસર અપૂર્વ છે. સેનાનાયક તેજપાલે ગોધ્રાના બળવાન રાજા ઉપર જે વિજય મેળવ્યો છે, તે અત્યંત પ્રશંસનીય છે. આ ચડાઇમાં તેણે જે બહાદુરી દર્શાવી છે અને રાજા ઘુઘુલને પકડી લાવીને તથા મહીકાંઠાના બીજા રાજાઓને વશ કરીને ધવલકકપુરનાં રાજતંત્રની જે સત્તા વધારી છે, તે માટે તેને જેટલું માન અને જેટલા ધન્યવાદ આપીએ તેટલાં થોડાંજ છે. પાટણનાં રાજ્યની ચડતી કરવાનો આપણો આશય આ રીતે પાટણના સ્વતંત્ર બની બેઠેલા માંડલિકોને વશ કરવાથી ધીમે ધીમે પૂર્ણ થતો જાય છે અને તે માટે આપણે ભગવાન્ સોમનાથની કૃપાના આભારી છીએ."

એટલું કહીને થોડીવાર રહી વીરધવલે આગળ ચલાવ્યું. " અને સભાજનો ! સેનાનાયક મંત્રીશ્વર તેજપાલે રાજા ઘુઘુલ ઉપર વિજય મેળવીને આપણાં રાજ્યતંત્રનું ગૌરવ વધાર્યું છે, તે માટે તેમનું યોગ્ય સન્માન કરવાને આજનો દરબાર ભરવામાં આવ્યો છે. મહામંત્રી વસ્તુપાલે પણ પોતાનાં વીરત્વ અને બુદ્ધિબળથી રાજકીય અવ્યવસ્થાને દૂર કરી શાંતિ સ્થાપવામાં જે કુનેહ દર્શાવી છે, તે માટે પણ તેમનું સન્માન કરવું એ આ પ્રસંગે અતિ યોગ્ય થઇ પડશે. હું આ બન્ને બંધુઓને સચિવ ચૂડામણિનાં પદથી વિભૂષિત કરૂં છું અને તેમને ગરાસ તરીકે તેમની ઇચ્છામાં આવે તે વીશ ગામ આપવાનું જાહેર કરૂં છું. "

એ પ્રમાણે કહીને રાજાએ મંત્રી નાગડની સામે જોયું એટલે તેણે

વસ્તુપાલ તથા તેજપાલને આપવાનો પોષાક રાજાની સન્મુખ રજુ કર્યો. રાજાએ પોતાના હાથેજ એ પોષાકને બન્ને બંધુઓને આપ્યો અને રાજસભામાં હર્ષનો પોકાર થઇ રહ્યો.

હર્ષનો પોકાર શાંત થતાં સેનાનાયક તેજપાલે આસન ઉપરથી ઉભા થઇને કહ્યું. " મહારાજા ! આપે અમે કરેલી સેવાની પ્રશંસા કરીને અમને જે માન આપ્યું છે, તે માટે આપનો અત્યંત આભાર માનીએ છીએ અને આ સંબંધમાં વિશેષ નહિ બોલતાં એટલુંજ બોલવાનું ઉચિત માનું છું કે ભગવાન્ પાર્શ્વનાથ અને ભગવાન્ સોમનાથ એ ઉભયની કૃપાથી ગુજરાતની સર્વ પ્રકારે ચડતી કરવાને આથી પણ અમને વિશેષ તક મળ્યા કરે. હવે મહારાજ ! મારે આપને એક વાત યાદ આપવાની છે અને તે એ છે કે ગોધ્રા ઉપર સ્વારી લઇ જતાં પહેલાં મેં જે પ્રતિજ્ઞા કરી હતી, તે પૂર્ણ કરવાની મને તક આપવી જોઇએ."

" એ વાત મને યાદજ છે." એમ કહીને રાજાએ પાંજરામાં રહેલા રાજા ઘુઘુલને ઉદ્દેશીને કહ્યું. "રાજન્ ! તમે એટલાં બધાં નિંદનીય કાર્યો કર્યાં છે કે તમારી જગ્યાએ જો કોઇ બીજો સામાન્ય માણસ હોત, તો તેને અવસ્ય મૃત્યુદંડજ આપત; પરંતુ તમે એક રાજા છો અને રાજાને મૃત્યુદંડ આપવાની રાજનીતિમાં મના છે, એટલે હું તમને એવી શિક્ષા કરવાનું ઉચિત માનતો નથી. તમને કેદમુક્ત કરીને તમારૂં રાજ્ય પાછું સોંપવાની મારી ઇચ્છા છે; પરંતુ તે બે શરતે છે, એક તો એ કે તમારે પાટણના માંડલિક તરીકે રહી અમારી સત્તામાં રહેવું અને એક સુજ્ઞ રાજા તરીકે પ્રજાને સુખ આપી રાજ્ય ચલાવવું અને બીજી એ કે તમે ગર્વથી ઉન્મત્ત બનીને કાજળ, કાંચળી અને શાટિકા ભેટ મોકલીને અમારૂં, અમારા રાજ્યનું અને અમારા મંત્રીઓનું જે અપમાન કર્યું છે, તેના બદલામાં તમારાં શરીર ઉપર એ વસ્તુઓ આ રાજસભાની મધ્યમાં ઉભા રહીને પહેરવી. આ બે શરતોએજ તમને મુક્ત કરવામાં આવશે; નહિ તો તમારે તમારાં જીવન પર્યંત અહીંના કારાગૃહમાં રહેવું પડશે. બોલો, તમારી શી ઇચ્છા છે ?"

ઘુઘુલ, રાજા વીરધવલનું ઉપર્યુક્ત કથન સાંભળીને ઘડીભર તો ચૂપ રહ્યો. તેણે ધવલક્કપુરની આખી રાજસભાનું એક દ્રષ્ટિએ અવલોકન કર્યું અને ત્યારપછી ક્રોધ અને જુસ્સાથી ભરેલા અવાજે કહ્યું. " તમે મને પાંજરામાં પૂરાયેલો જોઇને નિર્ભય બની મલકાતા હશો; પરંતુ તમારી એ ભૂલ છે. મને પાંજરામાંથી મુક્ત કરી એક–માત્ર એકજ

તલવાર આપો અને પછી જુઓ કે મારૂં સામર્થ્ય કેટલું છે. ઠીક, પણ એ વાતને જવાદો; કારણકે તેમ કરવાનું સાહસ તમે કરી શકશો નહિ. તમે મને જે શરતોએ મારૂં રાજ્ય સોંપવા માગો છો, તે મારે કબુલ નથી. એવી શરતોએ મહેરબાની ભરેલી રીતે હું મારૂં રાજ્ય લેવાને ઇચ્છતો નથી. ક્ષુધાથી પીડાતો વનરાજ મૃત્યુને પસંદ કરે છે; પરંતુ જીવન ટકાવી રાખવાને ઘાસને કદિ પણ અડકતો નથી."

"તમે વનરાજ નથી, પણ શિયાલ છો; કારણકે રસ્તે ચાલ્યા જતાં મુસાફરોને તમારી જેમ વનરાજ કદિ પણ હેરાન કરતો નથી, પરંતુ એ સંબંધમાં વધારે વિવેચન કરવાની અમારી ઈચ્છા નથી." વીરધવલે જરા જુસ્સાથી એ પ્રમાણે કહીને પૂછ્યું. "ત્યારે તમારે અમારી સરતો કબુલ નથી, કેમ ખરૂં ને ?"

"અલબત." ઘુઘુલે જોરથી જવાબ આપ્યો.

"પણ તમારે કાજળ, કાંચળી અને શાટિકાનો તો ઉપયોગ કરવોજ પડશે." વીરધવલે તેવાજ જોરથી કહ્યું.

"બીલકુલ નહિ." ઘુઘુલે ભાર પૂર્વક કહ્યું.

"તો અમારે એ વસ્તુઓ તમને પહેરાવવાને માટે તસ્દી લેવી પડશે." વીરધવલે પણ ભાર પૂર્વક કહ્યું.

"એવી તસ્દી લેવાની કોણ હિંમત કરે છે ?" ઘુઘુલે રાજસભાની તરફ જોઇને પ્રશ્ન કર્યો.

"હું પોતે તેવી હિંમત કરૂં છું; કારણકે મેં તેમ કરવાની પ્રતિજ્ઞા લીધેલી છે." સેનાનાયક તેજપાલે આસન ઉપરથી ઉભા થઇને મૂછો ઉપર તાલ દેતાં દેતાં જવાબ આપ્યો.

ઘુઘુલે તેજપાલની સામે કરડી આંખે જોઇને કહ્યું. "કોણ, તેજપાલ ! એક સામાન્ય વણિક ?"

"હા, એજ વાણિક." મહામંત્રી વસ્તુપાલે જવાબ આપ્યો અને વીરધવલની અનુમતિ લઇને પોતે જાતેજ પાંજરાને ઉઘાડી નાખ્યું. ઘુઘુલના હાથ પગમાં લોઢાની મજબુત બેડીઓ નાંખેલી હોવા છતાં તે એકદમ ઉભો થઇને પાંજરાની બહાર આવ્યો અને વસ્તુપાલ તથા તેજપાલની સામે ટટ્ટાર ઉભો રહ્યો. તુરતજ તેજપાલે તેના કંઠમાં કાજળની ડબ્બી બાંધી દીધી અને કાંચળી તથા શાટિકાને તેનાં મસ્તક ઉપર ઓઢાડી દીધી. ઘુઘુલ પ્રથમ તો તેજપાલની તરફ ધસ્યો, પરંતુ પોતાના પ્રયત્નમાં નહિ ફાવતાં જેમનો તેમ ઉભો રહ્યો. થોડીજ ક્ષણમાં તે એકદમ નીચે પડી ગયો અને તેના મુખમાંથી લોહીની ધારા વહન થવા લાગી. વસ્તુપાલે

તેના શરીરને તપાસ્યું. તેના જાણવામાં આવ્યું. કે ધુધુલે આ અપમાનને સહન કરવા કરતાં પોતાની જીભ કરડીને આત્મઘાત કરવાનું પસંદ કર્યું છે.

રાજ સભાને તુરતજ બરખાસ્ત કરવામાં આવી અને રાજા વીરધવલ તથા મહામંત્રી વસ્તુપાલ મૃત રાજા ધુધુલની અંત્યેષ્ટિ ક્રિયા કરવાની આજ્ઞા આપીને ચાલ્યા ગયા.

કરમચંદની પુત્રવધૂ ચતુરાનું વચન સત્ય નિવડયું ! કર્મપ્રદાત્રી સત્તાની લીલા અજબ છે ! જે રીતે નિર્દોષ નારી ચતુરાનું મૃત્યુ થયુ હતું, તેજ રીતે ધુધુલનું પણ મૃત્યુ થયું. આ ઘટના બની ગયા પછી કરમચંદ શેઠ પોતાની પુત્રવધૂના આત્મઘાતની હકીકત તથા છેવટે ધુધુલે કરેલ પાપનું પરિણામ જાણીને પોતાના પરિવાર સાથે ધવલકપુરમાંથી અન્યત્ર ચાલ્યો ગયો.

ધુધુલનાં મૃત્યુ પછી ઉદાર રાજા વીરધવલે મહામંત્રીની સલાહથી ગોધ્રાના મંડલ દ્વારા તેના ભાણેજને સિંહાસન સુપ્રત કર્યું. ઉદાર અને સજ્જન પુરૂષો પોતાની ઉદારતા અને સજ્જનતાને કદિપણ વિસરતા નથી.

# પ્રકરણ ૨૫ મું.

## પાટણની ચડતી કે પડતી?

રાત્રિનો દ્વિતીય પ્રહર ચાલતો હતો. રૂતુ શિયાળાની હતી. ઠંડી સખ્ત પડતી હોવાથી માનવસમૂહ નિદ્રામાં નિવૃત્તિનું સેવન કરી રહ્યો હતો. પ્રવૃત્તિપરાયણ બધાં જીવો—માનવો, પશુઓ અને પક્ષીઓ આ પ્રમાણે જ્યારે નિવૃત્તિનું સેવન કરતાં હતાં, ત્યારે નભોમંડલમાં વિરાજતો ચંદ્ર પોતાનો ધર્મ બજાવી રહ્યો હતો. તેનાં સ્નિગ્ધ અને રૂપેરી અજવાળામાં સમસ્ત પૃથ્વી સ્નાન કરતી હતી અને શુભ્ર વસ્ત્રને પરિધાન કરી એકલી એકલી હસતી હતી. ધવલક્કપુરનાં દેવાલયોનાં ઉજ્જવલ શિખરો ચંદ્રના અજવાળાની ઉજ્જવળતાને પ્રાપ્ત કરવાથી સવિશેષ ઉજ્જવલ જણાતાં હતાં અને તેમાં પણ નગરથી એકાદ કોસ દૂર આવેલાં શિવાલયનું અત્યુચ્ચ શિખર અવર્ણનીય શોભાનો પ્રકાશ કરતું હતું. આ શિવાલય નાનું હતું અને જો કે ધાર્મિક કે ઐતિહાસિક દૃષ્ટિએ તેનું કાંઇ મહત્ત્વ નહોતું; તો પણ આસપાસ આવેલી વૃક્ષરાજીના સમૂહને લઈ તે ગર્વોન્મત હાથીની પેઠે એકલું પણ ઠીક શોભતું હતું.

શિયાળાની આવી કડકડતી ઠંડીવાળી રાત્રિએ સુખશય્યાનો ત્યાગ કરીને કોઇપણ મનુષ્ય ઘરથી બહાર નીકળવાનું પસંદ કરે નહિ, તો તે સ્વાભાવિક છે. તેમ છતાં અમુક માણસો આ શિવાલયમાં ઠંડીની દરકાર નહિ કરતાં આવેલાં હતાં અને પરસ્પર કોઇ વિષય ઉપર ચર્ચા ચલાવી રહ્યાં હતાં.

"ચાચિંગ મહેતા! ત્યારે તમારી માન્યતા તો એવી છે ને કે પાટણ અને સમસ્ત ગુજરાતની રાજસત્તા વીરધવલ અને વસ્તુપાલના હાથમાં જાય છે, એ ઠીક થાય છે?" એક માણસે સૂચક પ્રશ્ન કર્યો.

"હા, મારી માન્યતા તો એવી છે. પ્રથમ મને ધવલક્કપુરના રાજ્યતંત્રમાં શ્રદ્ધા નહોતી; પરંતુ અહીં આવ્યા પછી અને અહીંનો અનુભવ લીધા પછી મારી એ ચોક્કસ માન્યતા થઇ છે કે ધવલક્કપુરનું રાજ્યતંત્ર સફળ થશે અને તેથી પાટણની પડતીમાંથી ચડતી પણ થશે." ચાચિંગે જવાબ આપ્યો.

"પણ તમને આવી માન્યતા થવાનું સબળ કારણ શું મળ્યું છે? તમે શા આધારે કહો છો કે ધવલક્કપુરનાં રાજ્યતંત્રથી પાટણની ચડતી થશે?" સામા માણસે આતુરતાથી પૂછ્યું.

"શા આધારે?" ચાચિંગે આશ્ચર્યથી જવાબ આપતાં કહ્યું. "જયંતસિંહ! હું જે માન્યતા ઉપર આવું છું, તે કોઇ પણ પ્રકારનાં સબળ કારણ કે આધાર વિના આવતો નથી, એવો મારો સ્વભાવ છે અને આ માન્યતાના સંબંધમાં પણ મેં મારા સ્વભાવની પૂરી કસોટી કરી છે. તમે જોઇ શક્યા હશો કે વીરધવલે તથા વસ્તુપાલે પાટણનું રાજશાસન અને મહારાજા ભીમદેવની દરકાર નહિ કરતાં નવું રાજશાસન સ્થાપવામાં તથા પાટણના માંડલિકો, નાના ગામના ઠાકોરો અને રાજાઓને વશ કરવામાં ખરેખરી સફળતા મેળવી છે, જ્યારે તમે તથા મહાસામંત ત્રિભુવનપાલે પાટણનાં રાજ્યતંત્રને સ્વાધિન રાખવામાં નિષ્ફળતા મેળવી છે. આ ખુલ્લું સત્ય છે અને તેથી ધવલક્કપુરનું રાજ્યતંત્ર સફળ થશે અને જતે દહાડે વીરધવલ નહિ તો તેનો પુત્ર પાટણનો મહારાજા બનશે, એવી માન્યતા બાંધવામાં મેં જરા પણ ઉતાવળ કરી નથી. મારી ખાતરી છે કે વીરધવલ અને વસ્તુપાલના હાથે પાટણની તથા સમસ્ત ગુજરાતની ચડતી થશેજ."

"પણ અહીંનાં મંત્રીમંડળમાં કુસંપ છે, તેનું કેમ? એ કુસંપનો લાભ લઇ શું આપણે તેમનાં રાજ્યશાસનને નિષ્ફળ કરી શકીએ તેમ નથી?" બીજો માણસ જે સરદાર જયંતસિંહ હતો, તેણે પૂછ્યું.

"ના, તેમ પણ તમારાથી થઇ શકશે નહિ." ચાચિંગ મહેતાએ દૃઢતાથી જવાબ આપ્યો. "અલબત્ત અહીંના મંત્રીમંડલમાં કુસંપ છે; પરંતુ તેથી રાજ્યશાસનને કાંઇ હરકત આવવાની નથી."

"એનું કારણ ?" જયંતસિંહે કારણ જાણવા માગ્યું.

"પ્રથમ તો વસ્તુપાલ અને તેજપાલ એ ઉભય બન્ધુઓજ એવા તો દક્ષ અને બાહોશ છે કે તેઓ બીજા કોઇપણ મંત્રી કે રાજકર્મચારીને ફાવવા દેશે નહિ અને કદાચ દૈવની સહાયથી નાગડ મહેતા કે બીજો કોઇ તેમને મહાત કરીને ફાવી જાય, તો પણ તે મહાસામંત ત્રિભુવનપાલનો પક્ષ લેવા કરતાં રાજા વીરધવલનોજ પક્ષ લેવાનું પસંદ કરશે; કારણ કે ત્રિભુવનપાલ અને વીરધવલની તુલનામાં વીરધવલ ચડે તેમ છે." ચાચિંગે જવાબ આપ્યો.

"મને લાગે છે કે ધવલક્કપુરમાં આવ્યા પછી તમારી બુદ્ધિ ભ્રમિત બની ગઇ છે અને તમને અહીંના મંત્રીઓએ જાદુ કર્યું જણાય છે. તમારા કથન ઉપરથી તમે પણ વસ્તુપાલના પક્ષમાં જવાનું પસંદ કરતા લાગો છો." જયંતસિંહે કહ્યું.

"સરદાર જયંતસિંહ ! એ તમારી ભૂલ છે. તમે મત બાંધવામાં બહુ ઉતાવળા છો; પણ તેમાં તમારો દોષ નથી. એ દોષ તો તમારી જાતિનો છે. ક્ષત્રિયો હંમેશાં ઉતાવળા હોય છે, જ્યારે અમે મુત્સદીઓ હંમેશાં ધીમા હોઇએ છીએ. સાહસ અને ધીરજ એ ઉભયમાંથી છેવટે ધીરજ વિજયને અપાવે છે, એ તમારે યાદ રાખવું જોઇએ; પરંતુ એ વાતને જવા દઇએ; કારણ કે હું તમને અત્યારે ઉપદેશ આપવાને માંગતો નથી." એમ કહીને ચાચિંગે આગળ ચલાવ્યું. "ખરી હકીકત એવી છે કે હું વસ્તુપાલના પક્ષનો હતો નહિ, અત્યારે છું નહિ અને ભવિષ્યમાં થઇશ પણ નહિ; પરંતુ મને જે સત્ય ભાસે છે, તે મારે તમને કહેવું જોઇએ."

"ત્યારે તમારી શી સલાહ છે ?" જયંતસિંહે ધીમેથી પૂછ્યું.

"મારી સલાહ !" ચાચિંગે જરા વાર વિચાર કરીને કહ્યું. મારી સલાહ તો એજ છે કે અહીંના મંત્રીમંડલમાં ભંગાણ પડાવી ધવલક્કપુરનાં રાજ્યતંત્રને નિષ્ફળ બનાવીને આપણે લાભ મેળવવાની જે આશા રાખીએ છીએ, તે નિરર્થક છે. તે આશામાં આપણે નિરાશ થશું."

"ત્યારે આપણે શું કરવું ?" જયંતસિંહે પુનઃ ધીમેથી પૂછ્યું.

"કાંઇજ નહિ. પાટણની પ્રભુતા અને ગુજરાતનાં ગૌરવની ખાતર

આપણે તટસ્થ રહેવું અને સર્વ સામાન્યનાં હિતની ખાતર આપણે આપણા સ્વાર્થનો ત્યાગ કરવો." ચાચિંગે જવાબ આપ્યો.

"તેમ કદિ પણ બનશે નહિ." જયંતસિંહે જોરથી કહ્યું. પાટણની પ્રભુતા અને ગુજરાતનાં ગૌરવને વધારવાને માટેજ આપણે ખટપટમાં પડયા છીએ અને તેમાં ગમે તે ભોગે આપણે સફળતા મેળવવીજ જોઇએ. શું તમે એમ માનો છો કે વીરધવલ અને વસ્તુપાલના હાથેજ પાટણની ચડતી થશે અને આપણા હાથે નહિ થાય ?"

"હું તો એમજ માનું છું." ચાચિંગે ઠંડા પેટે જવાબ આપ્યો.

"તો એ તમારી ગંભીર ભૂલ છે. તેમના હાથે પાટણની ચડતી નહિ પણ પડતી થવાની છે અને પાટણની ચડતી થાય, તો તે આપણા હાથેજ થવી જોઇએ." જયંતસિંહે ભાર પૂર્વક કહ્યું.

"અને આપણા હાથે પાટણની ચડતી ન થાય તો ?" ચાચિંગે પૂછ્યું.

"તો તે પાટણની ચડતી નહિ, પણ પડતીજ છે" જયંતસિંહે ઉત્તર આપ્યો.

ચાચિંગ મૌન રહ્યો એટલે જયંતસિંહે કહ્યું. "નાગડ મહેતા અને સરદારસિંહ હજુ આવ્યા નહિ."

"જે વખત જાય છે, તેમાં તેઓ આવી પહોંચવા જોઇએ; કારણ કે મેં તેઓને ગઇ સાંજેજ વખતસર અહીં આવવાનું કહેવરાવી દીધું હતું." ચાચિંગે કહ્યું.

ચાચિંગનું વાકય પૂરૂં થયું કે તરતજ બે પુરૂષોએ શિવાલયનાં દ્વારમાં પ્રવેશ કર્યો. તેમાંનો એક મંત્રી નાગડ અને બીજો સરદારસિંહ હતો.

નાગડે દ્વારમાં પ્રવેશતાંજ કહ્યું. "અમે નગરમાંથી બરોબર વખતસરજ રવાના થયા હતા; પરંતુ માર્ગમાં એક ગોવાળે અમને થોડીવાર વાતમાં રોકી રાખ્યા હતા અને તેથી આવતાં જરા ઢીલ થઇ છે."

"તેની કાંઇ હરકત નહિ." જયંતસિંહે નાગડની નજીકમાં આવીને કહ્યું."

"શિવાલયની દિવાલે જાળિયાં મૂકેલાં હતાં. તેમાંથી આવતાં અજવાળાના પ્રકાશમાં જયંતસિંહને જોઇને નાગડે કહ્યું. "સંન્યાસી મહારાજ ! આપને આવી ઠંડીના સમયમાં મોડી રાતે અહીં આવતાં કાંઇ મુસ્કેલી આવી નથી ને ?"

"ના, જરા પણ નહિ. સંન્યાસીઓને કોઇ મુસ્કેલી આવતીજ

નથી અને કદાચ આવે છે, તો તેઓ તેની લેશમાત્ર પણ દરકાર કરતા નથી." જયંતસિંહ કે જે સંન્યાસીના વેશમાં હતો અને જેને નાગડ તથા સરદારસિંહ ખરેખર સંન્યાસીજ જાણતા હતા, તેણે ઉત્તર આપ્યો.

નાગડ મૌન રહ્યો એટલે ચાચિંગે પૂછ્યું. "એ તો ઠીક, પણ તમને માર્ગમાં મળેલો ગોવાળ કોણ હતો ?"

"કોણ હતો કેમ ? ગાયોનું પાલન કરનાર ગોવાળ." સરદારસિંહે જવાબ આપ્યો.

"પણ તેણે તમને શી વાતમાં રોકી રાખ્યા હતા ?" ચાચિંગે પુનઃ પૂછ્યું.

"વાતમાં તો કાંઇ સાર નહોતો. તે ગોવાળોને રાજ્ય તરફથી થતી હેરાનગતીનું વર્ણન કરતો હતો." સરદારસિંહે જવાબ આપ્યો.

"રાજ્ય તરફથી ?" ચાચિંગે એ શબ્દો ઉપર ભાર મૂકીને પ્રશ્ન કર્યો.

"હા અને તે માટે મહામંત્રીની રાજ્યનીતિની નિંદા કરતો હતો." સરદારસિંહે સરલતાથી ઉત્તર આપ્યો.

"ત્યારે તે ગોવાળ નહોતો." ચાચિંગે ધીમેથી કહ્યું.

"ગોવાળ નહોતો ?" નાગડે આશ્ચર્યથી પૂછ્યું.

"જરૂર નહોતો." ચાચિંગે જવાબ આપ્યો.

"ત્યારે તે કોણ હોવો જોઇએ ?" સરદારસિંહે પૂછ્યું.

"તે વખત જતાં ખબર પડશે." ચાચિંગે ઉત્તર આપ્યો.

જયંતસિંહ કે જે અત્યારસુધી મૌન ઉભો હતો, તેણે કહ્યું. "તે ગમે તે હોય, તેની આપણને શી દરકાર છે? ચાચિંગ મહેતા આ નગરમાં આવ્યા પછી અને અહીંની રાજ્યપદ્ધતિ જોયા પછી મૂઢ બની ગયા છે અને જ્યાં ત્યાં શંકાની નજરથી જુએ છે, એમ તેમની વાતચિત્ત ઉપરથી જણાય છે."

ચાચિંગ મૌન રહ્યો. તેણે વિવાદમાં ઉતરવાનું પસંદ કર્યું નહિ.

નાગડે જરા આતુરાથી કહ્યું. "સન્યાસી મહારાજ ! હવે એ આડી અવળી વાતને જવા દઇએ અને આપણે મૂળ વાત ઉપર આવીએ. અમને અત્રે બોલાવવાનું શું પ્રયોજન છે ? તે જણાવો એટલે અમને ખબર પડે."

"બરોબર છે." જયંતસિંહે કહ્યું. "ચાચિંગ મહેતાએ તમને

જે વાતચિત્ત કરેલી છે, તે વિષે તમારો અભિપ્રાય શો છે અને તમે કયા નિશ્ચય ઉપર આવ્યા છો ? એ જાણવાની ખાતર તમને અત્રે બોલાવેલા છે. ”

નાગડે જરાવાર વિચારીને કહ્યું. “ ચાચિંગ મહેતાએ મને તથા સરદારસિંહને બધી વાતચિત્ત કરી છે; પરંતુ તે ઉપરનો અભિપ્રાય આપવા તથ ચોક્કસ નિશ્ચય ઉપર આવવા જેટલો અમે વિચાર કર્યો નથી. અમે વસ્તુપાલ અને તેજપાલના અવશ્ય વિરોધી છીએ અને તેમના હાથમાંથી રાજ્યતંત્રની લગામ લઈ લેવાને આતુર પણ છીએ; પરંતુ તેમ થવું એ અત્યંત મુશ્કેલ કાર્ય છે. પ્રથમ તો ખુદ રાજાનેજ તે બન્ને ભાઇઓ ઉપર એટલો બધો વિશ્વાસ અને સ્નેહ છે કે જેથી અમારૂં ગમે તેવું સત્યકથન પણ તે માન્ય રાખતા નથી અને બીજું તો તેઓ એટલા બધા બાહોશ, દક્ષ અને શૂરવીર છે કે તેમને મહાત કરવાનું કાર્ય સરલ નથી. ”

“ એટલે એજ કે તમે કાંઇ કરી શકો તેમ નથી. ” જયંતસિંહે ગંભીરતાપૂર્વક કહ્યું

“ ના, એમ નહિ; કિન્તુ અમે તેમને મહાત કરવાના પ્રયાસમાં છીએ અને ભગવાન સોમનાથની કૃપાથી અવશ્ય તેમ કરી શકશું; પરંતુ તેમ કરવામાં શી શી મુશ્કેલીઓ છે અને તે કાર્ય કેવું કઠિન છે, એ અમારે તમને જણાવવું જોઇએ.

“ બરોબર છે; તમારૂં કથન સત્ય છે. ” જયંતસિંહે કહેવા માંડયું. “ પણ આ કાર્યમાં તમારે સમયને ગુમાવવાનો નથી, એ ધ્યાનમાં રાખજો. એક સન્યાસી તરીકે રાજકીય બાબતની સાથે મને બહુ સંબંધ નથી અને એવો સંબંધ મારે રાખવો જોઇએ પણ નહિ; પરંતુ હું તો ધર્મની દ્રષ્ટિએજ એ કાર્યમાં ઉતાવળ કરવાનો તમને ઉપદેશ આપી રહ્યો છું. ”

“ અને અમે આપના ઉપદેશને માન્ય રાખીએ છીએ. ” સરદારસિંહે કહ્યું.

“ અને બીજી વાત તમને કહેવાની રહી જાય છે. ” જયંતસિંહે કહ્યું. “ નાગડ મહેતા ! પાટણના ઘણાં સામંતો અને સરદારો તમારા પક્ષનો વિજય ઇચ્છે છે અને તમને સહાય કરવાને પણ આતુર છે; કારણ કે તેઓ માને છે કે રાજ્યતંત્રની લગામ તમારા હાથમાં આવ્યા વિના પાટણની ચડતી થશે નહિ. ”

" અમે તે માટે તેમના આભારી છીએ. " નાગડે પાટણના સામંતો અને સરદારોનો ઉપકાર માન્યો.

" એ તો ઠીક, પણ તમે વસ્તુપાલ તથા તેજપાલને શી રીતે મહાત કરવાને માગો છો ? તેમ કરવામાં તમે કયો ઉપાય અજમાવવા ધારો છો ? " જયંતસિંહે નાગડનાં હૃદયમાં પ્રવેશ કરવાના હેતુથી પ્રશ્ન કર્યો.

" તેમને મહામંત્રી અને સેનાનાયકનાં પદથી દૂર કરવા, એજ તેમને મહાત કરવાનો ઉપાય છે અને અમે એજ ઉપાયને અજમાવવા ધારીએ છીએ. " નાગડે ખુલ્લા દિલથી જવાબ આપ્યો.

" પણ તમે એ પ્રમાણે શી રીતે કરી શકશો ? " જયંતસિંહે પુનઃ પ્રશ્ન કર્યો.

" મુશ્કેલીજ ત્યાં છે. " નાગડે જવાબ આપ્યો. " અને વિશેષમાં રાજ્યગુરૂ સોમેશ્વર દેવ પણ તેમના પક્ષમાં છે એટલે કાર્ય આપણે ધારીએ છીએ, તેવું સરલ નથી. "

" શું સોમેશ્વર દેવ તેમના પક્ષમાં છે ? " જયંતસિંહે આશ્ચર્યતાથી પૂછ્યું.

" હા અને તેથીજ અમે બહુ ફાવી શકતા નથી. " નાગડે જવાબ આપ્યો.

" ત્યારે મારે તેમને મળવું પડશે. " જયંતસિંહે એ પ્રમાણે કહીને આગળ ચલાવ્યું. " મંત્રીશ્વર અને સરદાર સિંહ ! વસ્તુપાલ અને તેજપાલ એ ઉભય બંધુઓને મહાત કરી રાજ્યસત્તા તમારા હાથમાં લેવાની જે સલાહ હું તમને આપી રહ્યો છું, તેનું કારણ તો તમે સમજતા હશો, એમ ધારીને હું તત્સંબંધમાં વિશેષ વિવેચન કરતો નથી. ગુજરાતના રાજા તરીકે વીરધવલ રહે કે ત્રિભુવનપાલ રહે, એ આપણે જોવાનું નથી. આપણે તો રાજસત્તા આપણા હાથમાં રહેવી જોઇએ, એ ધ્યાનમાં રાખવાનું છે; કારણ કે રાજ્યસત્તા તમારા હાથમાં હોય, તોજ ગુજરાતની, પાટણની, આપણા સમાજની અને ધર્મની ચડતી કરવાનું સુકાર્ય તમે કરી શકશો; અન્યથા નહિ. રાજ્યની અને દેશની ઉન્નતિને કદાચ બાજુ ઉપર રાખીએ; તો પણ સમાજની અને ધર્મની ઉન્નતિ તો તમે રાજ્યસત્તાને હાથમાં રાખવાથી અવશ્ય કરી શકશો, એ નિર્વિવાદ છે અને તે કારણથીજ હું તમને કેટલાએ વખતથી સલાહ આપી રહ્યો છું કે તમે રાજ્યતંત્રને તમારા હાથ લો

અને પાટણની પડતીમાંથી ચડની કરો. પાટણની ચડતી થવાથી સમસ્ત ગુજરાતની, આપણા સમાજની અને ધર્મની પણ તે સાથેજ ચડતી થશે, એ નિશ્ચિત છે. સન્યાસી તરીકે આ મારો ઉપદેશ છે અને મને ખાતરી છે કે તમે જો એ પ્રમાણે વર્ત્તશો, તો તમે મહત્ પુણ્ય ઉપાર્જન કરવાની સાથે ધર્મના ઉદ્ધારક તરીકે અમર કીર્તિને પ્રાપ્ત કરી જશો. ”

“ સન્યાસી મહારાજ ! આપનો ઉપદેશ અમે મસ્તકે ચડાવીએ છીએ અને ખાતરી આપીએ છીએ કે અમે તે પ્રમાણે ગમે તે ભોગે વર્ત્તશું અને પાટણની ચડતી કરવાનાં કાર્યમાં ભગવાન્ સોમનાથની કૃપાથી સફલતાને મેળવશું; પરંતુ એક ખુલાસો આપની પાસે કરવાની અમારે જરૂર છે અને તે એ કે ગુજરાતના રાજા તરીકે અમે વીરધવલનેજ પૂજશું; ત્રિભુવનપાલને નહિ. ” નાગડે છેવટનું વાકય દઢતાથી બોલતાં કહ્યું.

જયંતસિંહનાં હૃદયમાં જુસ્સાનો ઉભરો આવ્યો; પરંતુ તેણે તેને દબાવી દીધો અને શાંતિથી કહ્યું. “ એ સંબંધમાં મારો તમને કોઇ પણ પ્રકારનો આગ્રહ નથી. ”

“ તો બાકીનો આપનો બધો ઉપદેશ અમને માન્ય છે. ” સરદારસિંહે કહ્યું,

“ ચાચિંગ મહેતા ! ” નાગડે ચાચિંગ કે જે અત્યાર સુધી મૌન ઉભો હતો, તેને ઉદ્દેશીને કહ્યું. “ તમે કેમ કાંઇ બોલતા નથી. મને લાગે છે કે તમે અંતરથી આ વાતમાં ખુશી નહિ હો. ”

“ તમે એમ શા ઉપરથી ધારો છો ? ” ચાચિંગે પૂછ્યું.

“ શા ઉપરથી કેમ ? તમે વસ્તુપાલ અને તેજપાલના જાતિબંધુ છો, એ ઉપરથી. ” નાગડે ઉત્તર આપ્યો.

“ રાજકીય વિષયમાં હું જાતિ કે ધર્મને પ્રધાન સ્થાન આપતો નથી, એ તમે જાણો છો, તે છતાં તમે એવી માન્યતા ધરાવો છો, એ યોગ્ય નથી. ” ચાચિંગે કહ્યું.

“ એ તો હું જાણું છું; પરંતુ તમે અત્યાર સુધી મૌન ઉભા હતા, એ ઉપરથીજ મેં એમ કહ્યું હતું. ઠીક, પણ હવે આપણે જઇશું ને ? ” નાગડે ખુલાસો કરીને પૂછ્યું.

ચાચિંગે તેનો કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ એટલે જયંતસિંહે કહ્યું. “ ભલે જાઓ. પાટણની ચડતી કરવાનાં કાર્યમાં ભગવાન્ સોમનાથ તમને સહાય કરો, એવો મારો આશીર્વાદ છે. ”

તેઓ ચારે જણા શિવાલયનાં દ્વારની બહાર નીકળ્યા કે તુરતજ તેમના કાને કોઇનો અવાજ આવ્યો.

" સન્યાસી મહારાજ ! તમે આશીર્વાદ તો સારો આપ્યો; પરંતુ તે પાટણની ચડતી કરવાનાં કાર્યમાં કે પડતી કરવાનાં કાર્યમાં ? "

ઉપર્યુક્ત વાક્ય પૂરૂં થઇ રહ્યું અને એ વાક્ય કોણ બોલ્યું, તેનો નિર્ણય કરે, તે પહેલા તો એક પુરૂષ તેમની સન્મુખ આવીને ઉભો રહ્યો.

ચંદ્રનાં અજવાળામાં નાગડે તથા સરદારસિંહે તેને ઓળખ્યો.

" સરદારસિંહેજ કહ્યું કોણ, ગોવાળ ! "

" તમે જે કહો તે; પરંતુ નિશાચરોની પેઠે અત્યારે મોડી રાતે અહીં ભેગા મળીને શું કરી રહ્યા છો ? " તે પુરૂષે ચારે જણાની સામે જોઇને રૂઆબથી પૂછ્યું.

" નિશાચરો ! " જયંતસિંહનો ક્રોધ એ શબ્દ સાંભળીને કાબુમાં ન રહ્યો. " જીભ સંભાળીને વાત કર. "

" સંસારત્યાગી સન્યાસીને આટલો બધો ક્રોધ ન ઘટે, મહારાજ ! તે પુરૂષે શાંતિથી કહ્યું.

" તેનું તારે શું કામ છે ! તું તારે જ્યાં જવું હોય, ત્યાં ચાલ્યો જા. " જયંતસિંહે આજ્ઞા કરી.

" સન્યાસી મહારાજ ! ગુસ્સે ન થાઓ. મારે આપની સાથે થોડી વાતચિત્ત કરવાની છે. " તે પુરૂષે ઠંડા પેટે કહ્યું.

" શી વાતચિત્ત કરવાની છે ? " ચાચિંગે વચ્ચેજ પૂછ્યું.

" એજ કે તમે બધાએ મળી વસ્તુપાલ અને તેજપાલનો અધિકાર લઇ લેવાનો જે વિચાર કર્યો છે, તે બરોબર છે. તેઓ રાજ્યકાર્યમાં કુશળ નથી અને વળી તેમની રાજનીતિ પણ પ્રશંસાપાત્ર નથી. " તેણે જવાબ આપ્યો.

" તેં શા ઉપરથી જાણ્યું કે તેઓ રાજકાર્યમાં અકુશળ છે અને તેમની રાજનીતિ પ્રશંસાપાત્ર નથી ? " ચાચિંગે પુનઃ પૂછ્યું.

" શા ઉપરથી કેમ ? હું પણ પાટણની ચડતી કરવાને ઇચ્છું છું એટલે કયો મંત્રી કુશળ છે અને કયો અકુશળ છે તે મારે જાણવું જોઇએ. " ગોવાળે ઉત્તર આપ્યો.

" ઠીક, પણ તું તારે રસ્તે ચાલ્યો જા; અમે તારી સાથે વાત

કરવાને ઇચ્છતા નથી." જયંતસિંહે કંટાળીને તેને ચાલ્યા જવાની પુનઃ સૂચના આપી.

પણ ગોવાળ એમ ચાલ્યો જાય તેમ નહોતું. તે એટલો બધો આગ્રહી જણાતો હતો કે તેને કયા ઉપાયે રજા દેવી, તે આહોશ ગણાતા ચારે રાજકર્મચારીઓ સમજી શકયા નહિ.

"સન્યાસી મહારાજ!" ગોવાળે જરાવાર થોભીને કહ્યું. "આપનો ઉપદેશ અને આશય સારા છે; પરંતુ તે પ્રમાણે વર્ત્તવાથી પાટણની ચડતી થશે, એવી આપ જો ખાતરી આપતા હો, તો હું પણ આપના ઉપદેશ પ્રમાણે વર્ત્તવાને તૈયાર છું."

"પણ તું રાજકીય વિષયમાં તદ્દન અજ્ઞાન છે. રાજનીતિમાં માથું મારવું, એ તારૂં કામ નથી; તારૂં કામ તો ગાયો ચારવાનુંજ છે." જયંતસિંહે જરા મશ્કરીની ઢબે કહ્યું.

"હા, એ વાત ખરી છે; પરંતુ મારે રાજનીતિનું શિક્ષણ મેળવવું છે અને તેથીજ હું આપની પાસે અત્યારે આવેલો છું." ગોવાળે પણ તેવીજ ઢબથી કહ્યું.

"રાજનીતિનું શિક્ષણ એવું સરલ નથી કે ઘડીમાં તેને મેળવી શકાય. તે માટે તો વર્ષોનાં વર્ષો ગુમાવવા જોઈએ." જયંતસિંહે કહ્યું.

"તો હું વર્ષોનાં વર્ષો ગુમાવવાને તૈયાર છું અને આપ કહો તો આપનો શિષ્ય થઈને પણ રહીશ." ગોવાળે કહ્યું.

"જો એમ હોય તો મારા આશ્રમે આવજે." એમ કહીને જયંતસિંહે ચાલવા માંડયું.

તેને અટકાવતાં ગોવાળે કહ્યું. "પણ ઉભા રહો. આપનો આશ્રમ કયાં છે! પાટણમાં ત્રિભુવનપાલ સોલંકીના આવાસમાં કે નહિ!"

"તું શું બકે છે, તેનું તને ભાન છે?" જયંતસિંહે જરા ક્રોધથી કહ્યું.

"હા, મને તેનું સંપૂર્ણ ભાન છે." ગોવાળે ઉત્તર આપ્યો.

"ઠીક, અમે તારી સાથે માથાફોડ કરવાને માગતા નથી."જયંતસિંહ કંટાળ્યો અને એ પ્રમાણે કહીને તેણે ચાલવા માંડયું.

નાગડ, સરદારસિંહ અને ચાંચિગે પણ તેનું અનુકરણ કર્યું.

તેઓ શિવાલયની બહાર ભાગ્યેજ નીકળ્યા હશે એટલામાં ગોવાળના જૂદા પ્રકારના અવાજથી તેઓ સ્તબ્ધ બનીને જ્યાંના ત્યાં ઉભા રહી ગયા.

" ઉભા રહો, સન્યાસી મહારાજ ! એમ તમારાથી જઇ શકાશે નહિ. " ગોવાળે જૂદા પ્રકારના સત્તાવાહક અવાજે કહ્યું

થોડીજ ક્ષણમાં એ પુરૂષ–એ ગોવાળ ચારે જણાની સન્મુખ જઇને ઉભો રહ્યો: પરંતુ તે ગોવાળ નહોતો. ચારે જણા તેને જોઇને આશ્ચર્યમાં પડી ગયા અને હવે શું કરવું અને શું બોલવું, તેનો મનમાં વિચાર કરવા લાગ્યા.

ત્યારે તે પુરૂષ કોણ હતો ? મહામંત્રી વસ્તુપાલ.

મહામંત્રીએ સન્યાસીના વેશમાં સજ્જ થયેલા જયંતસિંહને ઉદ્દેશીને કહ્યું. " જયંતસિંહ ! અહીં કયાંથી ! શું તમે હજુ તમારા રાજદ્રોહી સ્વભાવનો ત્યાગ કર્યો નથી ! મેં જાણ્યું કે તમે હવે સુધરી ગયા હશો અને સંન્યાસને ઉત્તમ પ્રકારે પાળતા હશો; પરંતુ મારી એ માન્યતા તમારાં અત્યારનાં વર્તનથી ખોટી ઠરે છે. "

જયંતસિંહે વિચાર કર્યો કે હવે છેલ્લે પાટલે બેઠયા સિવાય અન્ય ઉપાય નથી. તેણે પોતાનાં વસ્ત્રમાં છુપાવી રાખેલી તલવારને બહાર ખેંચી કહાડતાં જુસ્સાથી કહ્યું. " વસ્તુપાલ મહેતા ! તમે મારી સાથે જે વાત કરો, તે વિચારીને કરજો; નહિ તો તેનું પરિણામ સારૂં આવશે નહિ. તમે હજુ મારાં સામર્થ્યને જાણતા નથી એટલે મને અપમાનથી ભરેલા શબ્દો સંભળાવી રહ્યા છો; પરંતુ હું તમને સૂચના આપું છું કે તમારે તમારી વાચાળતાનો ઉપયોગ મારી પાસે કરવો નહિ. "

" તમારામાં કેટલું સામર્થ્ય છે, એ હું સારી રીતે જાણું છું. " એમ કહેતાંજ મહામંત્રીએ મ્યાનમાંથી પોતાની તલવારને ખેંચી કહાડી અને જયંતસિંહના હાથ ઉપર એક ફટકો લગાવી દીધો. તુરતજ જયંતસિંહની તલવાર ખણખણાટ કરતી દૂર જઇને પડી.

" આજ તમારૂં સામર્થ્યને ? " વસ્તુપાલે કહ્યું.

જયંતસિંહ મૌન રહ્યો એટલે તેણે આગળ કહેવા માડયું. " જયંતસિંહ ! તમારાં સામર્થ્યની પરીક્ષા થઇ ગઇ છે; માટે હવે હું તમને આજ્ઞા કરૂં છું કે પુનઃ આ નગર કે તેની સીમામાં આવવાનું સાહસ કરશો નહિ અને જો કરશો, તો તે તમારાં જીવનનાં જોખમે છે, એમ સમજી લેજો. તમો રાજ્યદ્રોહી હોવાથી મારો વિચાર તમને કેદ કરી લેવાનો હતો; પરંતુ તેમ કરવાનું મને યોગ્ય લાગતું નથી અને તેનું કારણ એ છે કે જો હું તમને કેદ કરીને અત્યારે લઇ જાઉં, તો

અત્યારની બધી ઘટના મારે રાજા વીરધવલને જણાવવી પડે અને તેમ કરવાથી રાજાના મિત્ર અને પરમ સ્નેહી નાગડ મહેતાની આબરૂને કલંક લાગે. આ કારણથીજ હું તમને અત્યારે જવા દઉં છું; પરંતુ એટલું યાદ રાખજો કે જો તમે આ નગરમાં આવવાનું અને મંત્રીઓને ઉપદેશ આપવાનું પુનઃ સાહસ કરશો, તો કાંતો તમારે તમારાં જીવનને ગુમાવવું પડશે અને કાંતો તમારે જીવન પર્યંત કારાગૃહમાં રહેવું પડશે."

જયંતસિંહ દૂર પડેલી પોતાની તલવારને લઇ ત્વરાથી ચાલ્યો ગયો, તે પછી મહામંત્રીએ નાગડ તથા ચાચિંગની સામે જોયું. તેઓ કેવળ મૌન અને અવનત વદને ઉભેલા હતા.

તેમને ઉદ્દેશીને મહામંત્રીએ કહ્યું. "ચાલો આપણે હવે નગરમાં જઇએ. મોડી રાતે નિશાચરોની પેઠે બહાર ફરવાથી કે છુપી મુલાકાતો કરવાથી કાંઇ પાટણની ચડતી થવાની નથી. પાટણની ચડતી કે પડતી કરવાનું આપણા હાથમાં નથી; કારણકે એ વાત દૈવાધિન છે."

તેના ઉત્તરમાં નાગડ અને ચાચિંગ કાંઇ બોલ્યા નહિ. તેઓનામાં બોલવાની હિંમત પણ નહોતી.

તેમને મૌન રહેલા જોઇને મહામંત્રીએ કહ્યું. "ચાલો ત્યારે, પ્રાતઃકાળ થવાને હવે બહુવાર નથી અને તેથી તે પહેલાં આપણે નગરમાં પહોંચવું જોઇએ."

તેઓ ત્રણે સાથેજ ચાલ્યા. નગરમાં દરવાજામાં પેસતાં મહામંત્રીએ નાગડને ઉદ્દેશીને પૂછ્યું. "નાગડ મહેતા! હવે તમને તમારા આવાસે જવાની છુટ છે; પરંતુ જતાં પહેલાં એક પ્રશ્નનો ઉત્તર તમારે આપવો પડશે. અને તે એ કે શું તમે આ રીતે પાટણની ચડતી કરવાને માગો છો? તમારાં આવાં વર્ત્તનથી પાટણની ચડતી થશે કે પડતી?"

નાગડ કાંઇ પણ ઉત્તર આપ્યા સિવાય ત્વરાથી ચાલ્યો ગયો અને મહામંત્રી વસ્તુપાલ, ચાચિંગ મહેતાને પોતાની સાથે લઇને રાજગઢમાં ગયો. તેઓ રાજગઢમાં પહોંચ્યા, ત્યારે ઉષઃકાળ થઇ ગયો હતો અને પ્રભાત સમયની નોબત ઉત્તેજક અને કર્ણપ્રિય સ્વરથી નિદ્રાધિન લોકોને જગાડવાનું કાર્ય કરી રહી હતી.

**પ્રથમ ભાગ સમાપ્ત**

રજીસ્ટર નં. ૧૮૦ વાળી

# રોયલ ટૉનીક પીલ્સ.

કેશર કસ્તુરી, અંબર વિગેરે દેશી ઝાડપાલામાંથી બનાવેલી ગોળીઓ ધાતુને પુષ્ટ કરી તાકાદ આપે છે. નબળાઇ દુર કરી લોહી સુધારી પાચન શક્તિ વધારે છે.

કીંમત ગોળી ૩૦ ના રૂ. ૧-૪-૦

| | | રૂ. આ. |
|---|---|---|
| ૧ | અસ્થામા ક્યૉર ( દમ હાફણ માટે અકસીરદવા ). | ૧-૦ |
| ૨ | જીરોલ્યમ હેર ઓઇલ (વાળ માટે સુગંધી તેલ). | ૧-૦ |
| ૩ | મેજીકલ રૂમેટીક ઓઇલ ( વાયુ ઉપર લગાડવાનું તેલ). | ૦-૮ |
| ૪ | રોઝ ડ્રોપ્સ ( આંખના દરદો માટે ટીપાં ). | ૧-૦ |
| ૫ | મેન્ટોલ્યમ મીક્ચર ( પ્રમેહ-પરમીયાની અકસીર દવા. ) | ૧-૮ |
| ૬ | સ્લેટર્સ ફીવરોડાઇન (તાવ માટે અકસીર દવા). | ૦-૧૪ |
| ૭ | ટ્રીફ્સોલા ( લોહી સુધારવાની દવા ). | ૨-૮ |

અમારી દવાઓ ઘણા વર્ષોથી વપરાય છે. અમો આ સિવાય દરેક પ્રકારની દવાઓ વી. પી. થી બહારગામ મોકલીએ છીએ. પ્રાઇસલીસ્ટ મફત મોકલવામાં આવે છે.

ગોવિંદજી દામોદરની કું૦,

વિલાયતી દવાના વેપારી ૩, સુતારચાલ-મુંબઇ.

## 'જૈન' પત્રના ગ્રાહકો માટેજ.

બ્લ્યુબ્લેક શાહીની ૧૪૪ ટીકડીની ડબી ૧ ના....૦-૮-૦

દેશભક્તોના બટનના પાના એકના. .... ....૦-૮-૦

રૂપેરી ગ્લીટવાળી ફ્રેમમાં રાખેલ દેશભક્તોની છબી ૧ ના. .... .... .... .... ....૧-૦-૦

ત્રણે સાથે મંગાવનારને ફક્ત રૂ. ૧-૧૨ માં મોકલીશું. પોસ્ટેજ વી. પી. ખર્ચ જુદું.

લખો:—પુષ્પ એન્ડ કું.-ભાવનગર.

## મહેતા અમૃતલાલ નીમચંદ એન્ડ બ્રધર્સ.

દરેક જાતના એલ્યુમીનનાં, ત્રાંબાનાં તથા પીત્તળનાં

વાસણોનાં વેપારી.

**રણછોડ લાઇન–કરાંચી.**

તમોને કરાંચીમાંથી કોઇપણ જાતનો માલ, અગર તો ત્રાંબા પીતળનાં જથ્થાબંધ પતરાં મગાવવાની જરૂર હોય તો એકવાર પ્રસંગ પાડી ખાત્રી કરવા તથા તમારે તમારો બનાવેલો માલ સીંધ દેશમાં જથ્થાબંધ મોકલવા ઇચ્છા હોય તો ભાવ મોકલી, ઓર્ડર મેળવવા માટે ઉપરનાં સરનામે તાકીદે લખો. જરૂર ફાયદો મેળવશો.

એક ચમત્કારીક કેલેન્ડર તે વળી ૧૦૦ વરસનું ફક્ત દોઢ આનાની ટીકીટ ઉપરનાં સરનામે મોકલવાથી **મફત** મળશે. ખાસ જૈનોને ઇચ્છા હશે તો સંવત્સરી ક્ષમાપનાવાળું મોકલાશે.

જથ્થાબંધ વેચનારા એજંન્ટો જોઇએ છીએ.



## લીલાગાંધી ઇચ એન્ડ એકઝીમા ઓઇન્ટમેન્ટ.

ખસ તથા ખરજવાંનો બીન હરીફ અકસીર ઉપાય. ગમે તેટલા વખતના લીલાં યા સુકાં ખરજવાને ફક્ત ત્રણ દિવસની અંદર જડ મુળમાંથી એકદમ નાબુદ કરે છે. આ એક ખરેખરૂં ખાત્રી લાયક સિદ્ધ ઔષધ છે. ખાત્રી કરો.

કીંમત ડબી ૧ ના રૂા. ૧–૧૨–૦ ટપાલ ખર્ચ જુદું.

**વૈદ્ય લીલાગાંધી ફાર્મસી.**

**જામનગર–કાઠીયાવાડ.**

વધારે વિગત માટે એક આનાની ટીકીટ બીડવાની ચાલુ સાલનું કેલેન્ડર સાથે પ્રાયલીસ્ટ તદ્દન **મફત** મોકલીશું.

## મહાત્મા ગાંધીજીના

# પુસ્તકો.

| | કીમત | પોસ્ટેજ |
|---|---|---|
| ૧ મારો જેલનો અનુભવ. | ૦—૬—૦ | ૦—૧—૦ |
| ૨ પત્રો. ... | ....૦—૬—૦ | ૦—૧—૦ |
| ૩ વચનામૃતો ... | ....૦—૨—૦ | ૦—૦—૬ |
| ૪ દિવ્યવાણી. .... | ....૦—૨—૦ | ૦—૦—૬ |
| ૫ ઇજીપ્તનો ઉદ્ધારક. | ....૦—૬—૦ | ૦—૧—૦ |
| ૬ વિદ્યાર્થી આલમને. | ....૦—૪—૦ | ૦—૧—૦ |
| ૭ સત્યાગ્રહ. ... | ....૦—૮—૦ | ૦—૧—૦ |

## રાષ્ટ્રીય સાહિત્ય.

| | | |
|---|---|---|
| ૧ સ્વદેશ ગીતામૃત. | ....૦—૬—૦ | ૦—૧—૦ |
| ૨ સ્વદેશ ગીતાવળી. | ....૦—૧૪—૦ | ૦—૨—૦ |
| ૩ હૃદયમંથન. ... | ....૦—૮—૦ | ૦—૧—૦ |
| ૪ દાદાભાઈ ચરિત્ર | ....૦—૬—૦ | ૦—૧—૦ |
| ૫ તિલક ચરિત્ર. | ....૦—૨—૦ | ૦—૦—૬ |

કોઇ પણ જાતના પુસ્તક માટે લખો—

વ્યવસ્થાપક—ગાન્ડીવ સાહિત્ય મન્દિર.

સુરત.

સ્ત્રીઓની શક્તિની ઉત્તમ દવા—

## પ્રદર વિનાશક.

સેંકડે પંચાણું સ્ત્રીઓ છુપા દરદોથી પીડાય છે, અને શરમાળ સ્વભાવને લીધે પોતાના દુઃખો, પોતાના વડીલને કે પતિને કહી શકતી નથી. આવા છુપા દરદોથી શા માટે પીડાવ છો? આજેજ પ્રદર વિ. દવાની એક બાટલી મંગાવી દરદથી મુક્ત થાઓ.

આ દવાથી—પ્રદર (નબળાઇનું જવું) રૂતુની અનિયમિતપણું, તે વખતે થતો પેટુ કમ્મરનો દુખાવો, હાથે-પગે કળતર, રતવા, હીસ્ટીરીયા, કસુવાવડ, શરીરનું ફુલી જવું, ચક્કર આવવા, સુવારોગથી થતા જુના હઠીલા દરદો અને ગર્ભાશયના તમામ દરદો માટે છે અને સ્ત્રીઓને ગર્ભ ધારણ કરવા યોગ્ય બનાવે છે. દવા સ્વાદિષ્ટ હોવાથી સ્ત્રીઓને કંટાળો આવતો નથી. ૧૬ દિવસની દવાની બા. ૧ ના રૂ. ૨—૮—૦ પોસ્ટેજ ૦—૬—૦. અડધા આનાની પોષ્ટ ટીકીટ બીડી પુસ્તક મફત મંગાવો.

મેનેજર—પ્રદર વિનાશક ઓફિસ,
ખંભાત (૧૦૨) જી. ખેડા.



જૈન ભાઇઓને માટે ખાસ—

## ઉત્તમ સગવડ.

કેશર, કસ્તુરી, અંબર, બરાસ, કપુર, ઉંચી અગરબતી, અગર, દશાંગીધુપ, સોનાચાંદીના પાના, સુખડ અતર, હીંગ, હરડે, ખાપરીયું, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો, કસ્તુરીનો ને અંબરની ગોળી વિગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ડી. શાંતીલાલ કાંતીલાલની કું૦
જુમામસીદ, નં. ૧૨૭—મુંબઇ.